
સંવત ૨૦૭૮ની સાલનું

હરિલાલ પ્રેસનું

શુદ્ધ ગુજરાતી કાર્તિકી





પંચાંગ

વર્ષ ૭૭મું

ઈ.સ. સને ૨૦૨૧-૨૨
રાષ્ટ્રીય શાકે ૧૯૪૩-૪૪

પારસી સને ૧૩૯૧-૯૨
મોહમેડન સં. ૧૪૪૩-૪૪



દૈનિક સ્પષ્ટ ગ્રહો, પનોતી, વર્ષનો વર્તારો, મકરસંક્રાંતિ, ગ્રહણો, શુકન, ચોઘડીયાં, ઘડી પળ, હોરા, પંચક, વીંછુડો, લગ્ન-વાસ્તુ-જનોઇનાં મુહૂર્તો, વિવિધ સંપ્રદાયનાં તહેવારો, વરસાદનાં નક્ષત્રો, વરકન્યા મેળાપક કોષ્ટક, વાર્ષિક રાશિ ભવિષ્ય, ચોપડા ખરીદવાનાં મુહૂર્તો, દિપાવલીનાં મુહૂર્તો, કાયમી રાશિ મેળનું કોષ્ટક તથા અન્ય ઘણી ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રસિધ્ધ કર્તા : હરિલાલ પ્રેસ

કિંમત
₹ ૩૫-૦૦



લેખન
સંકલન
સંપાદન
શ્રી વસંતલાલ જે. પોપટ

સ્થાપના ૧૯૧૯

હરિલાલ પ્રેસ

ધર્મેન્દ્ર રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

ગણિત-શાસ્ત્રાર્થ શ્રી વિશ્વેન્દ્ર રાવળ

VISIT…

LANZAROTE

Caliente.com

સં. ૨૦૭૮ની સાલમાં બારે રાશિવાળાની દિન-દિશા જોવાનો કોઠો (સને ૨૦૨૧ નવેમ્બર થી ૨૦૨૨ ઓક્ટોબર)

રાશિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	શનિ	ગુરૂ	રાહુ	શુક્ર
	દિવસ-૨૦	દિવસ-૫૦	દિવસ-૨૮	દિવસ-૫૬	દિવસ-૩૬	દિવસ-૫૮	દિવસ-૪૨	દિવસ-૭૦
મેષ (અ.લ.ઈ)	૧૪ એપ્રિલ	૫ મે	૨૬ જૂન	૨૫ જુલાઈ	૨૧ સપ્ટેમ્બર	૨૮ ઓક્ટોબર	૨૬ ડિસેમ્બર	૪ ફેબ્રુઆરી
વૃષભ (બ,વ,ઉ)	૧૫ મે	૫ જૂન	૨૭ જુલાઈ	૨૬ ઓગષ્ટ	૨૨ ઓક્ટોબર	૨૭ નવેમ્બર	૨૩ જાન્યુઆરી	૫ માર્ચ
મિથુન (ક,છ,ઘ)	૧૫ જૂન	૭ જુલાઈ	૨૮ ઓગષ્ટ	૨૬ સપ્ટેમ્બર	૨૨ નવેમ્બર	૨૭ ડિસેમ્બર	૨૩ ફેબ્રુઆરી	૫ એપ્રિલ
કર્ક (ડ,હ)	૧૬ જુલાઈ	૬ ઓગષ્ટ	૨૬ સપ્ટેમ્બર	૨૫ ઓક્ટોબર	૧૯ ડિસેમ્બર	૨૪ જાન્યુઆરી	૨૩ માર્ચ	૪ મે
સિંહ (મ,ટ)	૧૭ ઓગષ્ટ	૭ સપ્ટેમ્બર	૨૭ ઓક્ટોબર	૨૫ નવેમ્બર	૧૯ જાન્યુઆરી	૨૪ ફેબ્રુઆરી	૨૨ એપ્રિલ	૫ જૂન
કન્યા (પ,ઠ,ણ)	૧૭ સપ્ટેમ્બર	૬ ઓક્ટોબર	૨૬ નવેમ્બર	૨૪ ડિસેમ્બર	૧૭ ફેબ્રુઆરી	૨૩ માર્ચ	૨૨ મે	૫ જુલાઈ
તુલા (ર,ત)	૧૭ ઓક્ટોબર	૭ નવેમ્બર	૨૬ ડિસેમ્બર	૨૨ જાન્યુઆરી	૧૮ માર્ચ	૨૩ એપ્રિલ	૨૩ જૂન	૬ ઓગષ્ટ
વૃશ્ચિક (ન,ય)	૧૬ નવેમ્બર	૬ ડિસેમ્બર	૨૪ જાન્યુઆરી	૨૧ ફેબ્રુઆરી	૧૭ એપ્રિલ	૨૪ મે	૨૩ જુલાઈ	૬ સપ્ટેમ્બર
ધન (ભ,ધ,ફ,ઢ)	૧૫ ડિસેમ્બર	૫ જાન્યુઆરી	૨૩ ફેબ્રુઆરી	૨૧ માર્ચ	૧૮ મે	૨૫ જૂન	૨૪ ઓગષ્ટ	૬ ઓક્ટોબર
મકર (ખ,જ)	૧૪ જાન્યુઆરી	૩ ફેબ્રુઆરી	૨૩ માર્ચ	૨૧ એપ્રિલ	૧૮ જૂન	૨૬ જુલાઈ	૨૪ સપ્ટેમ્બર	૬ નવેમ્બર
કુંભ (ગ,શ,સ)	૧૩ ફેબ્રુઆરી	૪ માર્ચ	૨૩ એપ્રિલ	૨૨ મે	૨૦ જુલાઈ	૨૬ ઓગષ્ટ	૨૫ ઓક્ટોબર	૬ ડિસેમ્બર
મીન (દ,ચ,ઝ,થ)	૧૫ માર્ચ	૩ એપ્રિલ	૨૩ મે	૨૩ જૂન	૨૦ ઓગષ્ટ	૨૬ સપ્ટેમ્બર	૨૪ નવેમ્બર	૫ જાન્યુઆરી

જન્મસમયની ચંદ્રની રાશિ પ્રમાણે દિન-દશા ગણવાની પદ્ધતી છે. આ દશાઓનાં કોઠામાં જે તારીખો અપાય છે. તે રાશિના પહેલા અંશનો ચંદ્ર છે તેમ સમજીને અપાય છે, તેથી વ્યકિતગત દિન-દશા સમજવા માટે ચંદ્રના જેટલા અંશ હોય તેટલા દિવસો ઉમેરીને દશાઓ ગણવી. (પાપ ગ્રહોની દિન-દશા અશુભ ફળ આપે છે અને શુભગ્રહોની દિન-દશા શુભફળ આપે છે. યોગકારક દશા શુભ ફળ આપે છે, તેમ મનાય છે.)

દિવસનાં ચોઘડિયા

સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રવિ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ

રાત્રિનાં ચોઘડિયા

સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રવિ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ

સારા ચોઘડિયાં : શુભ, અમૃત, લાભ, ચલ.   માઠા ચોઘડિયા : ઉદ્વેગ, રોગ અને કાળ.

સમજ : બાર કલાકમાં આઠ ચોઘડિયા ભોગવાઈ છે. સામાન્ય રીતે ચોઘડીયું દોઢ કલાકનું ગણાય છે, પરંતુ દિવસ અને રાત્રિ નાં સમયમાં વધઘટ થતી હોય છે, જેથી જેટલી કલાક મિનિટ, દિવસ કે રાત હોય તેટલાનાં આઠ ભાગ મુજબ ચોઘડિયાંનો સમય નકકી થાય છે, દા.ત. દિવસ અને રાત જો સરખા ૧૨-૧૨ કલાકનાં હોય તો દરેક ચોઘડિયું ૧ કલાક ૩૦ મિનિટ નું બને. દિવસ જો ૧૧ કલાકને ૪ મિનિટનો હોય તો ૧૧ X ૬૦ = ૬૬૦ + ૪ = ૬૬૪ / ૮=૮૩ એટલે કે ૧ ચોઘડિયું દિવસ નું ૧ કલાક ૨૩ મિનીટનું થયુ અને રાત્રિ નું પ્રમાણ ૧૨ કલાક ૫૬ મિનીટનું રહેતા રાત્રિનું એક ચોઘડિયું ૧ કલાક ૩૭ મિનિટનું થશે. ચોઘડિયાંની ગણતરી જે તે સ્થળનાં સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધીનાં સમયથી કરવાની હોય છે.   (હોરાનું કોષ્ટક આ પંચાગમા અલગ છે.)

હરિલાલ પ્રિન્ટીંગ પ્રેસ - રાજકોટ. મો. ૭૮૬૩૦ ૩૬૧૮૯

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક નં. ૩૩૨૪૪૯



પ્રસિધ્ધ કર્તા : હરિલાલ પ્રેસ રાજકોટ.
ઉપર મુજબ બંને ભાઈઓનાં સાથે ફોટા આવે છે તે
હરિલાલ પ્રિન્ટીંગ પ્રેસનાં સ્થાપક
સ્વ. હરિલાલ ધનજીભાઈ અને સ્વ. ગોવિંદજી ધનજીભાઈનાં છે.
ઉપર આપેલ બંને ભાઈઓનાં ફોટા અમારો રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક છે.
જેનો નંબર **૩૩૨૪૪૯** છે.

કેલેન્ડરના ડટ્ટા, ડાયરી તેમજ પંચાંગ ખરીદ કરતી વખતે ઉપર મુજબ અમારો 'રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક' ચેક કરશો તો અસલ **'હરિલાલ પ્રેસ'** ની વસ્તુ મળશે અને જો ભૂલ કરશો તો કોઈ ભળતાં નામની નકલી બનાવટ આપી દેશે.

• લી. વ્યવસ્થાપક : હરિલાલ પ્રેસ •

પ્રસ્તાવના

વહાલા માનવંતા ગ્રાહકો....

વિક્રમ સંવત ૨૦૭૮નું નવું વર્ષ આપણા આંગણે આવી પહોંચ્યું છે. આશા અને કર્મનાં કળશથી તેને આવકારીએ.

વિક્રમ સંવત ૨૦૭૮નું પંચાંગ આપના કર-કમલમાં મૂકતાં હર્ષ અનુભવીએ છીએ.

વિતેલુ વર્ષ પ્રકૃત્તિની અગ્નિ પરીક્ષામાંથી પસાર થયું. કોવિડ-૧૯ની અસર બીજા વર્ષે પણ ચાલું રહી. કોરોનાનાં ફેલાવાથી વિશ્વનાં અનેક દેશોમાં લોકડાઉન થયું. આમ જનતાની રોજીંદી જીંદગીની ઘટમાળને જાણે મહાગ્રહણ લાગ્યું. ભારત પણ તેમાંથી બાકાત ન રહ્યું. બીજી લહેર આવી ગઈ. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હવે કોરોનાની ત્રીજી લહેર ન આવે.

રંગ બદલતાં આકાશમાં પળે-પળે બદલાતા ગોચરનાં ગ્રહો નવા-નવા સમીકરણો રચતાં જાય છે. સતત કરવટ બદલતાં કાળખંડમાં ભારતીય પ્રજા એકતા, ધૈર્ય, શાંતિ, ધીરજ, કરકસર, આશાવાદનાં સથવારે આગળ વધતી રહે છે. ધર્મ-શ્રધ્ધાનાં બળે આત્મવિશ્વાસ કેળવે છે. તેમાં હરિલાલ પ્રેસનું પંચાંગ ગોચરનાં ગ્રહોને, પંચાંગનાં પાંચ અંગોને, મુહૂર્તોને, વ્રત-ઉત્સવને સામાન્ય માનવી પણ સમજી શકે તેવા સતત પ્રયાસ સાથે નવા વર્ષનું પંચાંગ પ્રજાને અર્પણ કરે છે.

વિક્રમનું નવું વર્ષ અમારા સર્વ વાચક વર્ગને સુખ, સમૃધ્ધિ, આરોગ્યદાયક તેમજ ઈચ્છાપૂર્તિ કરનારું નિવડે તેવી શુભેચ્છા સાથે...

"નૂતન વર્ષાભિનંદન"

આપના રચનાત્મક સૂચનો અને પ્રેરણા અમોને આપની સેવા કરવાની મંજીલે પહોંચવા વિશેષ પ્રેરકબળ પુરૂં પાડશે. પંચાંગનું કાર્ય જટિલ, ચોકસાઈ, અતિ ઉંડાણ માંગી લે તેવું છે. અમોએ પૂર્ણ સાવધાની રાખેલ છે, તેમ છતાં કોઈ ક્ષતિ રહી ગયેલ હોય તો વાચકગણ દરગુજર કરશો તેવી અપેક્ષા સહ...

આભાર....

લી. વ્યવસ્થાપક : હરિલાલ પ્રિન્ટીંગ પ્રેસ

- બાર રાશિનં વાર્ષિક રાશિ ભવિષ્ય, લઘુ લેખો, વિશેષ લેખો તેમજ પૂરક માહિતી શ્રી વસંતલાલ જે. પોપટ પાસે તૈયાર કરાવેલ છે.
- આ પંચાંગનું ગણિત-શાસ્ત્રાર્થ શ્રી વિશ્વેન્દ્ર રાવળ એ કરેલ છે.
- આ પંચાંગમાં તિથ્યાદિ સમાપ્તિનાં સમય રાજકોટના સૂર્યોદયથી ગણેલા છે.

(Year - 29)

અનુક્રમણિકા

(જાહેર સુચના)

(ભડલી વાક્ય)

અષાઢ સુદી નવમી દિને, નિર્મળ ઉગે સૂર.
ભરે બહુ આભા કરે, મેહ હોય ભરપૂર.
આગળ રવિ પાછળ કહી, ચારો મંગલ જોય,
તો વરસે મન મોકળું, દર્પ ઘણેરા હોય.
અનાત્રીજની સાંજ સમે, જો ચંદા ઔર ભાણ,
તો જાણ સાચકારી દેખો પરમાણ.
અષાઢ સુદી પંચમી, જો ઝબુકે વીજ,
દાણા સર્વે વેચીને, રાખો બળદને બીજ.
આદ્રા વરસે નહિં, મૃગશીર પવન ન જાય,
તો ભડલી કે જાણજે, વર્ષા બુંદ ન હોય.
બુધ બૃહસ્પતિ હો ભલા, શુક્ર ભલો ન વખાણું,
રવિ મંગળ વાદળી કર, ઘરે ન આવે ધાન.
આદ્રા જો વરસન્ત, જેઠ સુધી ત્રીજને દિને,
ભડલી ભાખે જેષ થી, નક્કી દુર્ભિક્ષ કરન્ત.
બોલે મોર મહા તુહો, હોય ખાટી જો છાશ,
પડે મેઘ મહિ ઉપરે, રાખો રૂડી આશ.
ચિત્રા, સ્વાતિ, વિશાખડી, શ્રાવણ ન્ય વરસતાં,
અને વૃત સહુ સગ્રહો, બમણું મૂલ્ય કરંત.
માસ જેઠમાં રવિ તવે, મહા શિયાળો જાય,
ભડલી તો તું જાણ જે, પાણી નેવ ન માય.
ભાદરવા સુદી પંચમી, યોગ સ્વાતિનો હોય,
શુભ જોગે એ બે મળે, મંગળ વરતે જોય.
ફાગણી પાંચમ ચૈત્રી ત્રીજ, વૈશાખી પડવો ગણી બીજ,
એહ દિન જો ગાજે મેહ, લાભ સવાયો નહિં સંદેહ.
મૂલ ગળ્યા રોહિણી, ગળી આરદ વાણી જાય,
હળ વેચો બળદ પરા, ખેતી લાભ ન થાય.
ચૈત્રી પહેલી પંચમી, કા વરસા કા વીજ,
સાતમે શ્રવણ હરે, નોમ ભાદર વીજ.
મહા સુદ પૂનમ, ચંદ્ર નિર્મળો હોય,
પશુ વેચો કણ સંઘરો, કાળ હળાહળ હોય.
ધનનો સૂરજ હોય તો, મુળાદિક વરસંત,
ગર્ભ સહિત જો જોઈએ, વર્ષની નવચંત.
ઘોર અષાઢી પંચમી, વાદળ હોય ન વિજળ,
વેચો ગાડી બળદને, નીપજ હોય ના ચીજ.
રાતે બોલે કાગડા, દિને રૂવે શિયાળ,
તો – તો ભડલી એમ કે નિશ્ચય પડશે કાળ.
ઘર અષાઢી બીજડી, નોમે નીરખી જોય,
સોમ શું કરે સુરગુરૂ, જળ બંબારણ હોય.
સ્વાતિ, વિશાખા, ચૈત્રિકા, જયેષ્ઠા, સુકોરા જાય,
ગર્ભ ગળ્યા પુડના સહુ, વણિક સાખી મીરાય.
દિન ઉગતો ભાદરવો, અમાસને રવિવાર,
ધનુષ ઉગે પશ્ચિમ, વરતે હા હા કાર.

વિ.સં. ૨૦૭૮નાં અયન, ગોલ, ઋતુનો પ્રારંભ

૧. દક્ષિણાયન વિ.સં. ૨૦૭૮નાં વર્ષારંભે ચાલુ	
૨. હેમંતઋતુ વિ.સં. ૨૦૭૮નાં વર્ષારંભે ચાલુ	
૩. ઉત્તરાયન પ્રારંભ	તા.૨૧-૧૨-૨૦૨૧
૪. શિશિર ઋતુ પ્રારંભ	તા.૨૧-૧૨-૨૦૨૧
૫. વસંત ઋતુ પ્રારંભ	તા.૧૮-૦૨-૨૦૨૨
૬. સૂર્યનો ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશ (વિષુવવૃતદિન)	તા.૨૦-૦૩-૨૦૨૨
૭. ગ્રીષ્મ ઋતુ પ્રારંભ	તા.૨૦-૦૪-૨૦૨૨
૮. દક્ષિણાયન પ્રારંભ	તા.૨૧-૦૬-૨૦૨૨
૯. વર્ષાઋતુ પ્રારંભ	તા.૨૧-૦૬-૨૦૨૨
૧૦. શરદઋતુ પ્રારંભ	તા.૨૩-૦૮-૨૦૨૨
૧૧. સૂર્યનો દક્ષિણ ગોળાર્ધમાં પ્રવેશ (વિષુવવૃતદિન)	તા.૨૩-૦૯-૨૦૨૨
૧૨. હેમંતઋતુનો પ્રારંભ	તા.૨૩-૧૦-૨૦૨૨

ૐ

॥ શ્રી ગણેશાય નમ : ॥

વિક્રમ સંવત ૨૦૭૮નું રાશિ ભવિષ્ય (પૂર્વાનુમાન)

:: લેખક ::

જ્યોતિષ સરસ્વતિ (A.I.A.F.)
જ્યોતિષ માણિ (B.G.A.S.)

(વસંતલાલ જે. પોપટ)

જ્યોતિષરક્ષક (V.J.M.S)
દેવજ્ઞશ્રી (N.S.A.)

રાશિ ભવિષ્ય જન્મની ચંદ્ર રાશિથી લખાય છે. રાશિ-ભવિષ્ય સ્થૂળ છે જે જાતકને મર્યાદિત પ્રમાણમાં સ્પર્શે છે. જન્મની સૂર્યની રાશિ તથા જન્મ લગ્નની રાશિ સાથે ચંદ્ર રાશિ મુજબ ગણેશનો સમન્વય તથા વ્યકિતગત જન્મકુંડળીનાં ગ્રહો ભોગવાતી દશા-અંતરદશા-કુંડળીનું બળ વગેરેનો વિચાર કરીને યોગ્ય નિર્ણય લેવાની ધીરજ કેળવશો તો અહીં આપવામાં આવેલું રાશિ ભવિષ્ય તમોને માર્ગદર્શન આપી શકશે.

વિ.સં. ૨૦૭૮ કારતક સુદ-એકમ થી આસો વદ-અમાસ



મેષ (અ,લ,ઈ) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં પહેલે હર્ષલ, બીજે રાહુ, સાતમે મંગળ, ચંદ્ર, બુધ, નિચનો સૂર્ય, આઠમે કેતુ, નવમે શુક્ર, દસમે પ્લૂટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ તથા અગિયારમે નેપ્ચ્યુન રહેલ છે. વર્ષ દરમ્યાન નાની કે મોટી પનોતી નથી.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની કુંડળીમાં દસમે શનિ સ્વગૃહી છે. રાહુ બીજે છે. પારિવારિક સભ્યોની તંદુરસ્તી અંગે તકેદારી કેળવવી. રાશિપતિ મંગળ સાતમે રહીને સ્વસ્થાનને દ્દષ્ટિ કરે છે. જેથી ઉત્સાહ-ઉમંગ રહે. સ્વસ્થ તંદુરસ્તી પ્રાપ્ત કરવા ખર્ચ કરશો. ગળ્યા પદાર્થોનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું સારૂં. સામાજીક કાર્યોમાં મનોભારથી વિવાદ ન સર્જાય તે જોજો. વડીલવર્ગની તંદુરસ્તીના પ્રશ્નો અંગે ખર્ચ રહેશે. ગૂઢ પ્રશ્નોથી ચિંતિત રહેશો. સામાજીક સંબંધોથી થાકની ફરિયાદ કરશો. યાત્રા-પ્રવાસમાં અજાણ્યા કે વાસી પદાર્થો લેવાનું નિવારશો. ફક્ત માનસિક શ્રમ કરતા હોય તેમને માટે શારિરીક શ્રમ જરૂરી બનશે. કાર્યમાં સમયનું આયોજન કરશો તો મનોભારમાંથી મુકત રહી શકશો. પડવા-વાગવા કે અગ્નિ-ઇલેકટ્રીકથી તકેદારી કેળવશો. વ્યસનો ત્યજતાં સારી બચત કરી શકશો. સામાજીક કાર્યોમાં વધુ પડતાં ઉદાર બનવાથી મનોભાર સર્જાય શકે છે. ખર્ચયોગ વધતો લાગશે. રોજિંદા કર્મ સિવાય અન્ય પ્રવૃત્તિથી હર્ષ અનુભવી શકશો. રાહુ બીજે છે. વર્ષનાં પૂર્વાર્ધમાં ખાન-પાનમાં પરેજી કેળવીને સ્વસ્થ તંદુરસ્તી જાળવી શકશો. રોજિંદા કર્મ સિવાય રચનાત્મક કે મનગમતાં કાર્યોમાં સમય ફાળવશો તો હળવાશ અનુભવી શકશો. શ્રમ, સમય, પાલન વડે નવાં વર્ષમાં સ્વસ્થ રહેવાનું ગ્રહો સૂચવે છે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે રાશિપતિ રાશિને દ્દષ્ટિ કરતાં આર્થિક પ્રગતિ થતી લાગશે. કર્મેશ શનિ માર્ગી છે. જે આર્થિક વિકાસમાં સહાયક બની શકશે. મિત્રોથી સહકાર રહશે. પારિવારિક ભાગ બટાઇનાં પ્રશ્નો વર્ષનાં પૂર્વાર્ધમાં ઉકલતા લાગશે. વિલ વારસા કે આર્થિક વિવાદી કાર્યો અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેશે. વધુ વળતરની લાલચે નાણાંનું ખોટું રોકાણ ન થઈ જાય તે જોજો. જુની ભાગીદારીનાં આર્થિક પ્રશ્નોમાં ઉગ્રતા નિવારશો. નવા કરારો કે પ્રોજેકટોમાં મંદ ગતિએ પ્રગતિ થતી લાગશે. આયોજન પૂર્વક વહીવટી ખર્ચ ઘટાડવો જરૂરી બનશે. પારિવારિક આર્થિક માંગ વધતા ખર્ચ વધતો લાગશે. શિક્ષણનો ખર્ચ વધતો લાગશે. ઘણી વખતનાં આવકનાં આકડાંની ગણતરી ખોટી પડતી લાગશે. તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે પણ ખર્ચ રહશે. ધનેશ શુક્ર તા.૩૧-૦૩ થી તા.૧૨-૦૪ દરમ્યાન લાભસ્થાને રહેતા નાના-મોટા લાભો પ્રાપ્ત થાય. પારિવારિક સભ્યોની આર્થિક માંગ વધતી લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને મનોભાર હળવો બનાવી શકશો. જૂન-જુલાઇ દરમ્યાન જીવનસાથીથી આર્થિક લાભ મળતો લાગશે. શનિની દ્દષ્ટિ ચોથે છે. મિલકત થી મળનારા લાભોમાં વિલંબ થઈ શકશે. તા.૧૨-૦૪ થી રાહુ ધનસ્થાન છોડી જતાં હળવાશ અનુભવી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષ પ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, પ્લૂટો રહેલ છે. જેથી કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. કર્મેશ શનિ હોતા મંદગતિએ પરંતુ સ્થિર પ્રગતિ થતી લાગશે. ભાગ્યેશ ગુરૂનો નિચભંગ છે. જેથી ભાગ્યોદય થકી નાના-મોટા લાભો પ્રાપ્ત થાય. નવા સંબંધો લાભદાયી રહે. ઉઘરાણી કે અટકતા નાણાં તા.૧૨-૦૪ બાદ મળતા લાગે. સંતાનનાં નામથી ધંધો હશે તો ડિસેમ્બર, એપ્રિલ, મે દરમ્યાન પ્રગતિ થતી લાગશે. મંદગ્રહ શનિ કર્મભુવનમાં રહેશે. તા.૧૨-૦૭ થી વર્ષાંત સુધી દેશાવરનાં કાર્યોમાં આર્થિક, કાનૂની પ્રશ્નો અંગે સાવચેતી ઇચ્છનીય બનશે. સંયુક્ત પારિવારિક ધંધાનાં પ્રશ્નો વર્ષનાં ઉત્તરાર્ધમાં ઉકલતાં લાગશે. વર્ષ પ્રારંભે કેતૂ અષ્ટમ ભુવનમાં છે. ગરમીજન્ય દર્દો કે પડવા-વાગવા અંગે સાવચેતી ઇચ્છનીય બનશે. નવી ભાગીદારી અંગે એપ્રિલ તથા જૂન-જુલાઇ અનુકૂળ રહેશે. વધુ નફાની લાલચમાં બિનઅનુભવી ક્ષેત્રે કાર્ય કરવાનું નિવારશો. ધંધાની જગ્યાનાં પ્રશ્નો તા.૧૩-૦૪ બાદ ઉકલતા લાગશે. ઉત્પાદન ક્ષેત્રે બજારની માંગ અને ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. તા.૨૪-૦૯ બાદ માંગલિક કે વ્યવહારીક ખર્ચાથી ધંધાની મૂડીમાં મોટો ઘટાડો ન થાય તે જોજો. વધતાં વહીવટી ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી બનશે. મે-સપ્ટેમ્બર માસ દરમ્યાન નવી લોન તથા ક્રેડીટ પ્રાપ્ત થતી લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં છાયાગ્રહ રાશિમાં રહેતાં કાર્યબોજ થી મનોભાર રહેતો લાગશે. વર્ષપ્રારંભે રાહુ ધનસ્થાનમાં છે. નાણાંની લેતીદેતીમાં સાવચેતી ઇચ્છનીય બનશે. જીવનસાથીનાં નામથી ધંધો-વ્યવસાય હશે તો એપ્રિલ-જૂન દરમ્યાન પ્રગતિ થતી લાગશે. હરિફો-પ્રતિસ્પર્ધીઓથી હળવાશ રહેશે. ધંધાનાં વિકાસ માટે ગ્રાહકસેવા તથા માર્કેટિંગ જરૂરી બનશે. જન્મનાં ગ્રહો સૂચક હશે તો વિકાસની મંજિલે પહોંચવા ઝડપી કદમ માંડી શકશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના સેવાસ્થાનમાં કોઇ ગ્રહ નથી. રાશિપતિ મંગળ રાશિને દ્દષ્ટિ કરે છે. જેથી ઉત્સાહ, ઉમંગ રહેશે. જૂની બિમારીમાં રાહત રહેતી લાગશે. વિવાદી કાર્યો નિવારવા. ભાઇ-બહેનનાં પ્રશ્નો ઉકલતાં લાગશે. વર્ષપ્રારંભે ધનેશ શુક્ર ભાગ્યભુવનમાં રહેલો છે. જેથી આર્થિક-વિકાસ સારો રહેશે. તા.૨૭.૦૪ થી તા.૨૩.૦૫ દરમ્યાન પારિવારિક ખર્ચ વધતો લાગશે. તા.૧૮.૦૬ થી તા.૧૩.૦૭ દરમ્યાન અટકતાં નાણાં કે આકસ્મિક લાભ શકય બને. સર્વિસ સાથે અન્ય ધંધો-વ્યવસાય કરવા ઇચ્છતા હશો તો નવી તક પ્રાપ્ત થતી લાગશે. અહિં નાણાં નું રોકાણ સમજપૂર્વક કરશો. સહકર્મચારીથી સહકાર પ્રાપ્ત થશે. બિનજરૂરી ખરીદી નિવારશો. સામાજિક માંગલિક કાર્યોમાં દેખાડો કરવાથી કર્જદાર બની શકો છો. જૂની આર્થિક ભાગીદારીમાં ઉદારતા કેળવીને પ્રશ્નો હલ કરી શકશો. તા.૨૬.૦૨ થી તા.૦૭.૦૪ તથા તા.૨૬.૦૬ થી તા.૧૦.૦૮ દરમ્યાન ઉત્સાહ ઉમંગ રહેશે.

દેશાવરના કાર્યોમાં પ્રગતિ થતી લાગશે. વર્ષ દરમ્યાન નાની કે માટી પનોતી નથી. તા.૨૯.૦૪ થી શનિ લાભસ્થાને રહેતા નાના-મોટા લાભો પ્રાપ્ત થતાં લાગશે. વર્ષના ઉત્તરાર્ધમાં શનિ મનસ્થાને દ્દષ્ટિ કરે છે. તેથી ઘણી વખત મનોભાર રહેતો લાગશે. તા.૨૧.૦૪થી વર્ષના ઉતરાર્ધ સુધી ભાગ્યોદયની તક પ્રાપ્ત થતી લાગશે. પરિવારના સભ્યોની ભૌતિક સુખ સગવડનાં સાધનોની ખરીદી કરતાં બચત વપરાતી લાગશે. તા.૧૨.૦૪ થી રાહુ ધનભાવમાંથી નીકળી જતાં આર્થિક હળવાશ અનુભવી શકશો. ધનપ્રાપ્તિ અંગે વિશેષશ્રમ, સમયનું આયોજન જરૂરી બનશે. ઘણીવખત આવકનાં આંકડાની ગણતરી ખોટી પડતી લાગશે. જન્મકુંડળીમાં શુક્ર તથા ગુરૂ બળવાન હશે તો બેંક બેલેન્સમાં વધારો કરી શકશો.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભવનમાં પંચમેશ સૂર્ય સાતમે કેન્દ્રમાં રહેલો છે. વિદ્યાપતિ ગુરૂ કેન્દ્રમાં ઉચ્ચનો બનીને રહેલો છે. જેથી બૌદ્ધિક શકિતનો વિકાસ સારો થશે. અભ્યાસ સારો રહેશે. તા.૨૦.૧૧ થી મિત્રો-સહેલી થી સહકાર પ્રાપ્ત થશે. લેખનશકિત નો વિકાસ શકય બનશે. તા.૦૪.૧૨ થી તા.૧૬.૦૧ તથા તા.૨૬.૦૨ થી તા.૦૭.૦૪ દરમ્યાન રમતગમત સ્પર્ધા વગેરેમાં સારો દેખાવ કરી શકશો. નાના-નાના સર્ટિફીકેટ કોર્ષ અંગે અનુકૂળતા રહેતી લાગશે. ખાન-પાનમાં પરેજી કેળવશો. બિનજરૂરી ઉજાગરા, જંકફૂડ, સમયનો વ્યય પરીક્ષા સમયે નિરાશ ન કરાવે એ જોજો. મનોબળ કેળવીને અભ્યાસમાં સફળતા મેળવી શકશો. એપ્રિલ-મે દરમ્યાન અભ્યાસ અંગેનો ખર્ચ વધતો લાગશે. ઉતાવળ, ઉશ્કેરાટથી મનોભાર સર્જાય શકે છે. ઝડપી વાહનો નિવારશો. પ્રવાસ કે અન્ય અજાણ્યી જગ્યાએ સાવચેતી કેળવવી ઈચ્છનીય ગણાય. બિનજરૂરી ખર્ચ નિવારીને શિક્ષણનાં સાધનો-બુકો વિગેરે પાછળ ખર્ચ કરશો તો પરીક્ષા સમયે હર્ષ પામશો. સહાધ્યાયીથી સારૂં રહેશે. સમયનું શ્રમનું મહત્વ સમજશો તો કેન્દ્રમાં રહેલો શનિ સહાયક બનશે. જગતમાં ચોતરફ વેરાયેલું જ્ઞાન જાણે જળ જેવું છે! કેટલું પી શકશો? જન્મકુંડળીનો પંચમેશ તથા ગુરૂ અહિં નિર્ણાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથી ભાવમાં સૂર્ય-મંગળ-બુધ-ચંદ્ર રહેલો છે. સપ્તમેશ શુક્ર ભાગ્યભુવનમાં રહેલો છે. જેથી જીવનસાથીથી આર્થિક લાભ સહકાર પ્રાપ્ત થતો લાગશે. સ્વતંત્ર કાર્ય કરતી મહિલાઓ માટે વર્ષના પૂર્વાર્ધમાં વિશેષ પ્રગતિ થતી લાગશે. નવેમ્બરથી એપ્રિલ દરમ્યાન સંતાનના પ્રશ્નો હળવા થતા રાહત અનુભવશો. આર્થિક લેતી-દેતી કે જવાબદારી અંગે જાગૃતતા કેળવશો.તા.૨૬.૦૬ થી તા.૧૦.૦૮ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ ઈલેકટ્રીકથી તકેદારી કેળવશો. મિલકત રહેઠાણ પાછળ ખર્ચ વધતો લાગશે. વર્ષપ્રારંભે વધતાં વજનથી તકેદારી કેળવશો. ભાંડુનાં પ્રશ્નો કે પિયરપક્ષનાં પ્રશ્નો અંગે વર્ષનાં ઉત્તરાર્ધમાં અનુકૂળતા રહેતી લાગશે. છાયાગ્રહ બીજે હોતા નાણાંનું ખોટું રોકાણ ન થઈ જાય તે જોજો. સસ્તી વસ્તુની લાલચમાં લોભાશો તો આર્થિક હાની થતી લાગશે. સ્થળાંતરના કાર્યોમાં સફળતા મળતી લાગશે. વર્ષ દરમ્યાન શનિનું ભ્રમણ નાના-મોટા લાભો પ્રાપ્ત કરવામાં સહાયક બની શકશે. જૂની બીમારીમાં રાહત રહેતી લાગશે. છતાં સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. પરદેશ કે પરદેશની વસ્તુ કે વ્યકિત થી સારૂં રહેશે. વર્ષના ઉત્તરાર્ધમાં શનિ વક્રી બને છે. રચનાત્મક તથા સામાજિક કાર્યોમાં મંદગતિએ સફળતા મળતી લાગશે. સફળ સપનાઓ સાકાર કરવા જજૂમશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો ધનેશ શુક્ર તથા ભાગ્યેશ ગુરૂ અહિં પ્રત્યુતર આપશે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં ગુરૂ ભાવ-૧૦ થી ૧૨ માં પરિભ્રમણ કરશે. કર્મને લાભસ્થાનનો શનિ સ્થિરગતિએ આર્થિક વિકાસમાં સહાયક બનશે. રાહુ પરિવાર ભાવમાંથી નીકળી જતાં પારિવારિક પ્રશ્નો હળવા થતા લાગશે. હરિફો થી વિજય પ્રાપ્ત થતો લાગશે. આધ્યાત્મિક કાર્ય કરીને નિજાનંદ પ્રાપ્ત કરવા પ્રયત્નો કરશો. કેન્દ્રોમાં પસાર થતો મંગળ ઉત્સાહ, ઉમંગમાં વધારો કરશે. રાશિનો રાહુ સામાજિક સંબંધોમાં જનોજનમ નું ઋણ ચૂકવાવશે. વતનથી દૂર ભાગ્યોદય પ્રાપ્ત કરવાના પ્રયત્નો ફળતા લાગશે. શ્રમ આયોજનથી ભાગ્યોદયના દ્વાર ખોલવા પ્રાયત્નશીલ બનશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીમાં ધનેશ-ભાગ્યેશની સ્થિતિ નિર્ણાયક બનશે.



વૃષભ (બ,વ,ઉ) :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં પહેલે રાહુ, છઠ્ઠે સૂર્ય, મંગળ બુધ તથા ચંદ્ર, સાતમે કેતુ, આઠમે શુક્ર, નવમે પ્લૂટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, દસમે નેપ્ચ્યુન તથા બારમે હર્ષલ રહેલો છે. વર્ષ દરમ્યાન નાની કે મોટી પનોતી નથી.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં સૂર્ય, મંગળ, બુધ તથા શુક્ર રહેલ છે. છઠ્ઠાનો અધિપતિ છઠ્ઠે સ્વગૃહી હોતા તંદુરસ્તી એકંદરે સારી રહેશે. તા.૧૦.૦૪ થી તા.૪.૦૫ દરમ્યાન નાની-નાની બિમારીઓથી ચિંતિત રહી શકો. મે, જૂન દરમ્યાન રાશિપતિ કેન્દ્રમાં સ્વગૃહી બનતા ભૌતિક સુખોની તમન્ના વધતી લાગે. તા.૧૬.૧ થી તા.૨૬.૨ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ-ઈલેકટ્રીકથી તકેદારી કેળવવી. તા.૦૭.૦૪થી તા.૧૭.૦૫ દરમ્યાન યાત્રા પ્રવાસમાં તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં જીવનસાથીની તંદુરસ્તી અંગે ચિંતિત રહી શકો. નવેમ્બર થી એપ્રિલ દરમ્યાન ગુરૂ કેન્દ્રમાં રહેતા સામાજિક, ધાર્મિક પ્રશ્નોથી દોડધામ કરતા થાકની ફરિયાદ કરશો. રાહુ રાશિમાં રહેલ છે. જેથી ઘણીવાર પારિવારિક, વડીલો વગેરે અંગેના પ્રશ્નોથી ચિંતિત રહેશો. બેઠાડું જીવનથી વજન વધતું લાગશે. નાના-નાના ચહલ-પહલ જેવાં કાર્યો જાતે કરવાનું જરૂરી બનશે. રાહુ રાશિમાં રહેતા વિવાહિત કાર્યોથી મનોભાર ન સર્જાય તે જોજો. જૂના વ્યસનો ત્યજતાં સારી બચત કરી શકશો. ભોજનમાં ગરમ, તીખા તથા બહારનાં ખાદ્યપદાર્થો લેવાનું નિવારશો. જૂની બિમારીમાં સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. રચનાત્મક, સામાજિક કાર્યોમાં મંદગતિએ જશપ્રાપ્તિ થતી લાગશે. સપનાઓ સાકાર કરવા ઝઝૂમશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો ચતુર્થેશ તથા ભાગ્યેશ અહિં પ્રત્યુતર આપશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના ધનસંગ્રહ સ્થાનમાં કોઈ ગ્રહ નથી. ધનેશ બુધ છઠ્ઠે રહેલો છે. જેથી વર્ષપ્રારંભે ખર્ચયોગ વિશેષ રહેશે. વર્ષના મધ્યભાગમાં આર્થિક ક્ષેત્રે પ્રગતિ થતી લાગશે. અટકતાં લાભો પ્રાપ્ત થતાં લાગશે. પારિવારિક ભાગ બટાઈથી મળતા લાભોનું યોગ્ય-રોકાણ કરવું જરૂરી બનશે. એપ્રિલ-મે દરમ્યાન આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવી શકે છે. ભૌતિક સુખોના સાધનોની ખરીદી પાછળ ખર્ચ કરશો. સંતાનનાં વિદ્યાપ્રાપ્તિ કે માંગલિક કાર્યો અંગે ધાર્યાં કરતા ખર્ચ વધશે. માર્ચ-એપ્રિલ દરમ્યાન જીવનસાથીની આવકવૃદ્ધિ થતાં હર્ષ પામશો. નવી આર્થિક ભાગીદારી જેવા કાર્યો જૂન-જૂલાઈ તથા વર્ષાંતે સાવચેતી પૂર્વક કરશો. આકસ્મિક ખર્ચ સમયે અગાઉ કરેલી બચત ખૂબ જ ઉપયોગી નિવડશે. સામાજિક પ્રસંગોએ દેખાડો કરવાની વૃત્તિ નિવારશો. પરદેશથી સારૂં રહેશે. રાહુ રાશિમાં છે. બિનજરૂરી દોડધામથી તંદુરસ્તી ન બગડે તે જોજો. પ્રવાસમાં કે ખરીદીએ જતાં નાણાં અલગ-અલગ જગ્યાએ રાખશો. મંદગ્રહી શનિ ભાગ્યમાં છે. આર્થિકક્ષેત્રે કરકસર આયોજન કરીને જાગૃત રહેશો તો કર્જદાર બનવામાંથી મુકત રહી શકશો. ડિસેમ્બર થી માર્ચ દરમ્યાન મિલકત અંગેના કાર્યો થી મળતા આર્થિક લાભો મંદગતિ એ મળતા લાગશે. ધર્મકાર્ય, યાત્રા, વગેરે પાછળ ખર્ચ રહેશે. કેન્દ્ર ત્રિકોણમાં પાપગ્રહો છે. બિનજરૂરી ખર્ચ નિવારશો. આર્થિક ભાગીદારીના આર્થિક પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકેલતાં લાગશે.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં કર્મભુવનમાં કોઈ ગ્રહ નથી. કર્મેશ શનિ ભાગ્ય-ભુવનમાં રહેલો છે. જેથી કર્મના ક્ષેત્રે પ્રગતિ રહેશે. દેશાવરનાં કાર્યોમાં સફળતા મળતી લાગશે. રાહુ રાશિ સ્થાનમાં છે. અગત્યનાં નિર્ણયો સમજપૂર્વક લેશો. ભાગીદારીનાં કાર્યોમાં ઉદારતાવૃત્તિ કેળવવી પડશે. ગુરૂની દ્દષ્ટિ પરિવારભાવ ઉપર છે. જેથી પારિવારિક સંયુકત ધંધામાં પ્રગતિ થતી લાગશે. ધંધાની જગ્યાનાં રીનોવેશન, અન્ય ખર્ચ ઉદ્‌ભવી શકશો. સંતાનના નામથી ધંધો હોય તો તા.૧૪.૦૯થી વર્ષાંતે સુધી સમજપૂર્વક આર્થિક રોકાણ કરશો. નવા પ્રોજેકટોમાં વિલંબ થતો લાગશે. ઉત્પાદનક્ષેત્રે બજારની માંગ, ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. પાપગ્રહ રાશિમાં છે. જેથી આળસવૃત્તિથી કાર્યબોજ વધી ન જાય તે જોજો. પ્રવાસમાં પડવા-વાગવા કે નાણાંના વ્યવહાર અંગે તકેદારી કેળવશો. ડિસેમ્બર તથા એપ્રિલ-મે દરમ્યાન આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવી શકશો.

જૂન-જુલાઈ દરમ્યાન કર્મચારીઓના પગાર-વધારો કમિશન વગેરે અંગેની માંગણીઓ વધતી લાગશે. ધંધામાં આધુનિક્તા માટેના સાધનોની ખરીદી શકય બનશે. જીવનસાથી ના નામથી ધંધો વ્યવસાય હશે તો વર્ષનાં ઉત્તરાર્ધમાં સફળતા મળતી લાગશે. નવી યોજનાઓ કે નવી પ્રોડકટ અંગે કેન્દ્રનો કેતુ વિલંબ સર્જી શકે। કર્મના ક્ષેત્રે દોડધામથી થાકની ફરિયાદ કરશો. સપ્ટેમ્બરથી અષ્ટમેશ વકી બનતાં આકસ્મિક ખર્ચ ઘટના ઉદ્‌ભવી શકશે!

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના સેવાસ્થાનમાં સૂર્ય,મંગળ બુધ તથા શુક્ર રહેલો છે. ધનેશ-બુધ તા.૨૬.૧૧ થી કેન્દ્રમાં રહેતા આર્થિક પ્રગતિ થતી લાગશે. જાન્યુઆરી-એપ્રિલ દરમ્યાન પ્રમોશન, પગારવધારો, આવકવૃદ્ધિ વગેરે અંગે અનુકૂળતા રહેતી લાગશે. રાશિમાં રાહુ રહેલો છે. ઉતાવળ, ઉશ્કેરાટથી મનોભાર સર્જાય શકે છે! નવી તક, નવા સંબંધો લાભદાયી બને. પારિવારિક સભ્યોની આર્થિક માંગ વધતી લાગશે. સર્વિસ સાઈડ બિઝનેસ કે પૂરક પ્રવૃત્તિ કરતાં હો તો વર્ષનો મધ્યભાગ વિશેષ અનુકૂળ રહેશે. યોગકારક શનિ ત્રિકોણમાં રહેલો છે. જેથી કર્મના ક્ષેત્રે સફળતા મળતી લાગશે. ભૌતિક સુખ સાધનોની ખરીદી પાછળ કર્જદાર ન બનો તે જોજો. સર્વિસ કરતી મહિલાઓને કાર્યબોજથી થાકની ફરિયાદ રહેશે. સાતમે છાયા ગ્રહ છે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ વિલંબે મળતી લાગશે. ગુરૂ કેન્દ્રમાં છે. જેથી ધાર્મિક કાર્યોની ઈચ્છા ફળતી લાગશે. આકસ્મિક ખર્ચ સમયે અગાઉ કરેલી બચત ખૂબ જ ઉપયોગી બનશે. અધિકારી વર્ગથી વિવાદ નિવારશો. સહકર્મચારીથી થયેલી ગેરસમજ દૂર કરી શકશો. ખાતાંકીય પરીક્ષા વિશેષ જ્ઞાનપ્રાપ્તિ, ટ્રેનિંગ અંગે તા.૨૧.૧૧ થી તા.૦૬.૦૪ દરમ્યાન અનુકૂળતા રહેતી લાગશે. પારિવારિક કે સામાજિક પ્રસંગો થી રજાનું પ્રમાણ વધી ન જાય તે જોજો. વિજાતીય સંબંધોથી સમજપૂર્વક વ્યવહાર કરશો. ફરજના પ્રવાસ દરમ્યાન તંદુરસ્તીની તકેદારી કેળવવી ઈચ્છનીય બનશે. રાશિમાં રાહુ છે. અન્યો ઉપર વધુ પડતો વિશ્વાસ, નિરાશા, ચિંતા, ઉત્તપન્ન કરાવી શકે. ખાતાંકીય પરીક્ષા કે ટ્રેનિંગ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. ભાગ્યેશ શનિ વિકાસની ઈચ્છાઓને પામવા દોટ મુકવા ઉત્સાહિત કરશે. કેટલું દોડશો? જન્મકુંડળી નું ષષ્ઠેશ-કર્મેશ તથા ભાગ્યેશ અહિં પ્રત્યુતર આપશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના વિદ્યાભુવનમાં કોઈ ગ્રહ નથી. પંચમેશ બુધ, છઠ્ઠે છે. જેથી વિદ્યાપ્રાપ્તિ માટે વિશેષ શ્રમ જરૂરી બનશે. તા.૧૪.૧થી વિદ્યાપ્રાપ્તિ અંગે વિશેષ ઉત્સાહ રહેતો લાગશે. વર્ષપ્રારંભથી જ વાંચન, ચિંતન, મનન કરશો તો રાશિમાં રહેલો રાહુ મનોભાર હળવો રખાવી શકશે. ઉતાવળ, ઉશ્કેરાટથી પડવા વાગવાનું ન બને તે જોજો. ખોટા સાહસો નિવારશો. વતનથી દૂર અભ્યાસ કરવા જવા વિચારતા હો તો વર્ષના મધ્યભાગમાં વિશેષ અનુકૂળતા રહેતી લાગશે. પાપગ્રહ રાશિમાં છે. ડિગ્રીકોર્ષનાં છેલ્લા વર્ષના છાત્રો એ અભ્યાસ ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી બનશે. ભૌતિક સુખો ની તમન્ના વિશેષ ઉદ્‌ભવતી લાગશે. પારિવારિક સહકાર પ્રાપ્ત થશે. જ્ઞાનપ્રાપ્તિ અંગે ખર્ચ વધતો લાગશે. પૂરક પ્રવૃતિથી ધનપ્રાપ્તિના પ્રયત્ન અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. એપ્રિલ-મે દરમ્યાન રમતગમત સ્પર્ધા વગેરેમાં સારો દેખાવ કરી શકશો. ખાન-પાનમાં પરેજી કેળવશો. બિનજરૂરી ઉજાગરા,જંકફૂડ, સમયનો વ્યય પરીક્ષા સમયે નિરાશ ન કરાવે તે જોજો. જ્ઞાનપ્રાપ્તિ અંગે લાંબાગાળાની યોજનાઓ ફળતી લાગશે. ધનનો કારક ગુરૂ તા.૧૪-૯ થી વકી બનશે. પોકેટમનીમાં કરકસર કરશો. તો કર્જમાંથી બચી શકશો. રાશિનો રાહુ ખોટાસાહસો થી દૂર રહેવાનું સૂચવે છે. આર્થિક ભાગીદારી જેવા કાર્યોમાં સાવચેતી કેળવશો. પડકારરૂપ રસ્તે કશુંક બનવા, પામવા જે સપના સેવ્યા હશે તે સાકાર કરવાની ઈચ્છા માટે ધ્યેયને વળગી રહેશો. તો કેન્દ્ર ત્રિકોણમાં રહેતો ગુરૂ સહાય કરતો લાગશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના સામાજિક ભુવનમાં છાયાગ્રહ કેતુ રહેલો છે. જેથી ગૃહસ્થ જીવનમાં વિવાદ નિવારશો. વર્ષપ્રારંભે સંતાનના પ્રશ્નોથી ચિંતિત રહેશો. પારિવારિક પ્રશ્નો હળવા થતાં લાગશે. જીવનસાથીથી આવક વૃદ્ધિ થતાં હર્ષ પામશો. સર્વિસ કે સ્વકર્મે ધનપ્રાપ્તિ કરતી મહિલાઓ માટે વર્ષનો મધ્યભાગ વિશેષ લાભદાયી રહેતો લાગશે. રહેઠાણના મકાનના પ્રશ્નો વર્ષના મધ્યભાગમાં ઉકેલતા લાગશે.મિત્રો સહેલીથી વર્ષનો પૂર્વાર્ધ વિશેષ અનુકૂળ રહેતો લાગશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. જંકફૂડ, કોલ્ડ્રીંકસ અપૂરતા પોષક આહારથી પેટને લગતી નાની-નાની બિમારીઓ ઉદ્‌ભવી શકશે. કેતુ સાતમે છે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ વિલંબે મળશે. ગૃહસજાવટની ઈચ્છા વર્ષના ઉત્તરાર્ધમાં ફળદાયી બનતી લાગશે. જાન્યુઆરીથી એપ્રિલ ધર્મકાર્યો શકય બનતાં લાગશે. ઉગ્રગ્રહ રાશિમાં છે, પડવા-વાગવા કે અગ્નિ-ઈલેકટ્રીક થી તકેદારી કેળવશો. લાગણીના સંબંધોમાં ઘણીવાર નિરાશા ઉદ્‌ભવી શકશે. પ્રવાસમાં અન્જાન વ્યકિતથી અંગત વાતો કહેવાનું નિવારશો. સમયના આયોજનથી કાર્યબોજ હળવો કરી શકશો. નાના-નાના સર્ટિફીકેટ કોર્ષ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. ખાદ્યપદાર્થોની ખરીદીમાં પ્રાઈઝ, એકસપાયરીડેટ, સ્કીમ વગેરે અંગે પેકીંગ-ઉપર જોવું ખાસ જરૂરી બનશે. પાક-કલાનો વિકાસ કરી શકશો. બિનજરૂરી ખર્ચ નિવારીને બચતની ઈચ્છા પૂરી કરી શકશો. તા.૧૪.૦૯ થી ગુરૂ વકી થતાં સંતાનના શિક્ષણ, રહેણી-કરણી, ખાન-પાન વગેરે પ્રશ્નોથી ચિંતિત રહેશો. રાહુ જીવનમાં નવા-નવા રંગો દર્શાવી જશે. કેન્દ્ર ત્રિકોણનો ગુરૂ આકાંક્ષાઓની મંઝીલે પહોંચવા સહાયક બનતો લાગશે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં નવમો દસમો ગુરૂ, નવમો શનિ તથા પહેલે રાહુ પરિભ્રમણ કરશે. રાહુ અનુભવોની ગલીમાંથી પસાર કરાવશે. સમય ધનની કિંમત સમજતા થશો. આકસ્મિક બનતી ઘટનાઓને સાક્ષીભાવે નિહાળશો તો સ્વસ્થ મનનો આનંદ પ્રાપ્ત થશે. નાણાંકીયક્ષેત્રે સાવચેતી કેળવશો. સામજિક કાર્યોમાં અગ્રેસર બનીને જશપ્રાપ્તિની ઈચ્છા રાખશો. ધન સ્થાન ઉપર ગુરૂની દૃષ્ટિ આર્થિકક્ષેત્રે મજબૂતી પ્રદાન કરાવશે. સપ્તમકેતુ ઘણીવખત ગૂઢ પ્રશ્નોથી ચિંતિત રખાવશે. ભૌતિક સુખો મેળવવા ધન સમયનો વ્યય કરશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો ભાગ્યેશ, ધનેશ અહીં પ્રત્યુતર આપશે.



મિથુન (ક,છ,ઘ) :- વિક્રમ સંવત ૨૦૭૮માં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં પાંચમે સૂર્ય, મંગળ, બુધ તથા ચંદ્ર, છઠ્ઠે કેતુ, સાતમે શુક્ર, આઠમે શનિ, નિચભંગ થતો ગુરૂ, પ્લુટો, નવમે નેપ્ચ્યુન, અગિયારમે હર્ષલ તથા બારમે રાહુ રહેલ છે. વર્ષ દરમ્યાન નાની પનોતી ચાલુ છે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના રોગશત્રુ સ્થાનમાં કોઈગ્રહ નથી. અષ્ટમેશ શનિ, અષ્ટમભુવનમાં રહેલો છે. નાની પનોતી ચાલુ છે. જેથી તંદુરસ્તી એકંદરે મધ્યમ રહેશે. આળસવૃત્તિથી કાર્યબોજ વધતા મનોભાર સર્જાય શકશે. વર્ષ પ્રારંભથી તા.૧૬.૧૧ સુધી સંતાનની રહેણીકરણીથી ચિંતિત રહેશો. તા.૨૬.૨ થી તા.૦૭.૦૪ દરમ્યાન પડવા-વાગવા, કે અગ્નિ-ઈલેકટ્રીકથી તકેદારી કેળવશો. ધાર્મિક કાર્યો પાછળ દોડધામ કરતા થાકની ફરિયાદ કરશો. ગુરૂભાગ્યમાં રહેતા કાર્ય સફળતા મળતા હર્ષ પામશો. છાયાગ્રહ બારમે છે. બિનજરૂરી ખરીદી નિવારશો તો લોન લેવામાંથી મુક્ત રહેશો. પ્રવાસમાં અજાણ્યા ખાદ્યપદાર્થ લેવાનું નિવારશો. પ્રવાસમાં જરૂરી દવાઓ-પ્રિસક્રીપ્શન સાથે રાખવાનું જરૂરી બનશે. નાની નાની બિમારી અંગે સાવચેતી ઈચ્છનીય બનશે. બેઠાડું જીવનથી વજન ન વધે તે જોજો. જુના વ્યસનો છોડતા બચત સાથે સારૂં સ્વાસ્થ્ય પ્રાપ્ત થતું લાગશે. ઘણીવખત ગૂઢપ્રશ્નોથી ચિંતિત રહેશો. ભૌતિક સુખોની તમન્નાથી શરીર ઉપર વધુ બોજ ન પડે તે જોજો. મનગમતા કાર્યોમાં સમય ફાળવશો તો વિશેષ માનસિક શાંતિની પ્રાપ્તિ થતી લાગશે. માતા કે માતૃપક્ષનાં સગા-સંબંધીઓની તંદુરસ્તી અંગે ખર્ચ દોડધામ રહી શકે. હકારાત્મક મનોવલણ કેળવણી નવું વર્ષ ઉત્સાહ પ્રેરક બની રહેશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના ધનસંગ્રહ સ્થાનમાં કોઈ ગ્રહ નથી. ધનનો કારક ગુરૂ ધનસ્થાનને દૃષ્ટિ કરે છે. જેથી આર્થિક ક્ષેત્રે વિકાસ રહેશે. તા.૧૦.૦૮ થી તા.૧૬.૧૦ દરમ્યાન આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવી શકશે. ભાગ્યેશ શનિ ધનભુવનની દૃષ્ટિ કરે છે. જેથી મંદગતીએ આર્થિક વિકાસ થતો લાગશે. મિલકત, વતન, માતૃપક્ષથી મળતા આર્થિક લાભો અંગે ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન અનુકૂળતા રહેતી લાગશે. જીવનસાથીથી આવકવૃદ્ધિ થતાં હર્ષ પામશો. સંતાનનાં શિક્ષણ કે પૂરક માંગથી ખર્ચ વધતો લાગશે. સામાજીક પ્રસંગો એ દેખાડો કરવાની વૃતિ નિવારશો. ભાગ્યેશ આઠમે છે, ખોટું આર્થિક

રોકાણ ન થઈ જાય તે જોજો. અગાઉ સ્વીકારેલી આર્થિક જવાબદારી અંગે મૂલ્યાંકન કરતા રહેશો. વિલ-વારસા જેવા કાર્યો વિલંબે ઉકલતા લાગશે. પારિવારિક સભ્યોની ભૌતિક સુખ-સગવડતાના સાધનોની ખરીદી પાછળ ખર્ચ રહેતો લાગશે. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવા લોકોએ આર્થિક આયોજન કરવું હિતાવહ બનશે. રાહુ બારમે છે. વિવાદોથી આર્થિક નુકશાન ન થાય તે જોજો. જૂની વસ્તુના નિકાલથી મળતી રકમ નવી વસ્તુઓ ખરીદવામાં થોડી સહાયક બનતી લાગશે. છાયાગ્રહ બારમે છે. ઘણીવાર નાણાં કમાવવા માટે નિત-નવા વિચારોથી ઘેરાઈ જશો. અહિં સ્વસ્થતા જાળવશો. શ્રમનું ફળ સુખદાયી હોય છે. ત્રિકોણ નો ગુરૂ નવી તક, નવા સંબંધો -બૌદ્ધિક કાર્યોમા સફળતા આપતો લાગશે. એપ્રિલથી જૂન દરમ્યાન સંતાનથી આર્થિક લાભ શકય બનશે. માંગલિક કાર્યો પાછળ ખર્ચ સમજપૂર્વક કરશો. જન્મકુંડળીનો ચંદ્ર શનિ બળવાન હશે તો બેન્ક બેલેન્સમાં વધારો કરી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં કર્મભુવનમાં કોઈ ગ્રહ નથી. કર્મેશ ગુરૂ આઠમે છે. જેથી કર્મનાં ક્ષેત્રે વિશેષ શ્રમ જરૂરી બનશે. ડિસેમ્બરથી કર્મેશ ભાગ્યભુવનમાં આવતાં નવી તક પ્રાપ્ત થતી લાગશે. આર્થિકક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતાં લાભો, ઉઘરાણી વગેરે અંગે અનુકૂળતા રહેતી લાગશે. રાહુ બારમે છે. ખર્ચયોગ વધતો લાગશે. કર્મચારીઓની આર્થિક માંગ વધતી લાગશે. ખરીદીમાં બિનજરૂરી ખરીદી ન થઈ જાય તે જોજો. ધંધાની જગ્યાનાં પ્રશ્નો મંદગતિએ ઉકલતા લાગશે. દેશાવરનાં કાર્યોમાં સારૂં રહેશે. જીવનસાથીના નામથી ધંધો હશે તો વર્ષના મધ્યભાગમાં વિશેષ વિકાસ થતો લાગશે. નવા ગ્રાહકો લાભપ્રદ બની શકશે. ગ્રાહકોની સેવા સમયપાલન ગુણવત્તા વગેરે અંગે ધ્યાન આપવું જરૂરી બનશે. નવા આર્થિક કરારોમાં સાવધાની જરૂરી બનશે. ધંધાની મુસાફરીમાં તંદુરસ્તીના પ્રશ્નો અંગે સાવચેત રહેશો. નાની પનોતીનો તબક્કો ચાલુ છે. જે કાર્યબોજ રખાવતો લાગશે. સંયુકત ધંધામાં કામકાજ ના નિયમો બનાવવા અને પાળવા જરૂરી બનશે. બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ નિવારશો. ઉધરાણીમાં બાંધછોડ કરવી જરૂરી બનશે. અગાઉ લીધેલી લોનના હપ્તાની રકમ વધારવાના પ્રયત્નો મહદઅંશે ફળતા લાગશે. ધંધાના વિકાસ માટે માર્કેટિંગ, ગ્રાહક સેવા જરૂરી બનશે. જુના માલના નિકાલથી નાણા છૂટતા લાગશે. શિક્ષણ સ્વાસ્થ્ય પાછળ વિશેષ ખર્ચ કરશો. બારમો રાહુ બિનજરૂરી ખર્ચ નિવારવાનું સૂચવે છે. ગોચર ના ગ્રહો આવક સામે જાવક દર્શાવે છે.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં સેવા સ્થાનમાં કેતુ રહેલો છે. ષષ્ઠેશ મંગળ પાંચમે રહેલો છે. ગુરૂની દ્દષ્ટિ લાભસ્થાન તથા ધનસ્થાન પર છે. જેથી સર્વિસમાં પ્રગતિ રહેશે. પગાર વધારો પ્રમોશન જેવા પ્રશ્નો ઉકલતાં લાગશે. નાની પનોતી ચાલુ છે. કાર્યબોજ રહેતો લાગશે. પંચમ ત્રિકોણમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. ખાતાંકીય પરીક્ષા કે ટ્રેનિંગ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. સહકર્મચારીથી સહકાર રહેશે. આળસવૃત્તિથી આર્થિક નુકશાન સાથે શારીરિક પ્રશ્નો ન સર્જાય તે જોજો. સર્વિસ કરતી મહિલાઓમાં કાર્યબોજ વધતો લાગશે. રાહુ બારમે છે. આર્થિક કે જવાબદારીવાળા કાર્યોમાં સાવચેતી કેળવવી ઈચ્છનીય બનશે. સર્વિસ અંગેનાં પ્રવાસમાં વિવાદો નિવારશો. ઉગ્રતા કે ઉતાવળથી પડવા-વાગવાનું ન બને તે જોજો. સામાજીક પ્રસંગોએ બિનજરૂરી ખર્ચ નિવારીને બચતની માત્રા વધારી શકશો. માંગલિક કે ધાર્મિક કાર્યો પાછળ ખર્ચ વધતો લાગશે. અહિં પછેડી તેવડો સોડ......., મુજબ ખર્ચ કરવો જરૂરી બનશે. આળસ ત્યજીને કર્મ કરશો તો તમારા કર્મનું પ્રેઝન્ટેશન સારી રીતે રજૂ કરી શકશો. અષ્ટમ શનિ ધીમી ગતિએ અટકતા લાભો અપાવવામાં સહાયક બનશે. બેઠાડું જીવનથી વધતા વજન અંગે સાવચેત રહેશો. સર્વિસ સાથે સાઈડ બિઝનેસ કરતા હો તો માલનો ભરાવો કે ઉઘરાણી અંગે સાવચેતી જરૂરી બનશે. સ્થળાંતર કે કાર્યફેર અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેતો લાગશે. ફરજનાં પ્રવાસમાં અગત્યનાં કાગળો તથા તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. શકય હોય તો નવી આર્થિક ભાગીદારી નિવારશો. મનની શાંતિ માટે યોગ, ધ્યાન, જીવનશૈલીમાં યોગ્ય ફેરફારથી રાહત અનુભવી શકશો. નવું વર્ષ વિકાસની સાથે સાવચેતીથી જીવનપંથ ઉપર ડગ માંડવાનું સૂચવે છે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. જેથી જ્ઞાનપ્રાપ્તિ માં ઉત્સાહ-ઉમંગ રહશ. અભ્યાસ અટકી ગયો હોય તો પુનઃપ્રારંભ કરી શકશો. રાહુ બારમે છે. બધું જ આવડે છે, તેવો વધુ પડતો આત્મવિશ્વાસ જ્ઞાનપ્રગતિનાં માર્ગમાં અડચણ ઉભી ન કરે તે જોજો. હરિફાઈ, વકતૃત્વ સ્પર્ધા વગેરેમાં સારો દેખાવ કરી શકશો. સહાધ્યાયીથી સહકાર મળી રહેશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. ખોટા-ઉજાગરા જંકફૂડ, કોલ્ડ્રીંકસ, ખોટી આદતો વગેરેથી ડાકટરની મુલાકાત શકય બનશે. અભ્યાસ સાથે પૂરક ધનપ્રાપ્તિનાં પ્રયત્ન અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. ભૌતિક સુખ-સગવડનાં સાધનો પાછળ ખર્ચ કરશો. બારમો રાહુ ચાલુ છે. જેથી ડિગ્રી કે ડિપ્લોમાનાં છેલ્લા વર્ષનાં છાત્રોએ વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. સમયનું શ્રમનું મહત્વ સમજશો તો નાની પનોતી સર્જતો શનિ સહાયક બનશે. આર્થિક જવાબદારી-જામીનગીરી જેવા કાર્યો શકય હોય ત્યાં સુધી નિવારશો. આકસ્મિક ખર્ચ ઉદ્દભવી શકે છે. અગાઉ કરેલી બચત અહિં ઉપયોગી બનશે. નાના-નાના સર્ટિફિકેટ કોર્ષ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેતો લાગશે. વ્યેય ભુવનમાં છાયાગ્રહ રહશે. નકારાત્મકતા સર્જતા વિચારો નિવારશો. સારા પુસ્તકોની ખરીદી કે પ્રાપ્તિથી જ્ઞાનભંડોળમાં વધારો કરી શકશો. પ્રવાસમાં અજાણથી જગ્યાએ ખોટા સાહસો નિવારશો. કરકસરથી નાણાંનો વપરાશ અને વ્યસનો ત્યજતાં આર્થિક સંતુલન જાળવી શકશો. અભ્યાસ સાથે પૂરક-પ્રવૃતિ કે સ્કોલરશિપ અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેતો લાગશે. પડકારરૂપ રસ્તે કશુંક બનવા, પામવા જે સપના સેવ્યા હશે તે સાકાર કરવાની ઈચ્છા માટે ધ્યેયને નિર્ણયપૂર્વક વળગી રહેશો તો નિચભંગ થતો ગુરૂ સહાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં જીવનસાથી ભાવમાં શુક્ર રહેલો છે. સપ્તમેશ ગુરૂનો નિચભંગ છે. જેથી જીવનસાથીથી આર્થિક લાભ, સહકાર પ્રાપ્ત થશે. રાહુ બારમે છે. વિવાદીકાર્યો નિવારશો. પિયરપક્ષનાં-ભાંડુનાં પ્રશ્નો ઉકલતા લાગશે. ગુરૂની દ્દષ્ટિ ધનભાવે હોતા વિશેષ ધનપ્રાપ્તિ શકય બનશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. પેટ કમરને લગતા રોગો અંગે તકેદારી ઈચ્છનીય બનશે. સર્વિસ કરતી મહિલાઓને કાર્યબોજ રહેતો લાગશે. અગત્યનાં કાર્યો તથા આર્થિક જવાબદારીવાળા કાર્યોમાં બારમો રાહુ સાવચેત રહેવાનું સૂચવે છે. સંતાનનાં શિક્ષણ કે માંગલિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ મધ્યમ રહેશે. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ઘણીવખત ખર્ચ દોડધામ રહેશે. વર્ષનાં મધ્યભાગમાં ધાર્મિક કાર્યો-યાત્રા વગેરે પાછળ ખર્ચ રહેતો લાગશે. લાભેશ સ્વસ્થાનને દ્દષ્ટિ કરે છે. જેથી મિત્રો-સહેલીથી લાભ સહકાર રહે. ગૃહ સજાવટ પાછળ ખર્ચ રહેશે. સંતાનની રહેણી-કરણી તથા અનિયમિતતાથી ચિંતિત રહેશો. સામાજિક કાર્યોમાં સફળતા મળતી લાગશે. છઠ્ઠો કેતુ ઘણીવખત બિનજરૂરી ચિંતાઓ કરાવતો લાગશે. ખરીદી કરવા કે બહારગામ જતાં હો તો જરૂરીયાત પૂરતા નાણાં અલગ-અલગ જગ્યાએ રાખશો. ભૌતિક સુખ-સગવડનાં સાધનો વસાવી શકશો. શોપિંગ કે પ્રવાસમાં જવાની તક ઉપલબ્ધ થતી લાગશે. વિલ વારસાકીય કાર્યો અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. જૂની બિમારીમાં રાહત રહેતી લાગશે. છતાં સમયાંતરે ડાંકટરની સલાહ ઈચ્છનીય બનશે. નવું વર્ષ વિકાસ સાથે આશાસ્પદ છે.

ઉપસંહાર :- વિક્રમસંવત ૨૦૭૮માં પાંચમે સૂર્ય,ચંદ્ર, મંગળ, બુધ, છઠ્ઠે કેતુ, સાતમે શક્ર, આઠમે ગુરૂ, શનિ, પ્લુટો, નવમે નેપ્ચ્યુન, અગિયારમે હર્ષલ તથા બારમે રાહુ રહેલો છે. વર્ષ દરમ્યાન નાની પનોતી ચાલુ રહે છે. પ્રગતિ સાથે મનોમંથન કરશો. હરિફોથી વિજય પ્રાપ્ત કરીને હર્ષ પામશો. આર્થિકક્ષેત્રે પ્રગતિ રહેશે. સંતાનથી લાભ સહકારની ઈચ્છા ફળતી લાગશે. મંદગ્રહ શનિ અનુભવોની ગલીમાંથી પસાર કરાવશે. વિવાદો નિવારીને મનની શાંતિ જાળવી શકશો. સામાજિક સંબંધોમાં જન્મોજન્મનું ઋણ ચૂકવશો. આકસ્મિક ખર્ચમાં બચત વપરાતી લાગશે. નાણાં તથા સમયની કિંમત સમજતા થશો. તંદુરસ્તી જાળવવા યોગ્યશ્રમ, આહાર, વગેરે બાબતે સજાગ બનશો. લાંબાગાળાનાં કાર્યો મંદ પરંતુ સ્થિર ગતિએ ઉકલતા લાગશે. વિકાસ માટે પ્રબળ ઈચ્છાશક્તિથી ભાગ્યોદયનાં દરવાજા ખોલવા પ્રયત્ન કરશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો ચંદ્ર તથા શનિ અહિં પ્રત્યુતર આપશે.



કર્ક (ડ.હ.) :- વિક્રમસંવત ૨૦૭૮માં ચોથે ચંદ્ર, મંગળ બુધ, નિચનો સૂર્ય, પાંચમે કેતુ, છઠ્ઠે શુક્ર, સાતમે પ્લુટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, આઠમે નેપ્ચ્યુન, દસમે હર્ષલ તથા અગિયારમે રાહુ રહેલ છે. વર્ષ દરમ્યાન નાની કે મોટી પનોતી નથી.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપનો રાશિપતિ ચંદ્ર ચોથે રહેલો છે. રોગશત્રુ સ્થાનમાં શુક્ર રહેલો છે. જેથી તંદુરસ્તી એકંદરે સારી રહેશે. વર્ષનાં પૂર્વાર્ધમાં શનિની દૃષ્ટિ રાશિ ઉપર રહેતા ઘણીવખત બિનજરૂરી મનોભાર રહેતો લાગશે. વર્ષપ્રારંભથી તા.૦૪-૧૨ સુધી પડવા-વાગવા કે અગ્નિ-ઈલેક્ટ્રીકથી તકેદારી કેળવવી ઈચ્છનીય બનશે. જીવનસાથીથી વિવાદ નિવારશો. જીવનસાથીની પ્રગતિ થતાં હર્ષ અનુભવશો. ભોજનમાં ગળ્યા પદાર્થોનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું ઈચ્છનીય બનશે. જાન્યુઆરી, ફેબ્રુઆરી દરમ્યાન વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ દોડધામ રહે. યાત્રા-પ્રવાસમાં અજાણ્યા તથા વાસી ખાદ્યપદાર્થોથી તકેદારી કેળવશો. મંદગ્રહ શનિ સાતમે છે. કાર્યમાં સમયનું આયોજન મનોભારમાંથી મુક્ત રાખી શકશે. છાયાગ્રહ લાભસ્થાનમાં છે. કર્મનાં ક્ષેત્રે અટકતાં કાર્યો ઉકલતા હર્ષ પામશો. વ્યસનો ત્યજતાં સારી બચત કરી શકશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં સંતાનની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ચિંતિત બની શકો. મે-જૂન દરમ્યાન સપ્તમેશ આઠમે રહેશે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ મધ્યમ રહેતા નિરાશા અનુભવશો. વર્ષનાં પૂર્વાર્ધમાં વધતાં વજન અંગે સાવચેતી કેળવશો. નાની નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. માતૃપક્ષનાં સગાની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ દોડધામ શક્ય બનશે. રોજિંદા કર્મ સિવાય મનગમતા રચનાત્મક કાર્યોમાં સમય ફાળવશો તો કેન્દ્રનો ગુરૂ તથા લાભસ્થાનનો રાહુ સહાયક બનતો લાગશે. બિનજરૂરી ઉજાગરા કે વ્યર્થ દોડધામ ન કરતાં સમયનું મૂલ્ય સમજીને તેને બચાવવા કોશિશ કરશો. તો નવા વર્ષમાં ડોક્ટરની મુલાકાત ઘટી શકશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં કોઈ ગ્રહ નથી. ધનેશ ચંદ્ર ચોથે રહેલો છે. ધનસ્થાન ઉપર ગુરૂની દૃષ્ટિ છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતા, લાભો, ઉઘરાણી કે શ્રમનું વિશેષફળ મળતું લાગશે. મિલકત, વતન કે માતૃપક્ષથી લાભ મળતો લાગશે. સંતાનનાં નામથી આર્થિક રોકાણો સમજપૂર્વક કરશો. રાહુ લાભસ્થાનમાં છે. કર્મનાં ક્ષેત્રે પ્રગતિ થતાં હર્ષ પામશો. મે-જૂન દરમ્યાન સસ્તી વસ્તુની લાલચમાં બિનજરૂરી ખરીદી ન થાય તે જોજો. સંતાનનાં શિક્ષણ અંગેનો ખર્ચ વધતાં ચિંતિત રહેશો. સંતાનો તેમના પોકેટમનીમાં વધારો કરવાનું કહેશે. જૂની વસ્તુનાં નિકાલથી મળતી રકમ, નવી સસ્તુ ખરીદવામાં સામાન્ય સહાયક બનતી લાગશે. એપ્રિલ-મે દરમ્યાન વસ્તુઓમાં ભાંગફોડ કે નુકશાનીથી ચિંતિત બનશો. પારિવારિક આવકવૃત્તિ અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેતો લાગશે. બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ નિવારશો. આર્થિક જામીનગીરી જેવા કાર્યો સમજપૂર્વક કરશો. અગાઉ સ્વીકારેલી આર્થિક જવાબદારી અંગે મૂલ્યાંકન કરતા રહેશો. સામાજીકપ્રસંગોએ દેખાડો કરવાની વૃત્તિથી કર્જદાર બની શકો! મે થી જુલાઈ દરમ્યાન સગા-સંબંધીનાં આર્થિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. કર્મનાં ક્ષેત્રે ધન મેળવવા વિશેષ શ્રમ કરશો. અહિં ધનપ્રાપ્તિની દોટમાં શારિરીક તંદુરસ્તી ન બગડે તે જોજો. શિક્ષણ-સ્વાસ્થ્ય પાછળ વિશેષ ખર્ચ રહેશે. વર્ષનાં મધ્યભાગમાં આવકની ગણતરીમાં ઘટાડો સંભવી શકે છે. સામાજીક કે માંગલિક પ્રસંગોમાં દેખાડો કરવાની વૃતિ નિવારશો. પ્રવાસમાં કે ખરીદીએ જતાં નાણાં અલગ-અલગ જગ્યાએ રાખશો. અટકતા નાણાં પ્રાપ્ત થતાં હર્ષ પામશો. વર્ષનો ઉતરાર્ધ વારસાકીય લાભો માટે અનુકૂળ રહેતો લાગશે.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં હર્ષલ રહેલો છે. કર્મેશ મંગળ કર્મસ્થાનને દૃષ્ટિ કરે છે. જેથી કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. ભાગ્યેશ ગુરૂનો વર્ષનાં પૂર્વાર્ધમાં નિચભંગ થાય છે. જેથી વર્ષનાં પૂર્વાર્ધમાં ધંધા વ્યવસાયમાં પ્રગતિ રહેશે. અટકતાં નાણાં પ્રાપ્ત થતાં લાગશે. કર્મચારીઓનાં પ્રશ્નો હળવા બનશે. નવી લોન પ્રાપ્ત કરી શકશો. શનિ છઠ્ઠે છે. હરિફોથી વિજય પ્રાપ્ત થતો લાગશે. સપ્તમેશ છઠ્ઠે છે. સામાજિક કાર્યોમાં દોડધામથી થાકની ફરિયાદ કરશો. જીવનસાથીનાં નામથી ધંધો વ્યવસાય હશે તો વર્ષનાં પૂર્વાર્ધમાં પ્રગતિ થતી લાગશે. વધુ નફાની લાલચમાં બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ મનોભાર સર્જી શકે છે. સંતાનનાં નામથી ધંધો હશે તો મધ્યમ વિકાસ થતો લાગશે. મે થી જુલાઈ દરમ્યાન આર્થિક વહીવટમાં સાવચેતી કેળવવી જરૂરી બનશે. આર્થિક જામીનગીરી શક્ય હોય તો નિવારશો. સંયુક્ત પારિવારિક ધંધામાં વિકાસની ગતિ મંદ રહેતી લાગશે. ધંધા વ્યવસાયની જગ્યાનાં પ્રશ્નો અંગે ચિંતિત રહેશે. જૂની ભાગીદારીનાં પ્રશ્નો મે થી જુલાઈ દરમ્યાન ઉકલતા લાગશે. કર્મનાં ક્ષેત્રેનાં પ્રવાસમાં તંદુરસ્તીની તકેદારી ઈચ્છનીય બનશે. નવી પ્રોડક્ટ્સ, નવી યોજનાઓમાં પ્રગતિ થતી લાગશે. મે થી જુલાઈ દરમ્યાન નાની પનોતી મનોભાર સર્જી શકે છે. ધંધાનાં વિકાસ અર્થે ગ્રાહકસેવા, માર્કેટિંગ જરૂરી બનશે. વધતાં વહીવટીખર્ચ માં કરકસરથી મનોભાર હળવો કરી શકશો. દેશાવરનાં કાર્યોમાં સારૂં રહેશે. સામાજિક કે માંગલિક કાર્યોમાં વધુ પડતા ખર્ચથી ધંધાની મૂડી ન ઘટે તે જોજો. ગ્રાહકોની સેવા, સમયપાલન, ગુણવત્તા વગેરેનું ધ્યાન આપવું જરૂરી બનશે. જાગૃત બનીને કર્મ કરશો તો પરિશ્રમનું મીઠું ફળ ચાખી શકશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવાસ્થાનમાં સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ તથા પ્લુટો રહેલ છે. જેથી સર્વિસમાં પ્રગતિ રહેશે. કાર્યની કદર થતા હર્ષ પામશો. સહકર્મચારીથી સહકાર રહેશે. નવી તક મળતા કર્મનું ફળ પ્રાપ્ત થતું લાગશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. બેઠાડું જીવનથી વજન વધતાં ચિંતિત બનશો. સ્થળાંતર કે કાર્યફેર અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેશે. સંતાનનાં નામથી ધંધો હશે તો વર્ષનાં પૂર્વાર્ધમાં નવું રોકાણ નિવારશો. સંતાનની પરિવારની આર્થિક માંગ વધતી લાગશે. બિનજરૂરી ખર્ચ, ખરીદી નિવારીને લોન લેવામાંથી મુક્ત રહી શકશો. આળસ ત્યજીને શ્રમ કરશો તો તમારા કર્મનું પ્રેઝનટેશન સારી રીતે રજુ કરી શકશો. જે પ્રગતિનાં દ્વાર ખોલવામાં સહાયક બનશે. મે થી જુલાઈ દરમ્યાન ગુરૂ ધનસ્થાને દૃષ્ટિ કરતાં આર્થિકક્ષેત્રે હળવાશ રહેશે. પ્રોજેક્ટ, રિપોર્ટ, ખાતાંકીય પરીક્ષા વગેરે અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેતો લાગશે. આયોજન શક્તિ મેનેજમેન્ટ વગેરેમાં વિકાસ કરી શકશો. જાન્યુઆરી, ફેબ્રુઆરી દરમ્યાન નાણાંકીય લેતી-દેતીમાં વ્યવહારમાં સાવચેતી કેળવશો. હપ્તે મળતી વસ્તુ ખૂબ જ જરૂરિયાત હોય તો જ ખરીદશો. મિત્રોથી સહકાર મધ્યમ રહેશે. સર્વિસ સાથે સાઈડ બિઝનેસ કે પૂરક પ્રવૃત્તિ કરતા હો તો આર્થિક બાબતો ઉઘરાણી કે જામીનગીરી જેવા કાર્યો સાવધાનીથી કરવા ઈચ્છનીય બનશે. સામાજીક કે પારિવારિક પ્રશ્નોથી રજાનું પ્રમાણ વધી ન જાય તે જોજો. લાભસ્થાનનો રાહુ નાના મોટા લાભો આપવામાં સહાયક બનશે. ધનનો કારક ગુરૂ ડિસેમ્બરથી માર્ચ આઠમે રહેતા ઘણીવખત નાણાંની આવક અંગેની ગણતરી ખોટી પડતી લાગશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં છાયાગ્રહ કેતુ રહેલો છે. જેથી વિદ્યાઅભ્યાસમાં વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. શનિ કેન્દ્રમાં છે. ઘણીવખત આળસવૃત્તિ રહેતી લાગશે. વર્ષપ્રારંભથી જ વાંચન, મનન, ચિંતન કરશો તો પરીક્ષા સમયે હળવાશ અનુભવી શકશો. અભ્યાસ અટકી ગયો હોય તો વર્ષનાં મધ્યભાગ બાદ અનુકૂળતા રહેતી લાગશે. ડિગ્રી કોર્સનાં છેલ્લા વર્ષનાં છાત્રોએ અભ્યાસ ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી બનશે. ભૌતિક સુખોની તમન્ના વિશેષ ઉદ્‌ભવતી લાગશે. અહિં જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો અંગે ખર્ચ કરશો તો વધુ લાભદાયી રહેશે. પૂરક પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિનાં પ્રયત્નો અંગે તા.૨૯-૦૪ થી તા.૨૨-૦૭ દરમ્યાન અનુકૂળતા રહેતી લાગશે. અધ્યાપકગણ પાસેથી મૂંજવતા પ્રશ્નોનું માર્ગદર્શન પ્રાપ્ત થતું લાગશે. નાના-નાના સર્ટિફિકેટ કોર્સ અંગે વર્ષનો પૂર્વાર્ધ અનુકૂળ રહેશે. ખાન-પાનમાં પરેજી કેળવવી. બિનજરૂરી ઉજાગરા, જંકફૂડ, સમયનો વ્યેય વગેરે પરીક્ષા સમયે નિરાશ ન કરાવે તે જોજો. છાયાગ્રહ લાભસ્થાનમાં છે. સ્કોલરશિપ કે અન્ય આર્થિકલાભો પ્રાપ્ત થતાં લાગશે. ત્રિકોણમાં રહેતો છાયાગ્રહ વિજાતીય સંબંધોથી સાવચેતી કેળવવીનું સૂચવે છે. મંગળ ચોથે છે. ઉતાવળ-ઉશ્કેરાટથી મનોભાર સર્જાય શકે છે. ઝડપી વાહનો નિવારશો. પ્રવાસમાં કે અન્ય અજાણી જગ્યાએ પડવા-વાગવા અંગે સાવચેતી કેળવવી ઈચ્છનીય ગણાશે. રાહુ અગિયારમે છે. પ્રાજેક્ટ વર્ક, સ્પર્ધાત્મક કાર્યો વિગેરે માં સારો દેખાવ કરી શકશો. ગુરૂ કેન્દ્રમાં છે. આધ્યાત્મિકતા, ગૂઢ કાર્યો વગેરેમાં રસ રહેતો લાગશે. વતનથી દૂર અભ્યાસ કરવા જવા વિચારતા હો તો જે-તે સ્થળની પૂર્ણ માહિતી જરૂરી બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથી ભાવમાં સપ્તમેશમાં શનિ સ્વગૃહી છે. ગુરૂનો નિચભંગ છે. જેથી ગૃહસ્થ જીવનમાં સારૂં રહેશે. જીવનસાથીથી લાભ સહકાર રહેશે. વર્ષનાં મધ્યભાગમાં જીવનસાથીથી વિવાદ નિવારવો. એપ્રિલ-મે દરમ્યાન પડવા-વાગવા અંગે કે અગ્નિ ઈલેકટ્રિકથી તકેદારી જરૂરી બનશે. કાર્યબોજથી ઘણીવખત થાકની ફરિયાદ કરશો. ખાન-પાનમાં યોગ્ય પરેજી કેળવશો. વધતાં વજનથી તકેદારી ઈચ્છનીય બનશે. રાહુ લાભસ્થાને છે. સહેલીથી સારૂં રહેશે. રચનાત્મક કાર્યોમાં નવું શિખવામાં રસ કેળવી શકશો. મે થી જુલાઇ દરમ્યાન રહેઠાણનાં પ્રશ્નો ઉકલતા લાગશે. સંતાનનાં શિક્ષણ પાછળ ખર્ચ વધતો લાગશે. ગુરૂની ત્રીજે દ્રષ્ટિ રહેતા કાર્યશક્તિનો વિકાસ કરી શકશો. સ્વકર્મે ધનઉપાજન કરતી મહિલાઓને કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતાં લાભો, પ્રમોશન વગેરે જેવા પ્રશ્નો ઉકલતા લાગશે. સંતાનનાં કે રહેણી-કરણીઅંગે વર્ષનાં મધ્યભાગમાં ચિંતિત રહેશો. રાહુ અગિયારમે છે. ભૌતિક સુખોની તમન્ના વધતી લાગશે. તંદુરસ્તીનાં નાના-નાના પ્રશ્નોમાં જાતે દવા લેવાનું નિવારશો. મે થી જુલાઈ દરમ્યાન નવા આર્થિક રોકાણો સમજપૂર્વક કરશો. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ દોડધામ રહેશે. ભાંડુનાં પ્રશ્નો કે પિયરપક્ષનાં પ્રશ્નો અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેતો લાગશે. ગૃહઉપયોગી આધુનિક વસ્તુ વસાવવાની ઈચ્છા પૂર્ણ થતી લાગશે. અહિં કર્જ લઈને હપ્તે મળતી વસ્તુ સમજપૂર્વક વસાવશો. ગુરૂ કેન્દ્રમાં છે. ધર્મકાર્ય, યાત્રા વગેરેની ઈચ્છા ફળતી લાગશે. સ્વકર્મે ધનઉપાર્જન કરતી મહિલાઓને કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. નવું વર્ષ વિકાસ સાથે આશાસ્પદ છે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં ચોથે સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ તથા અગિયારમે રાહુ રહેલો છે. આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. હરિફોથી વિજય પ્રાપ્ત થાય. ધર્મ, આધ્યાત્મિકતા માં પ્રગતિ કરીને મનને શાંતિ મેળવવા પ્રયાસ કરશો. આર્થિક વિકાસ માટે કર્મ કરશો. વર્ષનાં મધ્યભાગમાં પનોતી સર્જતો શનિ અનુભવોની ગલીમાંથી પસાર કરાવશે. તંદુરસ્તી જાળવવી યોગ્ય શ્રમ, પૌષ્ટિક આહાર, આરામ પ્રત્યે જાગૃત બનશો. ભૌતિક સુખ પાછળ ધન—સમયનો વ્યય કરશો. ભાગ્યોદયની ક્ષિતિજે પહોંચવા ઝડપી કદમ ઉપાડશો. મંજિલ કેટલી દૂર હશે? જન્મકુંડળીનો સૂર્ય ગુરૂ અહિં વિશેષ પ્રત્યુતર આપશે.



સિંહ (મ.ટ.) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં પ્રારંભ સમયે આપની રાશિકુંડળીમાં સિંહ લગ્ન ઉદિત છે. ત્રીજે સૂર્ય, ચંદ્ર મંગળ, બુધ, ચોથે કેતુ, પાંચમે શુક્ર, છઠ્ઠે ગુરૂ, શનિ પ્લુટો, સાતમે નેપ્ચ્યુન, નવમે હર્ષલ તથા દસમે રાહુ રહેલ છે. વર્ષ દરમ્યાન નાની કે મોટી પનોતી નથી.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગ શત્રુ સ્થાનમાં સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ તથા પ્લુટો રહેલ છે. જેથી તંદુરસ્તી એકંદરે સારી રહેશે. અટકતાં કાર્યો ઉકલતાં લાગશે. હરિફોથી હળવાશ રહેશે. કર્મનાં ક્ષેત્રે વિશેષ શ્રમથી થાકની ફરિયાદ કરશો. જૂની બિમારી અંગે સમયાંતરે ડૉકટરની સલાહ ઈચ્છનીય બનશે. સામાજિક જાહેર કાર્યોમાં ઉગ્રતા નિવારશો. યાત્રા પ્રવાસમાં નાણાંની, તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. જૂના વ્યસનો છોડતા બચત સાથે સારૂં સ્વાસ્થ્ય પ્રાપ્ત થતું લાગશે. તા. ૧૭-૦૫ થી તા. ૨૨-૦૬ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ-ઈલેકટ્રીકથી તકેદારી કેળવશો. મન સ્થાનમાં કેતુ હોતા ઘણીવખત બિનજરૂરી મનોભાર રહેતો લાગશે. યાત્રા-પ્રવાસમાં જરૂરી દવા પ્રિસ્ક્રીપ્શન ભૂલ્યા વગર સાથે રાખવી જરૂરી બનશે. સમયનાં આયોજનથી મનોભારમાંથી મુકત રહી શકશો. વર્ષનાં પૂર્વાર્ધમાં જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ચિંતિત રહી શકો. પ્રવાસમાં અજાણ્યા ખાધપદાર્થ લેવાનું નિવારશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં સામાજિક પ્રવૃત્તિમાં જશપ્રાપ્તિ મધ્યમ રહેશે. સંતાનાના ખાવા-પિવા અંગે તથા રહેણી-કરણી અંગે ચિંતિત રહેશો. છાયાગ્રહ કર્મભુવનમાં છે. કર્મનાં ક્ષેત્રે પ્રગતિ થતાં હર્ષ પામશો. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ વધતો લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને આર્થિક સંતુલન જાળવી શકશો. નાના-નાના ચહલ-પહલ જેવા કાર્યો જાતે કરવાનું જરૂરી બનશે. નવું વર્ષ ઉત્સાહપ્રેરક બની રહેશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસ્થાનમાં કોઈ ગ્રહ નથી. ધનેશ બુધ ત્રીજે રહેલો છે. કારક ગુરૂની દ્રષ્ટિ ધનભાવ ઉપર છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. કર્મનો રાહુ ધનલાભ કરાવતા હર્ષ પામશો. ઉઘરાણી અટકતા નાણાં પ્રાપ્ત થતાં લાગશે. તા.૨૯-૦૪ થી પંચમેશ કેન્દ્રમાં રહેશે. સંતાનથી આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. ચોથે કેતુ છે. વાહન અંગે ખર્ચ કે ખરીદી સમજપૂર્વક કરશો. સામાજિક કે માંગલિક કાર્યોમાં દેખાડો કરવાથી કર્જદાર બની શકો! સપ્તમેશ છઠ્ઠે છે. જૂની આર્થિક ભાગીદારીમાં ઉદારતાવૃતિ કેળવીને પ્રશ્નો હલ કરવા પડશે. ભૌતિક સુખની ઈચ્છા પ્રબળ બનતી લાગશે. લોન પ્રાપ્ત થતી લાગશે. અહિં પરત ચૂકવણીની ક્ષમતા મુજબ કર્જ લેશો. કેતુ આભાસી ગ્રહ છે. મનસ્થાનમાં છે. ઘણીવખત મનોભાર રહેતો લાગશે. વિલ વારસા કે આર્થિક વિવાદી કાર્યો અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેશે. આર્થિક જવાબદારીનાં કાર્યોમાં વધુ પડતો વિશ્વાસ નિરાશા સાથે ચિંતામાં મૂકી શકે. શિક્ષણનો ખર્ચ વધતો લાગશે. તા.૨૨-૦૬ થી તા. ૧૦-૦૮ દરમ્યાન નવી તક, નવા લાભો પ્રાપ્ત થતાં હર્ષ પામશો. જૂની લોન ભરપાઈ કરવા અંગે અનુકૂળતા રહેતી લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં ગુરૂ વક્રી બનશે. વધુ વળતર કે વ્યાજની લાલચે નાણાંનું રોકાણ ન થાય તે જોજો. વ્યય સ્થાન ઉપર ગુરૂની દ્રષ્ટિ હોતા ધર્મકાર્યો પાછળ ખર્ચ રહેશે. આભાસી ગ્રહ દસમે છે. બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ નિવારશો. આયોજનપૂર્વક વહીવટી ખર્ચ ઘટાડવો જરૂરી બનશે. નવી આશા સાથે લક્ષ્યસ્થાને પહોંચવા ડગ માંડશો કેટલું ચાલશો? જન્મકુંડળીનો કર્મેશ ભાગ્યેશ અહિં પ્રત્યુતર આપશે.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં કર્મભુવનમાં રાહુ રહેલો છે. કર્મેશ શુક્ર પાંચમે છે. સંતાનનાં નામથી ધંધો, વ્યવસાય હશે તો વિશેષ પ્રગતિ થતી લાગશે. જાન્યુઆરી, ફેબ્રુઆરી દરમ્યાન કર્મનાં ક્ષેત્રનાં પ્રશ્નો અંગે અધિકારી વર્ગથી વિવાદ નિવારશો. કર્મનાં ક્ષેત્રે કાર્યબોજથી ઘણીવાર મનોભાર રહેતો લાગશે. જૂની ભાગીદારીનાં પ્રશ્નોમાં ઉગ્રતા નિવારશો. અહિં મંદગતિએ પ્રશ્નો ઉકલતા લાગશે. કર્મનાં ક્ષેત્રે પ્રવાસમાં અખાદ્ય પદાર્થોથી બિમાર ન પડો તે જોજો. જૂની બિમારીમાં સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. સંયુકત ધંધામાં નિયમ બનાવવો અને પાળવો જરૂરી બનશે. કર્મનાં ક્ષેત્રે આયોજનપૂર્વક વહીવટી ખર્ચ ઘટાડવો જરૂરી બનશે. કર્મચારીઓની માંગ પૂરી કરવા કોશિશ કરશો. જીવનસાથીનાં નામથી ધંધો વ્યવસાય હશે તો મંદગતિએ પ્રશ્નો ઉકલતા લાગશે. નવા પ્રોજેકટો કે નવી યોજનાઓ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. વધુ નફાની લાલચે બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ મનોભાર સર્જી શકે છે. સંતાનનાં નામથી ધંધો હશે તો મધ્યમ સારો વિકાસ રહેશે. લીધેલી લોનનાં હપ્તા વધારવાનાં પ્રયત્ન કરશો. ધંધો-વ્યવસાયનાં ઉપકરણો વસાવી શકશો. જગ્યામાં ફેરફાર-રિનોવેશન વગેરે અંગે ખર્ચ વધતો લાગશે. સામાજિક કાર્યમાં સમય ફાળવતા ધંધા-વ્યવસાયમાં કાર્યબોજ વધી શકે. જૂના માલનું વેચાણ થતા હર્ષ પામશો. પારિવારિક સંયુકત ધંધો હશે તો વર્ષનાં પૂર્વાર્ધમાં વિશેષ પ્રગતિ થતી લાગશે. આળસવૃત્તિ નિવારીને સમય શ્રમનું આયોજન કરશો તો આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. ગુરૂની દ્રષ્ટિ કર્મભુવન ઉપર છે. જેથી કર્મનાં ક્ષેત્રે પ્રશ્નો હળવા બનતાં લાગશે.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવાસ્થાનમાં સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ રહેલો છે. જેથી સર્વિસમાં પ્રગતિ રહેશે. એકાગ્રતા, સમય પાલનથી કાર્યો કરશો તો કર્મનું ફળ સ્થિરગતિએ વધતું લાગશે. ચોથે કેતુ છે. જેથી મનોભાર ઉદ્ભવી શકશે. વર્ષપ્રારંભે પારિવારિક પ્રશ્નો હળવા બનતાં લાગશે. વર્ષનાં મધ્યભાગમાં ગુરૂની દ્રષ્ટિ લાભસ્થાન ઉપર રહેતા પગાર વધારો, અટકતાં આર્થિકલાભો વગેરે પ્રાપ્ત થતાં લાગશે. સર્વિસ સાથે સાઇડ બિઝનેસ કરતા હો તો વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેતો લાગશે. સ્થળાંતર કે કાર્યફેરનાં પ્રશ્નો ઉકલતા લાગશે. ફરજનાં પ્રવાસ દરમ્યાન તંદુરસ્તીની તકેદારી કેળવવી ઈચ્છનીય બનશે. કેતુ ચોથે છે. ઘણીવખત ગૂઢપ્રશ્નોથી ચિંતિત રહેશો. ઉતાવળ-ઉશ્કેરાટથી પડવા-વાગવાનું ન બને તે જોજો. સર્વિસ કરતી મહિલાઓને કાર્યબોજ વધતો લાગશે. જેથી સમયનું આયોજન જરૂરી બનશે. જૂની ખાતાકીય તપાસ કે અધિકારીવર્ગથી બગડેલા સંબંધો અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. આર્થિક જવાબદારીવાળા કાર્યો કે અન્ય અગત્યનાં કાર્યો અંગે બીજા ઉપર વધુ

પડતો વિશ્વાસ ચિંતા ન કરાવે તે જોજો. નવા કરારો લાભદાયી બનતા લાગશે. લખાણો અંગે સાવચેતી કેળવશો. લોન પ્રાપ્તિ થતી લાગશે. લોન ખૂબ જ જરૂરીયાત હોય તો જ લેવી હિતાવહ રહેશે. બિનજરૂરી ખર્ચ નિવારીને બચત કરતાં આર્થિક સંતુલન જળવાતું લાગશે. કર્મના ક્ષેત્રે રાહુ હોતા પ્રગતિ રહેશે. ધર્મકાર્ય, યાત્રા વિગેરે પાછળ વર્ષનાં ઉત્તરાર્ધમાં વિશેષ ખર્ચ રહેશે. આળસ ત્યજીને કર્મ કરશો તો ધનભાવને દ્દષ્ટિ કરતો ગુરૂ આર્થિક વિકાસમાં સહાયક બનતો લાગશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાસ્થાનમાં શુક્ર રહેલો છે. પંચમેશ ગુરૂ છઠ્ઠે નિચભંગ બનીને રહેલો છે. જેથી જ્ઞાનપ્રાપ્તિમાં સારૂં રહેશે. ગુરૂની બીજે દ્દષ્ટિ સફળતા અપાવવામાં સહાયક બનશે. પારિવારિક પ્રશ્નોની ચિંતા ઘટતી લાગશે. શિક્ષણ અંગેનો ખર્ચ વર્ષનાં મધ્યભાગમાં વધતો લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારશો. અભ્યાસ સાથે પૂરક પ્રવૃત્તિ કે સ્કોલરશિપ વગેરેથી ધનપ્રાપ્તિ અંગે તા. ૨૯-૦૪ સુધી તથા જુલાઈ બાદ અનુકૂળતા રહેતી લાગશે. અભ્યાસ અંગેનાં પ્રોજેકટ જેવાં કાર્યોમાં સમયનું આયોજન કરીને શ્રમ કરશો તો સફળતા મળતી લાગશે. ડિગ્રી કોર્સનાં છેલ્લા વર્ષનાં છાત્રોએ અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. નાના-નાના સર્ટિફિકેટ કોર્સ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. નવું જાણવાની તમન્ના વિશેષ જાગૃત થશે. પ્રવાસ-પર્યટનમાં અજાણ્યા સ્થળે ખોટા સાહસો નિવારશો. કર્મેશ પાંચમે છે. અભ્યાસ સાથે પૂરક પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિના પ્રયત્નો વર્ષનાં મધ્યભાગમાં ફળતા લાગશે. રમત-ગમત સ્પર્ધા વગેરેમાં સારો દેખાવ કરી શકો. એપ્રિલ-જુલાઈ દરમ્યાન પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. વિજાતીય સંબંધોથી સમજપૂર્વક વ્યવહાર કરશો. સહાધ્યાયી કે અધ્યાપકગણથી વિવાદ નિવારશો. વતનથી દૂર અભ્યાસ કરવા જવા ઈચ્છતા હો તો જે-તે સ્થળની પૂર્ણ માહિતી જરૂરી બનશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. ખાણી-પીણીમાં શર્ત જેવા કાર્યો નિવારશો. વર્ષનાં પૂર્વાધમાં ધર્મવૃત્તિ રહેશે. મનસ્થાનમાં કેતુ છે. નકારાત્મકતા સર્જતા વિચારો નિવારશો. સારા પુસ્તકોની ખરીદી કે પ્રાપ્તિથી જ્ઞાનભંડારોમાં વધારો કરી શકશો. જગતમાં વહેતી જ્ઞાન જળની સરિતામાં થી વધુને વધુ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્નશિલ બનશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો પંચમેશ અહિં પ્રત્યુતર આપશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સપ્તમભુવનમાં નેપ્ચ્યુન રહેલો છે. સપ્તમેશ શનિ છઠ્ઠે છે. જેથી જીવનસાથીથી મધ્યમ સારૂં રહેશે. જીવનસાથીથી વિવાદ નિવારશો. પારિવારિક પ્રશ્નો હળવા થતાં લાગશે. ગુરૂની દ્દષ્ટિ પરિવાર ભાવ ઉપર હોતા વર્ષનાં પૂર્વાધમાં વિવાદી કાર્યો નિવારશો. સંતાનનાં શિક્ષણ કે માંગલિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. મે-જૂન દરમ્યાન ગૃહસજાવટ પાછળ ખર્ચ થશે. પૂરક જ્ઞાનપ્રાપ્તિના પ્રયત્નો વર્ષનાં મધ્યભાગમાં ફળતા લાગશે. વર્ષનાં મધ્યભાગમાં કાર્યબોજથી ચિંતિત રહેશો. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ઘણીવાર ચિંતિત રહેશો. યાત્રા-પ્રવાસમાં અગત્યનાં કાગળો તથા નાણાં સંભાળપૂર્વક રાખશો. નાના-નાના પ્રવાસનો આનંદ મેળવી શકશો. રાહુ દસમે છે. પૂરકપ્રવૃત્તિથી ધન પ્રાપ્ત કરતી મહિલાઓ માટે નવી તક, નવા કાર્યો, પ્રાપ્ત થતાં લાગશે. પરદેશ કે પરદેશની વ્યકિતથી લાભ, સહકાર રહેશે. સામાજિક કાર્યોમાં વર્ષનાં પૂર્વાધમાં સફળતા મળતી લાગશે. ભૌતિક સુખ-સગવડનાં સાધનો વસાવી શકશો. ખાદ્ય પદાર્થની ખરીદીમાં એકસપાયરી ડેટ, ભાવ, વજન, વગેરે ચેક કરવા અંગે ધ્યાન આપશો. પિયરપક્ષનાં પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતાં લાગશે. તા.૨૨-૦૬ થી ભાઈ-બહેનોનાં પ્રશ્નો હળવા થતાં હર્ષ અનુભવશો. શરીરનું વજન ઘટાડવાનાં પ્રયત્નો મહદ્અંશે ફળતા લાગશે. લાગણીનાં સંબંધોમાં નિરાશા ઉદ્ભવી શકે! મનની શાંતિ માટે યોગ, ધ્યાન જીવનશૈલીમાં યોગ્ય ફેરફારથી રાહત અનુભવી શકે! વર્ષનાં મધ્યભાગમાં કાર્યશકિતનો વિકાસ કરી શકશો. ગૃહસજાવટની ઈચ્છા વર્ષનાં ઉત્તરાર્ધમાં ફળતી લાગશે. નવું વર્ષ વિકાસની સાથે સાવચેતીથી જીવનપંથમાં કદમ માંડવાનું સૂચવે છે.

ઉપસંહાર :- વિક્રમસંવત ૨૦૭૮માં છઠ્ઠે નિચભંગ થતો ગુરૂ, સ્વગૃહી શનિ, તથા દસમે રાહુ રહેલ છે. શ્રમ કર્મનું ફળ ધનરૂપે પ્રાપ્ત થશે. હરિફોથી વિજય રહેશે. ભાગ્યોદયની નાની-નાની તકો પ્રાપ્ત થતી લાગશે. ખર્ચયોગ વધશે. તંદુરસ્તી જાળવવા યોગ્ય શ્રમ, આહાર વગેરે બાબતે સજાગ બનશો. લાંબાગાળાનાં કાર્યો મંદ પરંતુ સ્થિરગતિએ ઉકલતા લાગશે. નાણાંકીય ક્ષેત્રે સાવચેતી કેળવશો. વિવાદો નિવારીને મનની શાંતિ જાળવી શકશો. આકસ્મિક ખર્ચમાં બચત વપરાતી લાગશે. કાર્યશકિત વિકસાવીને આયોજન વગેરેમાં સફળતા મેળવતા થશો. કર્મનાં ક્ષેત્રે અનુભવોનું ભાથું બાંધીને ક્ષિતિજે દેખાતી ભાગ્યોદયની મંજીલે પહોંચવા કદમ માંડશો. કદમ લાંબા હશે કે ટૂંકા ? જન્મકુંડળીનો ભાગ્યેશ-કર્મેશ તથા ધનેશ વિશેષ પ્રત્યુતર આપશે.



કન્યા (પ.ઠ.ણ.) :- વિક્રમ સંવત ૨૦૭૮ નાં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં બીજે ચંદ્ર, મંગળ, બુધ, નિચનો સૂર્ય, ત્રીજે કેતુ, ચોથે શુક્ર, પાંચમે સ્વગૃહી શનિ નિચભંગ થતો ગુરૂ તથા પ્લુટો છઠ્ઠે નેપ્ચ્યુન આઠમે હર્ષલ, નવમે રાહુ રહેલ છે. વર્ષ દરમ્યાન પનોતી નથી.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં નેપ્ચ્યુન રહેલ છે. ષષ્ઠેશ શનિ, પાંચમે સ્વગૃહી છે. જેથી તંદુરસ્તી એકંદરે સારી રહેશે. જૂની બિમારીમાં રાહત રહેતી લાગશે. ભૌતિક સુખોની તમન્ના વધતી લાગશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. રોગશત્રુ સ્થાનનો સ્વામિ શનિ પાંચમે છે. સંતાનની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ, ચિંતા ઉદ્ભવી શકે. જાન્યુઆરી, ફેબ્રુઆરી દરમ્યાન ગરમીજન્ય દર્દો કે પડવા-વાગવા અંગે તકેદારી કેળવવી ઈચ્છનીય બનશે. વર્ષનાં પૂર્વાધમાં જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ-ચિંતા ઉદ્ભવતી લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં સામાજિક, ધાર્મિક પ્રશ્નોથી દોડધામ કરતા થાકની ફરિયાદ કરશો. જૂના-વ્યસનો ત્યજતાં ધનની થતી બચતથી હર્ષ પામશો. બેઠાડુ જીવનથી વજન વધતું લાગશે. નાના-નાના ચહલ-પહલ જેવા કાર્યો જાતે કરવાનું જરૂરી બનશે. જાન્યુઆરી થી માર્ચ પેટને લગતા રોગો અંગે તકેદારી કેળવશો. શરીરનું વજન ઘટાડવા અંગેના પ્રયત્નો વર્ષનાં પૂર્વાધમાં ફળતા લાગશે. સંતાનથી વિચાર ભેદ રહેતા મનોભાર અનુભવશો. સંતાનની રહેણી-કરણી, ખાન-પાન વિગેરે અંગે ધ્યાન આપવું જરૂરી બનશે. વર્ષનાં મધ્યભાગમાં માતૃપક્ષનાં સગાની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ-દોડધામ ઉદ્ભવી શકે. નિરાશાવાદી વલણ નિવારીને રચનાત્મક હકારાત્મક અભિગમ અપનાવશો તો નવું વર્ષ ઉત્સાહ પ્રેરક બની રહેશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસ્થાનમાં ચંદ્ર, મંગળ, બુધ, નીચનો સૂર્ય રહેલો છે. ધનનાં કારક ગુરૂનો નિચભંગ થાય છે. જેથી આર્થિકક્ષેત્રે પ્રગતિ રહેશે. તા.૨૭-૦૪ થી તા.૨૩-૦૫ દરમ્યાન ધનેશ ઉંચનો બનીને કેન્દ્રમાં છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. પારિવારિક આવકવૃદ્ધિ શકય બનશે. લાંબાગાળાનાં આર્થિક રોકાણો સમજપૂર્વક કરશો. જીવનસાથીથી આર્થિક લાભ મળતો લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં સંતાન પાછળ આકસ્મિક ખર્ચ ઉદ્ભવી શકે છે! સામાજિક કાર્યો, માંગલિક કાર્યો વગેરેમાં દેખાડો કરવાનું નિવારશો. આર્થિક જામીનગીરી જેવા કાર્યો શકય હોય તો નિવારશો. ભાગ્યસ્થાનમાં રાહુ રહેલો છે. જે ઘણીવાર વધુ પડતી ભાવિની ચિંતા કરાવતો લાગશે! બિન હકનાં નાણાં મેળવવા મન લલચાશે. અહિં શ્રમનું ફળ જ સુખ, સંતોષ, આનંદ આપી શકે છે. તે સત્ય વિચારવું જરૂરી બનશે. તા.૨૯-૪ થી તા.૧૨-૦૭ દરમ્યાન આર્થિક લાભ શકય બનશે. બિનજરૂરી લોન લેવાનું નિવારશો. અટકતાં નાણાં કે ઉઘરાણી જેવા કાર્યો અંગે મે-જૂન દરમ્યાન અનુકૂળતા રહેતી લાગશે. ભાગ્યેશ શુક્ર તા.૧૪-૦૫ થી તા.૧૫-૦૬ દરમ્યાન સ્વગૃહી બનતાં નવી તક કે નવા સંબંધો લાભદાયી બની શકે। ઓગસ્ટ, સપ્ટેમ્બર દરમ્યાન પારિવારિક ભાગબટાઈ થી મળતા લાભો અંગે અનુકૂળતા રહેતી લાગશે. મિલકત-વતન કે માતૃપક્ષથી મળતા આર્થિક લાભો કે ઓછા કે વિલંબથી મળતા લાગશે. નાણાંકીય કાર્યોમાં લેતી-દેતીમાં સાવચેતી કેળવશો. ધર્મકાર્ય કે માંગલિક કાર્યો પાછળ દેખાડો કરવાનું નિવારશો. આર્થિક વિવાદી કાર્યોમાં સમાધાન વૃતિથી સફળતા મળતી લાગશે. શિક્ષણ પાછળ ધાર્યા કરતાં વધુ ખર્ચ થતો લાગશે. જન્મનો શુક્ર બળવાન હશે તો ઋણ મુક્ત થવાનો યોગ ઉદ્ભવી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મ ભુવનમાં કોઈગ્રહ નથી. કર્મેશ બુધ ધનસ્થાનમાં રહેલો છે. જેથી કર્મ થકી ધનલાભ પ્રાપ્ત થાય પારિવારિક સંયુક્ત ધંધામાં પ્રગતિ રહે. દેશાવરનાં

કાર્યમાં પ્રગતિ રહે. ભાગ્યેશ ચોથે છે. ધંધાની જગ્યાનાં પ્રશ્નો ઉકલતા લાગે. સપ્તમેશ ગુરૂનો નિચભંગ છે. નવી ભાગીદારી અંગે અનુકૂળતા રહેતી લાગશે. જૂની ભાગીદારીનાં પ્રશ્નો ઉકલતાં લાગશે. જીવનસાથીનાં નામથી ધંધો-વ્યવસાય હશે તો વિશેષ વિકાસ થતો લાગશે. નવા રોકાણો સમજપૂર્વક કરશો. હરિફો પ્રતિસ્પર્ધિ થી હળવાશ અનુભવશો. રાહુ ભાગ્યભુવનમાં છે. નવી પ્રોડકટ્સ, નવી યોજનાઓમાં પ્રગતિ થતી લાગશે. તા. ૧૦-૦૮ થી તા. ૧૬-૧૦ દરમ્યાન અટકતાં નાણાં કે ઉઘરાણી જેવા કાર્યો ઉકલતા લાગશે. શનિ પાંચમે છે. કર્મચારીઓની આર્થિક માંગ વધતી લાગશે. ધંધાનાં પ્રવાસમાં જૂન-જુલાઇ દરમ્યાન તંદુરસ્તીની તકેદારી કેળવવી ઇચ્છનીય બનશે. લાંબાગાળાનાં આર્થિક નિર્ણયો સાવચેતીથી લેશો. વહીવટી ખર્ચમાં કરકસર જરૂરી બનશે. સંતાનનાં નામથી ધંધો હશે તો ધંધાની જગ્યાનું વિસ્તૃતીકરણ કરી શકશો. વતનથી મળતા લાભો પ્રાપ્ત થતાં લાગશે. તા.૨૭-૦૪ થી તા. ૨૩-૦૫ તથા તા.૧૮-૦૬ થી તા.૧૩-૦૭ દરમ્યાન નાણાંની પ્રવાહિતતા વધતી લાગશે. ધંધાનાં વિકાસ અર્થે ગ્રાહક-સેવા, માર્કેટિંગ ઉપર ધ્યાન આપવું જરૂરી બનશે. નવા પ્રોજેકટોમાં વર્ષનાં ઉત્તરાર્ધમાં વિલંબ થતો લાગશે. ઉત્પાદન ક્ષેત્રે બજારની માંગ અને ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. ફેબ્રુઆરી, માર્ચ દરમ્યાન આકસ્મિક ખર્ચ ઘટના ઉદ્‌ભવી શકશે. વર્ષનાં મધ્યભાગમાં ધંધાનાં વિકાસ અંગેની એજન્સી કે નવી શાખાનું કાર્ય સરળ બનતું લાગશે. બિનજરૂરી લોન લેવાનું નિવારશો. આયોજનપૂર્વક વહીવટીખર્ચ ઘટાડવો જરૂરી બનશે.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવાસ્થાનમાં નેપ્ચ્યુન રહેલો છે. કર્મભુવનમાં કોઇગ્રહ નથી. ભાગ્યેશ કર્મભુવનને દૃષ્ટિ કરે છે. જેથી નોકરી-વ્યવસાયમાં પ્રગતિ રહેશે. સર્વિસ સાથે સાઇડ બિઝનેસમાં પ્રગતિ રહેશે. ધનેશ ચોથે છે. વતનથી આર્થિક લાભો પ્રાપ્ત થતાં લાગશે. રહેઠાણની જગ્યાનું રીનોવેશન કે અન્ય ફેરફાર શકય બનતો લાગશે. ગુરૂનો નિંચભંગ છે. સંતાનનાં પ્રશ્નો હળવા પ્રાપ્ત થતાં હર્ષ અનુભવશો. ખાતાંકીય પરીક્ષા કે પૂરક જ્ઞાનપ્રપ્તિ માટે અનુકૂળતા રહેતી લાગશે. વર્ષપ્રારંભથી તા.૦૪-૧૨ તથા તા.૨૨-૦૬ થી તા.૧૦-૦૮ દરમ્યાન વિવાદી કાર્યો નિવારશો. બોલવામાં સંયમ જરૂરી બનશે. જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં કાર્યશકિતનો વિકાસ થતો લાગશે. ફરજનાં પ્રવાસમાં ઉત્સાહ રહેશે. ડિસેમ્બરથી એપ્રિલ દરમ્યાન માંગલિક કે ધાર્મિક કાર્યો પાછળ ખર્ચ વધતો લાગશે. ભૌતિક સુખોની તમન્ના વધતી લાગશે. ભૌતિક સુખ-સાધનોની ખરીદી પાછળ કર્જદાર ન બનો તે જોજો. મહિલાઓને કાર્યબોજથી શારિરીક થાકની ફરિયાદ ઉદ્‌ભવતી લાગશે. વર્ષનાં મધ્યભાગમાં જૂની ખાતાંકીય તપાસ કે અધિકારી વર્ગથી બગડેલા સંબંધોમાં સુધારો શકય બનશે. શનિ ત્રિકોણમાં છે. મંદગ્રહ છે. જેથી ઘણીવખત કાર્યમાં વિલંબ થતો લાગશે. ગૃહ વિકાસ અંગેનાં ખર્ચથી વર્ષનાં ઉત્તરાર્ધમાં કર્જદાર ન બનો તે જોજો. ત્રિકોણનો રાહુ વિજાતીય સંબંધોમાં સમજપૂર્વક વ્યવહાર કરવાનો સૂચવી જાશે. આળસવૃત્તિથી આર્થિક નુકશાન સાથે શારિરીક પ્રશ્નો ન સર્જાય તે જોજો. સર્વિસ સાથે સાઇડ બિઝનેસ કરતાં હો તો ઉઘરાણી કે માલનો ભરાવો વગેરે અંગે જાગૃતતા કેળવવી જરૂરી બનશે. પારિવારિક કે સામાજિક પ્રશ્નોથી રજાનું પ્રમાણ વધી ન જાય તે જોજો. રાહુ નવમે છે. પરદેશનાં કાર્યમાં સાવચેતી કેળવશો. સામાજિક કાર્યમાં જશપ્રાપ્તિ વિલંબે મળતી લાગશે. કેતુ ત્રીજે છે. ભાઇ-બહેનનાં પ્રશ્નો પાછળ ખર્ચ, ચિંતા રહેતી લાગશે.

વિદ્યાર્થિઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં વિદ્યાપતિ શનિ સ્વગૃહી બનીને રહેલો છે. શનિ ગુરૂથી યુતિમાં છે. જેથી વિદ્યાભ્યાસમાં પ્રગતિ રહેશે. શનિ મંદગ્રહ છે. જેથી આળસવૃત્તિ નિવારીને સમયમાં સદ્‌ઉપયોગ કરશો તો જ્ઞાનપ્રાપ્તિમાં સારી સફળતા મળતી લાગશે. ધનેશ કેન્દ્રમાં છે. આર્થિક રીતે સારૂં રહેશે. બહારની ખાણી-પીણી અંગે સાવચેત રહેશો. સહાધ્યાયીથી સહકાર રહેશે. રાહુ ભાગ્યમાં છે. વતનથી દૂર અભ્યાસ કરવા જવા વિચારતાં હો તો જે-તે સ્થળની પૂર્ણ માહિતી જરૂરી બનશે. નાણાંકીય લેતી-દેતીમાં સાવચેતી કેળવવી જરૂરી બનશે. સ્પર્ધાત્મક કાર્યો અંગે સફળતા મળતી લાગશે. લાભેશ ચંદ્ર ધનભાવે છે. સ્કોલરશિપ કે અન્ય આર્થિક સહાયની ઇચ્છા વર્ષનાં પ્રારંભે મળતી લાગશે. કેતુ ત્રીજે છે. પ્રવાસ પર્યટનમાં અજાણી જગ્યાએ ખોટા સાહસો નિવારશો. ગુરૂનો નિચભંગ છે. નાના-નાના સર્ટિફિકેટ કોર્સ અંગે વર્ષનો પ્રારંભ અનુકૂળ રહેશે. વ્યસન છોડીને નાણાં બચાવશો તો જ્ઞાનપ્રાપ્તિનાં વિશેષ સાધનો વસાવી શકશો. ભૌતિક સુખોની તમન્ના વિશેષ ઉદ્‌ભવતી લાગશે. આર્થિક ક્ષેત્રે વર્ષનો પ્રારંભ સારો રહેશે. અહિં બિનજરૂરી ખર્ચ નિવારીને બચત કરી શકશો. અધ્યાપકવર્ગ પાસેથી નમ્રતાથી જ્ઞાનનો ખજાનો પ્રાપ્ત કરી શકશો. પારિવારિક પ્રશ્નો હળવા થતાં રાહત અનુભવશો. રમત-ગમત સ્પર્ધામાં સારો દેખાવ કરી શકશો. જૂન-જુલાઇ તથા વર્ષાંતે આર્થિક રીતે સારૂં રહેશે. એપ્રિલ-મે દરમ્યાન પ્રવાસનો આનંદ પ્રાપ્ત થતો લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં મિત્રો-સહેલીથી સારો સહકાર પ્રાપ્ત થશે. બિનજરૂરી દોડધામ વ્યસન કે ઉજાગરાથી તંદુરસ્તીમાં વિક્ષેપ ન પડે તે જોજો. ડિગ્રી વર્ષનાં છેલ્લા વર્ષનાં છાત્રોએ અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. અભ્યાસ સાથે પૂરક પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિ કરતાં હો તો વર્ષનાં મધ્યભાગમાં સારી સફળતા મળતી લાગશે. સામૂહિક કાર્યોમાં મંદગતિએ જશપ્રાપ્તિ પ્રાપ્ત થતી લાગશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથી ભાવમાં કોઇ ગ્રહ નથી. સપ્તમેશ ગુરૂનો નિચભંગ છે. જેથી ગૃહસ્થ જીવનમાં સારૂં રહેશે. જીવનસાથી થી લાભ સહકાર પ્રાપ્ત થાય. વ્યયેશ સૂર્ય ધનભાવે છે. જેથી પારિવારિક ખર્ચ વધતો લાગશે. રહેઠાણ-મિલકતનાં પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતા લાગશે. ગૃહ સજાવટની ઇચ્છા ફળતી લાગશે. તા.૧૬-૦૧ થી તા.૨૬-૦૨ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ ઇલેકટ્રિકથી તકેદારી કેળવશો. સંતાનનાં જ્ઞાનપ્રાપ્તિ કે પૂરક ખર્ચાઓ અંગે આર્થિક આયોજન કરવું જરૂરી બનશે. જુલાઇ-ઓગષ્ટ દરમ્યાન જુની બિમારીમાં તકેદારી કેળવવી. અહિં સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. વિવાદી કાર્યો નિવારશો. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં મંદગતિએ સફળતા મળતી લાગશે. તા.૨૩-૦૫ થી તા.૧૮-૦૬ દરમ્યાન પિયરપક્ષનાં પ્રશ્નોથી ચિંતિત રહેશો. રાહુ ભાગ્યમાં છે. પરદેશ કે પરદેશની વસ્તુઓ, વ્યકિતઓ થી સારૂં રહેશે. સહેલીથી અંગત વાતો કહેવાનું નિવારશો. આર્થિક જામીનગીરી, જવાબદારી જેવા કાર્યોમાં સાવચેતી કેળવશો. વધતું વજન ઘટાડવા માટે ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. વડીલવર્ગની તંદુરસ્તી પાછળ ખર્ચ દોડધામ રહેશે. ગુરૂની ભાગ્યસ્થાન તથા લાભસ્થાન ઉપર દૃષ્ટિ રહેતા સ્વકર્મે ધન ઉપાર્જન કરતી મહિલાઓને કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતાં લાભો, પ્રમોશન વિગેરે જેવા પ્રશ્નો ઉકલતા લાગશે. તંદુરસ્તીનાં નાના-નાના પ્રશ્નોમાં જાતે દવા લેવાનું નિવારશો. સંતાનનાં પ્રશ્નો હળવા બનતાં લાગશે. માતૃ કે માતૃપક્ષનાં પ્રશ્નો અંગે ખર્ચ દોડધામ ઉદ્‌ભવી શકે. હરિફો, પ્રતિસ્પર્ધિઓથી વિજય રહેશે. વિલ-વારસાકીય લાભો અંગે એપ્રિલ તથા ઓગષ્ટ-સપ્ટેમ્બર માસ અનુકૂળ રહેતો લાગશે. ખરીદીમાં નાણાંકીય બાબતો અંગે સાવચેતી કેળવશો. મનની શાંતિ માટે યોગ, ધ્યાન જીવનશૈલીમાં યોગ્ય ફેરફારથી રાહત અનુભવી શકશો.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં આપની રાશિકુંડળીમાં છઠ્ઠે સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, દસમે રાહુ રહેલ છે. વર્ષ દરમ્યાન નાની કે મોટી પનોતી નથી. ભાગ્યનો રાહુ અનુભવોમાંથી પસાર કરાવશે. આળસ ત્યજીને કર્મશીલ બનતા સફળતા પ્રાપ્ત કરવા કોશિશ કરશો તો સફળતાનાં મુકામે પહોંચી શકશો. ધનવાન બનવા દોટ મૂકશો. મંદગ્રહ શનિ ધીર ગંભીર બનવાની અને મહેનતનું ફળ મેળવવીની સલાહ આપશે. આવક સામે ખર્ચ વધતાં નાણાં કયાં ગયાં ? વિચારતાં થશો. કરકસર આયોજનથી આર્થિક હળવાશ અનુભવી શકશો. ત્રિકોણને દૃષ્ટિ કરતો ગુરૂ ધર્મકાર્યમાં સહાયક બનશે. નવા વર્ષમાં નવી આશા સાથે લક્ષ્ય સ્થાનને પહોંચવા ડગ માંડશો. ડગ લાંબા હશે કે ટૂંકા? જન્મકુંડળીનો ભાગ્યેશ અહિં પ્રત્યુતર આપશે.

તુલા



તુલા (ર.ત.) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં પ્રારંભ સમયે આપની રાશિકુંડળીમાં પહેલે ચંદ્ર, બુધ, મંગળ નિચનો સૂર્ય, બીજે કેતુ, ત્રીજે શુક્ર, ચોથે પ્લુટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, પાંચમે નેપ્ચ્યુન, સાતમે હર્ષલ, આઠમે રાહુ રહેલ છે. વર્ષપ્રારંભે નાની પનોતી તા.૨૯-૦૪-૨૨ સુધી રહેશે. બાદમાં તા. ૧૨-૦૭-૨૨ થી વર્ષાંત સુધી નાની પનોતી ચાલુ રહેશે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપનો રાશિપતિ શુક્ર ત્રીજે રહેલ છે. છઠ્ઠે કોઈ ગ્રહ નથી. અષ્ટમભુવનમાં રાહુ રહેલો છે. જેથી તંદુરસ્તીની તકેદારી કેળવવી ઈચ્છનીય બનશે. આકસ્મિક પડવા-વાગવા અંગે સાવચેતી કેળવશો. જૂની બિમારીમાં સમયાંતરે ડોકટરની સલાહ ઈચ્છનીય બનશે. રાશિમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. વધુ પડતી દોડધામથી થાકની ફરિયાદ કરશો. છાયા ગ્રહ બીજે રહેતા પારિવારિક સભ્યોની તંદુરસ્તી અંગે ચિંતિત રહેશો. વતનનાં માતૃપક્ષનાં પ્રશ્નો હળવા થતાં રાહત અનુભવશો. બેઠાડું જીવનથી શરીરનું વજન ન વધે તે જોજો. પ્રવાસમાં અજાણ્યા ખાદ્યપદાર્થો લેવાનું નિવારશો. શ્રમ, સમયપાલન અટકતાં કાર્યો ઉકલતા મનોભાર હળવો થતો લાગશે. જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ-ચિંતા ઉદ્ભવી શકે! પંચમેશ શનિ છઠ્ઠે છે. સંતાનની રહેણી-કરણીથી ચિંતિત રહેશો. ગૂઢપ્રશ્નોથી મનોભાર રહેતો લાગશે. વારસાકીય પ્રશ્નોથી ચિંતિત રહેશો. તા.૨૬-૦૨ થી તા.૦૭-૦૪ અગ્નિ-ઈલેકટ્રીક થી તકેદારી કેળવશો. ગુરૂનો નિચભંગ છે. આધ્યાત્મિકવૃત્તિ કેળવીને માનસિક શાંતિ મેળવવા પ્રયત્નશિલ બનશો. ખાન-પાનમાં પરેજી કેળવશો તો ઉત્સાહ-ઉમંગ અનુભવી શકશો. નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં સામાજિક કાર્યોમાં ધનનો વ્યય રહેશે. જૂના વ્યસનો ત્યજતાં ધનની થતી બચતથી હર્ષ પામશો. પેકિંગમાં મળતા ફૂડમાં એકસ્પાયરી ડેઈટ જોવી જરૂરી બનશે. મિત્રો-સહેલીથી સહકાર પ્રાપ્ત થતાં કાર્યબોજ હળવો થતો લાગશે. પનોતી ચાલું છે. અગત્યનાં નિર્ણયો સમજપૂર્વક લેવાથી મનોભાર હળવો બનશે. ફકત માનસિક શ્રમ કરતાં હોય તેમણે માટે મગજને આરામ અને શરીરને શ્રમ આપવો જરૂરી બનશે. નાના-નાના ચહલ-પહલ જેવા કાર્યો જાતે કરવાનું જરૂરી બનશે. હકારાત્મક મનોવલણ કેળવતાં નવું વર્ષ આનંદીત બની રહેશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં કેતુ રહેલો છે. ધનેશ શુક્ર ત્રીજે છે. જેથી સ્વકર્મે ધનપ્રાપ્તિ થાય. આર્થિકક્ષેત્રે સારૂં રહેશે. યોગકારક શનિ ચોથે સ્વગૃહી છે. મિલકત, વતનથી આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. અટકતાં નાણાં પ્રાપ્ત થતાં હર્ષ અનુભવશો. સંયુકત, પારિવારિક, આર્થિક પ્રશ્નો અંગે ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં ચિંતિત રહેશો. સંતાનથી આર્થિક લાભ થતો લાગશે. છાયાગ્રહ ધનભાવે હોતા સસ્તી વસ્તુથી વધુ વ્યાજ, વળતરની લાલચમાં નાણાંનું ખોટું રોકાણ ન થાય તે જોજો. વિલ-વારસાનાં પ્રશ્નોમાં સમાધાનવૃત્તિ અપનાવી ઈચ્છનીય બનશે. આર્થિક જામીનગીરી જેવાં કાર્યોમાં સાવચેતી કેળવશો. વર્ષપ્રારંભે મોજશોખની વસ્તુની સાધનોમાં નાણાં વાપરશો. લોન સમજપૂર્વક લેશો. સપ્તમેશ જાન્યુઆરીમાં ઉંચનો બનતા જીવનસાથીથી આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. વધતાં ખર્ચથી બચતની ઈચ્છા હજુ દૂર રહેશે. સંતાનનાં શિક્ષણખર્ચમાં આયોજનથી ખર્ચ ઘટાડી શકશો. અષ્ટમમાં રાહુ છે. આકસ્મિક ખર્ચ સમયે અગાઉ કરેલી બચત ઉપયોગી બનશે. ગુરૂનો નિચભંગ હોતા ધાર્મિક કાર્યો પાછળ ખર્ચ રહેશે. આવક સામે જાવક વધતી લાગશે. વર્ષનાં મધ્યભાગમાં જૂની વસ્તુઓનાં નિકાલથી મળતી રકમ નવી વસ્તુઓ, ખરીદવામાં સહાયક બનશે. આર્થિક જવાબદારીવાળા કાર્યોમાં આળસવૃત્તિ ન સર્જાય તે જોજો. સામાજિક પ્રસંગોએ દેખાડો કરવાની વૃત્તિ નિવારશો. નાની પનોતી ચાલું છે. લાંબાગાળાનાં આર્થિક રોકાણોમાં સાવચેતીથી કાર્ય કરશો. ધનપ્રાપ્તિની દોટમાં શારિરીક તંદુરસ્તી ન બગડે તે જોજો. છાયાગ્રહ ધનભાવે છે. લોભામણી લાલચથી વધુ વળતરની અપેક્ષા એ નાણાંનું આર્થિક રોકાણ નુકશાન કરાવી શકે. યાત્રા-પ્રવાસમાં ધાર્યા કરતાં વધારે ખર્ચ થશે. જન્મકુંડળીનો મંગળ-બુધ બળવાન હશે તો બેંક-બેલેન્સમાં વધારો કરી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં કોઈ ગ્રહ નથી. કર્મેશ ચંદ્ર રાશિમાં રહેલો છે. કર્મભુવન ઉપર ગુરૂની દ્દષ્ટિ છે. જેથી કર્મનાં ક્ષેત્રે ધનલાભ રહેશે. સંતાનનાં નામથી ધંધો હશે તો વર્ષપ્રારંભે આર્થિક લાભ નોંધી શકશો. કર્મનાં ક્ષેત્રે આર્થિક વહીવટો સમજપૂર્વક કરશો. સંયુકત પારિવારિક આર્થિક વિકાસ માટે વિશેષ શ્રમ, આયોજન જરૂરી બનશે. ભાગ્યેશ બુધ નવેમ્બર-ડિસેમ્બર દરમ્યાન ધનભાવે રહેતા પારિવારિક આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. પારિવારિક સામાજિક, શિક્ષણ વિગેરે અંગે ખર્ચ વધતો લાગશે. સસ્તી વસ્તુ કે વધુ વળતર વ્યાજની લાલચમાં નાણાંનું ખોટું રોકાણ ન થાય તે જોજો. રાહુ અષ્ટમભુવનમાં છે. વિલ-વારસાનાં પ્રશ્નોમાં સમાધાનવૃત્તિ અપનાવવી ઈચ્છનીય બનશે. આર્થિક જામીનગીરી જેવા કાર્યો શકય હોય તો નિવારશો. યોગકારક શનિ કેન્દ્રમાં સ્વગૃહી છે. વર્ષનાં પૂર્વાધમાં જમીન-મિલકત, વતનથી લાભ પ્રાપ્ત થતો લાગશે. આકસ્મિક ખર્ચમાં આયોજનથી ખર્ચ ઘટાડી શકશો. મે-જૂન દરમ્યાન તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ ઉદ્ભવી શકે. પારિવારિક ખર્ચ વધતો લાગશે. ભૌતિક સુખની ઈચ્છા પ્રબળ બનશે. લોન મળતી લાગશે. અહિં પરત ચુકવણીની ક્ષમતા મુજબ કર્જ લેશો. કેતુ આભાસી ગ્રહ છે. ધનસ્થાનમાં રહેલો છે. જેથી આકસ્મિક ખર્ચ ઉદ્ભવી શકે. વિલ-વારસા કે આર્થિક વિવાદી કાર્યો અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેતો લાગશે. નાણાંની લેતી-દેતીમાં સાવચેતી કેળવશો. આર્થિક જવાબદારીમાં અન્ય ઉપર વધુ પડતો વિશ્વાસ નિરાશા સાથે ચિંતામાં મૂકી શકે! યાત્રા-પ્રવાસમાં ધાર્યા કરતાં વધારે ખર્ચ થશે. નવા કરારો કે પ્રોજેકટોમાં મંદગતિએ પ્રગતિ થતી લાગશે. અહિં ખર્ચયોગ વધી શકે છે. રાશિ ઉપર દ્દષ્ટિ કરતો યોગકારક શનિ સમય અને ધનનું આયોજન કરવામાં સહાયક બનશે. ધંધાનાં વિકાસ માટે માર્કેટિંગ, ગ્રાહકસેવા, જરૂરી બનશે. દેશાવરનાં કાર્યોમાં ડિલેવરી-પેમેન્ટ-ગુણવત્તા વગેરે બાબતો અંગે સાવધાની નહિં કેળવો તો આર્થિક નુકશાન સંભવી શકશે!

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવાસ્થાનમાં કોઈ ગ્રહ નથી. ષષ્ઠેશ ગુરૂ ચોથે નિચભંગ છે. જેથી સર્વિસમાં પ્રગતિ રહેશે. પ્રમોશન સ્થળાંતર જેવા પ્રશ્નો ઉકલતાં લાગશે. બિનજરૂરી ખરીદી નિવારશો. હવે મળતી વસ્તુ ખૂબ જ જરૂરિયાત હોય તો જ ખરીદશો. સામાજિક કે પારિવારિક પ્રશ્નોથી રજાનું પ્રમાણ વધી ન જાય તે જોજો. અધિકારીવર્ગથી બગડેલા સંબંધો સુધરતા લાગશે. સર્વિસ કરતી મહિલાઓ માટે વિકાસ સાથે કાર્યબોજ પણ વધતો લાગશે. મુસાફરીમાં, ખાન-પાનમાં તકેદારી કેળવવી જરૂરી બનશે. ધર્મકાર્યની ઈચ્છા ફળતી લાગશે. મનસ્થાનમાં શનિ છે. જેથી ઉતાવળ-ઉશ્કેરાટથી મનોભાર સર્જાય શકે છે. નાણાંકીય જવાબદારીવાળા કાર્યોમાં વર્ષપ્રારંભથી જ એકાગ્રતા કેળવશો. પરિવાર કર્મ-અન્ય પ્રવૃતિ અંગે સમયનું આયોજન જરૂરી બનશે. વર્ષનાં મધ્યભાગમાં સંયુકત કાર્યમાં ભાગીદારી જેવા કાર્યોમાં થોડુંક જતુ કરવાની ભાવનાથી સફળતા મળતી લાગશે. કાનૂની પ્રશ્નો અંગે સાવચેતી જરૂરી બનશે. મે થી ઓગસ્ટ દરમ્યાન ભાગ્યોદયની તક પ્રાપ્ત થતી લાગશે. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવા લોકોએ અધૂરી જવાબદારીવાળા કાર્યો અંગે વિશેષ જાગૃતતા કેળવવી પડશે. સર્વિસ કરતી મહિલાઓ માટે નાની પનોતીનો તબક્કો મિશ્ર ફળદાયી બનતો લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને લોન લેવામાંથી મુક્ત રહી શકશો. સ્થળાંતર કે કાર્યફેર અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેશે. ગુરૂ મિત્રભાવને દ્દષ્ટિ કરે છે. જેથી મિત્રો-સહેલીથી સહકાર રહેશે. મે-જુન દરમ્યાન પંચમેશ શનિ સ્વગૃહી બનતાં સંતાનની પ્રગતિ રહેશે. કેતુ પરિવાર ભાવમાં છે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ મધ્યમ રહેશે. અહિં તમારી ફરજ નિભાવશો તો આત્મસંતોષ રહેતો લાગશે. ગુરૂ કેન્દ્રમાં હોતા ધર્મકાર્ય શકય બનશે!

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં નેપ્ચ્યુન રહેલો છે. પંચમેશ શનિ કેન્દ્રમાં સ્વગૃહી છે. જેથી વિદ્યાભ્યાસમાં પ્રગતિ રહેશે. બીજે રહેલો કેતુ ઘણીવખત આકસ્મિક ખર્ચ કરાવતો લાગશે. નવું-નવું શિખવાની ઈચ્છા પ્રબળ બનતી લાગશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ, હરિફાઈ વગેરેમાં સફળતા મળતી લાગશે. પંચમેશ મંદગ્રહ છે. જેથી વર્ષપ્રારંભેથી વાંચન, ચિંતન, મનન કરશો તો પરીક્ષા સમયે ચિંતામુકત રહી શકશો. સ્કોલરશિપ કે અન્ય આર્થિક લાભો પ્રાપ્ત થતાં લાગશે. બિનજરૂરી ખર્ચા નિવારીને શૈક્ષણિક સાધનો વગરેમાં ખર્ચ કરી શકશો. નાના-નાના સર્ટિફિકેટ કોર્ષ કરવા અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેશે. અધ્યાપકવર્ગ પાસેથી નમ્રતાથી જ્ઞાનનો ખજાનો પ્રાપ્ત કરી શકશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં જંકફૂડ, કોલ્ડ્રીંકસ અનિયમિતતાથી પેટને લગતાં રોગો ન ઉદ્ભવે તે જોજો. અભ્યાસ સાથે પૂરક પ્રવૃતિ કરતાં હો તો વર્ષનો મધ્યભાગ વિશેષ અનુકુળ રહેશે. રચનાત્મક કાર્યોમાં સફળતા રહેતી લાગશે. વતનથી દૂર અભ્યાસ કરવા જવા ઈચ્છતા હો તો જે-તે સ્થળની પૂર્ણ માહિતી પ્રાપ્ત કરશો. જ્ઞાનપ્રાપ્તિ પાછળ ખર્ચ વધતો લાગશે.

છાયાગ્રહ કેતુ બીજે છે. પારિવારિક આર્થિક લાભમાં ઘટાડો થતો લાગશે. વ્યસનો છોડીને નાણાં બચાવશો તો જ્ઞાનપ્રાપ્તિમાં વિશેષ સાધનો વસાવી શકશો. ડિગ્રીકોર્ષના છેલ્લા વર્ષનાં છાત્રોએ અભ્યાસ ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી બનશે. સંશોધન, પ્રોજેકટવર્ક વગેરે જેવા કાર્યોમાં વિશેષ એકાગ્રતાથી કાર્ય કરશો તો સારી સફળતા મળતી લાગશે. પ્રવાસ પર્યટનમાં અજાણ્યી જગ્યાએ ખોટા સાહસો નિવારશો. સામૂહિક કાર્યમાં મંદગતિએ જશપ્રાપ્ત થતો લાગશે. સમયનું મૂલ્ય સમજશો તો કેન્દ્ર ત્રિકોણનો ગુરૂ જ્ઞાનપ્રાપ્તિ મેળવવામાં સહાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સપ્તમભુવનમાં હર્ષલ રહેલો છે. સપ્તમેશ મંગળ રાશિમાં રહીને સાતમે દષ્ટિ કરે છે. જેથી ગૃહસ્થ જીવનમાં સારૂં રહેશે. પરિવાર ભાવમાં છાયાગ્રહ હોતા પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. શુક્ર ત્રીજે છે. કાર્યશક્તિનો વિકાસ થશે. નાના-નાના પ્રવાસો શક્ય બનશે. ચતુર્થેશ શનિ સ્વગૃહી છે. રહેઠાણ, મિલકત અંગેનાં કાર્યો મંદગતિએ ઉકલતા લાગશે. વતનથી સારૂં રહેશે. માતૃપક્ષથી લાભ રહેશે. પંચમેશ શનિ છટ્ઠે છે. સંતાનથી ઘણીવખત વિચારભેદ ઉદ્‌ભવી શકે. તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. નાની-નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. રાહુ અષ્ટમભુવનમાં છે. પડવા-વાગવા અંગે કે અખાદ્ય પદાર્થો અંગે ધ્યાન આપવું જરૂરી બનશે. ધનભાવે કેતુ હોતા આર્થિક વહીવટો સમજપૂર્વક કરશો. આર્થિક જવાબદારીવાળા કાર્યોમાં સાવચેતી જરૂરી બનશે. મિત્રો-સહેલીઓથી સારૂં રહેશે. ગુરૂનો નિચભંગ છે. હરિફોથી વિજય રહેશે. જુની બિમારીમાં રાહત રહેતી લાગશે. છતાં સમયાંતરે ડોકટરની સલાહ લેવી ઇચ્છનીય બનશે. વધતું વજન ઘટાડવાનાં પ્રયત્નો મંદગતિએ ઉકલતાં લાગશે. અગ્નિ-ઇલેકટ્રિકથી તકેદારી કેળવશો. વારસાકીય પ્રશ્નોમાં બાંધછોડ કરવી જરૂરી બનશે. પિયરપક્ષનાં પ્રશ્નોથી ચિંતિત રહેશો. સંતાનનાં ખાન પાનમાં રહેણી-કરણી અંગે ઘણીવખત ચિંતિત રહેશો. ડિસેમ્બર-જાન્યુઆરી તથા માર્ચ-એપ્રિલ દરમ્યાન જીવનસાથીની આવકવૃદ્ધિ થતાં હર્ષ અનુભવશો. ભૌતિક સુખોની તમન્ના વધતી લાગશે. અહિં ખર્ચ વિશેષ રહેશે. પરદેશ કે પરદેશની વસ્તુથી સારૂં રહેશે. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી હળવાશ રહેશે. નવું વર્ષ વિકાસ સાથે આશાસ્પદ છે.

ઉપસંહાર :- વિક્રમસંવત ૨૦૭૮માં ચોથે સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ તથા આઠમે રાહુ રહેલો છે. આત્મવિશ્વાસ કેળવીને કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આર્થિક વિકાસ થતાં હર્ષ અનુભવશો. મંદગ્રહ શનિ અનુભવોની ગલીમાંથી પસાર કરાવશે. તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે વિશેષ જાગૃતતા કેળવશો. રાશિ ઉપર શનિની દૃષ્ટિ ધીરગંભીર બનાવશે. ધર્મકાર્ય કરીને મનની શાંતિ પ્રાપ્ત કરવા પ્રયત્નશિલ બનશો. ગૂઢ પ્રશ્નો અંગે ચિંતા હળવી થતી લાગશે. તંદુરસ્તી જાળવવા યોગ્ય શ્રમ, પૌષ્ટિક આહાર, આરામ પ્રત્યે જાગૃત બનશો. નાની પનોતી નાના-મોટા અનુભવો કરાવશે. ભાગ્યોદયની ક્ષિતિજે પહોંચવા ઝડપી કદમ ઉપાડશો. મંજિલ કેટલી દૂર હશે? જન્મકુંડળીનો મંગળ-બુધ અહિં પ્રત્યુતર આપશે.



વૃશ્ચિક (ન.ય.) :- વિક્રમ સંવત ૨૦૭૮માં આપની રાશિકુંડળીમાં પહેલે કેતુ, બીજે શુક્ર, ત્રીજે સ્વગૃહી શનિ, પ્લુટો નિચભંગ થતો ગુરૂ, ચોથે નેપ્ચ્યુન, છઠ્ઠે હર્ષલ, સાતમે રાહુ, તથા બારમે ચંદ્ર, મંગળ, બુધ તથા નિચનો સૂર્ય રહેલ છે. તા.૨૯-૦૪-૨૨ થી તા.૧૨-૦૭-૨૨ દરમ્યાન નાની પનોતી ચાલુ રહેશે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં હર્ષલ રહેલો છે. રાશિમાં કેતુ છે. જેથી ઘણી વખત બિનજરૂરી મનોભાર રહેતો લાગશે. પરિવાર ભાવમાં શુભગ્રહ શુક્ર રહેલો છે. પારિવારિક સભ્યોની તંદુરસ્તીનાં પ્રશ્નો હળવા થતાં લાગશે. શનિ ત્રીજે છે. કાર્યશકિતનો વિકાસ કરી શકશો. જૂની બિમારીમાં રાહત રહેતી લાગશે. સાતમે રાહુ છે. જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ ચિંતા ઉદ્‌ભવી શકે. એપ્રિલ-મે તથા વર્ષાંતે પડવા-વાગવા કે અગ્નિ-ઇલેકટ્રીકથી તકેદારી કેળવશો. કર્મનાં ક્ષેત્રે વધતાં કાર્યબોજથી થાકની ફરિયાદ કરશો. વિવાદી કાર્યો નિવારશો. બારમે ચતુર્થ ગ્રહ યુતિ છે. ખર્ચયોગ વધતો લાગશે. બેઠાડું જીવનથી વજન વધતા ચિંતિત બની શકો. યોગ્ય શ્રમ, કસરત જરૂરી બનશે. તા.૧૦-૦૮ થી તા. ૧૬-૧૦ દરમ્યાન સામાજિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. નાની-નાની બિમારી અંગે સાવચેતી ઇચ્છનીય બનશે. તા.૧૨-૦૭ થી શનિ વક્રી બનશે. આળસવૃત્તિથી કાર્યબોજ વધી નહિં જાય તે જોજો. સંતાનની ખાન-પાનની અનિયમિતતા, રહેણી-કરણીથી મનોભાર રહેતો લાગશે. સગા-સંબંધીઓનાં તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ દોડધામ રહેશે. જાન્યુઆરી-ફેબ્રુઆરી તથા મે-જુન દરમ્યાન કર્મનાં ક્ષેત્રે વધુ પડતી દોડધામથી થાકની ફરિયાદ કરશો. વર્ષનાં પૂર્વાધમાં કર્મનાં ક્ષેત્રે ધનલાભ રહેતાં હર્ષ અનુભવશો. પ્રવાસમાં જરૂરી દવાઓ પ્રિસ્કીપ્શન સાથે રાખવાનું જરૂરી બનશે. જંકફૂડ, કોલ્ડ્રીંકસ, જમવામાં અનિયમિતતા થી ડોકટરની મુલાકાત શક્ય બનશે. તંદુરસ્તી જાળવવાનાં સાધનો ખરીદવા પાછળ ખર્ચ કરશો. જુના વ્યસનો ત્યજતાં થતી બચતથી હર્ષ પામશો. માતૃ કે માતૃપક્ષનાં સગા-સંબંધીઓ અંગે ચિંતા રહેતી લાગશે. આધ્યાત્મિકવૃત્તિ કેળવીને માનસિક શાંતિ મેળવવામાં પ્રયત્નશિલ બનશો તો હળવાશ અનુભવી શકશો.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનભુવનમાં શુક્ર રહેલો છે. ધનનો કારક ગુરૂનો નિચભંગ છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતાં લાભો પ્રાપ્ત થતાં હર્ષ અનુભવશો. આર્થિક ભાગીદારીનાં જુના પ્રશ્નો વર્ષનાં પૂર્વાધમાં ઉકલતાં લાગશે. રાશિમાં કેતુ રહેલો છે. નવા આર્થિક રોકાણો કે વ્યવહારો સમજપૂર્વક કરશો. આવક સામે જાવકનું પ્રમાણ વધતું લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને અહિં ચિંતામુક્ત બની શકશો. સંતાનનાં શિક્ષણ કે માંગલિક કાર્યો અંગે ખર્ચ વધતો લાગશે. ચતુર્થેશ શનિ તા.૧૨-૦૭ થી વક્રી બનશે. મિલકત, રહેઠાણ પાછળ આકસ્મિક ખર્ચ રહેશે. અટકતાં નાણાં કે ઉઘરાણી જેવા કાર્યોમાં બાંધછોડ કરવી જરૂરી બનશે. ગુરૂની દૃષ્ટિ ભાગ્યસ્થાન ઉપર રહેતા આર્થિક વિકાસનાં પ્રયત્નો ફળતા લાગશે. વર્ષનાં પૂર્વાધમાં જીવનસાથીની આર્થિક વૃદ્ધિ થતાં હર્ષ પામશો. રાહુ કેન્દ્રમાં છે. બિનજરૂરી લોન લેવાનું નિવારશો. સામાજિક કાર્યો અંગે ખર્ચ વધતો લાગશે. તા.૨૦ ૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન વિલ-વારસાથી આર્થિક લાભો પ્રાપ્ત થતાં લાગશે. કેન્દ્રનો કેતુ ઘણીવાર ઝડપી ધનવાન બનવાનાં વિચારો કરાવશે. પારિવારિક ભાગ બટાઇથી મળતા આર્થિક લાભોમાં બાંધછોડ જરૂરી બનશે. રોજિંદા કાર્યોમાં આળસવૃત્તિથી મનોભાર ન સર્જાય તે જોજો. કાર્યબોજથી આર્થિક નુકશાન સંભવી શકે. ધનપ્રાપ્તિની દોટમાં શારિરીક તંદુરસ્તી ન બગડે તે જોજો. ભૌતિક સુખ સગવડનાં સાધનોની ખરીદી પાછળ વિશેષ ખર્ચ નિવારશો. નાણાંની લેતી-દેતીમાં સાવચેતી કેળવશો. આર્થિક જવાબદારીવાળા કાર્યોમાં અન્ય ઉપર વધુ પડતો વિશ્વાસ નિરાશા સાથે ચિંતામાં મૂકી શકે છે. આર્થિક ક્ષેત્રે જાગૃત રહેશો તો કર્જમાંથી મુકત રહી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં કોઇ ગ્રહ નથી. કર્મેશ સૂર્ય બારમે છે. કર્મનાં ક્ષેત્રે શ્રમ, સમયપાલનથી સફળતા મળશે. કર્મનાં ક્ષેત્રે કાર્યબોજ ઘટાડવા સમયનું આયોજન જરૂરી બનશે. સંતાનનાં નામથી ધંધો હશે તો વર્ષનાં ઉત્તરાર્ધમાં વિશેષ પ્રગતિ થતી લાગશે. જૂની ભાગીદારીનાં પ્રશ્નોમાં જતું કરવાની ભાવના કેળવવી પડશે. ધનેશ ગુરૂ ભાગ્યને, લાભને દૃષ્ટિ કરતા આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. નવી આર્થિક ભાગીદારી સમજપૂર્વક કરશો. કર્મચારીઓનાં પગાર વધારો, કમિશન વગેરે માંગણીઓમાં વધતી લાગશે. ધંધામાં આધુનિકતા માટે નવા સાધનોની ખરીદી શક્ય બનશે. રાહુ કેન્દ્રમાં છે. ગ્રાહકોની માંગ કે પ્રશ્નો ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી બનશે. નવી યોજનાઓ, નવી પ્રોડકટ અંગે રાશિમાં રહેલો કેતુ વિલંબ કરાવી શકે. દેશાવરનાં કાર્યોમાં સારૂં રહેશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં સંતાનનાં કર્મ, વ્યવસાય પાછળ વિશેષ ખર્ચ રહેતો લાગશે. ધંધાની જગ્યાનાં પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતા લાગશે. ધાર્મિક કે માંગલિક કાર્યો પાછળ ખર્ચ કરતાં ધંધાની મૂડી ન ઘટે તે જોજો. મે થી જુલાઇ દરમ્યાન કામ મંદગતિએ થતું લાગશે. કાર્યશક્તિનો વિકાસ કરીને પ્રગતિ જાળવી શકશો. નવા કરારો- કોન્ટ્રાકટ વગેરે અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. રાહુ સાતમે છે. ભાગીદારીનાં પ્રશ્નોથી ચિંતિત રહેશો. ધંધાની મુસાફરીમાં તંદુરસ્તીની, નાણાંકીય બાબતોની તકેદારી કેળવશો. સંયુકત પારિવારિક ધંધા-વ્યવસાયમાં ભાઇ-બહેનથી સહકાર રહેશે. ઉત્પાદનક્ષેત્રે બજારની માંગ અને ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા ઉપર વિશેષ

ધ્યાન આપવું જરૂરી બનશે. બિનજરૂરી દોડધામ કે આયોજન વગરનાં પરિશ્રમથી થાકની ફરિયાદ કરશો. અહિં જાગૃત બનીને કાર્ય કરશો તો વિકાસનું મધુર ફળ ચાખી શકશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં છઠ્ઠે હર્ષલ રહેલો છે. રાશિપતિ મંગળ બારમે છે. જેથી સર્વિસમાં શ્રમ, સમયપાલનથી પ્રગતિ રહેશે. તા.૧૩-૦૪ બાદ અટકતાં લાભો કે પગાર વધારો જેવાં પ્રશ્નો હલ થઈ શકે! ગુરૂની દૃષ્ટિ મિત્ર સ્થાન ઉપર છે. મિત્ર-સહેલીથી લાભ સહકાર રહેશે. સર્વિસ સાથે સાઈડ બિઝનેસ કરતાં હો તો એપ્રિલ બાદ નાના-નાના લાભો પ્રાપ્ત થતાં લાગશે. પારિવારિક આર્થિક માંગ પણ વધતી લાગશે. સંતાનનાં શિક્ષણમાં વધતા ખર્ચથી ચિંતિત રહેશો. રાહુ સાતમે છે. સામાજિક પ્રશ્નોથી મનોભાર અનુભવશો. તા.૨૯-૦૪ થી નાની પનોતી આવશે. જેથી કાર્યબોજ રહેતો લાગશે. બિનજરૂરી ખર્ચાઓ ખરીદી નિવારીને આર્થિક સંતુલન જાળવી શકશો. સ્થળાંતર કે કાર્યફેર જેવા પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતા લાગશે. સામાજિક પ્રશ્નોથી રજાનું પ્રમાણ વધી ન જાય તે જોજો. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવી વ્યકિતઓએ અધૂરી જવાબદારીવાળા કાર્યો અંગે જાગૃતતા કેળવવી જરૂરી બનશે. ખાંતાકીય પરીક્ષા કે પૂરક જ્ઞાનપ્રાપ્તિ અંગે વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહેશે. વર્ષપ્રારંભ થી તા.૨૯-૦૪ દરમ્યાન પ્રેઝન્ટેશન, નવા વિચારો, સૂચનની રજુઆત વગેરે અંગે અનુકૂળતા રહેશે. આભાસી ગ્રહ કેતુ રાશિમાં રહેલો છે. જેથી ઘણીવખત બિનજરૂરી મનોભાર રહેતો લાગશે. મુસાફરીમાં અનજાન વ્યકિતને અંગત માહિતી આપવાનું નિવારશો. રાહુ સાતમે છે. ભાગીદારી જેવા કાર્યો સમજપૂર્વક કરશો. તા.૧૨-૦૭ બાદ મિલકત, રહેઠાણ અંગે ખર્ચ વધતો લાગશે. સ્થળાંતર કે કાર્યફેર અંગે વિલંબ ઉદ્‌ભવી શકે. સહકર્મચારીથી સહકાર રહેશે. વિજાતીય સંબંધોથી સમજપૂર્વક વ્યવહાર કરશો. અહિં નિરાશા પણ ઉદ્‌ભવી શકે! સર્વિસ કરતી મહિલાઓ માટે સંતાન, પરિવારની જવાબદારીથી કાર્યબોજ વધતો લાગશે. જાગૃત બનીને કર્મ કરશો તો ભાગ્ય, કર્મને દૃષ્ટિ કરતો ગુરૂ ભાગ્યોદયની સીડી ચડવામાં મંદગતિએ મદદરૂપ થતો લાગશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના વિદ્યાભુવનમાં રાશિપતિ મંગળ રહેલો છે. જેથી જ્ઞાનપ્રાપ્તિમાં ઉત્સાહ-ઉમંગ રહેશે. મિત્રો-સહેલીથી સહકાર પ્રાપ્ત થશે. ગુરૂની ભાગ્યસ્થાન ઉપર દૃષ્ટિ હોતા સ્કોલરશિપ કે અન્ય આર્થિક લાભ મળવાની શકયતા રહેશે. શનિ ત્રીજે છે. કાર્યશક્તિનો વિકાસ કરી શકશો. તા.૨૯-૦૪ થી નાની પનોતીનો પ્રારંભ થશે. જેથી વર્ષપ્રારંભથી જ વાંચન, ચિંતન, મનન જરૂરી બનશે. પરિવારભાવનો સ્વામિ ગુરૂનો નિચભંગ છે. જેથી પરિવારિવારિક પ્રશ્નો ઉકલતો હર્ષ પામશો. ખાન-પાનમાં પરેજી કેળવશો. જમવામાં અનિયમિતતા, ફાસ્ટ-ફૂડ, કોલ્ડ્રીંકસથી ડોકટરની મુલાકાત શકય બનશે. ગૂઢપ્રશ્નોથી ચિંતિત રહી શકો. પ્રવાસ દરમ્યાન અનજાન જગ્યાએ ખોટા સાહસો નિવારશો. રાહુ સાતમે છે. સામૂહિક કાર્યોમાં મધ્યમ સફળતા મળતી લાગશે. જ્ઞાનપ્રાપ્તિ સાથે ધનપ્રાપ્તિનાં પ્રયત્નો વર્ષનાં પૂર્વાધમાં ફળતા લાગશે. અભ્યાસ અંગેનાં પ્રોજેક્ટ જેવા કાર્યોમાં સફળતા મળતી લાગશે. નાના-નાના સર્ટિફિકેટ કોર્ષ અંગે એપ્રિલ સુધી અનુકૂળતા રહેતી લાગશે. પંચમેશ શનિથી યુતિમાં છે. જેથી ઘણીવખત આળસવૃત્તિ રહેતી લાગશે. સમયનો સદ્‌ઉપયોગ કરીને વર્ષપ્રારંભથી જ જાગૃત રહેશો તો પરીક્ષા સમયે સારો દેખાવ કરી શકશો. નવી તક, નવા સંબંધો લાભદાયી બનતા લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને શિક્ષણનાં સાધનો, બુકો વગેરે પાછળ ખર્ચ કરશો તો પરીક્ષા સમયે હર્ષ પામશો. વતનથી દૂર અભ્યાસ કરવા જવા વિચારતા હો તો જે-તે સ્થળની પૂર્ણ માહિતી જરૂરી બનશે. અધ્યાપકગણ પાસેથી મૂંજવતા પ્રશ્નોનું માર્ગદર્શન પ્રાપ્ત થતું લાગશે. સામૂહિક કાર્યોમાં મંદગતિએ જશપ્રાપ્તિ થતી લાગશે. મકકમ મનોબળ કેળવીને અભ્યાસમાં સફળતા મેળવી શકશો.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથીભાવમાં છાયાગ્રહ રહેલો છે. જેથી ગૃહસ્થ જીવનમાં બાંધછોડ કરવી જરૂરી બનશે. પરિવાર ભાવનો અધિપતિ ભાગ્યને દૃષ્ટિ કરે છે. જેથી પારિવારિક વિકાસ થતો લાગશે. ગુરૂની દૃષ્ટિ ભાગ્ય તથા લાભસ્થાન ઉપર છે. જેથી નવી તક, નવા સંબંધો લાભદાયી રહેશે. સહેલીથી સહકાર પ્રાપ્ત થશે. ચતુર્થેશ પોતાના ભાવથી બારમે છે. રહેઠાણ પાછળ ખર્ચ વધતો લાગશે. આર્થિક જામીનગીરી જેવા કાર્યો વર્ષનાં પૂર્વાધમાં સમજપૂર્વક કરશો. તા.૦૭-૦૪ થી તા.૧૭-૦૫ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ-ઈલેકટ્રીકથી તકેદારી કેળવશો. ઘણીવાર બિનજરૂરી ચિંતા, ભય રહેતો લાગશે. વધતું વજન ઘટાડવાનું પ્રયત્નો અંગે ડીસેમ્બર થી માર્ચ સફળતા મળતી લાગશે. ગૃહઉપયોગી આધુનિક વસ્તુઓ વસાવવાની ઈચ્છા પૂર્ણ થતી લાગશે. અહિં કર્જ લઈને હપ્તે મળતી વસ્તુ સમજપૂર્વક વસાવશો. તા.૦૬-૦૮ થી તા.૩૧-૦૮ દરમ્યાન જીવનસાથીની પ્રગતિ થતી લાગશે. સામાજિક કે પારિવારિક પ્રશ્નોમાં વિવાદ નિવારશો. અહિં મનોભાર સર્જાય શકે છે. નવી આર્થિક ભાગીદારી શકય હોય તો નિવારશો. વર્ષનાં મધ્યભાગમાં આકસ્મિક ખર્ચ રહેશે. ખાન-પાનમાં અનિયમિતતાથી તંદુરસ્તીમાં વિક્ષેપ ન પડે તે જોજો. પેટ-કમરનાં ભાગનાં રોગો અંગે તકેદારી કેળવવી. સંતાનનાં માંગલિક કે ધંધા-વ્યવસાયનાં પ્રશ્નો ઉકેલવાની આશા બળવાન થતી લાગશે. સ્વકર્મે ધન-પ્રાપ્તિ કરતી મહિલાઓ માટે તા.૧૩-૦૪ બાદ પ્રગતિ થતી લાગશે. પિયર પક્ષનાં પ્રશ્નો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતા લાગશે. તંદુરસ્તીનાં નાના-નાના પ્રશ્નોમાં જાતે દવા લેવાનું નિવારશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં સંતાનની પ્રગતિ થતી લાગશે. નવું વર્ષ વિકાસ સાથે આશાસ્પદ છે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં પહેલે કેતુ, ત્રીજે, ચોથે, પાંચમે ગુરૂ તથા ત્રીજે, ચોથે શનિ પરિભ્રમણ કરશે. કાર્યશક્તિનો વિકાસ કરીને સફળતા પ્રાપ્ત કરી શકશો. નાની-પનોતી ઘણીવખત મનોભાર રખાવતી લાગશે. કર્મનાં ક્ષેત્રે સફળતા મેળવીને હર્ષ પામશો. કેન્દ્રમાં પાપગ્રહો રહેતા જીવનનાં વિવિધ અનુભવો પ્રાપ્ત થતાં લાગશે. ગૃહસ્થ પરિવાર જીવનમાં ઉદાર બનીને ફરજ નિભાવશો. ભાગ-બટાઈથી મળતાં આર્થિક લાભોમાં ઉદારતાવૃત્તિ રાખશો. ગૂઢપ્રશ્નો ઉકેલવા મનોમંથન કરશો. રાહુ સાતમે છે. સામાજિક સંબંધોને નવા સ્વરૂપે નિહાળશો. તંદુરસ્તી જાળવવા યોગ્ય શ્રમ, પૌષ્ટિક આહાર, આરામ પ્રત્યે જાગૃત બનશો. તા.૧૩-૦૪ થી ભાગ્ય તથા લાભસ્થાનને દૃષ્ટિ કરતો ગુરૂ વિકાસનો ગ્રાફ ઉંચે લઈ જવામાં સહાયક બનશે.



ધન (ધ,ફ,ભ,ઢ) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં પહેલે શુક્ર, બીજે પ્લુટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, ત્રીજે નેપ્ચ્યુન, પાંચમે હર્ષલ, છઠ્ઠે રાહુ, અગિયારમે મંગળ, બુધ, ચંદ્ર, નિચનો સૂર્ય તથા બારમે કેતુ રહેલો છે. વર્ષપ્રારંભે મોટી પનોતીનો ત્રીજો તબકકો ચાલુ છે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં રાહુ રહેલો છે. અષ્ટમ ભુવનમાં કોઈ ગ્રહ નથી. રાશિમાં શુક્ર છે. તંદુરસ્તી એકંદરે સારી રહે. ઉત્સાહ-ઉમંગ રહે. ડિસેમ્બરથી જૂની બિમારીમાં રાહત રહેતી લાગે. ખાન-પાનમાં વાસી તથા ગળ્યા પદાર્થોનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું સારૂં. લાભસ્થાનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. નાના-નાના લાભો પ્રાપ્ત થતાં હર્ષ રહે. પાંચમે હર્ષલ રહેલો છે. સંતાનની તંદુરસ્તીનાં, રહેણી-કરણીનાં પ્રશ્નોથી ચિંતા રહે. વર્ષનાં ઉત્તરાર્ધમાં રોગ પ્રતિકારક શકિત વિકસાવી શકો. નવેમ્બર-ડિસેમ્બર દરમ્યાન સામાજિક જાહેર કાર્યોમાં ઉગ્રતા નિવારશો. તા.૧૭-૦૫ થી તા.૨૨-૦૬ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ ઈલેકટ્રીકથી તકેદારી કેળવશો. બેઠાડું જીવનથી વજન વધતું લાગશે. યાત્રા-પ્રવાસમાં તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. તા.૧૩-૦૪ બાદ માતૃ કે માતૃપક્ષનાં સગા-સંબંધી અંગે ખર્ચ દોડધામ ઉદ્‌ભવી શકે! જુના વ્યસનો છોડતા વર્ષનાં ઉત્તરાર્ધમાં બચત કરી શકો. કર્મનાં ક્ષેત્રે વધુ પડતી દોડધામ કરતાં થાકની ફરિયાદ કરશો. વડીલ-વર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ-ચિંતા ઉદ્‌ભવતી લાગશે. બારમે કેતુ હોતા, આધ્યાત્મિક વૃત્તિ મનની શાંતિ મેળવવામાં સહાયક બનશે. બિનજરૂરી ઉજાગરા કરશો તો નવા વર્ષમાં ડોકટરની મુલાકાત શકય બનશે. કેન્દ્રનો સ્વગૃહી ગુરૂ ઉત્સાહનો સંચાર કરી શકશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં સ્વગૃહી શનિ તથા નિચભંગ થતો ગુરૂ રહેલો છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ રહેશે. અટકતાં નાણાં પ્રાપ્ત થતાં લાગશે. પારિવારિક ભાગ-

બટાઇ થી મળતા આર્થિક લાભોથી હર્ષ પામશો. નાણાંનું યોગ્ય રોકાણ કરવું જરૂરી બનશે. બિનજરૂરી ખર્ચ નિવારશો. રાશિમાં શુક્ર હોતા ભૌતિક સુખોની તમન્ના વધતી લાગશે. બિનજરૂરી ખરીદી નિવારશો. તા. ૨૦-૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન ગુરૂ લાભસ્થાનને દૃષ્ટિ કરે છે. જેથી નાના-નાના લાભો પ્રાપ્ત થતાં લાગશે. વિલ-વારસા જેવા કાર્યો વિલંબે ઉકલતાં લાગશે. પાપગ્રહ બારમે છે. હપ્તે મળતી વસ્તુ સમજપૂર્વક વસાવશો. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવા લોકોએ આર્થિક આયોજન કરવું હિતાવહ રહેશે. સામાજિક કે માંગલિક કાર્યોમાં દેખાડો કરવાથી કર્જદાર બની શકો છો. પ્રવાસમાં કે ખરીદીએ જતાં નાણાં જુદી-જુદી જગ્યાએ રાખશો. શનિ બીજે છે. વિવાદોથી આર્થિક નુકશાન સંભવી શકે છે. અગાઉ સ્વીકારેલી આર્થિક જવાબદારી અંગે મૂલ્યાંકન કરતાં રહેશો. ડિસેમ્બરથી એપ્રિલ જીવનસાથીથી વિશેષ આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. શિક્ષણ-સ્વાસ્થ્ય પાછળ વિશેષ ખર્ચ રહેશે. આર્થિક ક્ષેત્રે કરકસર, આયોજન કરીને જાગૃત રહેશો તો લોન લેવામાંથી મુક્ત રહી શકશો. કેન્દ્રનો સ્વગૃહી ગુરૂ આર્થિક વિકાસનો માર્ગ શોધવામાં સહાયક બનશે.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં કોઇ ગ્રહ નથી. ધનસ્થાનમાં ધનેશ શનિ સ્વગૃહી છે. જેથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ થતી લાગશે. સંયુક્ત પારિવારિક ધંધાનાં પ્રશ્નો ઉકલતાં લાગશે. ભાગીદારીનાં પ્રશ્નો વર્ષનાં ઉત્તરાર્ધમાં ઉકલતાં લાગશે. જીવનસાથીનાં નામથી ધંધો વ્યવસાય હશે તો જાન્યુઆરીથી તા.૦૭-૦૩ તથા એપ્રિલ-મે દરમ્યાન વિશેષ વિકાસ થતો લાગશે. નવી પ્રોડકટ્સ, નવી યોજનાઓમાં પ્રગતિ થતી લાગશે. કર્મચારીઓની આર્થિક માંગ વધતી લાગશે. ધંધાનાં વિકાસ અર્થે ગ્રાહકસેવા, માર્કેટિંગ જરૂરી બનશે. રાહુ છઠ્ઠે છે. હરિફો-પ્રતિસ્પર્ધીઓથી હળવાશ અનુભવી શકશો. મંદગ્રહ શનિની દૃષ્ટિ કર્મભુવન ઉપર રહેશે. આળસવૃત્તિથી કાર્યબોજ વધી ન જાય તે જોજો. દેશાવરનાં કાર્યોમાં સફળતા મળતી લાગશે. જૂની લોનનાં હપ્તાની રકમ વધારી શકશો. તા.૧૨-૦૭ બાદ આર્થિક નિર્ણયો સમજપૂર્વક લેશો. તા.૨૯-૦૪ થી મોટી પનોતી સમાપ્ત થતાં મનોભાર હળવો બનતો લાગશે. તા.૨૦-૦૮ બાદ ધંધાનાં વિકાસ અર્થે નવા સાધનો વસાવી શકશો. ઉત્પાદનક્ષેત્રે બજારની માંગ અને ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. ધંધા-વ્યવસાયમાં પલટાતા પ્રવાહને પારખીને અનુકૂળ બનશો તો સફળતાથી ભાગ્યોદયનાં દરવાજે પહોંચતા લાગશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવા સ્થાનમાં રાહુ રહેલો છે. કર્મભુવનમાં કોઇગ્રહ નથી. કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. મંદગ્રહ શનિ વર્ષપ્રારંભે ધનભાવે છે. જેથી ધનપ્રાપ્તિ મંદગતિએ થતી લાગશે. તા.૨૯-૦૪ થી આર્થિકક્ષેત્રે પ્રગતિ રહેશે. પગાર વધારો, પ્રમોશન, વગેરે જેવાં કાર્યો મંદગતિએ ઉકલતા લાગશે. તા.૨૨-૦૬ થી તા.૧૦-૦૮ દરમ્યાન ભાગ્યેશ ઉંચનો બનતા નવી તક, નવા સંબંધો લાભદાયી બનશે. સહકર્મચારીથી સહકાર મળી રહેશે. સામાજિક પ્રસંગોએ કે ગૃહવિકાસ અંગેનાં ખર્ચાથી વર્ષનાં ઉત્તરાર્ધમાં કર્જદાર ન બનો તે જોજો. બિનજરૂરી ખર્ચ નિવારીને બચતની માત્રા વધારી શકશો. આળસવૃત્તિથી આર્થિક નુકશાન સાથે શારિરીક પ્રશ્નો ન સર્જાય તે જોજો. રાહુ છઠ્ઠે છે. હરિફો-પ્રતિસ્પર્ધીઓથી વિજય પ્રાપ્ત થતો લાગશે. સર્વિસ કરતી મહિલાઓ માટે વર્ષાંતે કાર્યબોજ વધતો લાગશે. ફરજનાં પ્રવાસમાં અજાણ્યા ખાદ્યપદાર્થોથી દૂર રહેશો. ગુરૂ કેન્દ્રમાં રહેશે. ધર્મકાર્ય-યાત્રાની ઇચ્છા ફળતી લાગશે. સર્વિસ સાથે સાઇડ બિઝનેસ કરતાં હો તો આર્થિક વ્યવહારો અંગે સાવચેતી જરૂરી બનશે. હપ્તે મળતી વસ્તુ ખૂબ જ જરૂરીયાત હોય તો જ ખરીદશો. આળસ ત્યજીને કર્મ કરશો તો કર્મભુવનની દૃષ્ટિ કરતો ગુરૂ લાંબાગાળાનાં લાભો અપાવવામાં સહાયક બનશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિ કુંડળીનાં વિદ્યાભુવનમાં હર્ષલ રહેલો છે. પંચમેશ મંગળ લાભસ્થાનમાં છે. કારક ગુરૂનો નિચભંગ છે. જેથી વિદ્યાભ્યાસમાં પ્રગતિ રહેશે. મિત્રોથી અધ્યાપક વર્ગથી સહકાર પ્રાપ્ત થશે. અભ્યાસ સાથે ધનપ્રાપ્તિનાં પ્રયત્નો ફળતાં લાગશે. પારિવારિક પ્રશ્નો હલ થતાં હળવાશ અનુભવશો. વર્ષપ્રારંભથી જ વાંચન, ચિંતન, મનન કરશો તો પરીક્ષા સમયે હર્ષ પામશો. તા.૧૨-૦૭ થી ધનેશ વક્રી બનશે. બિનજરૂરી દોડધામ, વ્યસન કે ઉજાગરાથી તંદુરસ્તીમાં વિક્ષેપ ન પડે તે જોજો. અહિં આર્થિક આયોજન જરૂરી બનશે. નાના-નાના સર્ટિફિકેટ કોર્ષ અંગે વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહેશે. નવું જાણવાની તમન્ના વિશેષ જાગૃત બનશે. પ્રવાસ પર્યટનમાં અજાણ્યા સ્થળે ખોટા સાહસો કરવાનું નિવારશો. તા.૧૩-૦૪ થી ગુરૂ કેન્દ્રમાં રહેતાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ, હરિફાઇઓ વગેરેમાં સફળતા મળતી લાગશે. બિનજરૂરી ખર્ચ નિવારીને શૈક્ષણિક સાધનો વગેરેમાં ખર્ચ કરી શકશો. સામાજિક કાર્યોમાં જતું કરવાની ભાવના કેળવશો. ડિગ્રી કે ડિપ્લોમાનાં આખરી વર્ષનાં છાત્રોએ વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. જગતમાં વહેતી જ્ઞાનજળની સરિતામાંથી વધુને વધુ પ્રાપ્ત કરવા પ્રયત્નશિલ બનશો. કેટલું પ્રાપ્ત કરશો? જન્મકુંડળીનો પંચમેશ અહિં પ્રત્યુત્તર આપશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથી ભાવમાં કોઇગ્રહ નથી. સપ્તમેશ બુધ લાભસ્થાનમાં છે. ખર્ચ ઉપર સંયમ જરૂરી બનશે. ખાન-પાનમાં પરેજી કેળવશો. જીવનસાથી થી લાભ સહકાર પ્રાપ્ત થશે. મોટી પનોતીનો ઉતરતો તબકકો ચાલું છે. જેથી ખર્ચ ઉપર સંયમ જરૂરી બનશે. પારિવારિક પ્રશ્નોમાં ઉદારતાવૃત્તિ કેળવવી પડશે. કરકસરથી બચતની ઇચ્છા પૂરી કરી શકશો. કર્મેશ લાભસ્થાને હોતા સ્વકર્મે ધનપ્રાપ્તિ કરતી મહિલાઓ માટે વિશેષ આર્થિક લાભો પ્રાપ્ત થતાં લાગશે. સામાજિક પ્રસંગોએ દેખાડો કરવાની વૃત્તિ મનોભાર સર્જી શકે છે. શિક્ષણ સ્વાસ્થ્ય, વ્યવહારિક કાર્યો પાછળ વિશેષ ખર્ચ રહેશે. અજાણ્યી વ્યકિતને અંગત વાતો કહેવાનું નિવારશો. જૂની બિમારીમાં તા.૧૦-૦૮ થી રાહત રહેતી લાગશે. સસ્તી વસ્તુઓની લાલચથી નુકશાન સંભવી શકે છે. તા.૧૩-૦૪ બાદ નાના-નાના પ્રવાસો, ધર્મયાત્રા વગેરે શકય બનશે. સંતાનનાં માંગલિક કાર્યો વર્ષનાં મધ્યભાગમાં ઉકલતાં લાગશે. ખાદ્યપદાર્થોની ખરીદીમાં પ્રાઇઝ, એકસપાયરી ડેઇટ, સ્કીમ વગેરે જોવું જરૂરી બનશે. ગૃહસજાવટની ઇચ્છા ફળતી લાગશે. સંતાનનાં શિક્ષણઅંગે વર્ષનો ઉત્તરાર્ધ વિશેષ અનુકૂળ રહેતો લાગશે. ત્રીજે શનિ આકાંક્ષાઓની મંજિલે પહોંચવા સહાયક બનતો લાગશે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં બીજે, ત્રીજે, ચોથે ગુરૂ. બીજે, ત્રીજે, શનિ તથા છઠ્ઠે રાહુ પરિભ્રમણ કરશે. મોટી પનોતીનાં ચક્રમાંથી મુકત થશો. સમય, ધનની કિંમત સમજતા થશો. આકસ્મિક ઘટનાઓને સાક્ષીભાવે નિહાળશો તો સ્વસ્થ મનનો આનંદ પ્રાપ્ત થશે. નાણાંકીય પ્રશ્ને સાવચેતી ઇચ્છનીય બનશે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિ મધ્યમ રહેશે. લાગણીનાં સંબંધોમાં ઘણીવાર નિરાશાનું ન ગમતું સ્ટેશન આવી શકશે! તંદુરસ્તી જાળવવા પૌષ્ટિક આહાર પ્રત્યે જાગૃત બનશો. કેન્દ્રનો ગુરૂ હકારાત્મક વિચારસરણી સ્વીકારવામાં મદદરૂપ થશે. શ્રમ, આયોજનથી ભાગ્યોદયનાં દરવાજા ખોલવાનો પ્રયત્ન કરશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનાં ગ્રહો અહિં પ્રત્યુત્તર આપશે.



મકર (ખ,જ,) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં પહેલે પ્લૂટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, બીજે નેપ્ચ્યુન, ચોથે હર્ષલ, પાંચમે રાહુ, દસમે બુધ, ચંદ્ર, મંગળ, નિચનો સૂર્ય, અગિયારમે કેતુ તથા બારમે શુક્ર રહેલ છે. વર્ષપ્રારંભે મોટી પનોતીનો બીજો તબકકો ચાલું છે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં તથા અષ્ટમભુવનમાં કોઇગ્રહ નથી. રાશિપતિ રાશિમાં સ્વગૃહી છે. જેથી તંદુરસ્તી એકંદરે સારી રહેશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. જૂની બિમારીમાં સમયાંતરે ડોકટરની સલાહ જરૂરી બનશે. તા.૨૨-૦૬ થી તા.૧૦-૦૮ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ-ઇલેકટ્રિકથી તકેદારી કેળવશો. તા.૧૪-૦૧ થી તા.૧૨-૦૨ દરમ્યાન મનોભાર રહેતો લાગશે. વર્ષનાં પૂર્વાધમાં સંતાનની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ-ચિંતા રહેશે. તૃતીયેશ ગુરૂનો નિચભંગ થાય છે. જેથી કાર્યશકિત સારી રહેશે. તા.૧૨-૦૪ થી રાહુ માતૃસ્થાનમાં રહેતા માતા કે માતૃપક્ષનાં સગા-સંબંધીની તંદુરસ્તી અંગે ચિંતા ઉદ્ભવતી લાગશે. વર્ષપ્રારંભથી તા.૦૮-૧૨ તથા તા.૩૦-૧૨ થી તા.૨૭-૦૨ દરમ્યાન જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નો ઉદ્ભવી શકે!

નાની-નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. સામાજિક સંબંધોના પ્રશ્નોથી મનોભાર રહેતો લાગશે. જૂના વ્યસનો ત્યજી શકશો. તા.૨૬-૦૨ થી તા.૦૭-૦૪ દરમ્યાન ગરમ, તીખા પદાર્થોનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું સારૂં. કર્મનાં ક્ષેત્રે વધુ પડતી દોડધામ કરતા એપ્રિલ થી જુન દરમ્યાન વિશેષ થાકની ફરિયાદ કરશો. મંદગ્રહ શનિ રાશિમાં રહે છે. જેથી આળસવૃત્તિથી એક સમયે એકીસાથે વધુ કામો ભેગા થતાં મનોભાર સર્જાય શકશે. નિરાશાવાદી વલણ નિવારીને રચનાત્મક, હકારાત્મક, મનોવલણ કેળવશો તો નવું વર્ષ ઉત્સાહપ્રેરક બની રહેશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં નેપ્ચ્યુન રહેલો છે. ધનેશ શનિ લાભસ્થાનમાં રહેલો છે. જેથી નાના-મોટા લાભો પ્રાપ્ત થતાં લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં રાહુ મનસ્થાનમાં રહેતા ઘણીવાર ધનવાન બનવાનાં રસ્તાઓનું ચિંતન કરાવશે. પારિવારિક ભાગ-બટાઈથી મળતા લાભો અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેશે. તા.૨૦-૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન સંતાનનાં શિક્ષણ કે વ્યવહારિક કાર્યો અંગે ખર્ચ વધતો લાગશે. પારિવારિક સભ્યોની ભૌતિક સુખોનાં સાધનોની ખરીદી પાછળ ખર્ચ રહેતા આર્થિક આયોજન કરવું ઈચ્છનીય બનશે. ધનેશ તા.૧૨-૦૭ થી વક્રી બનતાં આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવતો લાગશે. મે-જૂન દરમ્યાન જુની વસ્તુઓનાં નિકાલથી મળતી રકમ નવી વસ્તુઓ ખરીદવામાં સહાયક બનશે. આર્થિક વહીવટો સમજપૂર્વક કરવા હિતાવહ રહેશે. વ્યયેશ ગુરૂ ધનસ્થાનમાં રહેશે. બિનજરૂરી લોન લેવાનું નિવારશો. પૂર્વે લીધેલી લોનનાં હપ્તાની રકમ વધારવાનાં પ્રયત્નો વર્ષનાં ઉત્તરાર્ધમાં ફળતા લાગશે. સામાજિક પ્રસંગોએ દેખાડો કરવાની વૃત્તિ નિવારશો. રાહુ પંચમ ત્રિકોણમાં છે. શર્ત, ખોટા સાહસો વિ. જેવા કાર્યોથી દૂર રહેશો. વિલ-વારસાથી મળતા લાભોમાં વિવાદ ન થાય તે જોજો. મોટી પનોતી ચાલુ છે. જેથી બચતનો આંક મધ્યમ રહેશે. યાત્રા-પ્રવાસમાં ધાર્યા કરતાં ખર્ચ વધતો લાગશે. આર્થિક ક્ષેત્રે જાગૃત રહેશો તો લોન લેવામાંથી મુક્ત રહી શકશો.

ધંધો-વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. જેથી કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહેશે. આર્થિક લાભ પ્રાપ્ત થાય. ભાગીદારીનાં પ્રશ્નો ઉકલતા લાગે. નવી ભાગીદારી શક્ય બને. સંયુક્ત ધંધામાં વિકાસ રહે. સંતાનનાં ધંધાનાં પ્રશ્નો અંગે વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહે. ઉત્પાદન ક્ષેત્રે બજારની માંગ, અને ઉત્પાદિત વસ્તુઓની ગુણવત્તા ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી બને. રાશિપતિ સ્વગૃહી છે. નવા ગ્રાહકો, નવા સંબંધો લાભદાયી બનતા લાગશે. કર્મચારીઓનાં પ્રશ્નો ઉકલતા હળવાશ રહે. ભાગ્યેશ, કર્મેશનું પરિવર્તન હોતા એકથી વધુ ધંધાઓ કરવા શક્ય બને. દેશાવરનાં કાર્યોમાં સાવચેતી ઈચ્છનીય બને. નવી પ્રોડક્ટસ, નવી યોજનાઓ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેતો લાગે. માંગલિક કે વ્યવહારીક ખર્ચાથી ધંધાની મૂડીમાં મોટો ઘટાડો ન થાય તે જોજો. ધંધાનાં વિકાસ અર્થે નવા સાધનો વસાવી શકશો. ધંધાનો ટાર્ગેટ ઉંચો રાખવા દોડધામ કરશો. કેતુ કર્મભુવનમાં રહેશે. ઉધારી-ઉઘરાણી અંગે સાવચેતી કેળવશો. જીવનસાથીનાં નામથી ધંધો હશે તો વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહેશે. બિનઅનુભવી ક્ષેત્રે નાણાંનું રોકાણ નિવારશો. હરિફો-પ્રતિસ્પર્ધીઓથી વર્ષનાં મધ્યભાગમાં ચિંતિત રહેશો. સામાજિક કે પારિવારિક પ્રશ્નોથી ધંધામાં સમયની ઘટ ન પડે તે જોજો. જન્મનાં શુક્ર, બુધ બળવાન હશે તો પ્રગતિનો ગ્રાફ ઉંચે જતો જોઈ શકશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સેવાસ્થાનમાં કોઈ ગ્રહ નથી. કર્મભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. ધનેશ શનિ લાભસ્થાનમાં છે. જેથી સર્વિસમાં પ્રગતિ રહેશે. પગાર-વધારો, પ્રમોશન જેવા પ્રશ્નો ઉકલતા લાગશે. મોટી પનોતીનો બીજો તબક્કો ચાલું છે. શ્રમ, સમય-પાલનથી વિકાસ થતો લાગશે. વર્ષપ્રારંભે રાશિપતિ સ્વગૃહી છે. જેથી કાર્યમાં ઉત્સાહ રહેશે. વર્ષનાં પૂર્વાધમાં પેઢી કે કંપનીનાં વિકાસ અર્થેની નવી યોજનાઓ, નવા પ્રોજેક્ટો સારી રીતે રજુ કરી શકશો. તા.૧૨-૦૪ બાદ પડવા વાગવા અંગે સાવચેતી ઈચ્છનીય બનશે. છાયાગ્રહ મનસ્થાનમાં રહેતા નાણાંકીય જવાબદારીવાળા કાર્યોમાં, લેતી-દેતીમાં સાવચેતી કેળવશો. સર્વિસ સાથે સાઈડ-બિઝનેસ કરતા હો તો માલનો ભરાવો, ઉઘરાણી વગેરે અંગે ધ્યાન આપવું જરૂરી બનશે. ફરજ અંગેની તાલીમ કે પરીક્ષા અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. રાહુ ચોથે છે. મોટી પનોતી ચાલુ છે. જેથી વયમર્યાદા નજીક હોય તેવા વ્યક્તિઓએ કર્મ તથા અધૂરી જવાબદારીવાળા કાર્યો અંગે જાગૃતતા કેળવવી જરૂરી બનશે. કેતુ કર્મભુવનમાં છે. ધંધા-વ્યવસાયમાં કરારો, લખાણોમાં સમજીને સહી કરશો. ભૌતિક સુખો પાછળ ખર્ચ વધતો લાગશે. મોટી ખરીદી કર્જ લઈને કરો તો પરત ચુકવણીની ક્ષમતા મુજબ કરશો. ગુરૂ ધનભાવે છે. સંતાનનાં શૈક્ષણિક કાર્યો પાછળ ખર્ચ વધતો લાગશે. પારિવારિક જવાબદારી અંગે આર્થિક આયોજન કરવું જરૂરી બનશે. સર્વિસ કરતી મહિલાઓ માટે વર્ષનો પૂર્વાધ વિશેષ અનુકૂળ રહેતો લાગશે. ગુરૂ ભાગ્યને દૃષ્ટિ કરશે. જેથી વિકાસનું ફળ સ્થિરગતિએ પ્રાપ્ત થતું લાગશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં કોઈગ્રહ નથી. પંચમેશ શુક્ર ભાગ્યભુવનમાં રહેલો છે. જેથી વિદ્યાપ્રાપ્તિમાં પ્રગતિ રહેશે. તા.૧૬-૦૧ થી તા.૨૬-૦૨ આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવી શકે. માર્ચ-એપ્રિલ દરમ્યાન ઉગ્રતા નિવારશો. વિવાદોથી દૂર રહેશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં ગુરૂ મિત્રભાવને દૃષ્ટિ કરશે. મિત્રો-સહેલીથી લાભ સહકાર પ્રાપ્ત થશે. જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છા વધતી લાગશે. રચનાત્મક વિચારોનો વિકાસ કરી શકશો. પારિવારિક પ્રશ્નોથી ઘણીવાર ચિંતિત રહેશો. બિનજરૂરી ખર્ચ નિવારશો. શનિ રાશિમાંથી પસાર થાય છે. જેથી આળસવૃત્તિ રહેતી લાગશે. અહિં જાગૃત રહેશો તો જ્ઞાનપ્રાપ્તિનો આનંદ પ્રાપ્ત કરી શકશો. એપ્રિલ-મે દરમ્યાન મિત્રો-સહેલીથી નાણાંકીય વ્યવહાર સમજપૂર્વક કરશો. વતનથી દૂર અભ્યાસ કરવા જવાની ઈચ્છા ફળતી લાગશે. ખોટી દોડધામ, વ્યસનોથી દૂર રહેવું હિતાવહ રહેશે. અધ્યાપકગણ પાસેથી સારો સહકાર મળશે. અભ્યાસ અટકી ગયો હોય તો પુનઃ અભ્યાસ શરૂ કરવા અંગે વર્ષનો પૂર્વાધ અનુકૂળ રહેશે. ડિસેમ્બર-જાન્યુઆરી તથા મે-જુન દરમ્યાન રમત-ગમત સ્પર્ધામાં સારો દેખાવ કરી શકશો. કેન્દ્રનો શનિ જીવનમાં નવા-નવા અનુભવો કરાવશે. તા.૧૨-૦૭ બાદ ખાનપાનમાં વિશેષ પરેજી રાખવી જરૂરી બનશે. વાસી અજાણ્યા ખાદ્યપદાર્થોથી દૂર રહેશો. રાશિમાં મંદગ્રહ શનિ છે. જે ઘણીવાર આળસવૃત્તિ સર્જતો લાગશે. વર્ષપ્રારંભ થી જ વાંચન, ચિંતન, મનન કરશો તો પરીક્ષા સમયે હળવાશ રહેશે. વર્ષનાં પૂર્વાધમાં સ્પર્ધાત્મક કાર્યોમાં સફળતા મળતી લાગશે. વધુ પડતો આત્મવિશ્વાસ પરીક્ષા સમયે નિરાશ ન કરે તે જોજો. જગતમાં વહેતી જ્ઞાનજળની સરિતામાંથી વધુ ને વધુ પ્રાપ્ત કરવાં પ્રયત્નશીલ બનશો. કેટલું પ્રાપ્ત કરશો? જન્મકુંડળીનો પંચમેશ તથા ગુરૂ અહિં નિર્ણાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં સામાજિક ભુવનમાં રાહુ રહેલો છે. ગુરૂ કેન્દ્રમાં છે. જેથી જીવનસાથીથી મધ્યમ સારૂં રહેશે. ધનેશ લાભસ્થાનમાં હોતા આર્થિક લાભ પ્રાપ્ત થતાં હર્ષ અનુભવશો. પારિવારિક પ્રશ્નો હળવા થતાં લાગશે. વડીલ-વર્ગની આવકવૃદ્ધિ થતાં હર્ષ અનુભવશો. સંતાનનાં, શિક્ષણનાં પ્રશ્નો હળવા થતાં લાગશે. સામાજિક કાર્યોમાં જશપ્રાપ્તિની ઈચ્છા મહદ્ અંશે ફળતી લાગશે. ગુરૂ ભાગ્યને દૃષ્ટિ કરે છે. સર્વિસ કરતી મહિલાઓ માટે વિકાસની તક ઉપલબ્ધ થશે. કાર્યની કદર થતાં હર્ષ પામશો. આર્થિક આયોજન કરવા કર્મશીલ બનશો. ધર્મકાર્ય, યાત્રા-પ્રવાસ વગેરેની ઈચ્છા ફળતી લાગશે. રાહુ ચતુર્થ ભુવનમાં રહેશે. ઝડપી વાહનો કે પડવા-વાગવા અંગે સાવચેતી કેળવવી ઈચ્છનીય બનશે. દ્વિતિયેશ શનિ વર્ષનાં ઉત્તરાર્ધમાં વક્રી બનશે. પરિવારનાં સભ્યોનાં અલગ-અલગ મતથી માનસિક પરેશાની ઉદ્‌ભવતી લાગશે. અહિં હળવાશથી પ્રશ્નો ઉકેલશો તો હર્ષ પામશો. રાહુ ભૌતિક સુખનો કારક છે. જે ત્રિકોણમાં રહેલો છે. ભૌતિક સુખ-સગવડનાં સાધનો વસાવવાની ઈચ્છા પૂર્ણ થતી લાગશે. જૂની બિમારીમાં સમયાંતરે ડોક્ટરોની સલાહ લેવી ઈચ્છનીય બનશે. નાની-નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. તા.૧૨-૦૭ થી ધનેશ શનિ વક્રી બનશે. ખરીદીમાં જતાં નાણાં અલગ-અલગ જગ્યાએ રાખશો. આર્થિક જામીનગીરી જેવા કાર્યો શક્ય હોય તો નિવારશો. તા.૧૨-૦૪ થી રાહુ મનસ્થાનમાં રહેશે. જેથી ઘણીવાર બિનજરૂરી ચિંતા, ભય ઉદ્‌ભવતો લાગશે. યોગ, મેડીટેશનથી હળવાશ અનુભવી શકશો. નવું વર્ષ વિકાસની સાથે સાવચેતીથી જીવનપંથમાં કદમ માંડવાનું સૂચવે છે.

ઉપસંહાર :- વિક્રમસંવત ૨૦૭૮માં પહેલે, બીજે, ત્રીજે ગુરૂ. પહેલે, બીજે શનિ પાંચમે, ચોથે રાહુ પરિભ્રમણ કરશે. મોટી પનોતીનાં અનુભવોમાંથી પસાર થશો. ખાન-પાનમાં પરેજી કેળવીને તંદુરસ્તીની કિંમત સમજતાં

થશો. જ્ઞાનપ્રાપ્તિનો રસ મધુર લાગશે. ધનેશ વક્રી બનશે. ધન, સમયની કિંમત સમજતાં થશો. આકસ્મિક ખર્ચ સમયે ધન-ધનનો સંબંધો સમજતા થશો. વિવાદોથી દૂર રહેવા કોશિષ કરશો. કેન્દ્રનો ગુરૂ આકાંક્ષાઓની મંજિલે પહોંચવા હિંમત આપતો લાગશે. ચોથા રાહુનાં મનોભારમાંથી મુક્ત રહેવા કોશિષ કરશો. ભૌતિક સુખોની દુનિયામાં બાહ્ય સુખ મેળવવા પ્રયત્ન કરશો. તેમાં ઘણીવાર આંતરિક સુખ ખોવાયેલું લાગશે. ભાગ્યમાં દૃષ્ટિ કરતો ગુરૂ ભાગ્યોદયની ક્ષિતિજને પામવા દોટ મૂકાવશે! કેટલું દોડશો? જન્મકુંડળીનાં ગ્રહો અહિં પ્રત્યુતર આપશે.



કુંભ (ગ.સ.) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં પ્રારંભ સમયે આપની રાશિકુંડળીમાં પહેલે નેપ્ચ્યુન, ત્રીજે હર્ષલ, ચોથે રાહુ, નવમે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, દસમે કેતુ, અગિયારમે શુક્ર તથા બારમે પ્લૂટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ રહેલો છે. વર્ષપ્રારંભે મોટી પનોતીનો પ્રથમ તબક્કો ચાલું છે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાન તથા અષ્ટમભુવનમાં કોઈ ગ્રહ નથી. રાશિમાં નેપ્ચ્યુન રહેલો છે. રાશિપતિ શનિ બારમે સ્વગૃહી છે. જેથી તંદુરસ્તી એકંદરે સારી રહેશે. ઉત્સાહ ઉમંગ રહે. તા.૨૦-૦૨ થી તા.૦૭-૦૪ દરમ્યાન ખાન-પાનમાં પરેજી કેળવવી ઈચ્છનીય ગણાય. રાહુ વર્ષનાં પૂર્વાધમાં મનસ્થાનમાં છે. જેથી ઘણીવાર કારણ વગર ઉગ્રતા, મનોભાર રહેતો લાગશે. જૂની બિમારીમાં સમયાંતરે ડોકટરની સલાહ ઈચ્છનીય બનશે. તા.૨૯-૦૪ થી તા.૧૨-૦૭ દરમ્યાન વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ચિંતિત રહી શકો. વર્ષનાં પૂર્વાધમાં રોગપ્રતિકારક શક્તિ વિકસાવી શકશો. નાની-નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. પરિવારમાં અગ્રેસર બનીને દોડધામ કરતાં થાકની ફરિયાદ કરશો. ભૌતિક સુખોની તમન્નાથી શરીર ઉપર વધુ પડતો બોજ નાખશો તો ડોકટરની મુલાકાત શક્ય બનશે. ડિસેમ્બરથી માર્ચ દરમ્યાન વધુ પડતા ગળપણથી ડોકટરની મુલાકાત શક્ય બનશે. રાહુ ચોથે છે. માતૃ કે માતૃપક્ષનાં સગાની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ખર્ચ, દોડધામ રહેશે. વર્ષનાં મધ્યભાગમાં જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ-ચિંતા ઉદ્દભવી શકશે. મે-જુન દરમ્યાન કાર્યને ઠેલવાથી મનોભાર ન સર્જાય તે જોજો. શરીરનું વજન ઘટાડવાનાં પ્રયત્નો વર્ષનાં પૂર્વાધમાં ફળતા લાગશે. મોટી પનોતી ચાલુ છે. જાન્યુઆરી-મે દરમ્યાન સંતાનની તંદુરસ્તીનાં પ્રશ્નો અંગે ચિંતિત રહેશો. બેઠાડું જીવનથી વજન વધતું લાગશે. બિનજરૂરી ઉજાગરા કે વ્યર્થ દોડધામ ન કરતાં સમયનું મૂલ્ય સમજીને તેને બચાવવાની કોશિષ કરશો તો નવા વર્ષમાં ડોકટરની મુલાકાત ઘટી શકશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં કોઈગ્રહ નથી. ધનેશ ગુરૂ ભાગ્યભુવનમાં રહેલો છે. જેથી આર્થિક ક્ષેત્રે વિકાસ રહેશે. પારિવારિક પ્રશ્નો ઉકલતા લાગશે. અટકતાં લાભો કે પારિવારિક ભાગ-બટાઈથી મળતા લાભો અંગે અનુકૂળતા રહેતી લાગશે. તા.૨૦-૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન ગુરૂની ભાગ્યસ્થાન ઉપર દૃષ્ટિ રહેશે. જેથી અટકતાં આર્થિક લાભો કે ઉઘરાણી જેવા કાર્યોમાં સફળતા મળતી લાગશે. નવા આર્થિક કરારો અંગે સારૂં રહેશે. વર્ષપ્રારંભે ગુરૂ બારમે છે. જેથી નાણાંનું ખોટું રોકાણ ન થઈ જાય તે જોજો. શિક્ષણ, ઘરખર્ચ તથા વ્યવહારીક કાર્યોમાં વિશેષ ખર્ચ થતાં આર્થિક આયોજન ઈચ્છનીય બનશે. જીવનસાથીથી આર્થિક લાભ મધ્યમ રીતે વધતો લાગશે. તા.૧૦-૦૮ બાદ રહેઠાણ, જમીન વગેરે પાછળ ખર્ચ થતો લાગશે. મંદગ્રહ શનિ તા.૧૨-૦૭ થી વક્રી બનશે. આર્થિક વિકાસ મંદ પરંતુ સ્થિર ગતિએ થતો લાગશે. આર્થિક જામીનગીરી જેવાં કાર્યો શક્ય હોય ત્યાં સુધી નિવારશો. તા.૨૦-૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન ગુરૂ રાશિમાં રહેશે. ગુરૂની નવમે દૃષ્ટિ રહેતા ભાગ્યોદયની તક પ્રાપ્ત થતી લાગશે. નવા સંબંધો લાભદાયી રહેશે. વક્રી શનિની દૃષ્ટિ ધનભાવ ઉપર રહેતા નાણાંનું ખોટું રોકાણ ન થઈ જાય તે જોજો. બિનજરૂરી ખરીદી નિવારશો. સંતાનનાં શિક્ષણ કે તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ વધતાં લોન લેવાનું કે કરકસર કરવાનું વિચારશો. જૂની બિનજરૂરી વસ્તુઓનાં નિકાલથી થોડા નાણાં મળતાં હર્ષ રહેશે. આર્થિક વિકાસની યોજનાઓ અંગે હકારાત્મક વલણ અપનાવી શ્રમ કરશો, તો બેન્ક-બેલેન્સમાં વધારો કરી શકશો.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં રાશિપતિ શનિ રહેલો છે. જેથી મંદ પરંતુ સ્થિરગતિએ વિકાસ થતો લાગશે. તા.૧૩-૦૪ થી પારિવારિક સંયુક્ત ધંધામાં વિશેષ પ્રગતિ થતી લાગશે. ધંધાની નવી શાખા કે એજન્સી આપવા અંગે અનુકૂળતા રહેતી લાગશે. ભાગીદારીનાં પ્રશ્નો તા.૧૨-૦૪ બાદ ઉકેલી શકશો. મોટી પનોતી ચાલુ છે. ધંધાનાં અગત્યનાં નિર્ણયો, કરારો વગેરે અંગે સાવચેતી ઈચ્છનીય બનશે. નવા ગ્રાહકો, સંબંધો લાભદાયી રહેશે. કેતુ કર્મભુવનમાં છે. દેશાવરનાં કામોમાં સાવચેતીથી કાર્ય કરતાં લાભ મેળવી શકશો. સંતાનનાં નામથી ધંધો હશે તો વર્ષનાં ઉત્તરાર્ધમાં સારૂં ફળ મળતું લાગશે. તા.૧૨-૦૭ થી શનિ વક્રી બનશે. કર્મચારીઓ, વહીવટી ખર્ચ વગેરે પ્રશ્નોથી ચિંતિત રહેશો. કાર્યબોજથી થાકની ફરિયાદ કરશો. ચોથો રાહુ તથા પનોતી હોતા ધંધા વ્યવસાયમાં નફાનું પ્રમાણ ઘટી શકે છે! તા.૧૨-૦૪ થી કાર્યશક્તિનો વિકાસ થતો લાગશે. રાહુ ત્રીજે રહેતાં વર્ષનાં ઉત્તરાર્ધમાં ભાઈ-બહેનોનાં પ્રશ્નો હળવા થતાં લાગશે. નાની મુસાફરી લાભદાયી રહેશે. ધંધાની જગ્યાનાં પ્રશ્નો ઉકલતાં હર્ષ પામશો. કાચામાલનાં વધતાં ભાવથી નફાનું પ્રમાણ ઘટતું લાગશે. અહિં લેબરવર્ગ, ટ્રાન્સપોર્ટ, વીજળી, વગેરેમાં કરકસરથી આર્થિક સમતુલા જાળવી શકશો. સામાજિક કે માંગલિક પ્રસંગોએ વધું ખર્ચ કરતાં ધંધાની મૂડી ન ઘટે તે જોજો. ધનપ્રાપ્તિની દોટમાં અનિયમિતતાથી તંદુરસ્તી બગડી શકે છે! જીવનસાથીના નામથી ધંધો હશે તો ડિસેમ્બર થી માર્ચ દરમ્યાન પ્રગતિ થતી લાગશે. સ્ટોક, માર્કેટિંગ, જાહેરાત વગેરે અંગે વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. જન્મકુંડળીનો ધનેશ, ભાગ્યેશ તથા શુક્ર, મંગળ બળવાન હશે તો ભાગ્યોદયની ક્ષિતિજ નજીક રહેતી લાગશે.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના સેવાસ્થાનમાં રાહુ રહેલો છે. કર્મેશ મંગળ આઠમે છે. જેથી કાર્યબોજ રહેશે. સ્પર્ધાત્મક કાર્યોમાં ટાર્ગેટ પૂરો કરવામાં સફળતા મળતી લાગશે. અધિકારી વર્ગથી સહકાર પ્રાપ્ત થશે. સહકર્મચારીથી વિવાદ નિવારશો. રાહુ ચોથે છે. જેથી ઘણીવખત બિનજરૂરી મનોભાર રહેતો લાગશે. તા.૧૨-૦૪ બાદ કાર્યોમાં સફળતા મળતા હર્ષ અનુભવશો. પ્રમોશનની તક ઉદ્દભવશે. વર્ષપ્રારંભે પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. ખર્ચયોગ વધતો લાગશે. તા.૧૩-૦૪ થી આવકવૃદ્ધિ થતાં હર્ષ અનુભવશો. ખાતાંકીય પરીક્ષા કે પૂરક જ્ઞાનપ્રાપ્તિનાં કોર્ષ અંગે અનુકૂળતા રહેશે. ભાગ્યસ્થાનમાં છાયાગ્રહ છે. પરદેશનાં કાર્યોમાં સફળતા મળતી લાગશે. સર્વિસ સાથે સાઈડ બિઝનેસ કરતાં હો તો તા.૨૦-૧૧ થી તા. ૧૩-૦૪ દરમ્યાન પ્રગતિ થશે. ફરજનાં પ્રવાસ દરમ્યાન તંદુરસ્તી, નાણાંકીય બાબતો અંગે જાગૃતતા કેળવવી જરૂરી બનશે. તા.૨૯-૦૪ થી શનિ રાશિમાં રહેશે. જેથી મંદગતિએ કાર્ય સફળતા રહેશે. તા.૧૦-૦૮ થી તા.૧૬-૧૦ દરમ્યાન પડવા-વાગવા કે અગ્નિ-ઈલેક્ટ્રીકથી તકેદારી કેળવશો. વર્ષનાં પ્રારંભે નાણાંકીય જવાબદારીવાળા કાર્યોમાં વિશેષ સાવધાની વર્તવી જરૂરી બનશે. વધુ પડતો વિશ્વાસ મનોભાર ન સર્જે તે જોજો. વર્ષનાં પૂર્વાધમાં સર્વિસ કરતી મહિલાઓને પારિવારિક તથા સર્વિસની જવાબદારીઓથી થાકની ફરિયાદ રહેશે. ચોથો રાહુ તથા પનોતી હોતા જૂની બિમારી અંગે સાવચેત રહેવાનું સૂચવે છે. વર્ષપ્રારંભે શનિ ધનભાવે દૃષ્ટિ કરે છે. જેથી મંદગતિએ ધનપ્રાપ્તિ થતી લાગશે. એપ્રિલ તથા જુન-જુલાઈ દરમ્યાન સંતાનથી આર્થિક લાભ પ્રાપ્ત થતાં હર્ષ અનુભવશો. તા.૨૦-૧૧ થી તા.૧૩-૦૪ દરમ્યાન ત્રિકોણભાવને દૃષ્ટિ કરતો ગુરૂ ઈચ્છાઓ પૂર્ણ કરવામાં સહાયક બનશે.

વિદ્યાર્થિઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં કોઈ ગ્રહ નથી. ભાગ્યભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. જેથી વિદ્યાપ્રાપ્તિમાં સારૂં રહેશે. જ્ઞાનપ્રાપ્તિ અંગે વતનથી દૂર જવા વિચારતાં હો તો સફળતા મળતી લાગશે. વર્ષપ્રારંભે રાહુ વિદ્યાસ્થાનથી બારમે છે. જેથી જ્ઞાનપ્રાપ્તિ અંગે ખર્ચ વધતો લાગશે. રાહુ ચોથે હોતા પડવા-વાગવા કે ઝડપી વાહનો અંગે તકેદારી કેળવશો. અભ્યાસ સાથે પૂરક પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિનાં પ્રયત્નો વર્ષનાં પૂર્વાધમાં ફળતા લાગશે. તા.૧૩-૦૪ થી સ્કોલરશિપ કે અન્ય આર્થિક લાભ જન્મનાં ગ્રહોને આધીન પ્રાપ્ત થતાં લાગશે. તા.૧૨-૦૪ થી રાહુ ત્રીજે રહેશે. સ્પર્ધાત્મક કાર્યોમાં સફળતા મળતી લાગશે. પરિવારભાવ ઉપર શનિની દૃષ્ટિ હોતા પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. તા.૨૦-૦૨ થી તા.૦૭-૦૪ દરમ્યાન ખોટા-સાહસો, દેખાડો કરવાની

વૃત્તિ નિવારશો. અહિં આકસ્મિક ખર્ચ ઉદ્ભવી શકે છે. નાના-નાના સર્ટિફિકેટ કોર્ષ અંગે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહેશે. ખાન-પાનમાં પરેજી જરૂરી બનશે. જંકફૂડથી વજન વધે નહિં તે જોજો. કરકસરથી નાણાં બચાવશો તો સંશોધન, પ્રોજેક્ટ જેવા કાર્યોમાં અનુકૂળતા રહેતી લાગશે. જૂન કે ઓગષ્ટ દરમ્યાન રમત-ગમત સ્પર્ધામાં સારો દેખાવ કરી શકશો. 'બધું જ આવડે છે.' તેવો વધુ પડતો આત્મવિશ્વાસ પરીક્ષા સમયે નિરાશ ન કરે તે જોજો. વર્ષપ્રારંભથી જ પરીક્ષાની તૈયારીમાં લાગી જશો તો મોટી પનોતી. રોશા રાહુનાં મનોભારમાંથી મુક્ત રહી શકશો. [illegible] નાખવું જરૂરી બનશે. [illegible] વધુ ને વધુ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનો પંચમેશ તથા ગુરૂ અહિં નિર્ણાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથીભાવમાં કોઈગ્રહ નથી. ભાગ્યભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. તા.૨૦-૧૧ થી ગુરૂની દ્રષ્ટિ સપ્તમભુવન ઉપર રહેશે. જેથી જીવનસાથીથી લાભ, સહકાર પ્રાપ્ત થશે. તા.૨૦-૦૨ થી તા.૦૭-૦૪ દરમ્યાન વિવાદો નિવારશો. સ્વકર્મે ધન પ્રાપ્ત કરતી મહિલાઓ માટે તા.૦૪-૧૨ થી તા.૨૦-૦૨ દરમ્યાન નવી તક, લાભ, સફળતા મળતી લાગશે. ખાન-પાનમાં પરેજી કેળવીને વધતાં વજનને નિયંત્રણમાં રાખી શકશો. તા.૨૯-૦૪ થી શનિ રાશિમાં રહેતા ઘણીવખત મંદગતિએ કાર્યો ઉકલતા લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં સંતાનનાં શિક્ષણ, રોજગારી, લગ્ન, વગેરે જેવા પ્રશ્નોથી ચિંતિત રહેશો. તા.૧૨-૦૪ થી રાહુ પરાક્રમ ભુવનમાં આવતાં કાર્યશક્તિનો વિકાસ કરી શકશો. રચનાત્મક કાર્યોમાં સફળતા મળતી લાગશે. લાભેશ વર્ષનાં પૂર્વાર્ધમાં રાશિમાં રહેતા મિત્રો-સહેલીઓથી લાભ,સહકાર પ્રાપ્ત થશે. સસ્તી મળતી વસ્તુઓની લાલચથી નુકશાન સંભવી શકે છે. ગૃહસજાવટની ઈચ્છા વર્ષનાં મધ્યભાગ બાદ ફળતી લાગશે. નાના-નાના પ્રવાસનો આનંદ પ્રાપ્ત કરી શકશો. સામાજિક કે માંગલિક કાર્યો પાછળ વિશેષ સમય, ધનનો ખર્ચ રહેશે. સર્વિસ કરતી મહિલાઓ માટે મે થી જુલાઈ દરમ્યાન કાર્યફેર કે પ્રમોશનનાં પ્રશ્નો ઉકલતા લાગશે. માતૃ કે માતૃપક્ષનનાં પ્રશ્નો અંગે તા.૧૨-૦૪ બાદ હળવાશ રહેશે. મોટી પનોતી ચાલું છે. જન્મનો શનિ બલિષ્ઠ હશે તો અહિં પનોતી લાભદાયી બનતી લાગશે. લેખન કાર્યો, આયોજન વગેરેમાં તા.૧૨-૦૪ બાદ સફળતા મળતી લાગશે. ધર્મકાર્ય, યાત્રાની ઈચ્છા પૂર્ણ થતી લાગશે. રાશિપતિ વર્ષનાં ઉત્તરાર્ધમાં મૂળ ત્રિકોણ રાશિમાં આવતા તંદુરસ્તીનાં પ્રશ્નો હળવા બનતાં લાગશે. ભાગ્યને દ્રષ્ટિ કરતો ગુરૂ વિકાસમાં સહાયક બનશે.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં ચોથે, ત્રીજે રાહુ, બારમે, પહેલે શનિ, તથા બારમે પહેલે, બીજે ગુરૂ પરિભ્રમણ કરશે. જીવનનાં અનુભવો લઈને પરિપક્વ બનશો. શ્રમથી સફળતાં મેળવવા કર્મશીલ બનશો. ગુરૂ ધર્મવૃત્તિ સાથે આર્થિક વિકાસ કરવામાં સહાયક બનશે. ગૃહસ્થ પરિવાર જીવનમાં ઉદાર બનીને ફરજ નિભાવશો. ચોથો રાહુ મનોભારની ગલીમાંથી પસાર કરાવશે! જાગૃત બનીને આર્થિકક્ષેત્રે મજબૂત બનવા પ્રયત્નશીલ બનશો. ભાગ-બટાઈથી મળતાં આર્થિક લાભોમાં ઉદારતાવૃત્તિ રાખશો. રાશિનો શનિ ઘણીવખત લાગણીનાં સંબંધોમાં મૃગજળનો અનુભવ કરાવશે. સામાજિક સંબંધોમાં જન્મો-જન્મનું ઋણ ચૂકવશો. ભૌતિક સુખો પાછળ સમય, ધનનો વ્યેય કરશો. ભાગ્યોદયની ક્ષિતિજે પહોંચવા ઝડપી કદમ માંડશો. મંજિલ કેટલી દૂર હશે? જન્મકુંડળીનો ભાગ્યેશ અહિં પ્રત્યુત્તર આપશે.



મીન (દ.ચ.ઝ.થ.) :- વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીમાં બીજે હર્ષલ, ત્રીજે રાહુ, આઠમે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, નવમે કેતુ, દસમે શુક્ર, અગિયારમે પ્લુટો, સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ, તથા બારમે નેપ્ચ્યુન રહેલો છે. તા.૨૯-૦૪ થી તા.૧૨-૦૭ દરમ્યાન મોટી પનોતીનો પ્રથમ તબક્કો રહેશે.

તંદુરસ્તી :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં રોગશત્રુ સ્થાનમાં કોઈ ગ્રહ નથી. અષ્ટમ ભુવનમાં ચંદ્ર, બુધ, ગુરૂ, નિચનો સૂર્ય રહેલો છે. રાશિપતિ આઠમે હોતા તંદુરસ્તી એકંદરે મધ્યમ રહેશે. જૂની બિમારીમાં સમયાંતરે ડોક્ટરની સલાહ લેવી ઈચ્છનીય બનશે. સાતમે મંગળ રહેલો છે. જીવનસાથીની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ રહે. મુસાફરીમાં અજાણ્યા કે વાસી ખાદ્યપદાર્થો લેવાનું નિવારશો. પાંચમે રાહુ છે. સંતાનની રહેણી-કરણીથી વિવાદ રહે. અષ્ટમ ભુવનમાં ચતુર્થ ગ્રહ યુતિ છે. કમર-પેટને લગતા રોગો અંગે તકેદારી કેળવવી ઈચ્છનીય બને. યાત્રા-પ્રવાસમાં ખોટા સાહસો, ઉતાવળ કે ઉશ્કેરાટથી શારીરિક તકલીફ ન થાય તે જોજો. સામાજિક કાર્યોમાં વધુ પડતી દોડધામથી થાકની ફરિયાદ કરશો. ગુરૂ આઠમે છે. વડીલવર્ગની તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ, ચિંતા રહે. વર્ષપ્રારંભથી તા.૦૪-૧૨ તથા એપ્રિલ-મે દરમ્યાન પડવા-વાગવા અંગે સાવચેતી ઈચ્છનીય બનશે. નાની-નાની બિમારીમાં જાતે દવા લેવાનું નિવારશો. આહારવિહારથી [illegible] મનોભાર ન રહેવાય તે જોજો. [illegible] રાખવી ઈચ્છનીય બનશે. જૂના વ્યસનો ત્યજતાં માનસિક રાહત સાથે શરીરનો પણ રાહત રહેતી લાગશે. સંતાનની આર્થિક માંગથી ચિંતિત રહેશો. સર્વિસ કરતી મહિલાઓ માટે વર્ષના મધ્યભાગમાં [illegible] ફરજ બજાવતાં મનોભારમાંથી મુક્ત રહી શકશો. સગા-સંબંધીઓનાં તંદુરસ્તીનાં પ્રશ્નોથી ખર્ચ-દોડધામ રહેશે. રાહુ ત્રીજે છે. સ્વસ્થ તંદુરસ્તી માટે યોગ્ય આરામ, પૌષ્ટિક ખોરાક તથા કસરત જરૂરી બનશે. નવમે કેતુ હોતા ધર્મ, આધ્યાત્મિકતા, મોક્ષ વગેરે અંગે વિચારવામાં, મનોમંથન કરવામાં સહાયક બનશે.

આર્થિક બાબતો :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં ધનસંગ્રહ સ્થાનમાં હર્ષલ, લાભસ્થાનમાં સ્વગૃહી શનિ, નિચભંગ થતો ગુરૂ રહેલ છે. જેથી આર્થિક ક્ષેત્રે સારૂં રહે. તા.૦૪-૧૨ થી તા.૧૬-૦૧ ધનેશ ભાગ્યસ્થાનમાં રહેતાં નાના-મોટા લાભો પ્રાપ્ત થાય. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન મિત્રો સહેલીથી સહકાર રહે. વ્યયેશ શનિ તા.૧૨-૦૭ થી વક્રી બનતા આકસ્મિક ખર્ચ ઉદ્ભવે. અહિં અગાઉ કરેલી બચત ઉપયોગી બને. બિનજરૂરી ખરીદી નિવારશો. ગુરૂ રાશિમાં રહેશે. ધાર્મિક કે માંગલિક પ્રસંગોએ ખર્ચ વધતો લાગશે. દેખાડો કરવાની વૃત્તિથી લોન લેવાનું બની શકે! આર્થિક જામીનગીરી જેવા કાર્યો સમજપૂર્વક કરશો. સંતાનનાં શિક્ષણ કે માંગલિક કાર્યો પાછળ ખર્ચ વધતો લાગશે. મંદગ્રહ શનિ ધનસ્થાનને દ્રષ્ટિ કરશે. જેથી ઘણીવખત આવક મંદ થતી લાગશે. રાહુ ત્રીજે છે. જે કાર્ય કરવામાં ઉત્સાહિત રખાવશે. હપ્તે મળતી વસ્તુઓ સમજપૂર્વક વસાવશો. છાયાગ્રહ ભાગ્ય ભુવનમાં રહેતાં પરદેશથી નાના-નાના લાભો પ્રાપ્ત થતાં લાગશે. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવા લોકોએ આર્થિક આયોજન કરવું હિતાવહ બનશે. સંયુક્ત ભાગ-બટાઈનાં પ્રશ્નોમાં બાંધછોડ જરૂરી બનશે. તા.૧૩-૦૪ બાદ સંતાનથી આર્થિક લાભ પ્રાપ્ત થતો લાગશે. મે માસ બાદ ભાગીદારીનાં આર્થિક પ્રશ્નો ઉકલતા લાગશે. વર્ષનાં મધ્યભાગમાં આકસ્મિક ખર્ચ ઉદ્ભવી શકશે. લાભેશ શનિ વર્ષનાં ઉત્તરાર્ધમાં વક્રી બનશે. નાના-નાના જોખમી કાર્યો નિવારશો. વધુ વ્યાજ કે વળતરની લાલચે ખોટી જગ્યાએ નાણાંનું રોકાણ ન થઈ જાય તે જોજો. મે-જૂન મોટી પનોતી આવશે. અહિં બિનજરૂરી ખર્ચ નિવારશો. એપ્રિલ બાદ જીવનસાથીની આવકવૃદ્ધિ થતાં હર્ષ પામશો. આર્થિક આયોજન, કરકસરથી વ્યવહાર કરશો તો બેન્ક-બેલેન્સમાં વધારો કરી શકશો. ગોચરનાં ગ્રહો આવક સામે જાવક દર્શાવે છે.

ધંધો વ્યવસાય :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં કર્મભુવનમાં શુક્ર રહેલો છે. કર્મેશ ગુરૂ લાભસ્થાનમાં નિચભંગ બનીને રહેલો છે. જેથી કર્મનાં ક્ષેત્રે પ્રગતિ રહે. ડિસેમ્બર-જાન્યુઆરી તથા જુન-જુલાઈ દરમ્યાન પારિવારિક સંયુક્ત ધંધામાં વિશેષ આવકવૃદ્ધિ થતી લાગશે. ત્રીજે રાહુ વર્ષ દરમ્યાન કાર્યશીલ રખાવશે. પરાક્રમ, સાહસની વૃદ્ધિ થતી લાગશે. ગુરૂ પંચમભુવનને દ્રષ્ટિ કરશે. સંતાનનાં નામથી ધંધો-વ્યવસાય હશે તો વિશેષ પ્રગતિ થતી લાગશે. આર્થિક ક્ષેત્રે સુધારો જોવા મળશે. વર્ષપ્રારંભે શનિ લાભસ્થાનમાં છે. જૂની ઉઘરાણી કે અટકતાં નાણાં પ્રાપ્ત થાય. કર્મનાં સ્થળે ભૌતિક સુખોનાં સાધનો વસાવવાની ઈચ્છા ફળતી લાગે. દેશાવરનાં કાર્યોમાં સારૂં રહે. ઉત્પાદનક્ષેત્રે નવી વસ્તુ બનાવવા અંગે વસ્તુની પડતર કિંમત, બજારની માંગ, હરિફ વગેરે પ્રશ્નોનો પૂર્ણ અભ્યાસ જરૂરી બનશે. તા.૧૨-૦૭ થી શનિ વક્રી બનતાં પ્રોજેક્ટોમાં આયોજનમાં વિલંબ ઉદ્ભવી શકે. નવા વ્યાપારી સંબંધો લાભદાયી બનતા લાગશે. આયોજન પૂર્વક વહીવટી ખર્ચ ઘટાડવો જરૂરી બનશે. તા.૨૯-૦૪ થી મોટી પનોતી સર્જાતો શનિ કાર્યમાં વિલંબ કે

આળસવૃત્તિ કરાવી શકે। જીવનસાથીનાં નામથી ધંધો–વ્યવસાય હશે તો જાન્યુઆરી, એપ્રિલ–મે દરમ્યાન પ્રગતિ થતી લાગશે. તા.૧૪–૦૧ થી તા.૧૨–૦૨ તથા મે–જૂન દરમ્યાન અધિકારીવર્ગથી વિવાદ નિવારશો. ધંધાની મિલકતનાં રિનોવેશન અંગે ખર્ચ વધતો લાગશે. અહિં લોન લેવાનું વિચારશો. લોન પરત ચૂકવણીની ક્ષમતા મુજબ લેશો. પલટાતા પ્રવાહને યોગ્ય રીતે પારખીને કદમ માંડશો તો સરળતાથી ભાગ્યોદયની ક્ષિતિજે આવીને ઉભા રહેશો.

નોકરિયાતો માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીના સેવાસ્થાનમાં કોઇ ગ્રહ નથી. ભાગ્ય ભુવનમાં કેતુ રહેલો છે. જેથી કર્મનાં ક્ષેત્રે શ્રમથી સફળતા મળશે. તા.૦૪–૧૨ થી તા.૧૬–૦૧ ભાગ્યેશ સ્વગૃહી બનતાં અટકતાં લાભો, પ્રમોશન જેવા પ્રશ્નો ઉકલતાં લાગશે. મે–જૂન દરમ્યાન વિશેષ ઉત્સાહ અનુભવશો. તા.૧૬–૧૦ થી વર્ષનાં ઉત્તરાર્ધ સુધી પડવા–વાગવા કે અગ્નિ–ઇલેકટ્રિકથી તકેદારી કેળવશો. માર્ચ- ઓગષ્ટ દરમ્યાન સહકર્મચારીથી સહકાર રહેશે. તા.૧૪–૦૧ થી તા.૧૨–૦૨ તથા તા.૧૬–૦૭ થી તા.૧૭–૦૮ દરમ્યાન અધિકારીવર્ગથી વિવાદ નિવારશો. વર્ષનાં મધ્યભાગમાં ખર્ચ વધતો લાગશે. તા.૧૩–૦૪ બાદ સંતાન પાછળ થતાં ખર્ચમાં ઘટાડો કરી શકશો. પરદેશનાં કાર્યોમાં સારૂં રહેશે. પ્રવાસમાં તંદુરસ્તીની, નાણાંકીય બાબતોની સાવચેતી ઇચ્છનીય બનશે. વર્ષનાં પૂર્વાધમાં લાભેશ શનિ લાભસ્થાનમાં રહેશે. કર્મનું ફળ લાભ સ્વરૂપે પ્રાપ્ત થતું લાગશે. સ્થળાંતર કે કાર્યફેર અંગે વર્ષનાં પ્રારંભે અનુકૂળતા રહેતી લાગશે. એપ્રિલ–મે દરમ્યાન બોલવામાં સંયમ જરૂરી બનશે. આળસથી કાર્યભાર વધતા મનોભાર રહેતો લાગશે. કર્મનાં ક્ષેત્રે સંતાનની પ્રગતિ થતાં હર્ષ અનુભવશો. ગ્રહ ઉપયોગી વસ્તુઓ વસાવવામાં સંતાનની લોન પ્રાપ્તિ સહાયક બનતી લાગશે. નિવૃત્તિની વયમર્યાદા નજીક હોય તેવી વ્યકિતઓએ કર્મ તથા અધૂરી જવાબદારીવાળા કાર્યો અંગે જાગૃતતા કેળવવી જરૂરી બનશે. સર્વિસ કરતી મહિલાઓ કાર્યબોજ તથા પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશે. આકસ્મિક ખર્ચ સમયે અગાઉ કરેલી બચત ખૂબ જ ઉપયોગી નિવડશે. સામાજિક સંબંધોમાં સફળતા મળતી લાગશે. ઉંચનો ગુરૂ તથા ત્રીજો રાહુ વર્ષનાં ઉત્તરાર્ધમાં ભાગ્યોદયની ગતિને વધારવામાં સહાયક બનશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં વિદ્યાભુવનમાં કોઇ ગ્રહ નથી. ભાગ્ય સ્થાનમાં કેતુ રહેલો છે. પંચમેશ આઠમે છે. જેથી વિદ્યાપ્રાપ્તિમાં વર્ષપ્રારંભથી જ વાંચન, ચિંતન, મનન કરશો તો જ સફળતા પ્રાપ્ત થતી લાગશે. મંગળ વર્ષપ્રારંભે વાણી સ્થાનને દૃષ્ટિ કરે છે. જેથી બોલવામાં ઉગ્રતા નિવારશો. ડિસેમ્બર, જાન્યુઆરી તથા ઓગષ્ટ થી ઓકટોબર દરમ્યાન ઉત્સાહ, ઉમંગ રહેતો લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં સ્વસ્થતાથી કાર્ય કરતા મનોભાર માંથી મુકત રહી શકશો. ખોટા સાહસો નિવારશો. વતનથી દૂર અભ્યાસ કરવા જવા વિચારતાં હો તો જે–તે સ્થળની પૂર્ણ માહિતી પ્રાપ્ત કરવી જરૂરી બનશે. અહિં ધાર્યા કરતાં વધારે ખર્ચ ઉદ્ભવી શકશો. વ્યસનો નિવારતાં આર્થિક સંતુલન જાળવી શકશો. વકી શનિ વિદ્યાભુવનને દૃષ્ટિ કરશે. ડિગ્રી કોર્ષનાં છેલ્લાં વર્ષનાં છાત્રોએ અભ્યાસ ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી બનશે. ભૌતિક સુખોની તમન્ના વિશેષ ઉદ્ભવતી લાગશે. પૂરક પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિનાં પ્રયત્નો અંગે તા.૧૩–૦૪ બાદ અનુકૂળતા રહેતી લાગશે. ગુરૂ કેન્દ્રમાં સ્વગૃહી બનશે. સ્કોલરશીપ કે અન્ય આર્થિક સહાય અંગે વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહેશે. સામાજિક કાર્યોમાં હર્ષ પ્રાપ્ત થશે. બિનજરૂરી ઉજાગરા, જંકફૂડ, સમયનો વ્યેય પરીક્ષા સમયે નિરાશ ન કરાવે તે જોજો. છાયાગ્રહ કેતુ ભાગ્ય ભુવનમાં છે. ભાગ્યનાં વિકાસ અંગે વિશેષ શ્રમ જરૂરી બનશે. પ્રોજેકટ, રિપોર્ટ કે વકતૃત્વ સ્પર્ધા વગેરેમાં સારા દેખાવ માટે પૂર્ણ શ્રમ જરૂરી બનશે. રમત–ગમત સ્પર્ધા વગેરેમાં વર્ષનો ઉત્તરાર્ધ અનુકૂળ રહેતો લાગશે. વર્ષપ્રારંભે તથા તા.૦૭–૦૪ થી તા.૧૭–૦૫ દરમ્યાન પારિવારિક પ્રશ્નોથી ચિંતિત રહેશો. શિક્ષણ પાછળ ખર્ચ વધતો લાગશે. પોકેટમનીમાં કરકસર કરીને આર્થિક સમતુલન જાળવી શકશો. જગત જ્ઞાનનો ખજાનો છે. આ ખજાનો મેળવશો કે સમય વેડફશો? જન્મનાં ગ્રહો અહિં નિર્ણાયક બનશે.

સ્ત્રીઓ માટે :- વર્ષપ્રારંભે આપની રાશિકુંડળીનાં જીવનસાથી ભાવમાં કોઇ ગ્રહ નથી. સપ્તમેશ બુધ આઠમે છે. ગુરૂનો નિચભંગ છે. જેથી ગૃહસ્થ જીવનમાં સારૂં રહેશે. પારિવારિક પ્રશ્નો મંદગતિએ હળવા થતાં લાગશે. રાહુ ત્રીજે છે. કાર્યશકિત વિકસતી લાગશે. અટકતાં કાર્યો ઉકલતાં હર્ષ પામશો. ભાઇ–બહેનનાં પ્રશ્નો પાછળ ખર્ચ, દોડધામ રહેશે. નાની મુસાફરીમાં તંદુરસ્તીની તકેદારી કેળવવી ઇચ્છનીય બનશે. પ્રવાસમાં જરૂરી દવાઓ, પ્રિસ્કીપ્શન સાથે રાખવી હિતાવહ રહેશે. સંતાનનાં પ્રશ્નો વર્ષનાં મધ્યભાગ બાદ ઉકલતા લાગશે. ધનેશ ત્રિકોણ કેન્દ્રમાં રહેતો આવક સામે જાવકનું સ્તોત્ર વધતું લાગશે. અહિં બિનજરૂરી ખરીદી, ખર્ચ નિવારીને હળવાશ અનુભવશો. વર્ષપ્રારંભે મંગળ આઠમે, શનિ બારમે છે. તંદુરસ્તીની તકેદારી કેળવવી જરૂરી બનશે. બિમારીનાં નાના–નાના પ્રશ્નોમાં પ્રારંભે જ સાવચેત રહેશો તો ડોકટરની મુલાકાત નિવારી શકશો. સામાજિક કે પારિવારિક પ્રશ્નોમાં વિવાદ નિવારશો. અહિં જતું કરવાની ભાવના કેળવવાથી મનની શાંતિ પ્રાપ્ત થતી લાગશે. સગા–સંબંધીઓની આર્થિક જામીનગીરી જેવા કાર્યોમાં સાવચેતી કેળવવી. ગુરૂ રાશિમાં રહેશે. વધતું વજન ઘટાડવાનાં પ્રયત્નો મંદગતિએ ફળતા લાગશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં પડવા–વાગવા કે અગ્નિ ઇલેકટ્રિકથી તકેદારી કેળવશો. ભાંડુનાં પ્રશ્નો કે પિયરપક્ષનાં પ્રશ્નો હળવા થતાં રાહત રહેતી લાગશે. પારિવારિક ભાગબટાઇ થી આર્થિક લાભ પ્રાપ્ત થતાં નાણાંભીડ હળવી થતી લાગશે.ભાગ્ય ભુવનમાં છાયાગ્રહ છે. પરદેશથી મળતા આર્થિક લાભોમાં વધારો થતો લાગશે. ધાર્મિક કે માંગલિક કાર્યો પાછળ દેખાડો કરવાની વૃત્તિ નિવારશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં જીવનસાથીથી મળતા આર્થિક લાભોમાં વૃદ્ધિ થતી લાગશે. સર્જનાત્મક શકિત વિસાવીને સ્વ: ને ઓળખવાનો પ્રયત્ન કરશો તો આંતરિક આનંદ પ્રાપ્ત કરી શકશો.

ઉપસંહાર :- વિક્રમ સંવત ૨૦૭૮માં ત્રીજે રાહુ, અગિયારમે સ્વગૃહી શનિ તથા નિચભંગ થતો ગુરૂ રહેલો છે. શ્રમ, કર્મનું ફળ ધનરૂપે પ્રાપ્ત થશે. આકસ્મિક ખર્ચમાં બચત વપરાતી લાગશે. ભાગ્યોદયની પ્રાપ્ત થતી તકને ઝડપવા કોશિષ કરશો. ગુરૂની ભાગ્ય સ્થાન ઉપર દૃષ્ટિ રહેતાં પ્રગતિ થતી લાગશે. જાગૃત રહેશો તો શ્રમનું વિશેષ ફળ પ્રાપ્ત થતું લાગશે. નાણાંકીય ક્ષેત્રે સાવચેતી કેળવશો. વિવાદો નિવારીને મનની શાંતિ જાળવી શકશો. વર્ષનાં ઉત્તરાર્ધમાં મોટી પનોતીનો પ્રારંભ થતાં સામાજિક સંબંધોમાં જન્મો–જન્મનું ઋણ ચૂકવશો. વિકાસ માટે પ્રબળ ઇચ્છાશકિતથી ભાગ્યોદયનાં દરવાજા ખોલવા પ્રયત્ન કરશો. કેટલા સફળ થશો? જન્મકુંડળીનાં ગ્રહો અહિં પ્રત્યુતર આપશે.

(દરેક રાશિની પનોતી વિષે માહિતી આગળ આપેલ છે.)

॥ અસ્તુ ॥

સંવત ૨૦૭૮માં બાર રાશિઓનું આવક જાવક કોષ્ટક

રાશિ	કારતક થી ફાગણ		ચૈત્ર થી આસો	
	આવક	જાવક	આવક	જાવક
મેષ	૦૮	૧૪	૧૪	૧૪
વૃષભ	૦૨	૦૮	૦૮	૦૮
મિથુન	૦૫	૦૫	૧૧	૦૫
કર્ક	૧૪	૦૨	૦૫	૦૫
સિંહ	૦૨	૧૧	૦૮	૧૪
કન્યા	૦૫	૦૫	૧૧	૦૫
તુલા	૦૨	૦૮	૦૮	૦૮
વૃશ્ચિક	૦૮	૧૪	૧૪	૧૪
ધન	૧૧	૦૫	૦૨	૦૮
મકર	૧૪	૧૪	૦૫	૦૨
કુંભ	૧૪	૧૪	૦૫	૦૨
મીન	૧૧	૦૫	૦૨	૦૮


આવક જાવકની સમજ : આવક અને જાવકનાં બન્ને આંકડાનો સરવાળો કરવો. આવેલ જવાબમાંથી એક બાદ કરવો. બાકી રહેલા આંકનો આઠ વડે ભાગાકાર કરવો. શેષ ૧,૨,૬,૭ રહે તો અનુક્રમે તેનું ફળ લાભ, સુખ, સન્માન, વિજય જાણવું । અન્ય શેષ ૩,૪,૫,૦ રહે તો અનુક્રમે તેનું ફળ ક્લેશ, રોગ, લોકપવાદ તથા નુકસાની સ્થૂળ રીતે જોવાય છે. આ ઉપરાંત મૂળ જન્મ કુંડળીનું બળ–ગોચર–ભોગવાતી દશા–અંતરદશા તથા શુભાશુભ કર્મ ફળદાયક બનતું હોય છે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષનો એકંદર વિચાર (પૂર્વાનુમાન)

વિક્રમસંવત ૨૦૭૭ ની સમાપ્તિ આસો વદ-૩૦, ગુરૂવાર તા.૦૫-૧૧-૨૦૨૧ ક.૦૨-૪૪ ના થઈને વિક્રમ સંવત ૨૦૭૮ નો પ્રારંભ થાય છે. નવા વર્ષના પ્રારંભ સમયે રાજધાની દિલ્હીમાં સિંહલગ્ન ઉદિત છે.

વર્ષ પ્રવેશની કુંડળી

તા. ૦૫-૧૧-૨૦૨૧, ક. ૦૨ મિ. ૪૪, દિલ્હી



લગ્નેશ સૂર્ય ત્રીજે નીચનો છે. ત્રીજે મંગળ બુધ, ચંદ્ર , સોથે કેતુ, પાંચમે શુક્ર, છઠ્ઠે, ગુરૂ-શનિ, સાતમે નેપ્ચ્યુન, નવમે હર્ષલ, તથા દસમે રાહુ રહેલ છે.

લગ્નેશ સૂર્ય, ભાગ્યેશ તથા યોગકારક મંગળ અને ધનેશ-લાભેશ મંગળથી યુતિમાં છે. જેથી ભારત વિકાસના માર્ગે ઝડપી પ્રગતિ કરશે. આર્થિકક્ષેત્રે વિકાસ સારો થશે. બજારમાં નાણાં ભીડ હળવી બનતી લાગશે. લોકોની રોજિંદી આવકમાં વૃદ્ધિ થશે. શનિ છઠ્ઠે છે. પ્રજાની તંદુરસ્તીમાં સુધારો થતાં કાર્યશકિત વધતા જી.ડી.પી માં વૃદ્ધિ થશે. પ્રવાસનક્ષેત્રે, વાહનવ્યવહાર, વિમાક્ષેત્રે વિકાસ રહેશે. ઉર્જાનો કારક મંગળ ભાગ્યભુવન દૃષ્ટિ કરે છે. જેથી સ્વચ્છ ઉર્જા અંગેના કાર્યોમાં વિકાસ રહે છે.

હરિફ રાષ્ટ્રોથી હળવાશ રહેશે. મેડીકલક્ષેત્રે નવા-નવા સંશોધનો ઉપયોગી બનશે. વિદ્યાપતિ ગુરૂનો નિચભંગ થાય છે. જેથી વિદ્યાનાં ક્ષેત્રે નવા સુધારા-પ્રગતિ વિકાસ રહેશે. જ્ઞાનપ્રાપ્તિ અંગે ખર્ચયોગ વધતો લાગશે. પરદેશ નિતીમાં ફેરફાર થતો જોવા મળશે.

છાયાગ્રહ ચોથે છે. જમીન-મિલકતનાં નિયમોમાં ફેરફાર થતો જોવા મળશે. નિકાસક્ષેત્રે પ્રગતિ રહેશે. હુંડીયામણમાં સારી વૃદ્ધિ જોવા મળશે.

શુક્ર ત્રિકોણમાં છે. સ્ત્રી સંસ્થાઓ, વિશેષ અગ્રેસર બનતી લાગશે. કલા-સંગીત, સાહિત્યક્ષેત્રે વિકાસ રહેશે. પ્રવાસનક્ષેત્રનો સારો વિકાસ થશે. પ્રજા ભૌતિકવાદી બનતા બચતનું પ્રમાણ ઘટતું લાગશે.

જળતત્વમાં એક જ ગ્રહ છે. ગરમીનું પ્રમાણ વધતું લાગશે. વૃક્ષારોપણ વિશે વિશેષ જાગૃતિ જરૂરી બનશે. ઘણી જગ્યાએ પાણીની ગંભીર સમસ્યાઓ ઉદ્‌ભવશે. ઋતુ પરિવર્તન થતું લાગશે.

શહેરીકરણનો વિકાસ થતા ગ્રામવિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી બનશે. બાંધકામક્ષેત્રે મોંઘુ થતા મકાનનો ભાવમાં વૃદ્ધિ જોવા મળશે. ગરીબવર્ગ માટે આવાસ યોજનાઓ ઝડપથી વિકાસતી લાગશે. સ્માર્ટસિટીના વિકાસમાં ગતિ આવતી લાગશે.

મનસ્થાનમાં કેતુ હોતા લોકો શાંતિ માટે ધર્મયોગ આધ્યાત્મિકતા તરફ વિશેષ આકર્ષિત થાય ખેત-ઉત્પાદનમાં વૃદ્ધિ રહે વધતી વસ્તી વિકાસનું ફળ ઘટાડતી લાગે. ભારત તેની માનવશકિતથી, યુવાશકિતથી, બૌદ્ધિકશકિતથી વિશ્વમાં અગ્રેસર બનતું લાગશે.

સંવત ૨૦૭૮નાં પંચકનાં દિવસો

પંચક બેસે

તિથિ	વાર	તારીખ	કલાક-મિનિટ
કારતક સુદ-૮	ગુરૂવાર	૧૧-૧૧-૨૦૨૧	૨૬-૫૩
માગશર સુદ-૬	ગુરૂવાર	૦૯-૧૨-૨૦૨૧	૧૦-૧૧
પોષ સુદ-૩	બુધવાર	૦૫-૦૧-૨૦૨૨	૧૯-૫૫
પોષ વદ-૩૦	મંગળવાર	૦૧-૦૨-૨૦૨૨	૩૦-૪૫
મહા વદ-૧૪	મંગળવાર	૦૧-૦૩-૨૦૨૨	૧૬-૩૧
ફાગણ વદ-૧૧	સોમવાર	૨૮-૦૩-૨૦૨૨	૨૩-૫૬
ચૈત્ર વદ-૦૯	રવિવાર	૨૪-૦૪-૨૦૨૨	૨૯-૩૦
વૈશાખ વદ-૦૭	રવિવાર	૨૨-૦૫-૨૦૨૨	૧૧-૧૩
જેઠ વદ-૦૫	શનિવાર	૧૮-૦૬-૨૦૨૨	૧૮-૪૪
અષાઢ વદ-૦૨	શુક્રવાર	૧૫-૦૭-૨૦૨૨	૨૮-૧૯
શ્રાવણ સુદ-૧૫	શુક્રવાર	૧૨-૦૮-૨૦૨૨	૧૪-૪૯
ભાદરવા સુદ-૧૩	ગુરૂવાર	૦૮-૦૯-૨૦૨૨	૨૪-૩૯
આસો સુદ-૧૧	ગુરૂવાર	૦૬-૧૦-૨૦૨૨	૦૮-૨૯

પંચક ઉતરે

તિથિ	વાર	તારીખ	કલાક-મિનિટ
કારતક સુદ-૧૨	મંગળવાર	૧૬-૧૧-૨૦૨૧	૨૦-૧૫
માગશર સુદ-૧૦	સોમવાર	૧૩-૧૨-૨૦૨૧	૨૬-૦૫
પોષ સુદ-૮	સોમવાર	૧૦-૦૧-૨૦૨૨	૦૮-૫૦
મહા સુદ-૬	રવિવાર	૦૬-૦૨-૨૦૨૨	૧૭-૧૦
ફાગણ સુદ-૩	શનિવાર	૦૫-૦૩-૨૦૨૨	૨૬-૨૯
ચૈત્ર સુદ-૧	શનિવાર	૦૨-૦૪-૨૦૨૨	૧૧-૨૧
ચૈત્ર વદ-૧૪	શુક્રવાર	૨૯-૦૪-૨૦૨૨	૧૮-૪૩
વૈશાખ વદ-૧૧	ગુરૂવાર	૨૬-૦૫-૨૦૨૨	૨૪-૩૯
જેઠ વદ-૧૦	ગુરૂવાર	૨૩-૦૬-૨૦૨૨	૦૬-૧૩
અષાઢ વદ-૦૭	બુધવાર	૨૦-૦૭-૨૦૨૨	૧૨-૫૧
શ્રાવણ વદ-૦૫	મંગળવાર	૧૬-૦૮-૨૦૨૨	૨૧-૦૭
ભાદરવા વદ-૦૩	મંગળવાર	૧૩-૦૯-૨૦૨૨	૦૬-૩૬
આસો વદ-૦૧	સોમવાર	૧૦-૧૦-૨૦૨૨	૧૬-૦૨

સંવત ૨૦૭૮નાં વીંછુડાનાં દિવસો

વીંછુડો બેસે

તિથિ	વાર	તારીખ	કલાક-મિનિટ
કારતક સુદ-૧	શુક્રવાર	૦૫-૧૧-૨૦૨૧	૨૧-૦૫
કારતક વદ-૧૪	શુક્રવાર	૦૩-૧૨-૨૦૨૧	૦૮-૨૬
માગશર વદ-૧૧	ગુરૂવાર	૩૦-૧૨-૨૦૨૧	૧૯-૦૫
પોષ વદ-૦૯	બુધવાર	૨૬-૦૧-૨૦૨૨	૨૭-૧૨
મહા વદ-૦૭	બુધવાર	૨૩-૦૨-૨૦૨૨	૦૮-૫૪
ફાગણ વદ-૦૫	મંગળવાર	૨૨-૦૩-૨૦૨૨	૧૪-૩૩
ચૈત્ર વદ-૦૨	સોમવાર	૧૮-૦૪-૨૦૨૨	૨૨-૦૭
વૈશાખ સુદ-૧૫	સોમવાર	૧૬-૦૫-૨૦૨૨	૦૭-૫૩
જેઠ સુદ-૧૩	રવિવાર	૧૨-૦૬-૨૦૨૨	૧૮-૩૨
અષાઢ સુદ-૧૦	શનિવાર	૦૯-૦૭-૨૦૨૨	૨૮-૨૦
શ્રાવણ સુદ-૦૯	શનિવાર	૦૬-૦૮-૨૦૨૨	૧૨-૦૫
ભાદરવો સુદ-૦૬	શુક્રવાર	૦૨-૦૯-૨૦૨૨	૧૭-૫૫
આસો સુદ-૦૪	ગુરૂવાર	૨૯-૦૯-૨૦૨૨	૨૩-૨૩

વીંછુડો ઉતરે

તિથિ	વાર	તારીખ	કલાક-મિનિટ
કારતક સુદ-૩	રવિવાર	૦૭-૧૧-૨૦૨૧	૨૧-૦૫
માગશર સુદ-૧	રવિવાર	૦૫-૧૨-૨૦૨૧	૦૭-૪૭
માગશર વદ-૧૪	શનિવાર	૦૧-૦૧-૨૦૨૨	૧૯-૧૮
પોષ વદ-૧૧	શુક્રવાર	૨૮-૦૧-૨૦૨૨	૨૯-૦૮
મહા વદ-૦૯	શુક્રવાર	૨૫-૦૨-૨૦૨૨	૧૨-૦૭
ફાગણ વદ-૭	ગુરૂવાર	૨૪-૦૩-૨૦૨૨	૧૭-૩૦
ચૈત્ર વદ-૦૪	બુધવાર	૨૦-૦૪-૨૦૨૨	૨૩-૪૨
વૈશાખ વદ-૦૩	બુધવાર	૧૮-૦૫-૨૦૨૨	૦૮-૧૦
જેઠ સુદ-૧૫	મંગળવાર	૧૪-૦૬-૨૦૨૨	૧૮-૩૨
અષાઢ સુદ-૧૦	સોમવાર	૧૧-૦૭-૨૦૨૨	૨૯-૧૬
શ્રાવણ સુદ-૧૧	સોમવાર	૦૮-૦૮-૨૦૨૨	૧૪-૩૭
ભાદરવા સુદ-૦૮	રવિવાર	૦૪-૦૯-૨૦૨૨	૨૧-૪૩
આસો સુદ-૦૬	શનિવાર	૦૧-૧૦-૨૦૨૨	૨૭-૧૧

પંચકની સમજ : કુંભનો ચંદ્ર થાય ત્યારે પંચક બેસે અને મેષનો ચંદ્ર થાય તે વખતે પંચક ઉતરી જાય છે. સાડા ચાર નક્ષત્રોનું પંચક થાય છે.

પંચકમાં : ઘર ઉપર છત ભરવી નહીં. પલંગ-ખાટીની સફાઈ, રીપેરીંગ કે ખરીદીનો ઓર્ડર આપવો નહીં. કેરોસીન-કોલસા-ગેસનો વધારાનો જથ્થો શક્ય હોય ત્યાં સુધી ખરીદવો નહીં. ઘરનુ ખાત કરવું નહીં. દક્ષિણ દિશા તરફ યાત્રાએ જવું નહીં તેમજ મૃતદેહને અગ્નિદાહ આપતી વખતે વિધિ કરીને અગ્નિસંસ્કાર આપવો. પંચકમાં પૂર્ણાંકમાં ઉંઠમણું રાખવું નહીં. પંચકમાં બનતા સુધી ઘર ભાડે લઈ ફેરવવું નહીં. આ સિવાય વિવાહ, વાસ્તુ વગેરે શુભ કામમાં પંચક ઉત્તમ ફળ આપે છે. અનુકુળ કામ પંચકમાં કરવાં નહીં પણ ઘણાં ખરાં શુભ કામ પંચકમાં કરવા.

વીંછુડાની સમજ : વિશાખાની છેલ્લી પંદર ઘડી, અનુરાધા અને જયેષ્ઠા મળી ત્રણ નક્ષત્ર (સવા બે દિવસ)નો વીંછુડો થાય છે. તેમાંનું અનુરાધા નક્ષત્ર શુભ કામમાં લેવું સાઈ છે.

વિક્રમ સંવત ૨૦૭૮ની સાલનું માસફળ (પૂર્વાનુમાન)

કારતક માસનો વર્તારો :- આ માસમાં પાંચ શુક્રવાર, શનિવાર છે. ઉદિત લગ્ન સિંહ છે. બીજે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ ચોથે કેતુ, પાંચમે શુક્ર, છઠ્ઠે ગુરૂ, શનિ પ્લુટો, સાતમે નેપ્ચ્યુન, નવમે હર્ષલ તથા દશમે રાહુ રહેલ છે. યોગકારક શનિ ધનેશથી સંબંધિત હોતા આર્થિકક્ષેત્રે વિકાસ રહેશે. પ્રજાની કાર્યશક્તિ વધતી જી.ડી.પી માં વૃદ્ધિ રહે. જમીન મિલકતના ભાવ વધતાં લાગે. વિદ્યાક્ષેત્રે પ્રગતિ રહે. ભાગ્યેશ લાભેશથી સંબંધિત હોતા મિત્રો રાષ્ટ્રોથી સહકાર રહે. નિકાસક્ષેત્રે વિકાસ રહે. સ્ત્રીસંસ્થાઓ વિશેષ પ્રગતિ કરે. આધુનિકતા નો વ્યાપ વધે. પ્રવાસનક્ષેત્રે સારો [illegible] જરૂરી બને.

માગશર માસનો વર્તારો :- આ માસમાં પાંચ શુક્રવાર, શનિવાર છે. ઉદિત લગ્ન [illegible] નેપ્ચ્યુન ત્રીજે [illegible] ચોથે રાહુ, આઠમમાં મંગળ, દશમે સૂર્ય, ચંદ્ર, બુધ, કેતુ, અગિયારમે ગુરૂ તથા બારમે શનિ, પ્લુટો રહેલા છે. લગ્નેશ બારમે હોતા પ્રજા ભૌતિકવાદી બનતા બચતનું પ્રમાણ ઘટતું લાગે. ચોથે રાહુ છે. વાહનવ્યવહાર ક્ષેત્રે આધુનિક ફેરફારો આવતા લાગે. વિદ્યાપતિ બુધ કેન્દ્રમાં છે. શિક્ષણ સંસ્થાઓના વિકાસ સારો થાય. ગુરૂની ભાગ્યસ્થાન ઉપર દષ્ટિ હોતા ધર્મકાર્ય, માંગલિક કાર્ય માં વિકાસ રહે. કલા, સંગીત, સાહિત્યક્ષેત્રે વિકાસ રહે. ધર્મ, યોગ, મેડીટેશન, યોગ વગેરે અંગે વિશેષ જાગૃતતા આવતી લાગે. કોમ્યુનિકેશન ક્ષેત્રે સારો વિકાસ રહે. હવામાન પરિવર્તનશીલ રહે. પરદેશનીતિમાં ફેરફાર સંભવે. સામાજીક, ધાર્મિક કાર્યોમાં વેગ આવે. ખાદ્યપદાર્થો ના ભાવ વધતા લાગે.

પોષ માસનો વર્તારો :- આ માસમાં પાંચ સોમવાર-મંગળવાર છે. ઉદિત લગ્ન કન્યા છે. ત્રીજે મંગળ કેતુ, ચોથે સૂર્ય, ચંદ્ર, શુક્ર પાંચમે બુધ, શનિ, પ્લુટો છઠ્ઠે ગુરૂ, નેપ્ચ્યુન, આઠમે હર્ષલ તથા નવમે રાહુ રહેલ છે. ધનેશ, લાભેશ ની યુતી હોતા આર્થિકક્ષેત્રે વિકાસ રહે. પ્રજા ભૌતિકવાદી બનતા બચતનું પ્રમાણ ઘટતું લાગે. મિલક્ત બજારમાં મધ્યમ તેજી સંભવે. સ્ત્રી સંસ્થાઓ અગ્રેસર બનતી લાગે. પ્રવાહી વસ્તુના ભાવ ઘટતા લાગે. ધાતુ બજારમાં મંદી સંભવે. જ્ઞાનવિજ્ઞાના ક્ષેત્રના વિકાસમાં નોંધપાત્ર ઘટાડો સંભવે. વધતી મોંઘવારીથી પ્રજાની ખરીદશક્તિ ઘટતી લાગે. નબળાવર્ગ ની લાભદાયી યોજનાઓમાં વેગ આવે. આયાત-નિકાસ ક્ષેત્રે નવા નિયમો અમલી બની શકે. બેઠાડું જીવનથી ઉદ્‌ભવતા રોગોમાં વૃદ્ધિ રહે. ધાર્મિક માંગલિક કાર્યોનો માહોલ રહે. જ્ઞાનનાં નવા-નવા ક્ષેત્રો અસ્તિત્વમાં આવે. આંતર રાષ્ટ્રીયક્ષેત્રે જાગૃતિ જરૂરી બને. રહેઠાણમાં આધુનિકતા નો વ્યાપ વધે. ઉર્જાની બચતના નવા ઉપકરણોનો આવિષ્કાર લાભદાયી રહે.

મહા માસનો વર્તારો :- આ માસમાં પાંચ બુધવાર છે. ઉદિત લગ્ન મેષ છે. લગ્નમાં હર્ષલ, બીજે રાહુ, આઠમે કેતુ, નવમે મંગળ-શુક્ર, દસમે સૂર્ય ચંદ્ર, શનિ બુધ તથા પ્લુટો રહેલા છે. અગિયારમે ગુરૂ, નેપ્ચ્યુન રહેલા છે. રાશિપતિ ભાગ્યભુવનમાં હોતા આર્થિકક્ષેત્રે વિકાસ રહે. આકસ્મિક ખર્ચ ઉદ્‌ભવતો લાગે. મિલકત જમીનના કાર્યો મંદગતિએ ઉકલતા લાગે. શિક્ષણક્ષેત્રે ખર્ચયોગ વધતો લાગે. ગુરૂ મિત્રભાવમાં છે. ધર્મકાર્ય, માંગલિક કાર્યો નો વિકાસ રહે. કર્મચારી વર્ગ, મજૂરવર્ગને ફાયદાકારક નવા નિયમો અમલમાં આવતા લાગે. ઠંડીનું પ્રમાણ વધતું લાગે. છાયાગ્રહ બીજે છે. નાણાંકીય સંસ્થાઓને ચિંતા રહે. વધતી વસ્તી વિકાસને અસર કરે. આગ-અકસ્માત અંગે જાગૃતતા જરૂરી બને. ભૂમિગત પેદાશોમાં વૃદ્ધિ રહે. રાહુ આભાસી ગ્રહ છે. પ્રજામાં આર્થિક અસમાનતા વધતી લાગે.

ફાગણ માસનો વર્તારો :- આ માસમાં પાંચ ગુરૂવાર-શુક્રવાર છે. તુલા લગ્ન ઉદિત છે. બીજે કેતુ ચોથે મંગળ-બુધ-શુક્ર-શનિ તથા પ્લુટોની પંચગ્રહ યુતિ છે. પાંચમે સૂર્ય, ચંદ્ર, ગુરૂ, નેપ્ચ્યૂન, સાતમે હર્ષલ તથા આઠમે રાહુ છે. લગ્નેશ, ભાગ્યેશની યુતિ છે. જેથી પ્રજાનો આર્થિક, બૌદ્ધિક વિકાસ સારો રહે. ધનભાવે કેતુ છે. પ્રજા ભૌતિકવાદી બનતા બચતનું પ્રમાણ ઘટતું લાગે. મિલકત બજારમાં તેજી રહે. વાહન-વ્યવહારક્ષેત્રે પ્રગતિ રહે. પંચમેશ શનિ શશકયોગ કરે છે. યોગકારક છે. જેથી જ્ઞાનપ્રાપ્તિમાં પ્રજાનો વિકાસ સારો રહે. જ્ઞાનપ્રાપ્તિની વિદ્યાની નવી નવી શાખાઓ ખુલતી લાગે. અષ્ટમ રાહુ છે. આકસ્મિક આગ-અકસ્માતની ઘટનાઓ સંભવી શકે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે સારૂં રહે. નિકાસક્ષેત્રે પ્રગતિ રહે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાગૃતતા જરૂરી બને. પ્રવાસન ક્ષેત્રે વિકાસ રહે. ઉત્સવોની ધમધમાટથી માનવી આશાવાદી બને.

ચૈત્ર માસનો વર્તારો :- આ માસમાં પાંચ શનિવાર છે. ઉદિત લગ્ન મિથુન છે. છઠ્ઠે કેતુ, આઠમે મંગળ, શનિ પ્લુટો, નવમે ગુરૂ, શુક્ર, નેપ્ચ્યુન, દસમે સૂર્ય, ચંદ્ર, બુધ અગિયાર મે હર્ષલ તથા બારમે રાહુ રહેલો છે. રાશિપતિ ધનેશ થી સંબંધિત હોતા આર્થિક ક્ષેત્રે વિકાસ રહે. પ્રજાની કાર્યશક્તિ વિકસે. જેથી જી.ડી.પી માં વૃદ્ધિ રહે. આઠમે મંગળ, પ્લુટો, શનિ હોતા આગ-અકસ્માતનું પ્રમાણ વધતું લાગે. ધર્મભાવમાં ગુરૂ રહેલો છે. ધાર્મિક કાર્યોનો માહોલ રહે. વિવાદી કાર્યો બહાર પડતા લાગે. પરદેશનીતિમાં ફેરફાર સંભવે. ધાતુ-બજારમાં તેજી રહે. જ્ઞાનવિજ્ઞાનાં ક્ષેત્રમાં નોંધપાત્ર ઘટના સંભવે. વધતી મોંઘવારીથી પ્રજાની ખરીદશક્તિ ઘટતી લાગે. ઘણીજગ્યાએ પાણીની સમસ્યાઓ ઉદ્‌ભવતી લાગે. મિલકત-મકાન વગેરેના ભાવ વધતા લાગે. પર્યાવરણ પ્રત્યે જાગૃતતા જરૂરી બને. નૈતિક મૂલ્યો નીચા જતાં સામાજીક પ્રશ્નો ઉદ્‌ભવે.

વૈશાખ માસનો વર્તારો :- આ માસમાં પાંચ રવિવાર-સોમવાર છે. ઉદિત લગ્ન મકર છે. પહેલે પ્લુટો, બીજે મંગળ, શનિ, ત્રીજે શુક્ર, ગુરૂ, નેપ્ચ્યુન, ચોથે હર્ષલ, રાહુ, સૂર્ય, ચંદ્ર, પાંચમે બુધ તથા દશમે કેતુ રહેલ છે. લગ્નેશ, લાભેશની યુતિ ધનભાવે હોતા આર્થિકક્ષેત્રે વિકાસ રહે. ત્રીજે શુક્ર, ગુરૂ, નેપ્ચ્યુન છે. જેથી ધાર્મિક કાર્યો નો માહોલ રહે. મિલકત ભાવમાં ગ્રહણયોગ હોતા મિલકત-જમીનના ભાવ વધતા લાગે. શિક્ષણક્ષેત્રે પ્રગતિ રહે. ટેક્નોલોજીનો વિકાસ થાય. ગરમીનું પ્રમાણ વધતું લાગે. મિત્રો-રાષ્ટ્રોથી સહકાર રહે. વિદેશનીતિમાં ફેરફાર સંભવે. પ્રજાની ખરીદશક્તિ [illegible] ઉત્પાદન ઘટતું લાગે. વાહન-વ્યવહારના સ્ત્રોતોમાં વધારો થાય.

જેઠ માસનો વર્તારો :- આ માસમાં પાંચ મંગળવાર-બુધવાર છે. તુલા લગ્ન ઉદિત છે. પહેલે કેતુ, ચોથે પ્લુટો પાંચમે શનિ છઠ્ઠે મંગળ, ગુરૂ, નેપ્ચ્યુન, સાતમે હર્ષલ, શુક્ર, રાહુ તથા આઠમે સૂર્ય, ચંદ્ર, બુધ રહેલા છે. યોગકારક શનિ પાંચમે સ્વગૃહી છે. ચંદ્ર આઠમે ઉચનો છે. પ્રવાહી વસ્તુના ભાવ વધતા લાગે. શિક્ષણક્ષેત્રે ફેરફાર સંભવે. લોકોની ખરીદશક્તિ ઘટતી લાગે. વિજ્ઞાન ક્ષેત્રે નવા સંશોધનો લાભદાયી રહે. ઉપભોક્તાવાદ વધતા આર્થિક જવાબદારીઓ પણ વધતી લાગે. કલા, સંગીત, લેખનક્ષેત્રે પર્યટન ક્ષેત્રે નવા સ્થળોનો વિકાસ રહે. કામદાર મંડળો ની માંગ વધતી લાગે. હવામાનમાં ફેરફાર સંભવે. નવી પ્રતિભાઓ પ્રકાશમાં આવતી લાગે. રેડીમેઈટ, ઇલેક્ટ્રોનિક્સ બજારમાં તેજી જોવા મળે. ઉર્જાની બચતનાં નવા ઉપકરણોનો આવિષ્કાર લાભદાયી રહે.

અષાઢ માસનો વર્તારો :- આ માસમાં પાંચ ગુરૂવાર છે. ઉદીત લગ્ન કર્ક છે. ચોથે કેતુ, સાતમે પ્લુટો, આઠમે શનિ, નવમે ગુરૂ, નેપ્ચ્યુન, દસમે મંગળ, હર્ષલ, રાહુ, અગિયારમે બુધ, શુક્ર, બારમે, સૂર્ય, ચંદ્ર રહેલા છે. રાશિપતિ બારમે છે. લોકો ભૌતિકવાદી બનતા બચતનું પ્રમાણ ઘટતું લાગે. પ્રજાની તંદુરસ્તીનાં પ્રશ્નોથી કાર્યશક્તિ મંદ પડતી લાગે. જમીન મિલકતના વિવાદો વધતાં લાગે. ભૂમિગત પેદાશોમાં ઘટાડો થાય. શિક્ષણ ક્ષેત્રે ખર્ચ વધતો લાગે.ધાર્મિક કાર્યોમાં વેગ આવે. સ્ત્રીસંસ્થાઓ અગ્રેસર બનતી લાગે. ઘણી જગ્યાએ વરસાદની સારી શરૂઆત થાય. લઘુમતી લોકો માટે ફાયદાકારક યોજનાઓ અસ્તિત્વમાં આવતી લાગે. વધતી મોંઘવારીથી પ્રજા ચિંતિત રહે. અકસ્માતોનું પ્રમાણ વધતું લાગે. પર્યાવરણ ક્ષેત્રે જાગૃતિ જરૂરી બને. ધર્મવૃતિ વિકસતી લાગે. બુદ્ધિજીવીઓને હર્ષ રહે. પ્રવાહી વસ્તુઓના ઉત્પાદનમાં વૃદ્ધિ રહે. પ્રજાની ખરીદશક્તિમાં સુધારો થાય.

શ્રાવણ માસનો વર્તારો :- આ માસમાં પાંચ શુક્રવાર, શનિવાર છે. મીનલગ્ન ઉદિત છે. લગ્નમાં નેપ્ચ્યુન, ગુરૂ, બીજે મંગળ, રાહુ, હર્ષલ ચોથે શુક્ર, પાંચમે સૂર્ય, ચંદ્ર, બુધ, આઠમે કેતુ તથા અગિયારમે શનિ-પ્લુટો રહેલ છે. ધર્મકારક ગુરૂ લગ્નમાં સ્વગૃહી હોતા પ્રજામાં ધર્મવૃતિનો વિશેષ વિકાસ રહે. ધનેશ રાહુ સાથે છે. પ્રજા ભૌતિકવાદી બનતા વિશેષ ખર્ચ કરતા બચતનું પ્રમાણ ઘટતું લાગે. મિલક્ત બજારમાં તેજી રહે. વાહનવ્યવહારનો વિકાસ થાય. વિદ્યાપતિ અસ્તનો છે. જેથી વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રાપ્તિ અંગે આળસવૃતિ રહેતી લાગે. ધાન્ય ઉત્પાદનમાં વૃદ્ધિ રહે. રોગચાળો કાબૂમાં રહેતો લાગે. મિત્રો રાષ્ટ્રોથી સારૂં રહે. વિકાસની નવી તકો ઉદ્‌ભવતી લાગે. આકસ્મિક ઘટનાથી માનવી ચિંતિત બને. જીવન જરૂરી ચીજોની બજારમાં તેજી રહે. આરોગ્યક્ષેત્રે જાગૃતતા જરૂરી બને.

ભાદરવા માસનો વર્તારો :- આ માસમાં પાંચ રવિવાર છે. ઉદિત લગ્ન વૃશ્ચિક છે. ત્રીજે શનિ-પ્લુટો, પાંચમે ગુરૂ, નેપ્ચ્યુન, છઠ્ઠે હર્ષલ, રાહુ, સાતમે મંગળ, નવમે શુક્ર, દસમે સૂર્ય, ચંદ્ર, અગિયારમે બુધ તથા બારમે કેતુ રહેલો છે. લગ્નેશ સ્વસ્થાનને દૃષ્ટિ કરતા પ્રજાની તંદુરસ્તી સારી રહે. આર્થિકક્ષેત્રે વિકાસ રહે. કાર્યશક્તિ વિકસતી લાગે. શિક્ષણક્ષેત્રે નવા સુધારાઓ સંભવે. રાહુ છઠ્ઠે છે. પ્રજાની તંદુરસ્તીમાં સુધારો રહે. વિવાદીકાર્યો વધતા લાગે. પ્રજા ભૌતિકવાદી બને. પ્રવાસનક્ષેત્રનો વિકાસ થાય. ધંધા-વ્યવસાયમાં મધ્યમ રહે. પરોપકારના કાર્યો વિકસે. પાણીજન્ય બિમારીથી તકેદારી જરૂરી બને. સામાજીક કાર્યોમાં ઉત્સાહ મંદ પડતો લાગે. ઇમ્પોર્ટક્ષેત્રે વિકાસ રહે. વિદ્યાક્ષેત્રે વધતા ખર્ચથી વાલીઓને ચિંતા રહે. લોકોની સરેરાશ આયુષ્યમાં વધારો થાય. યાત્રાધામોમાં સુધારો જોવા મળે.

આસો માસનો વર્તારો :- આ માસમાં પાંચ સોમવાર, મંગળવાર છે. ઉદિત લગ્ન કર્ક છે. ત્રીજે સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર, ચોથે કેતુ, સાતમે શનિ, પ્લુટો, આઠમે નેપ્ચ્યૂન, નવમે ગુરૂ, દસમે રાહુ, હર્ષલ તથા અગિયારમે મંગળ રહેલ છે. જેથી પ્રજાની સુખાકારી સારી રહે. આર્થિકક્ષેત્રે વિકાસ રહે. કાર્યશક્તિનો વિકાસ થતાં જી.ડી.પીમાં વૃદ્ધિ રહે. શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓમાં આળસવૃતિ વધતી લાગે. વિકાસના કાર્યો મંદગતિએ ઉકલતા લાગે. ગુરૂ ત્રિકોણમાં સ્વગૃહી છે. ધર્મવૃત્તિનો વિકાસ થાય. ઉત્સાહ-ઉમંગનો માહોલ રહે. રાહુ દસમે છે. મિત્રો રાષ્ટ્રોથી સહકાર રહે. હરીફ રાષ્ટ્રોથી હળવાશ રહે. ભૂમિગત પેદાશોમાં વૃદ્ધિ રહે. આર્થિકક્ષેત્રે મંદ ગતિએ વિકાસ થતો લાગે. કાપડબજાર, ઇલેક્ટ્રોનિક્સ બજારમાં તેજી જોવા મળે. જ્ઞાનનાં નવા ક્ષેત્રો અસ્તિત્વમાં આવે. વાહનવ્યવહારક્ષેત્રે નવી યોજનાઓ જાહેર થતી લાગે. પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થાય. સ્ત્રી ઉપયોગી વસ્તુઓની શોધખોળ ફળતી લાગે. નવી પ્રતિભાઓ પ્રકાશમાં આવતી લાગે.

વરસાદનાં નક્ષત્રો અને આર્દ્રા પ્રવેશ ફળ (પૂર્વાનુમાન)

સૂર્યનો આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ તા. ૨૨-૦૬-૨૦૨૨નાં ક. ૧૧-૪૪ મિનીટે થાય છે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં જેઠ વદ નોમ બુધવાર તા. ૨૨-૦૬-૨૨નાં ક. ૧૧-૪૪ મિનીટે મીનનાં ચંદ્રમાં રેવતી નક્ષત્ર, શોભનયોગ, ગરકરણમાં, સૂર્યનારાયણ આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. આ સમયે વાહન ઘેટું છે. સ્ત્રી-પુ-ચં-ચં- છે. ઉદિત લગ્ન મીન છે. લગ્ન શુભ ગ્રહનું છે.

તિથિ અશુભ છે. યોગ શુભ છે. વાર શુભ ગ્રહ છે. નક્ષત્ર બુધ ગ્રહનું છે. આર્દ્રા પ્રવેશ સમયે સિંહ લગ્ન છે. લગ્ન પાપગ્રહનું છે. લગ્નેશ સૂર્ય લાભસ્થાનમાં છે. લગ્ન પાપકર્તરી યોગમાં છે ચંદ્ર આઠમે છે.

(૧) મૃગશિર્ષ :- તા.૦૮-૦૬-૨૨, બુધવાર, ચંદ્રનક્ષત્ર-ઉ.ફા., વાહન ગર્દભ, પુ-સ્ત્રી-સૂર્ય-સૂ છે. ગરમીનું પ્રમાણ વધુ રહે.

(૨) આર્દ્રા :- તા.૨૨-૦૬-૨૨, બુધવાર, ચંદ્ર નક્ષત્ર - રેવતિ, વાહન- ઘેટું. સ્ત્રી-પુ-ચં-ચં - છે. વરસાદની મધ્યમ શરૂઆત થાય.

(૩) પુનર્વસુ :- તા.૦૬-૦૭-૨૨, બુધવાર, ચંદ્રનક્ષત્ર- ઉ.ફા., વાહન- ઉંદર, સ્ત્રી-સ્ત્રી-ચં-સૂ- છે. વરસાદી માહોલ રહે. મધ્યમ વરસાદ રહે.

(૪) પુષ્ય :- તા.૨૦-૦૭-૨૨, બુધવાર, ચંદ્ર નક્ષત્ર-રેવતિ, વાહન- શિયાળ, સ્ત્રી-પુ-ચં-ચં- છે. પવન રહે. વરસાદ મધ્યમ રહે.

(૫) આશ્લેષા :- તા.૦૩-૦૮-૨૨, બુધવાર, ચંદ્રનક્ષત્ર-હસ્ત, વાહન- મોર, સ્ત્રી-સ્ત્રી-ચં-સૂ- છે. વરસાદ સારો રહે. ઘણી જગ્યાએ અતિવૃષ્ટિ સંભવે.

(૬) મઘા :- તા.૧૭-૦૮-૨૨, બુધવાર, ચંદ્રનક્ષત્ર- અશ્વિની, વાહન અશ્વ, સ્ત્રી-પુ-ચં-ચં-છે. સારા વરસાદથી પાણીની સમસ્યા દૂર થાય.

(૭) પૂર્વા ફાલ્ગુની :- તા.૩૦-૦૮-૨૨, મંગળવાર, ચંદ્રનક્ષત્ર-હસ્ત, વાહન ઘેટું, સ્ત્રી-સ્ત્રી-સૂ-સૂ- છે. પવનનું જોર રહે. સારો વરસાદ થાય.

(૮) ઉત્તરા ફાલ્ગુની :- તા.૧૩-૦૯-૨૨, મંગળવાર, ચંદ્રનક્ષત્ર- અશ્વિની, વાહન- ગર્દભ, સ્ત્રી-પુ-સૂ-ચં-સંયોગિયું છે. મેઘ ગર્જના સાથે સારો વરસાદ રહે.

(૯) હસ્ત :- તા.૨૭-૦૯-૨૨, મંગળવાર, ચંદ્રનક્ષત્ર-ચિત્રા, વાહન- શિયાળ, સ્ત્રી-સ્ત્રી-સૂ-સૂ- છે. છૂટો છવાયો વરસાદ રહે.

(૧૦) ચિત્રા :- તા.૧૦-૧૦-૨૨, સોમવાર, ચંદ્ર નક્ષત્ર-અશ્વિની, વાહન- ઉંદર, સ્ત્રી-પુ-સૂ-ચં- સંયોગિયું છે. નદી-નાળા છલકાય. વરસાદ સારો રહે.

(૧૧) સ્વાતિ :- તા.૨૪-૧૦-૨૨, સોમવાર, ચંદ્ર નક્ષત્ર-હસ્ત, વાહન ગર્દભ, સ્ત્રી-સ્ત્રી-સૂ-સૂ-છે. મધ્યમ સારો વરસાદ રહે.

એકંદરે વરસાદ મધ્યમ સંતોષજનક રહે. વર્ષાઋતુ વિદાય લેતી લાગે.

વરસાદનાં નક્ષત્રોની સમજ

આર્દ્રાદિ દસ સૂર્ય નક્ષત્રો સ્ત્રીસંજ્ઞક કહેવાય છે. સૂર્ય નક્ષત્ર બદલે તે દિવસનાં ચંદ્ર નક્ષત્ર કઇ જાતિમાં છે તે જોવાય છે.

જાતિ ત્રણ છે. ૧. પુરૂષ સંજ્ઞક, ૨. સ્ત્રી સંજ્ઞક, ૩. નાન્યતર સંજ્ઞક

૧. પુરૂષ સંજ્ઞક : આ જાતિમાં અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, મૂળ, પૂ.ષાઢા, ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારીકા, પૂ. ભાદ્રપદ, ઉ.ભાદ્રપદ અને રેવતી નક્ષત્ર હોય છે.

૨. સ્ત્રી સંજ્ઞક : આ જાતિમાં આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂ. ફાલ્ગુની, ઉ. ફાલ્ગુની, હસ્ત, ચિત્રા અને સ્વાતિ નક્ષત્ર હોય છે.

૩. નાન્યતર સંજ્ઞક : આ જાતિમાં વિશાખા, અનુરાધા અને જયેષ્ઠા છે. સૂર્ય નક્ષત્ર બદલે તે વખતે ચંદ્ર નક્ષત્ર જે સંજ્ઞકમાં આવતું હોય તે જોવાય છે. સૂર્ય ચંદ્ર સંજ્ઞક નક્ષત્રો નીચે મુજબ છે.

સૂર્ય સંજ્ઞક નક્ષત્રોમાં રોહિણી, મૃગશીર્ષ, પૂ. ફાલ્ગુની, ઉ. ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા, શતતારીકા અને ઉ. ભાદ્રપદ છે.

ચંદ્ર સંજ્ઞક નક્ષત્રોમાં અશ્વિની, ભરણી, કૃતિકા, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂ. ષાઢા, ઉ. ષાઢા, અભિજિત, શ્રવણ, પૂ. ભાદ્રપદ અને રેવતી છે. સૂર્ય નક્ષત્ર બદલે તે દિવસે ઉપર મુજબ સ્ત્રી. પૂ. કે સ્ત્રી. સ્ત્રી. કે ચં. સૂ. લખાય છે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં લગ્નનાં મુહૂર્તો

પક્ષતિથિ	વાર	તારીખ	ચંદ્ર નક્ષત્ર	ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
કારતક માસ						
સુદ ૧૨	મંગળ	૧૬-૧૧-૨૧	રેવતી/અશ્વિ.	મીન/મેષ	વૃશ્ચિક	બ. ૦૧-૦૪ થી રાત્રે ૦૧-૪૬ સુધી
વદ ૧	શનિ	૨૦-૧૧-૨૧	રોહિણી	વૃષભ	વૃશ્ચિક	—
વદ ૨	રવિ	૨૧-૧૧-૨૧	રોહિ./મૃગ	વૃષભ/મિ.	વૃશ્ચિક	--
વદ ૩	સોમ	૨૨-૧૧-૨૧	મૃગશીર્ષ	મિથુન	વૃશ્ચિક	રા.૧૦-૪૮ સુધી
વદ ૭	શુક્ર	૨૬-૧૧-૨૧	મઘા	સિંહ	વૃશ્ચિક	સાં ૦૮-૩૬ થી
વદ ૯	રવિ	૨૮-૧૧-૨૧	ઉ.ફા.	સિંહ/ક	વૃશ્ચિક	રા.૧૯-૦૬ થી
વદ ૧૦	સોમ	૨૯-૧૧-૨૧	ઉ.ફા./હ.	કન્યા	વૃશ્ચિક	--
વદ ૧૧	મંગળ	૩૦-૧૧-૨૧	હસ્ત/ચિત્રા	કન્યા	વૃશ્ચિક	--
વદ ૧૨	બુધ	૦૧-૧૨-૨૧	ચિ./સ્વા	કન્યા/તુ.	વૃશ્ચિક	રા. ૧૩-૩૬ સુધી
માગશર માસ						
સુદ ૪	મંગળ	૦૭-૧૨-૨૧	ઉ.ષા.	ધન/મ	વૃશ્ચિક	રાત્રે ક.૧૨-૨૨ સુધી
સુદ ૬	ગુરૂ	૦૯-૧૨-૨૧	ધનિષ્ઠ	મકર/કું.	વૃશ્ચિક	રાત્રે ૦૮-૫૧ સુધી
સુદ ૮	શનિ	૧૧-૧૨-૨૧	ઉ.ભા.	મીન	વૃશ્ચિક	રા. ક. ૨૦-૩૨ થી ૩૦-૩૩
સુદ ૧૦	સોમ	૧૩-૧૨-૨૧	રેવતિ	મીન/મેષ	વૃશ્ચિક	ક.૨૯-૫૬ (ચંદ્ર ક ૨૬-૦૫ થી મેષ)
સુદ ૧૧	મંગળ	૧૪-૧૨-૨૧	અશ્વિની	મેષ	વૃશ્ચિક	સાં.૦૬-૧૨ થી ૨૮-૪૦
પોષ માસ						
વદ ૨-૩	ગુરૂ	૨૦-૦૧-૨૨	મઘા	સિંહ	મકર	સ.૦૮-૩૪ થી રાત્રે ૦૮-૩૨
વદ ૪	શનિ	૨૨-૦૧-૨૨	ઉ.ફા.	સિંહ/ક.	મકર	સ. ૧૦-૩૮ થી ચંદ્ર ૧૬-૪૮ થી કન્યા
વદ ૫	રવિ	૨૩-૦૧-૨૨	ઉ.ફા./હ.	કન્યા	મકર	--
વદ ૬	સોમ	૨૪-૦૧-૨૨	હસ્ત/ચિત્રા	કન્યા/તુ.	મકર	--
વદ ૮	બુધ	૨૬-૦૧-૨૨	સ્વાતિ	તુલા	મકર	સ. ક. ૧૦-૦૬ સુધી
મહા માસ						
સુદ ૫	શનિ	૦૫-૦૨-૨૨	ઉ.ભા./રે.	મીન	મકર	--
સુદ ૬	રવિ	૦૬-૦૨-૨૨	રેવતિ/અ.	મીન/મેષ	મકર	—
સુદ ૭	સોમ	૦૭-૦૨-૨૨	અશ્વિની	મેષ	મકર	સા. ૦૬-૫૮ સુધી
સુદ ૯	ગુરૂ	૧૦-૦૨-૨૨	રોહિણી	વૃષભ	મકર	સ.૧૧-૦૮ થી સાં.૦૬-૪૮
સુદ ૧૫	બુધ	૧૬-૦૨-૨૨	મઘા	સિંહ	કુંભ	બ.ક. ૦૩-૧૪ થી
વદ ૧	ગુરૂ	૧૭-૦૨-૨૨	મઘા	સિંહ	કુંભ	સાં. ૦૪-૧૧ સુધી
ચૈત્ર માસ						
સુદ ૧૪	શુક્ર	૧૫-૦૪-૨૨	ઉ.ફા./હ.	કન્યા	મેષ	--
સુદ ૧૫	શનિ	૧૬-૦૪-૨૨	હસ્ત/ચિત્રા	કન્યા/તુ.	મેષ	રાત્રે ૦૮-૫૦ થી ચંદ્ર તુલા
વદ ૧	રવિ	૧૭-૦૪-૨૨	સ્વાતિ	તુલા	મેષ	ક. ૦૭-૨૭ થી ૨૯-૩૪
વદ ૩	મંગળ	૧૯-૦૪-૨૨	અનુરાધા	વૃશ્ચિક	મેષ	સાં.૦૫-૦૧ થી રા.૨૧-૩૯
વદ ૫	ગુરૂ	૨૧-૦૪-૨૨	મૂળ	ધન	મેષ	રા. ૦૯-૫૨ સુધી
વદ ૬	શુક્ર	૨૨-૦૪-૨૨	ઉ.ષા.	ધન/મ.	મેષ	રાત્રે ૦૮-૧૫ થી (ચંદ્ર રાત્રે ૦૧-૫૩થી મકર)
વદ ૯	રવિ	૨૪-૦૪-૨૨	શ્રવણ	મકર	મેષ	સાં. ૦૫-૫૨ સુધી
વદ ૧૦	સોમ	૨૫-૦૪-૨૨	ધનિષ્ઠા	કુંભ	મેષ	બ ૦૨-૧૧ સુધી
વૈશાખ માસ						
સુદ ૩/૪	બુધ	૦૪-૦૫-૨૨	મૃગશીર્ષ	મિથુન	મેષ	—
સુદ ૪	ગુરૂ	૦૫-૦૫-૨૨	મૃગશીર્ષ	મિથુન	મેષ	સ.૦૬-૧૬ સુધી
સુદ ૮	સોમ	૦૯-૦૫-૨૨	મઘા	સિંહ	મેષ	સા. ૦૨-૦૮ થી
સુદ ૯	મંગળ	૧૦-૦૫-૨૨	મઘા	સિંહ	મેષ	સાં.૦૬-૪૦ સુધી
સુદ ૧૦	બુધ	૧૧-૦૫-૨૨	ઉ.ફા.	સિંહ/ક.	મેષ	સાં. ૦૭-૨૮ થી
સુદ ૧૧	ગુરૂ	૧૨-૦૫-૨૨	ઉ.ફા./હસ્ત	કન્યા	મેષ	--
સુદ ૧૨	શુક્ર	૧૩-૦૫-૨૨	હસ્ત/ચિત્રા	કન્યા	મેષ	--
સુદ ૧૩	શનિ	૧૪-૦૫-૨૨	ચિત્રા.	ક./તુલા	મેષ	બ. ૧૨-૫૮ સુધી
સુદ ૧૫	સોમ	૧૬-૦૫-૨૨	અનુરાધા	વૃશ્ચિક	વૃષભ	સાં. ૦૪-૨૫ થી
વદ ૫	શુક્ર	૨૦-૦૫-૨૨	ઉ.ષા./શ્રવણ	ધન/મકર	વૃષભ	--
વદ ૬	શનિ	૨૧-૦૫-૨૨	શ્રવણ	મકર	વૃષભ	રા. ૧૧-૪૭ સુધી
વદ ૧૦	બુધ	૨૫-૦૫-૨૨	ઉ.ભા./રે.	મીન	વૃષભ	સ. ૧૦-૩૩ થી
વદ ૧૧	ગુરૂ	૨૬-૦૫-૨૨	રેવતિ/અ.	મીન/મેષ	વૃષભ	—
વદ ૧૨	શુક્ર	૨૭-૦૫-૨૨	અશ્વિની	મેષ	વૃષભ	સ. ૧૨-૪૯ સુધી

સ.= સવારે | બ.= બપોરે | સાં. = સાંજે | રા. = રાત્રે

પક્ષતિથિ	વાર	તારીખ	ચંદ્ર નક્ષત્ર	ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
જેઠ માસ						
સુદ ૨	બુધ	૦૧-૦૬-૨૨	મૃગશીર્ષ	મિથુન	વૃષભ	બ.૧૩-૦૧ સુધી
સુદ ૬	સોમ	૦૬-૦૬-૨૨	મઘા	સિંહ	વૃષભ	સ.૦૬-૪૧થી, રા.૦૨-૨૬ સુધી
સુદ ૮	બુધ	૦૮-૦૬-૨૨	ઉ.ફા.	સિંહ/ક.	વૃષભ	રા.૦૩-૨૬ સુધી
સુદ ૧૨	શનિ	૧૧-૦૬-૨૨	સ્વાતિ	તુલા	વૃષભ	સ. ૧૦-૧૦ થી રા.૦૨-૦૬ સુધી
સુદ ૧૩	રવિ	૧૨-૦૬-૨૨	અનુરાધા	વૃશ્ચિક	વૃષભ	રા. ૧૧-૫૯ થી
સુદ ૧૪	સોમ	૧૩-૦૬-૨૨	અનુરાધા	વૃશ્ચિક	વૃષભ	રા. ૦૯-૨૫ સુધી
વદ ૨	ગુરૂ	૧૬-૦૬-૨૨	ઉ.ષા.	ધન/મ.	મિથુન	બ. ૧૨-૩૭ થી (ચંદ્ર સાં.૦૫-૫૪થી મકર)
વદ ૧૦	ગુરૂ	૨૩-૦૬-૨૨	અશ્વિની	મેષ	મિથુન	સ. ૦૬-૧૩ થી
વદ ૧૧	શુક્ર	૨૪-૦૬-૨૨	અશ્વિની	મેષ	મિથુન	સ. ૦૮-૦૪ સુધી
અષાઢ માસ						
સુદ ૪	રવિ	૦૩-૦૭-૨૨	મઘા	સિંહ	મિથુન	સ. ૦૬-૩૧ થી
સુદ ૫	સોમ	૦૪-૦૭-૨૨	મઘા	સિંહ	મિથુન	સ. ૦૮-૪૪ સુધી
સુદ ૬	મંગળ	૦૫-૦૭-૨૨	ઉ.ફા.	સિંહ/ક.	મિથુન	બ. ૧૨-૧૫ થી
સુદ ૭	બુધ	૦૬-૦૭-૨૨	ઉ.ફા.	કન્યા	મિથુન	સ. ૧૧-૪૨ સુધી, રા. ૧૧-૧૦થી
સુદ ૮	ગુરૂ	૦૭-૦૭-૨૨	હસ્ત/ચિત્રા	ક./તુલા	મિથુન	- - -
સુદ ૯	શુક્ર	૦૮-૦૭-૨૨	ચિત્રા/સ્વાતિ	તુલા	મિથુન	---

વિક્રમ સંવત ૨૦૭૯નાં પ્રારંભનાં લગ્નનાં મુહૂર્તો

માગશર માસ						
સુદ ૨	શુક્ર	૨૫-૧૧-૨૨	મૂળ	ધન	વૃશ્ચિક	સાં. ૧૭-૨૧ થી
સુદ ૩	શનિ	૨૬-૧૧-૨૨	મૂળ	ધન	વૃશ્ચિક	બ. ૦૨-૫૮ સુધી
સુદ ૪	રવિ	૨૭-૧૧-૨૨	ઉ.ષા.	ધન/મ.	વૃશ્ચિક	બ. ૧૨-૩૮ થી
સુદ ૫	સોમ	૨૮-૧૧-૨૨	ઉ.ષા./શ્ર.	મકર	વૃશ્ચિક	—
સુદ ૬	મંગળ	૨૯-૧૧-૨૨	શ્રવણ	મકર	વૃશ્ચિક	સ. ૦૮-૩૮ સુધી
સુદ ૧૦	શુક્ર	૦૨-૧૨-૨૨	ઉ.ભા.	મીન	વૃશ્ચિક	રા. ૦૩-૪૧ સુધી
સુદ ૧૨	રવિ	૦૪-૧૨-૨૨	અશ્વિની	મેષ	વૃશ્ચિક	૨૭-૫૧ થી
સુદ ૧૫	ગુરૂ	૦૮-૧૨-૨૨	મૃગશીર્ષ	વૃષ./મિ.	વૃશ્ચિક	૧૨-૩૩ થી
વદ ૧	શુક્ર	૦૯-૧૨-૨૨	મૃગશીર્ષ	મિથુન	વૃશ્ચિક	બ. ૦૩-૦૦ સુધી
વદ ૬	બુધ	૧૪-૧૨-૨૨	મઘા	સિંહ	વૃશ્ચિક	રા. ૧૧-૪૩ સુધી
પોષ માસ						
વદ ૧૦	મંગળ	૧૭-૦૧-૨૩	અનુરાધા	વૃશ્ચિક	મકર	સાં. ૦૬-૪૬ થી
વદ ૧૧	બુધ	૧૮-૦૧-૨૩	અનુરાધા	વૃશ્ચિક	મકર	સાં. ૦૫-૨૩ સુધી
મહા માસ						
સુદ ૪	બુધ	૨૫-૦૧-૨૩	ઉ.ભા.	મીન	મકર	રા. ૦૮-૦૬ પછી
સુદ ૫	ગુરૂ	૨૬-૦૧-૨૩	ઉ.ભા./રે.	મીન	મકર	--
સુદ ૬	શુક્ર	૨૭-૦૧-૨૩	રેવતિ/અ.	મીન/મે.	મકર	--
સુદ ૭	શનિ	૨૮-૦૧-૨૩	અશ્વિની	મેષ	મકર	સાં. ૦૭-૦૬ સુધી
સુદ ૧૦	મંગળ	૩૧-૦૧-૨૩	મૃગશીર્ષ	વૃષભ	મકર	રા. ૧૨-૩૯ સુધી
સુદ ૧૧	બુધ	૦૧-૦૨-૨૩	મૃગશીર્ષ	વૃષભ	મકર	સ. ૧૧ ૨૯ સુધી
વદ ૧	સોમ	૦૬-૦૨-૨૩	મઘા	સિંહ	મકર	બ. ૦૩-૦૩ થી
વદ ૨	મંગળ	૦૭-૦૨-૨૩	મઘા	સિંહ	મકર	સાં. ૦૫-૪૫ સુધી
વદ ૪	શુક્ર	૧૦-૦૨-૨૩	હસ્ત/ચિત્રા	કન્યા	મકર	સ. ૮-૦૦ થી
વદ ૫	શનિ	૧૧-૦૨-૨૩	ચિત્રા	ક./તુ.	મકર	રા. ૦૧-૪૦ સુધી
વદ ૮	મંગળ	૧૪-૦૨-૨૩	અનુરાધા	વૃશ્ચિક	કુંભ	રા. ૦૨-૦૨ સુધી
વદ ૧૧	ગુરૂ	૧૬-૦૨-૨૩	મૂળ	ધન	કુંભ	રા. ૧૦ -૫૩ સુધી
ફાગણ માસ						
સુદ ૩	બુધ	૨૨-૦૨-૨૩	ઉ.ભા./રે.	મીન	કુંભ	--
સુદ ૪	ગુરૂ	૨૩-૦૨-૨૩	રેવતિ	મીન	કુંભ	બ.૦૨-૨૨ સુધી
વદ ૧	બુધ	૦૮-૦૩-૨૩	ઉ.ફા./હ.	સિંહ/ક.	કુંભ	--
વદ ૨	ગુરૂ	૦૯-૦૩-૨૩	હસ્ત/ચિત્રા	કન્યા	કુંભ	--
વદ ૩	શુક્ર	૧૦-૦૩-૨૩	ચિત્રા	કન્યા	કુંભ	રા. ૦૯-૪૩ સુધી
વદ ૪	શનિ	૧૧-૦૩-૨૩	ચિત્રા	તુલા	કુંભ	સ. ૦૭ ૧૧ સુધી
વદ ૬	સોમ	૧૩-૦૩-૨૩	અનુરાધા	વૃશ્ચિક	કુંભ	સ.૦૮-૨૧ થી
વદ ૭	મંગળ	૧૪-૦૩-૨૩	અનુરાધા	વૃશ્ચિક	કુંભ	સ. ૦૮-૧૩ સુધી

વિક્રમ સંવત ૨૦૭૮નાં જનોઈનાં મુહૂર્તો

મહા માસ						
સુદ ૩	ગુરૂ	૦૩-૦૨-૨૨	શતતારા	કુંભ	મકર	સ.૧૦-૩૭ થી
સુદ ૬	રવિ	૦૬-૦૨-૨૨	રેવતિ	મીન	મકર	—

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
મહા માસ						
સુદ ૯/૧૦	ગુરૂ	૧૦-૦૨-૨૨	રોહિણી	વૃષભ	મકર	સ.૧૧-૦૯ થી
સુદ ૧૧	રવિ	૧૩ ૦૨-૨૨	આર્દ્રા/પુન	મિથુન	કુંભ	બ.૧૨-૫૪ થી
ચૈત્ર માસ						
સુદ ૨	રવિ	૦૩-૦૪-૨૨	અશ્વિની	મેષ	મીન	સ. ૦૭-૫૨ થી ૧૨-૩૭
સુદ ૫	બુધ	૦૬-૦૪-૨૨	રોહિણી	વૃષભ	મીન	--
સુદ ૬	ગુરૂ	૦૭-૦૪-૨૨	મૃગશીર્ષ	વૃષ./મિથુ.	મીન	ચંદ્ર-૦૯-૧૦ થી મિથુન
સુદ ૧૧	મંગળ	૧૨-૦૪-૨૨	આશ્લેષા	કર્ક	મીન	સ.૦૮-૩૫ સુધી, સામવેદી માટે
સુદ ૧૨	બુધ	૧૩-૦૪-૨૨	પૂ.ફા.	સિંહ	મીન	સ.૦૯-૩૭ થી
વદ ૫	ગુરૂ	૨૧-૦૪-૨૨	મૂળ	ધન	મેષ	--
વદ ૬	શુક્ર	૨૨-૦૪-૨૨	પૂ.ષા.	ધન	મેષ	સ. ૦૮-૪૩ સુધી મધ્યમ
વૈશાખ માસ						
સુદ ૪-૫	ગુરૂ	૦૫-૦૫-૨૨	આર્દ્રા	મિથુન	મેષ	સ.૧૦-૦૨ થી
સુદ ૫	શુક્ર	૦૬-૦૫-૨૨	આર્દ્રા/પુનર્વ	મિથુન	મેષ	--
સુદ ૧૦	બુધ	૧૧-૦૫-૨૨	પૂ.ફા.	સિંહ	મેષ	—
સુદ ૧૧	ગુરૂ	૧૨-૦૫-૨૨	ઉ.ફા.	કન્યા	મેષ	સ.૦૭-૧૮ સુધી
સુદ ૧૨	શુક્ર	૧૩-૦૫-૨૨	હસ્ત	કન્યા	મેષ	--
વદ ૩	બુધ	૧૮-૦૫-૨૨	મૂળ	ધન	વૃષભ	સ.૦૮-૧૦થી ૧૩-૧૭ સુધી
વદ ૫	શુક્ર	૨૦-૦૫-૨૨	ઉ.ષા.	ધન/મકર	વૃષભ	--
જેઠ માસ						
સુદ ૨	બુધ	૦૧-૦૬-૨૨	મૃગ/આર્દ્રા	મિથુન	વૃષભ	- -
સુદ ૩	ગુરૂ	૦૨-૦૬-૨૨	આર્દ્રા	મિથુન	વૃષભ	—
વદ ૨	ગુરૂ	૧૬-૦૬-૨૨	પૂ.ષા./ઉ.ષા.	ધન/મ.	મિથુન	ક.૧૭-૫૪થી ચંદ્ર મકર
વદ ૬	રવિ	૧૯-૦૬-૨૨	શતતારા	કુંભ	મિથુન	--

વિક્રમ સંવત ૨૦૭૯નાં પ્રારંભનાં જનોઈનાં મુહૂર્તો

મહા માસ						
સુદ ૩	મંગળ	૨૪-૦૧-૨૩	શતતારા	કુંભ	મકર	ક.૧૫-૨૩ સુધી સામવેદી માટે
સુદ ૪	બુધ	૨૫-૦૧-૨૩	પૂ.ભા.	કુંભ/મીન	મકર	બ.૧૨-૩૫ થી
સુદ ૫	ગુરૂ	૨૬-૦૧-૨૩	ઉ.ભા.	મીન	મકર	—
સુદ ૬	શુક્ર	૨૭-૦૧-૨૩	રેવતિ	મીન	મકર	—
સુદ ૧૦	મંગળ	૩૧-૦૧-૨૩	રોહિણી	વૃષભ	મકર	સામવેદી માટે
સુદ ૧૧	બુધ	૦૧-૦૨-૨૩	મૃગશીર્ષ	વૃષભ	મકર	સ.૧૧-૨૯ સુધી
સુદ ૧૨	ગુરૂ	૦૨-૦૨-૨૩	આર્દ્રા	મિથુન	મકર	બ.૧૨-૧૨ થી
વદ ૧	સોમ	૦૬-૦૨-૨૩	આશ્લેષા	કર્ક	મકર	બ.૧૫-૦૩ સુધી
વદ ૩	બુધ	૦૮-૦૨-૨૩	પૂ.ફા.	સિંહ	મકર	સાંજે ૦૫-૨૯ સુધી
વદ ૪-૫	શુક્ર	૧૦-૦૨-૨૩	હસ્ત	કન્યા	મકર	સ.૦૭-૫૯ થી
ફાગણ માસ						
સુદ ૩	બુધ	૨૨-૦૨-૨૩	ઉ.ભા.	મીન	કુંભ	--
વદ ૧	બુધ	૦૮-૦૩-૨૩	ઉ.ફા.	સિંહ/ક.	કુંભ	ચંદ્ર ૦૮-૫૩ થી કન્યા
વદ ૨	ગુરૂ	૦૯-૦૩-૨૩	હસ્ત	કન્યા	કુંભ	. . .
વદ ૩	શુક્ર	૧૦-૦૩-૨૩	ચિત્રા	કન્યા	કુંભ	સ.૦૯-૨૨ સુધી

વિક્રમ સંવત ૨૦૭૮નાં વાસ્તુકળશનાં મુહૂર્તો

કારતક માસ						
સુદ ૨	શનિ	૦૬-૧૧-૨૧	અનુરાધા	વૃશ્ચિક	તુલા	વાસ્તુ
સુદ ૧૦	શનિ	૧૩-૧૧-૨૧	શતતારા	કુંભ	તુલા	બ. ૦૩-૨૫ સુધી વા.-કળશ
વદ ૧	શનિ	૨૦-૧૧-૨૧	રોહિણી	વૃષભ	વૃશ્ચિક	વાસ્તુ
વદ ૩	સોમ	૨૨-૧૧-૨૧	મૃગશીર્ષ	મિથુન	વૃશ્ચિક	સ. ૦૯-૦૯-સુધી વાસ્તુ
વદ ૫	બુધ	૨૪-૧૧-૨૧	પુન./પુષ્ય	મિથુ./ક.	વૃશ્ચિક	વાસ્તુ
વદ ૬	ગુરૂ	૨૫-૧૧-૨૧	પુષ્ય	કર્ક	વૃશ્ચિક	વાસ્તુ
વદ ૮	શનિ	૨૭-૧૧-૨૧	મઘા	સિંહ	વૃશ્ચિક	સ.૦૭-૩૬ સુધી કળશ
વદ ૧૦	સોમ	૨૯-૧૧-૨૧	ઉ.ફા.	કન્યા	વૃશ્ચિક	સાં. ૦૪-૫૮ સુધી વા.-કળશ
વદ ૧૨	બુધ	૦૧-૧૨-૨૧	ચિત્રા	ક./તુલા	વૃશ્ચિક	કળશ
માગશર માસ						
સુદ ૬	ગુરૂ	૦૯-૧૨-૨૧	ધનિષ્ઠા	મક./કું.	વૃશ્ચિક	કળશ અને વાસ્તુ
સુદ ૭	શુક્ર	૧૦-૧૨-૨૧	શતતારા	કુંભ	વૃશ્ચિક	કળશ અને વાસ્તુ
સુદ ૧૦	સોમ	૧૩-૧૨-૨૧	રેવતિ	મીન	વૃશ્ચિક	કળશ અને વાસ્તુ
પોષ માસ						
વદ ૦૪	શનિ	૨૨-૦૧-૨૨	ઉ.ફા.	સિંહ/ક.	મકર	સ. ૧૦-૩૮ થી વાસ્તુ
સુદ ૦૬	સોમ	૨૪-૦૧-૨૨	હસ્ત/ચિત્રા	કન્યા	મકર	સ.૦૮-૪૫ સુધી વાસ્તુ

સ.= સવારે	બ.= બપોરે	સાં. = સાંજે	રા. = રાત્રે

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
મહા માસ						
સુદ ૦૩	ગુરૂ	૦૩-૦૨-૨૨	શતતારા	કુંભ	મકર	સ. ૧૦-૩૦ થી સાં. ૦૪-૩૫ સુધી વાસ્તુ
સુદ ૦૭	સોમ	૦૭-૦૨-૨૨	અશ્વિની	મેષ	મકર	કળશ અને વાસ્તુ
સુદ ૯/૧૦	ગુરૂ	૧૦-૦૨-૨૨	રોહિણી	વૃષભ	મકર	સ.૧૧-૦૯ થી વા./ક.
સુદ ૧૩	સોમ	૧૪-૦૨-૨૨	પુન./પુ.	કર્ક	કુંભ	કળશ અને વાસ્તુ
ચૈત્ર માસ						
સુદ ૧૫	શનિ	૧૬-૦૪-૨૨	હસ્ત/ચિ.	કન્યા	મેષ	બ. ૦૧-૨૮થી કળશ
વદ ૫	ગુરૂ	૨૧-૦૪-૨૨	મૂળ	ધન	મેષ	વાસ્તુ
વદ ૧૦	સોમ	૨૫-૦૪-૨૨	ધનિષ્ઠા	કુંભ	મેષ	બ.૦૨-૧૨ સુધી વાસ્તુ-કળશ
વૈશાખ માસ						
સુદ ૫	શુક્ર	૦૬-૦૫-૨૨	પુનર્વસુ	મિથુન	મેષ	વા./ક. સ. ૦૯-૨૧ થી
સુદ ૬	શનિ	૦૭-૦૫-૨૨	પુન./પુ.	કર્ક	મેષ	વાસ્તુ-કળશ
સુદ ૧૧	ગુરૂ	૧૨-૦૫-૨૨	ઉ.ફા.	કન્યા	મેષ	સ. ૦૭-૧૮ સુધી વા./ક.
સુદ ૧૨	શુક્ર	૧૩-૦૫-૨૨	હસ્ત	કન્યા	મેષ	વાસ્તુ-કળશ
સુદ ૧૩	શનિ	૧૪-૦૫-૨૨	ચિત્રા	ક./તુલા	મેષ	વા./ક. બ. ૧૨-૫૮ સુધી
વદ ૩	બુધ	૧૮-૦૫-૨૨	મૂળ	ધન	વૃષભ	સ. ૦૮-૧૦ થી બ.૦૧-૧૭ સુધી વાસ્તુ
વદ ૫	શુક્ર	૨૦-૦૫-૨૨	ઉ.ષા.	ધન/મ.	વૃષભ	વાસ્તુ
વદ ૬	શનિ	૨૧-૦૫-૨૨	શ્રવણ	મકર	વૃષભ	વાસ્તુ બ. ૦૩-૦૦ સુધી
વદ ૧૦	બુધ	૨૫-૦૫-૨૨	ઉ.ભા.	મીન	વૃષભ	સ. ૧૦-૩૩થી વાસ્તુ, બ. ૦૨-૫૫ થી કળશ
વદ ૧૧	ગુરૂ	૨૬-૦૫-૨૨	રેવતિ	મીન	વૃષભ	વાસ્તુ-કળશ
વદ ૧૨	શુક્ર	૨૭-૦૫-૨૨	અશ્વિની	મેષ	વૃષભ	સ.૧૧-૪૯ સુધી વા./ક.
જેઠ માસ						
સુદ ૨	બુધ	૦૧-૦૬-૨૨	મૃગશીર્ષ	મિથુન	વૃષભ	બ. ૦૧-૦૧ સુધી વાસ્તુ
સુદ ૫	શનિ	૦૪-૦૬-૨૨	પુષ્ય	કર્ક	વૃષભ	વાસ્તુ
સુદ ૮	બુધ	૦૮-૦૬-૨૨	ઉ.ફા.	સિંહ	વૃષભ	સ.૦૮-૩૧ સુધી વાસ્તુ
સુદ ૧૨	શનિ	૧૧-૦૬-૨૨	સ્વાતિ	તુલા	વૃષભ	સ. ૧૦-૧૦ થી વા./ક.
વદ ૧	બુધ	૧૫-૦૬-૨૨	મૂળ	ધન	વૃષભ	બ. ૧૨-૦૫ સુધી વાસ્તુ
વદ ૨	ગુરૂ	૧૬-૦૬-૨૨	ઉ.ષા.	ધન	મિથુન	બ.૧૨-૩૭ થી સાં. ૦૪-૦૦ વાસ્તુ
વદ ૫	શનિ	૧૮-૦૬-૨૨	શ્રવણ/ધ.	મકર	મિથુન	બ. ૦૧-૫૦ થી સાં. ૦૪-૦૦ વાસ્તુ
વદ ૧૦	ગુરૂ	૨૩-૦૬-૨૨	રેવતિ/અ.	મીન/મેષ	મિથુન	સ. ૦૯-૦૯ સુધી વા./ક.
વદ ૧૧	શુક્ર	૨૪-૦૬-૨૨	અશ્વિની	મેષ	મિથુન	સ. ૦૮-૦૪ સુધી વા./ક
શ્રાવણ માસ						
સુદ ૬	બુધ	૦૩-૦૮-૨૨	હસ્ત	કન્યા	કર્ક	વાસ્તુ-કળશ
સુદ ૭	ગુરૂ	૦૪-૦૮-૨૨	ચિત્રા	ક./તુલા	કર્ક	વાસ્તુ-કળશ
સુદ ૧૩	બુધ	૧૦-૦૮-૨૨	ઉ.ષા.	ધન/મ.	કર્ક	વાસ્તુ સ. ૦૯-૩૯ થી બ. ૦૨-૦૦ કળશ
વદ ૬	બુધ	૧૭-૦૮-૨૨	અશ્વિની	મેષ	સિંહ	સ. ૦૭-૨૩ થી વાસ્તુ
વદ ૧૧	સોમ	૨૨-૦૮-૨૨	મૃગશીર્ષ	મિથુન	સિંહ	સ.૦૭-૪૧ સુધી વા./ક.

સ.= સવારે	બ.= બપોરે	સાં. = સાંજે	રા. = રાત્રે

વિક્રમ સંવત ૨૦૭૯નાં પ્રારંભનાં વાસ્તુકળશનાં મુહૂર્તો

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
માગશર માસ						
સુદ ૩	શનિ	૨૬-૧૧-૨૨	મૂળ	ધન	વૃશ્ચિક	બ.૦૨-૫૮ સુધી વાસ્તુ
સુદ ૫	સોમ	૨૮-૧૧-૨૨	ઉ.ષા./શ્ર.	મકર	વૃશ્ચિક	સ. ૧૦-૨૯ થી વા./ક.
સુદ ૭	બુધ	૩૦-૧૧-૨૨	ધ./શત.	કુંભ	વૃશ્ચિક	વાસ્તુ-કળશ
સુદ ૧૦	શુક્ર	૦૨-૧૨-૨૨	ઉ.ભા.	મીન	વૃશ્ચિક	વાસ્તુ-કળશ
સુદ ૧૫	ગુરૂ	૦૮-૧૨-૨૨	મૃગશીર્ષ	વૃષભ	વૃશ્ચિક	બ. ૧૨-૩૩ થી વાસ્તુ
વદ ૧	શુક્ર	૦૯-૧૨-૨૨	મૃગશીર્ષ	મિથુન	વૃશ્ચિક	બ. ૦૩-૦૦ થી વાસ્તુ
પોષ માસ						
વદ ૧૧	બુધ	૧૮-૦૧-૨૩	અનુરાધા	વૃશ્ચિક	મકર	વાસ્તુ કળશ
મહા માસ						
સુદ ૫	ગુરૂ	૨૬-૦૧-૨૩	ઉ.ભા.	મીન	મકર	વાસ્તુ
સુદ ૬	શુક્ર	૨૭-૦૧-૨૩	રેવતિ	મીન	મકર	વાસ્તુ કળશ
સુદ ૭	શનિ	૨૮-૦૧-૨૩	અશ્વિની	મેષ	મકર	સ.૦૮-૪૪ સુધી વા./ક.
સુદ ૧૩	શુક્ર	૦૩-૦૨-૨૩	પુનર્વસુ	મિથુન	મકર	વાસ્તુ-કળશ
વદ ૪	શુક્ર	૧૦-૦૨-૨૩	હસ્ત	કન્યા	મકર	સ. ૦૭-૫૯ થી વાસ્તુ
વદ ૫	શનિ	૧૧-૦૨-૨૩	ચિત્રા	ક./તુલા	મકર	વાસ્તુ
વદ ૧૧	ગુરૂ	૧૬-૦૨-૨૩	મૂળ	ધન	કુંભ	વાસ્તુ કળશ

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
ફાગણ માસ						
સુદ ૩	બુધ	૨૨-૦૨-૨૩	ઉ.ભા.	મીન	કુંભ	વાસ્તુ
વદ ૧	બુધ	૦૮-૦૩-૨૩	ઉ.ફા.	સિંહ/ક.	કુંભ	વાસ્તુ
વદ ૨	ગુરૂ	૦૯-૦૩-૨૩	હસ્ત	કન્યા	કુંભ	વાસ્તુ
વદ ૩	શુક્ર	૧૦-૦૩-૨૩	ચિત્રા	કન્યા	કુંભ	સ.૦૯-૨૨ સુધી વાસ્તુ
વદ ૬	સોમ	૧૩-૦૩-૨૩	અનુરાધા	વૃશ્ચિક	કુંભ	સ. ૦૮-૨૧ થી વાસ્તુ

સ.= સવારે	બ.= બપોરે	સાં. = સાંજે	રા. = રાત્રે

વિક્રમ સંવત ૨૦૭૮નાં ખાતનાં મુહૂર્તો

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
કારતક માસ						
સુદ ૧૦	શનિ	૧૩-૧૧-૨૧	પૂ.ભા.	કુંભ	વૃશ્ચિક	બ.૦૩-૨૫ થી
સુદ ૧૫	શુક્ર	૧૯-૧૧-૨૧	કૃતિકા	વૃષભ	વૃશ્ચિક	સ. ૧૦-૩૦ થી
વદ ૧	શનિ	૨૦-૧૧-૨૧	રોહિણી	વૃષભ	વૃશ્ચિક	—
વદ ૩	સોમ	૨૨-૧૧-૨૧	મૃગશીર્ષ	મિથુન	વૃશ્ચિક	સ. ૦૯-૦૯ સુધી
માગશર માસ						
સુદ ૧૦	સોમ	૧૩-૧૨-૨૧	રેવતિ	મીન	વૃશ્ચિક	—
સુદ ૧૨	બુધ	૧૫-૧૨-૨૧	ભરણી	મેષ	વૃશ્ચિક	—
પોષ માસ						
વદ ૨	ગુરૂ	૨૦-૦૧-૨૨	આ./મઘા	કર્ક/સિંહ	મકર	—
વદ ૪	શનિ	૨૨-૦૧-૨૨	પૂ.ફા/ઉ.ફા	સિંહ/ક.	મકર	—
મહા માસ						
સુદ ૭	સોમ	૦૭-૦૨-૨૨	અશ્વિની	મેષ	મકર	—
સુદ ૯	ગુરૂ	૧૦-૦૨-૨૨	રોહિણી	વૃષભ	મકર	સ. ૧૧-૦૯ થી
સુદ ૧૩	સોમ	૧૪-૦૨-૨૨	પુષ્ય	કર્ક	કુંભ	સ. ૧૧-૫૩ થી
સુદ ૧૫	બુધ	૧૬-૦૨-૨૨	આ./મઘા	કર્ક	કુંભ	સ. ૧૦-૦૯ થી
વદ ૧	ગુરૂ	૧૭-૦૨-૨૨	મઘા/પૂફા.	સિંહ	કુંભ	—
વૈશાખ માસ						
સુદ ૨	સોમ	૦૨-૦૫-૨૨	કૃતિકા	વૃષભ	મેષ	—
સુદ ૮	સોમ	૦૯-૦૫-૨૨	આ./મઘા	કર્ક	મેષ	સાં. ૦૬-૩૩ સુધી
સુદ ૧૦	બુધ	૧૧-૦૫-૨૨	પૂ.ફા.	સિંહ	મેષ	સાં. ૦૭-૨૮ સુધી
જેઠ માસ						
સુદ ૨	બુધ	૦૧-૦૬-૨૨	મૃગશીર્ષ	મિથુન	વૃષભ	બ. ૦૧-૦૧ સુધી
વદ ૧૨	શનિ	૨૫-૦૬-૨૨	કૃતિકા	મેષ/વૃષભ	મિથુન	સ. ૧૦-૦૪ થી
શ્રાવણ માસ						
સુદ ૬	બુધ	૦૩-૦૮-૨૨	હસ્ત	કન્યા	કર્ક	સ. ૦૯-૩૮ સુધી
સુદ ૭	ગુરૂ	૦૪-૦૮-૨૨	ચિત્રા	કન્યા/તુલા	કર્ક	—
વદ ૭	ગુરૂ	૧૮-૦૮-૨૨	ભરણી	મેષ	સિંહ	સ. ૦૮-૪૮ થી
વદ ૧૧	સોમ	૨૨-૦૮-૨૨	મૃગશીર્ષ	મિથુન	સિંહ	સ. ૦૭-૪૧ સુધી

વિક્રમ સંવત ૨૦૭૯નાં પ્રારંભનાં ખાતનાં મુહૂર્તો

પક્ષતિથિ	વાર	તારીખ		ચંદ્ર રાશિ	સૂર્ય રાશિ	વિશેષ નોંધ
માગશર માસ						
વદ ૬	બુધ	૧૪-૧૨-૨૨	મઘા	સિંહ	વૃશ્ચિક	---
વદ ૭	ગુરૂ	૧૫-૧૨-૨૨	પૂ.ફા.	સિંહ	વૃશ્ચિક	બ. ૧૨-૪૬ થી
વદ ૮	શુક્ર	૧૬-૧૨-૨૨	પૂ.ફા./ઉ.ફા.	સિંહ	વૃશ્ચિક	સ. ૦૯-૫૯ સુધી
પોષ માસ						
વદ ૧૧	બુધ	૧૮-૦૧-૨૩	અનુરાધા	વૃશ્ચિક	મકર	સાં. ૦૫-૧૩ સુધી
મહા માસ						
વદ ૧	સોમ	૦૬-૦૨-૨૩	મઘા	સિંહ	મકર	બ. ૦૩-૦૩ થી
વદ ૩	બુધ	૦૮-૦૨-૨૩	પૂ.ફા.	સિંહ	મકર	સાં. ૦૫-૨૯ સુધી
વદ ૪/૫	શુક્ર	૧૦-૦૨-૨૩	હસ્ત	કન્યા	મકર	સ. ૦૭-૫૯ થી
વદ ૭	સોમ	૧૩-૦૨-૨૩	વિશાખા	તુલા	કુંભ	સ. ૦૯-૪૫ થી
વદ ૧૧	ગુરૂ	૧૬-૦૨-૨૩	મૂળ	ધન	કુંભ	---
વદ ૧૨	શુક્ર	૧૭-૦૨-૨૩	પૂ.ષા.	ધન	કુંભ	---
ફાગણ માસ						
વદ ૧	બુધ	૦૮-૦૩-૨૩	ઉ.ફા.	સિંહ/ક.	કુંભ	---
વદ ૨	ગુરૂ	૦૯-૦૩-૨૩	હસ્ત	કન્યા	કુંભ	---
વદ ૬	સોમ	૧૩-૦૩-૨૩	વિશાખા/અનુ.	વૃશ્ચિક	કુંભ	---

સ.= સવારે	બ.= બપોરે	સાં. = સાંજે	રા. = રાત્રે

વિ.સં.૨૦૭૮માં કમુહૂર્તા, હોળાષ્ટક ગુરૂ-શુક્ર અસ્ત નીચે મુજબ રહેશે.

ચાતુર્માસ : અષાઢ સુદ-૧૧, રવિવાર, તા.૧૦-૦૭-૨૨ થી કારતક સુદ-૧૧, શુક્રવાર, તા.૦૪-૧૧-૨૨ સુધી. (ચાતુર્માસ ૧૨૪ દિવસનાં છે.)

ધનારક (કમુહૂર્તા) : માગશર સુદ-૧૨, બુધવાર, તા.૧૫-૧૨-૨૧ થી પોષ સુદ-૧૨ શુક્રવાર, તા.૧૪-૦૧-૨૨ સુધી.

શુક્ર અસ્ત : પોષ સુદ-૦૩, બુધવાર, તા.૦૫-૦૧-૨૨ થી પોષ સુદ-૧૦, સોમવાર, તા.૧૦-૦૧-૨૨ સુધી.

ગુરૂ અસ્ત : મહા વદ-૦૫, સોમવાર તા.૨૧-૦૨-૨૨ થી ફાગણ વદ-૦૫, મંગળવાર, તા.૨૨-૦૩-૨૨ સુધી.

હોળાષ્ટક : ફાગણ સુદ-૦૯-૧૦, બુધવાર,તા. ૦૯-૦૩-૨૨ થી ફાગણ સુદ-૧૫, શુક્રવાર, તા.૧૮-૦૩-૨૨ સુધી.

મીનારક (કમુહૂર્તા) : ફાગણ સુદ-૧૧-૧૨, સોમવાર, તા.૧૪-૦૩-૨૨ થી ચૈત્ર સુદ-૧૩-૧૪, ગુરૂવાર, તા.૧૪-૦૪-૨૨ સુધી.

પંચાંગનાં પાંચ અંગોનું એક અંગ એટલે કે કરણ

--- કરણનું કોષ્ટક ---

સુદનાં કરણો			વદનાં કરણો		
તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ	તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	કિંસ્તુઘ્ન	બવ	૧	બાલવ	કૌલવ
૨	બાલવ	કૌલવ	૨	તૈતિલ	ગર
૩	તૈતિલ	ગર	૩	વણિજ	વિષ્ટિ
૪	વણિજ	વિષ્ટિ	૪	બવ	બાલવ
૫	બવ	બાલવ	૫	કૌલવ	તૈતિલ
૬	કૌલવ	તૈતિલ	૬	ગર	વણિજ
૭	ગર	વણિજ	૭	વિષ્ટિ	બવ
૮	વિષ્ટિ	બવ	૮	બાલવ	કૌલવ
૯	બાલવ	કૌલવ	૯	તૈતિલ	ગર
૧૦	તૈતિલ	ગર	૧૦	વણિજ	વિષ્ટિ
૧૧	વણિજ	વિષ્ટિ	૧૧	બવ	બાલવ
૧૨	બવ	બાલવ	૧૨	કૌલવ	તૈતિલ
૧૩	કૌલવ	તૈતિલ	૧૩	ગર	વણિજ
૧૪	ગર	વણિજ	૧૪	વિષ્ટિ	શકુનિ
૧૫	વિષ્ટિ	બવ	૩૦	ચતુષ્પદ	નાગ

શુભ કરણ : (ચર કરણ) બવ-બાલવ-કૌલવ-તૈતિલ-ગર-વણિજ

અશુભકરણ : (સ્થિર કરણ) શકુનિ-ચતુષ્પાદ-નાગ-કિંસ્તુઘ્ન

ગુજરાતી માસ કયા અંગ્રેજી માસમાં આવશે ?

આજની યુવાપેઢીમાં ઘણા લોકોને પ્રશ્ન થાય છે કે, કયો ગુજરાતી માસ કયા અંગ્રેજી માસમાં આવશે ? હાલ કયો ગુજરાતી માસ છે ? સામાન્ય રીતે તો યુવા પેઢીને ખબર જ હોય છે કે, દિવાળી ઓકટોબર - નવેમ્બર માસમાં આવે, પરંતુ દર વર્ષે ગુજરાતી એટલે કે વિક્રમ સંવતનાં વર્ષમાં - દિવસો માં ફેરફારો થતાં રહે છે. નવા વર્ષમાં કઇ તારીખે ગુજરાતી માસ બેસે અને કઇ તારીખે સમાપ્ત થાય તે જોઇએ.

વિક્રમ સંવત ૨૦૭૮ માં ગુજરાતી - અંગ્રેજી માસની તારીખો

નવા વર્ષમાં કઇ તારીખે ગુજરાતી માસ બેસે અને કઇ તારીખે સમાપ્ત થાય તે જોઇએ.

ગુજરાતી માસ	અંગ્રેજી માસ - તારીખ	
	પ્રારંભ	સમાપ્ત
કારતક	તા. ૦૫-૧૧-૨૧	તા. ૦૪-૧૨-૨૧
માગશર	તા. ૦૫-૧૨-૨૧	તા. ૦૨-૦૧-૨૨
પોષ	તા. ૦૩-૦૧-૨૨	તા. ૦૧-૦૨-૨૨
મહા	તા. ૦૨-૦૨-૨૨	તા. ૦૨-૦૩-૨૨
ફાગણ	તા. ૦૩-૦૩-૨૨	તા. ૦૧-૦૪-૨૨
ચૈત્ર	તા. ૦૨-૦૪-૨૨	તા. ૩૦-૦૪-૨૨
વૈશાખ	તા. ૦૧-૦૫-૨૨	તા. ૩૦-૦૫-૨૨
જેઠ	તા. ૩૧-૦૫-૨૨	તા. ૨૯-૦૬-૨૨
અષાઢ	તા. ૩૦-૦૬-૨૨	તા. ૨૮-૦૭-૨૨
શ્રાવણ	તા. ૨૯-૦૭-૨૨	તા. ૨૭-૦૮-૨૨
ભાદરવો	તા. ૨૮-૦૮-૨૨	તા. ૨૫-૦૯-૨૨
આસો	તા. ૨૬-૦૯-૨૨	તા. ૨૫-૧૦-૨૨

સવંત ૨૦૭૮નું વર્ષ ૩૫૪ દિવસનું થાય છે.

- વસંતલાલ જે. પોપટ - ૯૮૨૪૮ ૧૩૬૧૮

(સંવત ૨૦૭૮ની સાલનું પનોતી ફળ)

વસંતલાલ જે. પોપટ મો. ૯૮૨૪૮ ૧૩૬૧૮

વિક્રમ સંવત ૨૦૭૬, પોષ વદ-૩૦, શુક્રવાર તા.૨૪-૦૧-૨૦૨૦ નાં શનિ મહારાજ મકર રાશિમાં ક. ૦૯, મિ. ૫૪ નાં પ્રવેશ કરેલ, તે સમયે ચંદ્રપણ મકર રાશિમાં હતો. (ઉત્તરાષાઢા નક્ષત્રમાં)

વિક્રમ સંવત ૨૦૭૮નાં વર્ષપારંભે પણ શનિ મહારાજનું મકર રાશિમાં પરિભ્રમણ ચાલુ રહે છે, જેથી વિવિધ રાશિને નીચે મુજબ પનોતી ચાલુ રહેશે.

મિથુન (ક.છ.ઘ) : નાની પનોતી લોઢાનાં પાયે છે. જે શ્રમદાયક છે

તુલા (ર.ત.) : નાની પનોતી લોઢાના પાયે છે. જે શ્રમદાયક છે

ધન(ધ.ફ.ભ.ઢ) : મોટી પનોતીનો ત્રીજો તબક્કો રૂપાનાં પાયે છે. પગેથી પસાર થાય છે. જે લક્ષ્મીદાયક છે.

મકર (ખ.જ) : મોટી પનોતીનો બીજો તબક્કો છે સોનાના પાયે છે છાતીએથી પસાર થાય છે. જે ચિંતાદાયક છે

કુંભ (ગ.શ) : મોટી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાનાં પાયે છે. માથેથી પસાર થાય છે. જે શ્રમદાયક છે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં ચૈત્ર વદ-૧૪ શુક્રવાર તા.૨૯-૦૪-૨૨ નાં શનિ મહારાજ કુંભ રાશિમાં સવારે કલાક ૦૭-૪૯ નાં પ્રવેશ કરશે. તે સમયે ચંદ્ર મીન રાશિ અને રેવતી નક્ષત્રમાં હશે.

તા.૨૯-૦૪-૨૨ થી વિવિધ રાશિને નીચે મુજબ પનોતી રહેશે.

કર્ક (ડ.હ.) : નાની પનોતી રૂપાનાં પાયે છે. જે લક્ષ્મીદાયક છે.

વૃશ્ચિક (ન.ય.) : નાની પનોતી રૂપાનાં પાયે છે. જે લક્ષ્મીદાયક છે

મકર (ખ.જ.) : મોટી પનોતીનો ત્રીજો તબક્કો છે. જે તાંબાનાં પાયે છે. પગેથી પસાર થાય છે, જે લક્ષ્મીદાયક છે.

કુંભ (ગ.શ.) : મોટી પનોતીનો બીજો તબક્કો રૂપાનાં પાયે છે. પગેથી પસાર થાય છે. જે લક્ષ્મીદાયક છે.

મીન(દ.ચ.ઝ.થ.): મોટી પનોતીનો પહેલો તબક્કો સોનાનાં પાયે માથેથી પસાર થાય છે. જે શ્રમદાયક છે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં અષાઢ સુદ-૧૩-૧૪ મંગળવાર, તા.૧૨-૦૭-૨૨નાં શનિ મકર રાશિમાં વક્ર ગતિથી પ્રવેશ કરશે. તે સમયે ચંદ્ર ધનરાશિમાં હશે. નક્ષત્ર મૂળ રહેશે. જેથી વિવિધ રાશિને નીચે મુજબ પનોતી રહેશે.

મિથુન(ક.છ.ઘ.) : નાની પનોતી તાંબાનાં પાયે છે. જે લક્ષ્મીદાયક છે.

તુલા (ર.ત.) : નાની પનોતી તાંબાનાં પાયે છે. જે લક્ષ્મીદાયક છે.

ધન(ધ.ભ.ફ.ઢ.) : મોટી પનોતીનો ત્રીજો તબક્કો પગેથી સોનાનાં પાયે પસાર થાય છે. જે ચિંતાદાયક છે.

મકર (ખ.જ.) : મોટી પનોતીનો બીજો તબક્કો લોઢાનાં પાયે છાતીએથી પસાર થાય છે. જે શ્રમદાયક છે.

કુંભ (ગ.સ.) : મોટી પનોતીનો પ્રથમ તબક્કો સોનાનાં પાયે માથેથી પસાર થાય છે. જે ચિંતાદાયક છે.

(પનોતી બાબત સમજ)

પનોતી છે. તેમ સાંભળવાથી જ ઘણા માણસો વહેમાય છે પરંતુ તેમ નથી. સાડાસાતી કે નાની પનોતી ઘણા માણસોને લાભ પણ આપે છે. અને તેનો નિર્ણય ગ્રહ સ્થિતિ ઉપરથી થઇ શકે છે. પહેલું તો સાચી જન્મ કુંડલી જોઇએ. જન્મકુંડલીમાં કયા ગ્રહો કયા સ્થાને છે તે જોવું જોઇએ અને તે બાબતમાં વિદ્વાન જયોતિષની સલાહ લેવી વધારે ઉત્તમ છે. પનોતીમાં શનિ નબળો હોય તો તેના નિવારણ માટે બની શકે તો પોતે જ નીચે પ્રમાણે જાપ સવારમાં દસવાર કરવો.

"કોણસ્થ: પિંગલો બભ્રુ: કૃષ્ણો રૌદ્રાંતકો યમ:
સૌરિ: શનિશ્ચરો મંદ:પિપ્પલાદેન સંસ્તુત:।।"

કર્ક-સિંહ-ધન-મીન-લગ્નવાળાને શનિ અશુભ ફળદાય છે. તે નબળા સ્થાનમાં બેઠો હોય, શત્રુગ્રહ સૂર્ય-મંગળ-ચંદ્ર-રાહુ-યુતિ-દષ્ટિ હોય અને સાડાસાતી ચાલતી હોય, સામે શત્રુગ્રહ હોય તો પનોતી નડે. રાજયોગકારક શનિ હોય, કુંડલી વૃષભ તુલા લગ્નની હોય, કેન્દ્રમાં શનિ ત્રિકોણનાં સ્વામીથી યુતિ-દષ્ટિ હોય. શનિ ૫ મે ૯ મે રહેલો હોય કે કેન્દ્રમાં રહેલો હોય. યુતિ-દષ્ટિ હોય તો વિશેષ ફળદાયક, શુભ ફળ આપે, એક રસોડે જમતા બધા માણસોને કુટુંબની એક વ્યકિતને ચાલતી પનોતી બધાને નડે છે. ભાગીદારોને પણ તેમજ સમજવું. દક્ષિણાભિમુખી હનુમાનની ઉપાસના કરવી. શંકર ભગવાનની રૂદ્રી, ચંડીપાઠ કરાવવા તથા કાળા વસ્ત્રનું દાન કરવું. સત્પુરૂષોનો સમાગમ, સારૂં આચરણ, શાસ્ત્ર વાંચન, વિકલાંગોને મદદ કરવી વગેરે કરવાથી ગ્રહશાંતિ થશે.

સં. ૨૦૭૮નાં ગુરૂપુષ્યામૃત તથા પુષ્યનક્ષત્રનાં દિવસો (લગ્નમાં વર્જ્ય છે.)

કારતક વદ-૫	બુધવાર	તા.૨૪-૧૧-૨૧	પુષ્યનક્ષત્ર	૧૬-૨૯ થી ૩૧-૦૫
કારતક વદ-૬	ગુરૂવાર	તા.૨૫-૧૧-૨૧	ગુરૂપુષ્યામૃત	૦૭-૦૬ થી ૧૮-૫૦
માગશર વદ-૨/૩	મંગળ/બુધ	તા.૨૧/૨૨-૧૨-૨૧	પુષ્યનક્ષત્ર	૨૨-૨૫ થી ૨૪-૪૫
પોષ સુદ-૧૫/૧	સોમ/મંગળ	તા.૧૭/૧૮-૦૧-૨૨	પુષ્યનક્ષત્ર	૨૮-૩૭ થી ૩૦-૪૪
મહા સુદ-૧૩/૧૪	સોમ/મંગળ	તા.૧૪/૧૫-૦૨-૨૨	પુષ્યનક્ષત્ર	૧૧-૫૩ થી ૧૩-૪૯
ફાગણ સુદ-૧૦/૧૧	રવિ/સોમ	તા.૧૩/૧૪-૦૩-૨૨	પુષ્યનક્ષત્ર	૨૦-૦૬ થી ૨૨-૦૮
ચૈત્ર સુદ-૮/૯	શનિ/રવિ	તા.૦૯/૧૦-૦૪-૨૨	પુષ્યનક્ષત્ર	૨૮-૩૧ થી ૩૧-૫૩
વૈશાખ સુદ-૬/૭	શનિ/રવિ	તા.૦૭/૦૮-૦૫-૨૨	પુષ્યનક્ષત્ર	૧૨-૧૮ થી ૧૪-૫૮
જેઠ સુદ-૪/૫	શુક્ર/શનિ	તા.૦૩/૦૪-૦૬-૨૨	પુષ્યનક્ષત્ર	૧૯-૦૫ થી ૨૧-૫૫
અષાઢ સુદ-૧/૨	ગુરૂવાર	તા.૩૦-૦૬-૨૨	ગુરૂપુષ્યામૃત	૨૫-૦૭ થી ૩૦-૦૭
અષાઢ સુદ-૨	શુક્રવાર	તા.૦૧-૦૭-૨૨	પુષ્યનક્ષત્ર	૦૬-૦૮ થી ૨૭-૫૬
અષાઢ વદ-૩૦/૧	ગુરૂવાર	તા.૨૮-૦૭-૨૨	ગુરૂપુષ્યામૃત	૦૭-૦૫ થી ૩૦-૧૮
શ્રાવણ સુદ-૧	શુક્રવાર	તા.૨૯-૦૭-૨૨	પુષ્યનક્ષત્ર	૦૬-૧૯ થી ૦૯-૪૭
શ્રાવણ વદ-૧૨	બુધવાર	તા.૨૪-૦૮-૨૨	પુષ્યનક્ષત્ર	૧૩-૩૯ થી ૩૦-૨૮
શ્રાવણ વદ-૧૩	ગુરૂવાર	તા.૨૫-૦૮-૨૨	ગુરૂપુષ્યામૃત	૦૬-૨૯ થી ૧૬-૧૬
ભાદરવા વદ-૧૦/૧૧	મંગળ/બુધ	તા.૨૦/૨૧-૦૯-૨૨	પુષ્યનક્ષત્ર	૨૧-૦૭ થી ૨૩-૪૭
આસો વદ-૭/૯	સોમ/બુધ	તા.૧૭/૧૯-૧૦-૨૨	પુષ્યનક્ષત્ર	૨૯-૧૩ થી ૦૮-૦૩

વિ.સં. ૨૦૭૮નો શનિરોહિણી અમૃતસિદ્ધિ યોગ (પ્રયાણમાં વર્જ્ય છે.)

કારતક વદ-૧	શનિવાર	તા. ૨૦-૧૧-૨૧	૦૭-૦૨ થી ૩૧-૦૨
માગશર સુદ-૧૪	શનિવાર	તા. ૧૮-૧૨-૨૧	૦૭-૨૦ થી ૧૩-૪૯
શ્રાવણ વદ-૯	શનિવાર	તા. ૨૦-૦૮-૨૨	૦૬-૨૭ થી ૨૮-૪૦
ભાદરવા વદ-૭	શનિવાર	તા. ૧૭-૦૯-૨૨	૦૬-૩૫ થી ૧૨-૨૧

વિ.સં. ૨૦૭૮નાં ભોમાશ્વિની સિદ્ધિયોગ (પ્રવેશે વર્જ્ય છે.)

કારતક સુદ-૧૨	મંગળવાર	તા. ૧૬-૧૧-૨૧	૨૦-૧૫ થી ૩૦-૫૯
માગશર સુદ-૧૧	મંગળવાર	તા. ૧૪-૧૨-૨૧	૦૭-૧૮ થી ૨૮-૪૦
પોષ સુદ-૯	મંગળવાર	તા. ૧૧-૦૧-૨૨	૦૭-૨૯ થી ૧૧-૧૦
શ્રાવણ વદ-૫	મંગળવાર	તા. ૧૬-૦૮-૨૨	૨૧-૦૭ થી ૩૦-૨૫
ભાદરવા વદ-૩	મંગળવાર	તા. ૧૩-૦૯-૨૨	૦૬-૩૪ થી ૩૦-૩૪
આસો વદ-૨	મંગળવાર	તા. ૧૧-૧૦-૨૨	૦૬-૪૩ થી ૧૬-૧૭

વિ.સં. ૨૦૭૮નાં રવિપુષ્યામૃત સિદ્ધિયોગ

ફાગણ સુદ-૧૦	રવિવાર	તા.૧૩-૦૩-૨૨	૨૦-૦૬ થી ૩૦-૨૯
ચૈત્ર સુદ-૯	રવિવાર	તા.૧૦-૦૪-૨૨	૦૬-૩૪ થી ૩૦-૩૧
વૈશાખ સુદ-૭	રવિવાર	તા.૦૮-૦૫-૨૨	૦૬-૧૨ થી ૧૪-૫૮

વિ.સં. ૨૦૭૮નાં અમૃતસિદ્ધિયોગ

કારતક વદ-૩	સોમવાર	તા.૨૨-૧૧-૨૧	૦૭-૦૪ થી ૧૦-૪૪
માગશર વદ-૭	રવિવાર	તા.૨૬-૧૨-૨૧	૨૯-૨૬ થી ૩૧-૦૬
મહા વદ-૪	રવિવાર	તા.૨૦-૦૨-૨૨	૦૭-૧૬ થી ૧૬-૪૨
મહા વદ-૭	બુધવાર	તા.૨૩-૦૨-૨૨	*૧૪-૪૧ થી ૩૧-૧૨
ફાગણ સુદ-૨	શુક્રવાર	તા.૦૪-૦૩-૨૨	૨૫-૫૨ થી ૩૧-૦૪
ફાગણ વદ-૬	બુધવાર	તા.૨૩-૦૩-૨૨	૦૬-૪૯ થી ૧૮-૫૩
ચૈત્ર વદ-૧૪	શુક્રવાર	તા.૨૯-૦૪-૨૨	૦૬-૧૮ થી ૧૮-૪૩
જેઠ વદ-૧૪	સોમવાર	તા.૨૭-૦૬-૨૨	૦૬-૦૭ થી ૧૬-૦૨
અષાઢ વદ-૧૨	સોમવાર	તા.૨૫-૦૭-૨૨	૦૬-૧૭ થી ૨૫-૦૬
શ્રાવણ વદ-૧૧	સોમવાર	તા.૨૨-૦૮-૨૨	૦૬-૨૮ થી ૦૭-૪૧

★ તા. ૨૩-૦૨-૨૨ સમય ૧૬-૫૭ થી ૩૧-૧૨ વિષયોગ।

વિ.સં. ૨૦૭૮ની શનિવારી અમાસ

કારતક વદ-૩૦	શનિવાર	તા.૦૪-૧૨-૨૧	૦૭-૧૨ થી ૧૩-૧૩
માગશર વદ-૧૪/૩૦	શનિવાર	તા.૦૧-૦૪-૨૨	૨૭-૪૨ થી ૩૧-૨૬
ચૈત્ર વદ-૩૦	શનિવાર	તા.૩૦-૦૪-૨૨	૦૬-૧૭ થી ૨૫-૨૮
શ્રાવણ વદ-૩૦	શનિવાર	તા.૨૭-૦૮-૨૨	૦૬-૨૯ થી ૧૩-૪૭
ભાદરવા વદ-૧૪/૩૦	શનિવાર	તા.૨૪-૦૯-૨૨	૨૭-૧૩ થી ૩૦-૩૭

વિ.સં. ૨૦૭૮ની બુધવારી અમાસ

મહા વદ-૩૦	બુધવાર	તા.૦૨-૦૩-૨૨	૦૭-૦૮ થી ૨૩-૦૫
જેઠ વદ-૩૦	બુધવાર	તા.૨૯-૦૬-૨૨	૦૬-૦૭ થી ૦૮-૨૨

વિ.સં. ૨૦૭૮ની સોમવારી અમાસ

પોષ વદ-૧૪/૩૦	સોમવાર	તા.૩૧-૦૧-૨૨	૧૪-૧૯ થી ૩૧-૨૫
વૈશાખ વદ-૩૦	સોમવાર	તા.૩૦-૦૫-૨૨	૦૬-૪૦ થી ૧૭-૦૦
આસો વદ-૧૪/૩૦	સોમવાર	તા.૨૪-૧૦-૨૨	૧૭-૨૮ થી ૩૦-૪૭

વિ.સં. ૨૦૭૮ની સોમવારી પૂનમ

પોષ સુદ-૧૫	સોમવાર	તા.૧૭-૦૧-૨૨	૦૭-૨૯ થી ૨૯-૧૯
વૈશાખ સુદ-૧૫	સોમવાર	તા.૧૬-૦૫-૨૨	૦૬-૦૮ થી ૦૯-૪૪
જેઠ સુદ-૧૪/૧૫	સોમવાર	તા.૧૩-૦૬-૨૨	૨૧-૦૪ થી ૩૦-૨૯

વિ.સં. ૨૦૭૮નાં ભાનુ પ્રદોષ

જેઠ સુદ-૧૩	રવિવાર	તા.૧૨-૦૬-૨૨
જેઠ વદ-૧૩	રવિવાર	તા.૨૬-૦૬-૨૨

વિ.સં. ૨૦૭૮નો સોમપ્રદોષ

મહા સુદ-૧૩	સોમવાર	તા.૧૪-૦૨-૨૨
મહા વદ-૧૩	સોમવાર	તા.૨૮-૦૨-૨૨
અષાઢ સુદ-૧૨	સોમવાર	તા.૧૧-૦૭-૨૨
અષાઢ વદ-૧૨	સોમવાર	તા.૨૫-૦૭-૨૨

વિ.સં. ૨૦૭૮નાં ભોમપ્રદોષ

કારતક સુદ-૧૨	મંગળવાર	તા.૧૬-૧૧-૨૧
ફાગણ સુદ-૧૨	મંગળવાર	તા.૧૫-૦૩-૨૨
ફાગણ વદ-૧૨	મંગળવાર	તા.૨૯-૦૩-૨૨
શ્રાવણ સુદ-૧૨	મંગળવાર	તા.૦૯-૦૮-૨૨

વિ.સં. ૨૦૭૮નાં મંદ પ્રદોષ

પોષ સુદ-૧૩	શનિવાર	તા.૧૫-૦૧-૨૨
પોષ વદ-૧૨	શનિવાર	તા.૨૯-૦૧-૨૨
આસો વદ-૧૨	શનિવાર	તા.૨૨-૧૦-૨૨

વિ.સં. ૨૦૭૮ની અંગારક ચતુર્થી (અંગારક યોગ)

કારતક વદ-૪	મંગળવાર	તા.૨૩-૧૧-૨૧
માગશર સુદ-૪	મંગળવાર	તા.૦૭-૧૨-૨૧
ચૈત્ર સુદ-૪	મંગળવાર	તા.૦૫-૦૪-૨૨
ચૈત્ર વદ-૩/૪	મંગળવાર	તા.૧૯-૦૪-૨૨
ભાદરવા વદ-૩/૪	મંગળવાર	તા.૧૩-૦૯-૨૨

વિ.સં. ૨૦૭૮નાં ચૈત્રી દનૈયાનાં દિવસો

દનૈયું-૧	તા.૦૨-૦૪-૨૦૨૨	શનિવાર	દનૈયું-૫	તા.૦૬-૦૪-૨૦૨૨	બુધવાર
દનૈયું-૨	તા.૦૩-૦૪-૨૦૨૨	રવિવાર	દનૈયું-૬	તા.૦૭-૦૪-૨૦૨૨	ગુરૂવાર
દનૈયું-૩	તા.૦૪-૦૪-૨૦૨૨	સોમવાર	દનૈયું-૭	તા.૦૮-૦૪-૨૦૨૨	શુક્રવાર
દનૈયું-૪	તા.૦૫-૦૪-૨૦૨૨	મંગળવાર	દનૈયું-૮	તા.૦૯-૦૪-૨૦૨૨	શનિવાર

વિ.સં. ૨૦૭૮નાં સંકષ્ટ ચતુર્થીનાં ચંદ્રદર્શનનો સમય

માસ	વાર	તારીખ	સમય
કારતક વદ-૪	મંગળ	૨૩-૧૧-૨૧	૨૧-૦૯
માગશર વદ-૩	બુધ	૨૨-૧૨-૨૧	૨૦-૫૨
પોષ વદ-૩	શુક્ર	૨૧-૦૧-૨૨	૨૧-૩૩
મહા વદ-૪	રવિ	૨૦-૦૨-૨૨	૨૨-૧૪
ફાગણ વદ-૩	સોમ	૨૧-૦૩-૨૨	૨૨-૦૫
ચૈત્ર વદ-૩	મંગળ	૧૯-૦૪-૨૨	૨૨-૦૩
વૈશાખ વદ-૪	ગુરૂ	૧૯-૦૫-૨૨	૨૩-૦૭
જેઠ વદ-૩	શુક્ર	૧૭-૦૬-૨૨	૨૨-૪૬
અષાઢ વદ-૩	શનિ	૧૬-૦૭-૨૨	૨૨-૦૮
શ્રાવણ વદ-૪	સોમ	૧૫-૦૮-૨૨	૨૧-૫૪
ભાદરવા વદ-૩	મંગળ	૧૩-૦૯-૨૨	૨૦-૫૯
આસો વદ-૪	ગુરૂ	૧૩-૧૦-૨૨	૨૦-૫૦

વિ.સં. ૨૦૭૮ નાં ચંદ્ર દર્શનનાં દિવસો

માસ	તારીખ	વાર
કારતક સુદ-૨	૦૬-૧૧-૨૧	શનિ
માગશર સુદ-૧	૦૫-૧૨-૨૧	રવિ
પોષ સુદ-૨	૦૪-૦૧-૨૨	મંગળ
મહા સુદ-૧	૦૨-૦૨-૨૨	બુધ
ફાગણ સુદ-૨	૦૪-૦૩-૨૨	શુક્ર
ચૈત્ર સુદ-૧	૦૨-૦૪-૨૨	શનિ
વૈશાખ સુદ-૨	૦૨-૦૫-૨૨	સોમ
જેઠ સુદ-૨	૦૧-૦૬-૨૨	બુધ
અષાઢ સુદ-૧	૩૦-૦૬-૨૨	ગુરૂ
શ્રાવણ સુદ-૨	૩૦-૦૭-૨૨	શનિ
ભાદરવા સુદ-૧	૨૮-૦૮-૨૨	રવિ
આસો સુદ-૨	૨૭-૦૯-૨૨	મંગળ

– સં. સનતકુમાર વી. પોપટ

તિથિઓનાં સ્વામી

પ્રતિપદા - અગ્નિ	ષષ્ઠી - કાર્તિકેય	દ્વાદશી - વિષ્ણુ
દ્વિતિયા - બ્રહ્મા	સપ્તમી - સૂર્ય	ત્રયોદશી - કામ
તૃતિયા - ગૌરી	અષ્ટમી - શિવ	ચતુર્દશી - શિવ
ચતુર્થી - ગણેશ	નવમી - દુર્ગા	પૂર્ણિમા - ચંદ્ર
પંચમી - શેષનાગ	દશમી - કાલ	અમાસ - પિતૃ
	એકાદશી - વિશ્વદેવા	

વિ.સં. ૨૦૭૮ ની એકાદશી

માસ	પક્ષ	તારીખ	વાર	એકાદશી
કારતક	સુદ	૧૪-૧૧-૨૧	રવિ	પ્રબોધિની (સ્માર્ત)
	સુદ	૧૫-૧૧-૨૧	સોમ	પ્રબોધિની (વૈષ્ણવ)
	વદ	૩૦-૧૧-૨૧	મંગળ	ઉત્પત્તિ
માગશર	સુદ	૧૪-૧૨-૨૧	મંગળ	મોક્ષદા
	વદ	૩૦-૧૨-૨૧	ગુરૂ	સફલા
પોષ	સુદ	૧૩-૦૧-૨૨	ગુરૂ	પુત્રદા
	વદ	૨૮-૦૧-૨૨	શુક્ર	ષટતલા
મહા	સુદ	૧૨-૦૨-૨૨	શનિ	જયા
	વદ	૨૬-૦૨-૨૨	શનિ	વિજયા (સ્માર્ત)
	વદ	૨૭-૦૨-૨૨	રવિ	વિજયા (વૈષ્ણવ)
ફાગણ	સુદ	૧૪-૦૩-૨૨	સોમ	આમલકી
	વદ	૨૮-૦૩-૨૨	સોમ	પાપમોચિની
ચૈત્ર	સુદ	૧૨-૦૪-૨૨	મંગળ	કામદા
	વદ	૨૬-૦૪-૨૨	મંગળ	વરૂથિની
વૈશાખ	સુદ	૧૨-૦૫-૨૨	ગુરૂ	મોહિની
	વદ	૨૬-૦૫-૨૨	ગુરૂ	અપરા
જેઠ	સુદ	૧૦-૦૬-૨૨	શુક્ર	નિર્જળા (સ્માર્ત)
	સુદ	૧૧-૦૬-૨૨	શનિ	નિર્જળા (વૈષ્ણવ)
	વદ	૨૪-૦૬-૨૨	શુક્ર	યોગીની
અષાઢ	સુદ	૧૦-૦૭-૨૨	રવિ	દેવશયની
	વદ	૨૪-૦૭-૨૨	રવિ	કામિકા
શ્રાવણ	સુદ	૦૮-૦૮-૨૨	સોમ	પવિત્રા/પુત્રદા
	વદ	૨૨-૦૮-૨૨	સોમ	અજા (સ્માર્ત)
	વદ	૨૩-૦૮-૨૨	મંગળ	અજા (વૈષ્ણવ)
ભાદરવો	સુદ	૦૬-૦૯-૨૨	મંગળ	પરિવર્તિની/જલઝીલણી
	વદ	૨૧-૦૯-૨૨	બુધ	ઇન્દીરા
આસો	સુદ	૦૬-૧૦-૨૨	ગુરૂ	પાશાંકુશા
	વદ	૨૧-૧૦-૨૨	શુક્ર	રમા

સં. ૨૦૭૮માં બારે રાશિવાળાને ગુરૂ, શનિ, રાહુ ગોચરમાં ક્યાં ચાલશે ?

સંકલન વી.જે. પોપટ	ગુરૂ			શનિ			રાહુ	
	વર્ષ પ્રારંભે મકર	તા.૨૦-૧૧-૨૧થી કુંભ	તા.૧૩-૦૪-૨૨થી મીન	વર્ષ પ્રારંભે મકર	તા.૨૯-૦૪-૨૨થી કુંભમાં	તા.૧૨-૦૭-૨૨થી મકર વક્રી	વર્ષ પ્રારંભે વૃષભ	તા.૧૨-૦૪-૨૨થી મેષ
મેષ	૧૦	૧૧	૧૨	૧૦	૧૧	૧૦	૦૨	૦૧
વૃષભ	૦૯	૧૦	૧૧	૦૯	૧૦	૦૯	૦૧	૧૨
મિથુન	૦૮	૦૯	૧૦	08	૦૯	08	૧૨	૧૧
કર્ક	૦૭	૦૮	૦૯	૦૭	08	૦૭	૧૧	૧૦
સિંહ	૦૬	૦૭	૦૮	૦૬	૦૭	૦૬	૧૦	૦૯
કન્યા	૦૫	૦૬	૦૭	૦૫	૦૬	૦૫	૦૯	૦૮
તુલા	૦૪	૦૫	૦૬	04	૦૫	04	૦૮	૦૭
વૃશ્ચિક	૦૩	૦૪	૦૫	૦૩	04	૦૩	૦૭	૦૬
ધન	૦૨	૦૩	૦૪	02	૦૩	02	૦૬	૦૫
મકર	૦૧	૦૨	૦૩	01	02	01	૦૫	૦૪
કુંભ	૧૨	૦૧	૦૨	12	01	12	૦૪	૦૩
મીન	૧૧	૧૨	૦૧	૧૧	12	૧૧	૦૩	૦૨

☞ ગોચરમાં ગુરૂ ૨,૫,૭,૯,૧૧ મો શુભ ગણાય છે. (વેધ રહિત)
☞ ગોચરમાં શનિ ૩,૬,૧૧ મો શુભ ગણાય છે. (વેધ રહિત)
☞ ગોચરમાં અંગ્રેજી આંકડાની રાશિ પનોતી દર્શાવે છે.
☞ ગોચરમાં રાહુ ૩,૬,૧૧ મો શુભ ગણાય છે.

વિ.સં. ૨૦૭૮ ની વ્રતની પૂનમ-વિશેષ પૂર્ણિમા

માસ	તારીખ	વાર	શાસ્ત્રોક્ત
કારતક	૧૮-૧૧-૨૧	ગુરૂ	વ્રતની પૂનમ ત્રિપુરારી પૂનમ
માગશર	૧૮-૧૨-૨૧	શનિ	વ્રતની પૂનમ શ્રી દત્ત પૂનમ-જયંતી
પોષ	૧૭-૦૧-૨૨	સોમ	વ્રતની પૂનમ પોષી પૂનમ
મહા	૧૬-૦૨-૨૨	બુધ	વ્રતની પૂનમ માઘી પૂનમ
ફાગણ	૧૭-૦૩-૨૨	ગુરૂ	વ્રતની પૂનમ હુતાશની પૂનમ
ચૈત્ર	૧૬-૦૪-૨૨	શનિ	વ્રતની પૂનમ શ્રી હનુમાન જયંતી
વૈશાખ	૧૫-૦૫-૨૨ ૧૬-૦૫-૨૨	રવિ સોમ	વ્રતની પૂનમ બુદ્ધ પૂર્ણિમા
જેઠ	૧૩-૦૬-૨૨ ૧૪-૦૬-૨૨	સોમ મંગળ	વ્રતની પૂનમ વટ પૂર્ણિમા
અષાઢ	૧૩-૦૭-૨૨	બુધ	વ્રતની પૂનમ ગુરૂ પૂર્ણિમા
શ્રાવણ	૧૧-૦૮-૨૨	ગુરૂ	વ્રતની પૂનમ નાળિયેરી પૂર્ણિમા
ભાદરવો	૦૯-૦૯-૨૨ ૧૦-૦૯-૨૨	શુક્ર શનિ	વ્રતની પૂનમ પ્રૌષ્ઠપદી પૂર્ણિમા
આસો	૦૯-૧૦-૨૨	રવિ	વ્રતની પૂનમ શરદ પૂર્ણિમા

વિ.સં. ૨૦૭૮ના સ્નાન - પર્વનાં દિવસો

૧.	કાર્તિક સ્નાન સમાપ્ત	કારતક સુદ-૧૫	શુક્ર	તા.૧૯-૧૧-૨૧
૨.	માઘ સ્નાન પ્રારંભ	પોષ સુદ-૧૫	સોમ	તા.૧૭-૧૧-૨૧
૩.	માઘ સ્નાન સમાપ્ત	મહા સુદ-૧૫	બુધ	તા.૧૬-૦૨-૨૨
૪.	વૈશાખ સ્નાન પ્રારંભ	ચૈત્ર સુદ-૧૫	શનિ	તા.૧૬-૦૪-૨૨
૫.	વૈશાખ સ્નાન સમાપ્ત	વૈશાખ સુદ-૧૫	સોમ	તા.૧૬-૦૫-૨૨
૬.	ગંગા દશહરા પ્રારંભ	જેઠ સુદ-૦૧	મંગળ	તા.૩૧-૦૫-૨૨
૭.	ગંગા દશહરા સમાપ્ત, ગંગા અવતરણ	જેઠ સુદ-૦૯	ગુરૂ	તા.૦૯-૦૫-૨૨
૮.	કાર્તિક સ્નાન પ્રારંભ	આસો સુદ-૧૫	રવિ	તા.૦૯-૦૯-૨૨

– સં. સનતકુમાર વી. પોપટ

વિ.સં. ૨૦૭૮ની મુખ્ય ચાર સંક્રાંતિ

૧. **મકર સંક્રાંતિ :-** પોષ સુદ-૧૨, શુક્રવાર તા.૧૪-૦૧-૨૨ નાં ક.૧૪ મિ.૩૦ એ મકર રાશિનાં ચંદ્રમાં, રોહિણી નક્ષત્રમાં બ્રહ્મયોગમાં, બાલવ કરણમાં સૂર્ય નિરયન મકર રાશિ (પૃથ્વીતત્વમાં) પ્રવેશ કરે છે. સંક્રાંતિનો પૂ.કા. તા.૧૪-૦૧-૨૨ શુક્રવારનાં ક.૦૭-૨૯ થી ક.૧૪-૩૦ સુધી રહેશે.

૨. **મેષ સંક્રાંતિ :-** ચૈત્ર સુદ-૧૩, ગુરૂવાર તા.૧૪-૦૪-૨૨નાં ક.૦૮ મિ.૪૩ એ સિંહ રાશિનાં ચંદ્રમાં, પૂ.ફા.નક્ષત્રમાં, વૃદ્ધિયોગમાં , કૌલવ કરણમાં, સૂર્ય નિરયન મેષ રાશિ (અગ્નિતત્વમાં) પ્રવેશ કરે છે. સંક્રાંતિનો પૂ.કા. તા.૧૪-૦૪-૨૨ ગુરૂવારનાં ક.૦૭-૨૯ થી ક.૧૨-૫૬ સુધી રહેશે.

૩. **કર્ક સંક્રાંતિ :-** અષાઢ સુદ-૩, શનિવાર, તા.૧૬-૦૭-૨૨ નાં ક.૨૨ મિ.૫૭ એ કુંભરાશિનાં, ચંદ્રમાં, શતતારા નક્ષત્રમાં, શોભન યોગમાં, બવ કરણમાં, સૂર્ય નિરયન કર્ક રાશિ (જળતત્વમાં) પ્રવેશ કરે છે. સંક્રાંતિનો પૂ.કા. તા.૧૬-૦૭-૨૨, શનિવારનાં ક.૧૨-૨૩ થી ક.૧૯-૩૩ સુધી રહેશે.

૪. **તુલા સંક્રાંતિ :-** આસો સુદ-૭, સોમવાર, તા.૧૭-૧૦-૨૨ નાં ક.૧૯ મિ.૨૪ એ મિથુન રાશિનાં ચંદ્રમાં ,પુનર્વસુ નક્ષત્રમાં, સિદ્ધિયોગમાં ,બાલવ કરણમાં, સૂર્ય નિરયન તુલા રાશિ (વાયુ તત્વમાં) પ્રવેશ કરે છે. સંક્રાંતિનો પૂ.કા. તા.૧૭-૧૦-૨૨, સોમવારનાં ક.૧૩-૨૦ થી ક.૧૮-૨૦ સુધી રહેશે.

વિક્રમ સંવત ૨૦૭૮નાં દિપાવલીનાં તથા ચોપડા ખરીદવાનાં મુહૂર્તો (વસંતલાલ જે. પોપટ)

પર્વ	ચોઘડીયા મુજબ સમય	હોરા મુજબ સમય
વિજયા દશમી (દશેરા) : આસો સુદ ૧૦ બુધવાર તા. ૦૫-૧૦-૨૦૨૨ (દસમ બપોરે ક. ૧૨:૦૧ મિ. સુધી છે) **શુભકાર્ય :** શમી, શસ્ત્ર, ઘોડા, તથા વાહન વગેરેનાં પૂજનનો દિવસ, ચોપડા નોંધાવવા, ખરીદવા કે કોઈપણ નવા કાર્યનો પ્રારંભ કે શુભ ખરીદી માટે ઉત્તમ દિવસ (મિઠાઈ દિન)	૦૬-૪૧ થી ૦૮-૦૯ ૦૮-૦૯ થી ૦૯-૩૮ ૧૧-૦૬ થી ૧૨-૦૧	૦૬-૪૧ થી ૦૭-૪૦ ૦૭-૪૦ થી ૦૮-૩૯ ૦૯-૩૮ થી ૧૦-૩૭
ચોપડા ખરીદ દિન : આસો વદ-૮, મંગળવાર, તા. ૧૮-૧૦-૨૦૨૨ (આઠમ સવારે ક. ૧૧-૫૯ મિ. સુધી છે. પુષ્ય નક્ષત્ર પૂર્ણ દિવસ તથા રાત્રિ દરમ્યાન રહે છે. પુષ્યનક્ષત્ર શુભ નક્ષત્ર છે.) ચોપડા ખરીદવા કે ઓર્ડર આપવા માટે ઉત્તમ દિવસ.	૦૯-૩૯ થી ૧૧-૦૫ ૧૧-૦૫ થી ૧૧-૫૯	૦૮-૪૨ થી ૦૯-૩૯ ૦૯-૩૯ થી ૧૧-૩૪
ધનતેરસ : આસો વદ-૧૨/૧૩, શનિવાર, તા. ૨૨-૧૦-૨૦૨૨, (તેરસ સાંજે ક. ૦૬-૦૩ મિ. થી છે.). ધન્વંતરી જયંતી, દીપદાન, ધનપૂજા, શ્રીયંત્ર પૂજા, ચોપડા ખરીદવા કે લાવવા, ગાદી બીછાવવાનો શુભ દિવસ.	૧૮-૧૫ થી ૧૯-૪૯ ૨૧-૨૩ થી ૨૨-૫૭ ૨૨-૫૭ થી ૨૪-૩૧ ૨૪-૩૧ થી ૨૬-૦૫ ૨૯-૧૪ થી ૩૦-૪૮	૧૮-૫૧ થી ૨૦-૨૧ ૨૧-૨૩ થી ૨૨-૨૬ ૨૪-૩૧ થી ૨૬-૩૭ ૨૬-૩૭ થી ૨૭-૩૯ ૨૮-૪૨ થી ૨૯-૪૫
કાળી ચૌદશ : આસો વદ ૧૩/૧૪ તા.૨૩-૧૦-૨૨ રવિવારનાં (ચૌદશનો પ્રારંભ સાંજે ૦૬-૦૩થી થાય છે.) કાળી ચૌદશ-નરક ચતુર્દશી, શ્રી હનુમાન પૂજન, કાળભૈરવ પૂજન, દિપદાન, તૈલ દિન		
દિપાવલી, દિવાળી : આસો- વદ-૧૪/૩૦, સોમવાર, તા. ૨૪-૧૦-૨૦૨૨, (અમાસનો પ્રારંભ સાંજે ક. ૦૫-૨૮ મિ. થી થાય છે.), દીપ પૂજા, રોશની દિન, ચોપડા ખરીદ, લક્ષ્મી-શારદા, ચોપડા પૂજન	૧૭-૨૮ થી ૧૮-૧૪ ૧૮-૧૪ થી ૧૯-૪૮ ૨૨-૫૭ થી ૨૪-૩૧ ૨૬-૦૫ થી ૨૭-૪૦ ૨૭-૪૦ થી ૨૯-૧૪ ૨૯-૧૪ થી ૩૦-૪૮	૧૮-૧૪ થી ૨૧-૨૨ ૨૨-૨૫ થી ૨૩-૨૮ ૨૫-૩૪ થી ૨૬-૩૭ ૨૬-૩૭ થી ૨૭-૪૦ ૨૭-૪૦ થી ૨૮-૪૩ ૨૯-૪૬ થી ૩૦-૪૮
વિક્રમ સંવત ૨૦૭૯ નૂતન વર્ષનો પ્રારંભ, વીર સંવત ૨૫૪૯ : કારતક સુદ-૧, બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૨૨, નૂતન વર્ષ, ભાઈબીજ, યમ દ્વિતિયા, (બપોરે ૦૨-૪૩ થી બીજનો પ્રારંભ) મિલન દિવસ, મીતીદિન, અભ્યંગ સ્નાન, કુમાર યોગ ૧૩-૨૪ થી ૧૪-૪૩).	૦૬-૪૯ થી ૦૮-૧૪ ૦૮-૧૪ થી ૦૯-૪૦ ૧૧-૦૫ થી ૧૨-૩૧	૦૬-૪૯ થી ૦૮-૪૩ ૦૯-૪૦ થી ૧૦-૩૭ ૧૨-૩૧ થી ૧૪-૪૩
લાભ પાંચમ વિક્રમ સંવત ૨૦૭૯ : કારતક સુદ-૪, શનિવાર, તા. ૨૯-૧૦-૨૦૨૨, (પાંચમનો ક્ષય છે.) લાભપાંચમ, શ્રી પંચમી, પાંડવપાંચમ, સૌભાગ્ય-જ્ઞાનપંચમી, સ્થિરયોગ ૦૬-૫૧ થી ૦૮-૧૪, રવિયોગ ૦૯-૦૬ સુધી, વેપારકાર્ય પ્રારંભ દિવસ, મશીનરી પ્રારંભ દિવસ.	૦૮-૧૫ થી ૦૯-૪૦ ૧૨-૩૦ થી ૧૬-૪૫ ૧૮-૧૦ થી ૧૯-૪૫ ૨૧-૨૧ થી ૨૨-૫૬ ૨૨-૫૬ થી ૨૪-૩૧ ૨૪-૩૧ થી ૨૬-૦૬ ૨૯-૧૬ થી ૨૯-૫૦	૦૭-૪૭ થી ૦૮-૪૪ ૧૦-૩૭ થી ૧૩-૨૭ ૧૪-૨૪ થી ૧૫-૨૦ ૧૭-૧૪ થી ૨૦-૧૭ ૨૧-૨૧ થી ૨૨-૨૪ ૨૪-૩૧ થી ૨૭-૪૧ ૨૮-૪૪ થી ૨૯-૪૮

વિક્રમ સંવત ૨૦૭૮ માં ચોપડા ખરીદવાનાં વિશેષ મુહૂર્તો (આસો માસ)

સુદ-૫	શુક્ર	૩૦-૦૯-૨૨	શ્રી પંચમી ૦૬-૩૯ થી ૨૨-૩૫
સુદ-૧૦	બુધ	૦૫-૧૦-૨૨	વિજયા દશમી, દશેરા ૦૬-૪૧ થી ૧૨-૦૧
વદ-૭	સોમ	૧૭-૧૦-૨૨	અહોયી અષ્ટમી (સવારે ૦૯-૩૧થી)
વદ-૧૨/૧૩	શનિ	૨૨-૧૦-૨૨	૧૮-૦૩થી ધનતેરસ
વદ-૧૪/૩૦	સોમ	૨૪-૧૦-૨૨	દિવાળી- દિપાવલી (અમાસ સાંજનાં ૦૫-૨૮થી)

નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ વર્ષનાં ચોપડા ખરીદવાનાં શુભ દિવસો

ફાગણ માસ-વિ.સં. ૨૦૭૯(૨૦૨૩), તા.૧ એપ્રિલ-૨૦૨૩થી નાણાંકીય વર્ષનાં ચોપડા દિવાળી-૨૦૭૮, ઉપર ખરીદવાનાં બાકી હોય તો ખરીદવાનાં શુભ દિવસો.

ફાગણ સુદ-૩ બુધ	૨૨-૦૨-૨૩	રાજયોગ ક. ૨૭-૨૭ સુધી
ફાગણ સુદ-૫ શુક્ર	૨૪-૦૨-૨૩	કુમારયોગ ક. ૧૦-૨૪ થી ૨૭-૨૭
ફાગણ વદ-૨ ગુરૂ	૦૯-૦૩-૨૩	રાત્રે ક. ૧૧-૨૩ સુધી
ફાગણ વદ-૩ શુક્ર	૧૦-૦૩-૨૩	રાત્રે ક. ૦૯-૪૩ સુધી

(તા. ૧૫-૦૩-૨૩ ક. ૦૬-૩૫ થી કમુહૂર્તા પ્રારંભ)

ચૈત્ર સુદ-૨ ગુરૂ	૨૩-૦૩-૨૩	સવારે ક. ૦૬-૪૯ થી ૩૦-૪૮
ચૈત્ર સુદ-૫ રવિ	૨૬-૦૩-૨૩	બપોરે ક. ૦૨-૦૦ થી ૦૪-૩૨
ચૈત્ર સુદ-૧૦ શુક્ર	૩૧-૦૩-૨૩	સવારે ક. ૦૬-૪૨ થી ૨૫-૫૮

સંવત ૨૦૭૮નાં ગ્રહણો

ખંડગ્રાસ ચંદ્રગ્રહણ :- તા.૧૯-૧૧-૨૦૨૧, કારતક સુદ-૧૫, શુક્રવારનાં વૃષભ રાશિ-કૃતિકા નક્ષત્રમાં ખંડગ્રાસ ચંદ્રગ્રહણ દેખાશે.

આ ગ્રહણ પૂર્વ એશિયા, ઉ.યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, પેસીફિકમાં દેખાશે.

ગ્રહણ સ્પર્શ	ગ્રહણ મધ્ય	ગ્રહણ મોક્ષ
ક. ૧૧,મિ. ૩૨	ક. ૧૪,મિ. ૩૩	ક. ૧૭,મિ. ૩૧

ગ્રહણની તેજસ્વિતા ૦.૯૭ રહેશે.

ખગ્રાસ સૂર્યગ્રહણ :- તા.૦૪-૧૨-૨૦૨૧, શનિવાર, કારતક વદ-૩૦, વૃશ્ચિક રાશિ - જયેષ્ઠા નક્ષત્રમાં ખગ્રાસ સૂર્યગ્રહણ દેખાશે. આ ગ્રહણ એન્ટાર્કટિકામાં ખગ્રાસરૂપે તથા દક્ષિણ આફ્રિકા, દક્ષિણ એન્ટાર્કટિકામાં ખંડગ્રાસ થશે.

ગ્રહણ સ્પર્શ	ગ્રહણ મધ્ય	ગ્રહણ મોક્ષ
ક. ૧૦,મિ. ૫૯	ક. ૧૩,મિ. ૦૩	ક. ૧૫,મિ. ૦૭

ગ્રહણની તેજસ્વિતા ૧.૦૩ રહેશે.

ખંડગ્રાસ સૂર્યગ્રહણ :- તા.૩૦-૦૪-૨૦૨૨, શનિવાર, ચૈત્ર વદ-૩૦, મેષ રાશિ ભરણી નક્ષત્રમાં થશે. આ ગ્રહણ પૂર્વ પેસીફિક મહાસાગર અને દક્ષિણ અમેરિકામાં દેખાશે.

ગ્રહણ સ્પર્શ	ગ્રહણ મધ્ય	ગ્રહણ મોક્ષ
ક. ૨૪,મિ. ૧૫	ક. ૨૬,મિ. ૧૨	ક. ૨૮,મિ. ૦૭

ગ્રહણની તેજસ્વિતા ૦.૬ રહેશે.

ખગ્રાસ ચંદ્રગ્રહણ :- તા.૧૬-૦૫-૨૦૨૨ વૈશાખ સુદ-૧૫ સોમવાર, વૃશ્ચિક રાશિમાં વિશાખા નક્ષત્રમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ દેખાશે.

આ ગ્રહણ અમેરિકા, આફ્રિકા અને યુરોપમાં દેખાશે.

ગ્રહણ સ્પર્શ	ગ્રહણ મધ્ય	ગ્રહણ મોક્ષ
ક. ૦૭,મિ. ૫૮	ક. ૦૯,મિ. ૪૧	ક. ૧૧,મિ. ૨૫

ગ્રહણની તેજસ્વિતા ૧.૪ રહેશે.

ખંડગ્રાસ સૂર્યગ્રહણ :- તા.૨૫-૧૦-૨૦૨૨, આસો વદ અમાસ, મંગળવાર, તુલા રાશિમાં સ્વાતિ નક્ષત્રમાં થશે. આ ગ્રહણ ભારત, પશ્ચિમ એશિયા, યુરોપ, ઉત્તર અને પૂર્વ આફ્રિકામાં દેખાશે.

ગ્રહણ સ્પર્શ	ગ્રહણ મધ્ય	ગ્રહણ મોક્ષ
ક. ૧૪,મિ. ૨૮	ક. ૧૬,મિ. ૨૯	ક. ૧૮,મિ. ૩૨

ગ્રહણની તેજસ્વિતા ૦.૮ રહેશે.

વિ.સં. ૨૦૭૮નાં ગ્રહોનાં અસ્ત અને ઉદય

ગ્રહ	અસ્ત	દિશા	ઉદય	દિશા
મંગળ	--	--	તા. ૨૩-૧૧-૨૧	પૂર્વ
બુધ	તા.૧૦-૧૧-૨૧	પૂર્વ	તા.૨૧-૧૨-૨૧	પશ્ચિમ
બુધ	તા.૧૮-૦૧-૨૨	પશ્ચિમ	તા.૨૯-૦૧-૨૨	પૂર્વ
બુધ	તા.૧૧-૦૩-૨૨	પૂર્વ	તા.૧૧-૦૪-૨૨	પશ્ચિમ
બુધ	તા.૧૪-૦૫-૨૨	પશ્ચિમ	તા.૦૨-૦૬-૨૨	પૂર્વ
બુધ	તા.૦૯-૦૭-૨૨	પૂર્વ	તા.૨૭-૦૭-૨૨	પશ્ચિમ
બુધ	તા.૧૨-૦૯-૨૨	પશ્ચિમ	તા.૨૯-૦૯-૨૨	પૂર્વ
ગુરૂ	તા.૨૧-૦૨-૨૨	પશ્ચિમ	તા.૨૨-૦૩-૨૨	પૂર્વ
શુક્ર	તા.૦૫-૦૧-૨૨	પશ્ચિમ	તા.૧૨-૦૧-૨૨	પૂર્વ
શુક્ર	તા.૦૨-૧૦-૨૨	પૂર્વ	--	--
શનિ	તા.૨૦-૦૧-૨૨	પશ્ચિમ	તા.૨૭-૦૨-૨૨	પૂર્વ

ગ્રહોના ઉદય-અસ્ત સ્થળ પરત્વે અલગ- અલગ દિવસે થતા હોય છે.

વિ. સં. ૨૦૭૮નું મકરસંક્રાંતિ નું ફળ

વિક્રમ સંવત ૨૦૭૮, પ્રમાદિ નામ સંવત્સર શાકે ૧૯૪૩ પ્લવનામ સંવત્સર, ઉત્તરાયન - શિશિરઋતુ, પોષ સુદ-૧૨, શુક્રવાર, તા.૧૪-૦૧-૨૦૨૨ નાં રોજ સૂર્ય નારાયણ મકર રાશિમાં ક.૧૪, મિ.૩૦ એ પ્રવેશ કરે છે, આ સમયે નક્ષત્ર-રોહિણી, યોગ-બ્રહ્મ, કરણ-બાલવ, ચંદ્ર વૃષભ રાશિમાં છે.

સંક્રાંતિની વિગત

વાહન-વાઘ
ઉપવાહન-અશ્વ
વસ્ત્ર-પીળું
તિલક-કેશર
જાતિ-સર્પ
વારનામ-મિશ્રા
નક્ષત્રનામ-નંદા
પુષ્પ-જૂઇ
વય-કુમારી
ભક્ષણ-દૂધપાક
આભૂષણ-મોતી
પાત્ર-રૂપું
કંચુકી-પર્ણ
સ્થિતિ-બેઠેલી
આયુધ-ગદા
આગમન-ઉત્તર
મુખ-પૂર્વ
દૃષ્ટિ-નૈઋત્ય
ગમન-દક્ષિણ

સંક્રાંતિનું સ્વરૂપ

આ વર્ષ વાહન વાઘ છે. ઉપવાહન અશ્વ છે. પીળા કપડાં પહેરેલ છે. હાથમાં આયુધ ગદા ધારણ કરેલ છે. જાતિ સર્પ છે. કેશરનું તિલક કરેલ છે. તે બેઠેલી છે. દૂધપાક ખાતી અને જૂઇનું પુષ્પ ધારણ કરેલ છે. મોતીનાં આભૂષણ ધારણ કરેલ છે. વારનામ મિશ્રા છે. નક્ષત્રનામ નંદા છે. સામુદાય મુર્હૂત ૪૫ સમર્ઘ છે. ઉત્તરમાંથી આવીને દક્ષિણ તરફ જાય છે. તેની દૃષ્ટિને નૈઋત્ય દિશા તરફ છે. મુખ પૂર્વ તરફ છે. જેથી ઉત્તર અને નૈઋત્ય દિશાનાં લોકોને સુખ મળે.

સંક્રાંતિ માટે એમ મનાય છે. કે જે-જે વસ્તુઓ કે વ્યક્તિઓ સાથે સંક્રાંતિને સંબંધ થાય છે. તે વસ્તુઓ મોંઘી થાય છે. તથા તેની સાથે સંબંધ કરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે. મુર્હૂત ૪૫ સમ્યાર્ઘ છે. વરસાદ સારો પડે. વાઘ, અશ્વ જેવાં પ્રાણીઓમાં રોગચાળો ફેલાય. વાઘ, અશ્વની અમુક જાતો લુપ્ત થતી લાગે! પીળી વસ્તુઓમાં હળદર, સોનું ચણાદાળ વિ. ના ભાવ વધે! કન્યા જાતિને તંદુરસ્તીની વિશેષ કાળજી લેવી જરૂરી બને. સંક્રાંતિ દરમ્યાન તલનું વિશેષ મહત્વ છે. તલ ખાવા, તલનું અભ્યંગ, તલનો હોમ, તલનું દાન, તલવાળું પાણી પીવું, તલ મિશ્રિત જળથી સ્નાન કરવું. સંક્રાંતિ પુણ્યકાળ દરમ્યાન નવા વાસણ, ગાયોને ચારો, નવા વસ્ત્ર, તલ વગેરેનું દાન કરવું સૂર્ય નારાયણને જળ-દૂધનો અભિષેક કરવો. પિતૃતર્પણ કરવું. શિવપૂજન કરવું. સંક્રાંતિનો પુણ્યકાળ તા.૧૪-૦૧-૨૦૨૨ નાં ક.૧૪-૩૦મિ.થી ક.૧૮-૨૩મિ. સુધી રહેશે. (મહાપુણ્યકાળ ૧૪-૩૦થી ૧૬-૧૯)

સંક્રાંતિમાં બારે રાશિવાળાઓને નીચે મુજબ દાન કરવું.

મકર, મેષ, કન્યા	:	ઘી, ખાંડ, સફેદ તલ, સફેદ કે પ્રિન્ટેડ કાપડ તથા રૂપાનું દાન કરવું
મિથુન, તુલા, કુંભ	:	કાળા તલ, સ્ટીલનું વાસણ, કાળું કાપડ વગેરેનું દાન કરવું.
સિંહ, મીન, વૃશ્ચિક	:	ઘઉં, ગોળ, લાલ કાપડ, લાલ તલ, તાંબાનું વાસણ વગેરેનું દાન કરવું.
વૃષભ, કર્ક, ધન	:	ચણાની દાળ, પીળું કાપડ, પિત્તળનું વાસણ વગેરેનું દાન કરવું.

મકર સંક્રાંતિનો પુણ્યકાળ તા. ૧૪-૦૧-૨૨, શુક્રવારનાં ક. ૧૪-૩૦ મિ.થી ક. ૧૮-૨૩ મિ. સુધીનો રહેશે. (મહાપૂણ્યકાળ ૧૪-૩૦થી ૧૬-૧૯)

(દાન ખૂબજ જરૂરિયાતવાળી વ્યક્તિને કરવું.)- વસંતલાલ જે. પોપટ - ૯૮૨૪૮ ૧૩૬૧૮

ગ્રહોનું ભ્રમણ સંવત ૨૦૭૮

સૂર્ય :- વર્ષપ્રારંભે સૂર્ય તુલા રાશિમાં રહે છે. જે બારે રાશિમાં ભ્રમણ કરીને વર્ષાંતે તુલા રાશિમાં રહેશે.

ચંદ્ર :- વર્ષપ્રારંભે ચંદ્ર તુલા રાશિમાં રહે છે. સામાન્ય રીતે એક રાશિમાં ચંદ્ર સવા બે દિવસ રહે છે.

મંગળ :- વર્ષપ્રારંભે મંગળ તુલા રાશિમાં છે. વર્ષાંતે મિથુન રાશિમાં છે.

બુધ :- વર્ષપ્રારંભે બુધ તુલા રાશિમાં છે. વર્ષાંતે કન્યા રાશિમાં છે.

ગુરૂ :- વર્ષપ્રારંભે મકર રાશિમાં છે. વર્ષાંતે મીન રાશિમાં રહે છે.

શુક્ર :- વર્ષપ્રારંભે ધન રાશિમાં છે. વર્ષાંતે તુલા રાશિમાં રહે છે.

શનિ :- વર્ષપ્રારંભે મકર રાશિમાં છે. કુંભમાં જઇ પુન: વર્ષાંતે મકર રાશિમાં રહે છે.

રાહુ :- વર્ષપ્રારંભે રાહુ વૃષભ રાશિમાં છે. વર્ષાંતે મેષ રાશિમાં રહે છે.

હર્ષલ :- વર્ષપ્રારંભે હર્ષલ મેષ રાશિમાં છે. હર્ષલનું રાશ્યાંતર થતું નથી.

નેપ્ચ્યુન :- વર્ષપ્રારંભે નેપ્ચ્યુન કુંભ રાશિમાં છે. મીન માં જઇ વર્ષાંતે પુન:કુંભ રાશિમાં રહે છે.

પ્લુટો :- વર્ષપ્રારંભે પ્લુટો ધન રાશિમાં છે. વર્ષાંતે મકર રાશિમાં રહે છે.

સંવત ૨૦૭૮નાં હિન્દુ ધર્મનાં તહેવારો

વિ.સં.૨૦૭૮, નૂતન વર્ષ પ્રારંભ, કારતક સુદ-૧	શુક	૦૫-૧૧-૨૧
યમદ્વિતિયા, ભાઈબીજ, કારતક સુદ-૨	શનિ	૦૬-૧૧-૨૧
ગુરૂ ચોથ, કારતક સુદ-૪	સોમ	૦૮-૧૧-૨૧
લાભ પાંચમ, કારતક સુદ-૫	મંગળ	૦૯-૧૧-૨૧
શ્રી જલારામ જયંતી, કારતક સુદ-૬	બુધ	૧૦-૧૧-૨૧
પ્રબોધિની-દેવઉઠી-એકાદશી, કારતક સુદ-૧૧	રવિ	૧૪-૧૧-૨૧
ગુરૂનાનક જયંતી, કારતક સુદ-૧૫	શુક	૧૯-૧૧-૨૧
શ્રીમદ્ ભાગવત્ ગીતા જયંતી, માગશર સુદ-૧૧	મંગળ	૧૪-૧૨-૨૧
દત્તાત્રેય જયંતી, માગશર સુદ-૧૪	શનિ	૧૮-૧૨-૨૧
સૂર્ય મકરમાં, મકર સંક્રાંતિ		
પુણ્યકાળ ૧૪-૩૦થી ૧૮-૨૩, પોષ સુદ-૧૨	શુક	૧૪-૦૧-૨૨
વસંત પંચમી, સરસ્વતી પુજા, મહા સુદ-૫	શનિ	૦૫-૦૨-૨૨
મહા શિવરાત્રી, મહા વદ-૧૪	મંગળ	૦૧-૦૩-૨૨
હોળી, હોલિકાદહન, ફાગણ સુદ-૧૪	ગુરૂ	૧૭-૦૩-૨૨
ધૂળેટી, (ધુલિવંદન), ફાગણ સુદ-૧૫	શુક	૧૮-૦૩-૨૨
મહાપ્રભુ ચૈતન્ય જયંતી, ફાગણ સુદ-૧૫	શુક	૧૮-૦૩-૨૨
ધૂળેટી ફાગણ સુદ ૧૫	શુક	૧૮-૦૩-૨૨
શાલીવાહન શક્ ૧૯૪૪, ગુડી પડવો,		
ચેટી ચાંદ ચૈત્ર સુદ ૧	શનિ	૦૨-૦૪-૨૨
ચૈત્રીવાસંતી- શ્રી રામ નવરાત્રી પ્રારંભ, ચૈત્ર સુદ ૧	શનિ	૦૨-૦૪-૨૨
શ્રી રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતિ, ચૈત્ર સુદ ૯	રવિ	૧૦-૦૪-૨૨
શ્રી હનુમાન જયંતિ,ચૈત્ર સુદ ૧૫	શનિ	૧૬-૦૪-૨૨
શ્રી પરશુરામ જયંતિ, વૈશાખ સુદ ૩	મંગળ	૦૩-૦૫-૨૨
અખાત્રીજ, અક્ષયતૃતિયા, વૈશાખ સુદ ૩	મંગળ	૦૩-૦૫-૨૨
શ્રી ગણેશ/વિનાયક ચોથ,વૈશાખ સુદ ૩	બુધ	૦૪-૦૫-૨૨
શ્રી ગંગા સાતમ વૈશાખ સુદ ૭	રવિ	૦૮-૦૫-૨૨
કૂર્મ જયંતિ, વૈશાખ સુદ ૧૪	રવિ	૧૫-૦૫-૨૨
બુદ્ધ પૂર્ણિમા, વૈશાખ સુદ ૧૫	સોમ	૧૬-૦૫-૨૨
ગંગા દશહરા સ્નાનારંભ જેઠ સુદ ૧	મંગળ	૩૧-૦૫-૨૨
ગંગા દશહરા સમાપ્ત જેઠ સુદ ૯	ગુરૂ	૦૯-૦૬-૨૨
નિર્જળા-ભીમ અગિયારસ,શ્રી ગાયત્રી જ.,જેઠ સુદ ૧૦	શુક	૧૦-૦૬-૨૨
વટસાવિત્રી વ્રતારંભ, જેઠ સુદ ૧૩	રવિ	૧૨-૦૬-૨૨
વટસાવિત્રી વ્રતસમાપ્ત, કબીર જયંતી જેઠ સુદ ૧૫	મંગળ	૧૪-૦૬-૨૨
અષાઢી બીજ, સમરથોત્સવ, રથયાત્રા, અષાઢ સુદ ૨	શુક	૦૧-૦૭-૨૨
મોળાકત વ્રતારંભ અષાઢ સુદ ૧૦	શનિ	૦૯-૦૭-૨૨
દેવશયની-દેવપોઢી એકાદશી અષાઢ સુદ ૧૧	રવિ	૧૦-૦૭-૨૨
જયાપાર્વતી વ્રતારંભ, અષાઢ સુદ ૧૨	સોમ	૧૧-૦૭-૨૨
ગુરૂ પૂર્ણિમાં, મોળાકતનું જાગરણ, અષાઢ સુદ-૧૫	બુધ	૧૩-૦૭-૨૨
જયા પાર્વતીનું જાગરણ, અષાઢ વદ-૨	શુક	૧૫-૦૭-૨૨
દિવાસો જાગરણ, અષાઢ વદ ૩૦	ગુરૂ	૨૮-૦૭-૨૨
શ્રી શિવપૂજાનો પ્રારંભ, શ્રાવણ સુદ ૧	શુક	૨૯-૦૭-૨૨
મધૂશ્રવા ત્રીજ, ફૂલકા ત્રીજ શ્રાવણ સુદ ૩	રવિ	૩૧-૦૭-૨૨
વ્રતની-નાળીયેરી પૂનમ, રક્ષાબંધન શ્રાવણ સુદ ૧૪	ગુરૂ	૧૧-૦૮-૨૨
બોળ ચોથ-સંકષ્ટ ચતુર્થી શ્રાવણ વદ ૪	સોમ	૧૫-૦૮-૨૨
શીતળા સાતમ શ્રાવણ વદ ૭	ગુરૂ	૧૮-૦૮-૨૨
શ્રી જન્માષ્ટમી શ્રાવણ વદ ૮	શુક	૧૯-૦૮-૨૨
કેવડા ત્રીજ ભાદરવા સુદ ૩	મંગળ	૩૦-૦૮-૨૨
ગણેશ ચતુર્થી મહોત્સવ પ્રારંભ ભાદરવા સુદ ૪	બુધ	૩૧-૦૮-૨૨
ઋષી પાંચમ, સામાપાંચમ ભાદરવા સુદ ૫	ગુરૂ	૦૧-૦૯-૨૨
અનંત ચતુર્દશી વ્રત, ગણેશ મહોત્સવ સમાપ્ત,		
વ્રતની પૂનમ, ભાદરવા સુદ ૧૪	શુક	૦૯-૦૯-૨૨
મહાલય-શ્રાદ્ધપક્ષ શરૂ, એકમનું શ્રાદ્ધ ભા.સુદ ૧૫	શનિ	૧૦-૦૯-૨૨
દર્શ-સર્વપિતૃ અમાસ, મહાલય સમાપ્ત ભા.વદ ૩૦	રવિ	૨૫-૦૯-૨૨
શારદીય નવરાત્રી પ્રારંભ, આસો સુદ ૧	સોમ	૨૬-૦૯-૨૨
વિજયા દશમી-દશેરા, આસો સુદ ૧૦	બુધ	૦૫-૧૦-૨૨
શરદ પૂર્ણિમા-વ્રતની-માણેક ઠારી પૂનમ આસો સુદ ૧૫	રવિ	૦૯-૧૦-૨૨
યમદિપદાન, ધનતેરસ આસો વદ ૧૨	શનિ	૨૨-૧૦-૨૨
કાળી ચૌદશ આસો વદ ૧૩	રવિ	૨૩-૧૦-૨૨
(નરક ચર્તુદશી) દિવાળી-દિપાવલી આસો વદ ૧૪	સોમ	૨૪-૧૦-૨૨
દર્શ અમાસ આસો વદ ૩૦	મંગળ	૨૫-૧૦-૨૨

સંવત ૨૦૭૮નાં રાષ્ટ્રીય તહેવારો

જવાહરલાલ નહેરૂ જયંતિ (બાળદિન)	રવિ	૧૪-૧૧ ૨૦૨૧
પ્રજાસત્તાક દિન (૭૪)	બુધ	૨૬-૦૧-૨૦૨૨
મહાત્મા ગાંધી નિર્વાણ દિન	રવિ	૩૦-૦૧-૨૦૨૨
ડૉ. આંબેડકર જયંતિ	ગુરૂ	૧૪-૦૪-૨૦૨૨
ગુજરાત-મહારાષ્ટ્ર રાજય સ્થાપના દિન	રવિ	૦૧-૦૫-૨૦૨૨
વિશ્વ યોગા દિન	મંગળ	૨૧-૦૬ ૨૦૨૨
સ્વાતંત્ર્ય દિન	સોમ	૧૫-૦૮-૨૦૨૨
શિક્ષકદિન	સોમ	૦૫-૦૯-૨૦૨૨
મહાત્મા ગાંધી જયંતિ, લાલ બહાદુર શાસ્ત્રી		
આંતર રાષ્ટ્રીય અહિંસા દિન	રવિ	૦૨-૧૦-૨૦૨૨

સંવત ૨૦૭૮નાં જૈન ધર્મનાં તહેવારો

વિ.સં. ૨૦૭૮ પ્રા. જૈન સંવત્સર ૨૫૪૮નો પ્રા.,		
શ્રી ગૌતમ સ્વામિને કેવળ જ્ઞાન	શુક	૦૫-૧૧-૨૦૨૧
જ્ઞાનપંચમી	મંગળ	૦૯-૧૧-૨૦૨૧
અઠ્ઠાઈ પ્રારંભ	ગુરૂ	૧૧-૧૧-૨૦૨૧
ચૌમાસી ચૌદશ	ગુરૂ	૧૮-૧૧-૨૦૨૧
સિધ્ધચલની યાત્રા	શુક	૧૯-૧૧-૨૦૨૧
મૌની એકાદશી	મંગળ	૧૪-૧૨-૨૦૨૧
મેરૂ ત્રયોદશી	રવિ	૩૦-૦૧-૨૦૨૨
મૌની અમાસ	મંગળ	૦૧-૦૨-૨૦૨૨
અઠ્ઠાઈ પ્રારંભ	ગુરૂ	૧૦-૦૩-૨૦૨૨
આયંબલી ઓળી પ્રારંભ	શુક	૦૮-૦૪-૨૦૨૨
પર્યુષણ મહાપર્વ પ્રારંભ (ચ.પ.)	બુધ	૨૪-૦૮-૨૦૨૨
પર્યુષણ મહાપર્વ પ્રારંભ (પં.પ.)	ગુરૂ	૨૫-૦૮-૨૦૨૨
શ્રી મહાવીર સ્વામી જન્મ વાંચન	શનિ	૨૮-૦૮-૨૦૨૨
સંવત્સરી મહાપર્વ (ચ.પ)	બુધ	૩૧-૦૮-૨૦૨૨
સંવત્સરી મહાપર્વ (પં.પ)	ગુરૂ	૦૧-૦૯-૨૦૨૨
શ્રી મહાવીર સ્વામિ નિર્વાણ કલ્યાણક	સોમ	૨૪-૧૦-૨૦૨૨

સંવત ૨૦૭૮નાં ખ્રિસ્તી ધર્મનાં તહેવારો

ક્રિસમસ પહેલાંની સાંજ	શુક	૨૪-૧૨-૨૦૨૧
નાતાલ- ક્રિસમસ ડે	શનિ	૨૫-૧૨-૨૦૨૧
નૂતન વર્ષારંભ દિન ઈ.સ. ૨૦૨૨	શનિ	૦૧-૦૧-૨૦૨૨
ગુડફ્રાઈડે	શુક	૧૫-૦૪-૨૦૨૨
ઈસ્ટર સેટર ડે (હોલી સેટર ડે)	શનિ	૧૬-૦૪-૨૦૨૨
ઈસ્ટર સન્ડે	રવિ	૧૭-૦૪-૨૦૨૨

સંવત ૨૦૭૮નાં પારસી ધર્મનાં તહેવારો

જમશેદી નવરોઝ	સોમ	૨૧-૦૩-૨૦૨૨
જરથોસ્તનો દિશો	સોમ	૨૩-૦૫-૨૦૨૨
ગાથા ગહામ્બર ત્રીજી	શનિ	૧૩-૦૮-૨૦૨૨
નવા વર્ષની પૂર્વ સાંજ	સોમ	૧૫-૦૮-૨૦૨૨
પતેતી (નવું વર્ષ) સન્ ૧૩૯૨	મંગળ	૧૬-૦૮-૨૦૨૨
ખોરદાદ સાલ	રવિ	૨૧-૦૮-૨૦૨૨

સંવત ૨૦૭૮નાં મુસ્લિમ ધર્મનાં તહેવારો

હઝરત અલી જન્મદિન	મંગળ	૧૫-૦૨-૨૦૨૨
શબ્બે બરાત	શનિ	૧૯-૦૩-૨૦૨૨
રમજાનનો પ્રથમ રોજો	રવિ	૦૩-૦૪-૨૦૨૨
શહાદતે હઝરત અલી	શનિ	૨૩-૦૪-૨૦૨૨
શબ્બે કદ્ર	શુક	૨૯-૦૪-૨૦૨૨
રમજાન-ઈદ-ઉલ-ફિત્ર	મંગળ	૦૩-૦૫-૨૦૨૨
ઈદ-ઉલ-ઝુહા-બકરી ઈદ	રવિ	૧૦-૦૭-૨૦૨૨
હિજરી નવું વર્ષ ૧૪૪૪ પ્રારંભ	રવિ	૩૧-૦૭-૨૦૨૨
મોહરમ પર્વ, તાજીયા	મંગળ	૦૯-૦૮-૨૦૨૨
ઈદ-એ-મિલાદ	રવિ	૦૯-૧૦-૨૦૨૨
ઈદ-એ-મૌલુદ	શુક	૧૪-૧૦-૨૦૨૨

(મુસ્લિમ તહેવારોમાં કયારેક એક (૧) દિવસનો ફર્ક આવી શકે છે.)

સં. ૨૦૭૮નાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ વ્રતોત્સવ

(ત્રિપાઠી રાજેશ્વર યદુનંદનજી શાસ્ત્રી - નાથદ્વારા)

(આ તિથિ પત્રિકા સંપાદક ગણને માન્ય છે, તેવું માનવું નહિ)

નૂતનવર્ષ પ્રારંભ, કારતક સુદ-૧, શુક્ર	૦૫-૧૧-૨૧
યમદ્વિતીયા, ભાઈબીજ, કારતક સુદ-૨, શનિ	૦૬-૧૧-૨૧
ગોપાષ્ટમી, કારતક સુદ-૭, ગુરૂ	૧૧-૧૧-૨૧
અક્ષય કુષ્માંડ નવમી, કૃત યુગાદિ, કુષ્માંડ દાન, કારતક સુદ-૯, શુક્ર	૧૨-૧૧-૨૧
પ્રબોધિની એકાદશી,દેવોત્થાપન શૃંગારમાં, કારતક સુદ-૧૨, સોમ	૧૫-૧૧-૨૧
શ્રી શ્યામ સુંદરજી (મુંબઈ)નો ઉત્સવ, શ્રી કૃષ્ણ-રૂકમણિ વિવાહ ઉત્સવ(ઘેડમાં),	
કારતક સુદ-૧૨, સોમ	૧૫-૧૧-૨૧
ચાતુર્માસ નિયમ સમા., કાર્તિક સ્નાન સમા., કારતક સુદ-૧૫, શુક્ર	૧૯-૧૧-૨૧
ઉત્પત્તિ એકાદશી વ્રત, કારતક વદ-૧૧, મંગળ	૩૦-૧૧-૨૧
ચંદ્રદર્શન, માગશર સુદ-૧, રવિ	૦૫-૧૨-૨૧
શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન), માગશર સુદ-૫, બુધ	૦૮-૧૨-૨૧
શ્રી ગુસાંઈજીની વધાઈનો પ્રા., ભા.મા.પં,	
ગદુલાલજીનો સ્મૃતિદિન, માગશર સુદ-૯, ગુરૂ	૦૯-૧૨-૨૧
શ્રી દામોદરલાલજી (મુંબઈ)નો ઉત્સવ, માગશર સુદ-૧૦, સોમ	૧૩-૧૨-૨૧
શ્રીમદ્ ભગવત ગીતા જયંતી, મોક્ષદા એકાદશી, માગશર સુદ-૧૧, મંગળ	૧૪-૧૨-૨૧
શ્રી નાથજીનો છપ્પન ભોગ, ગોપમાસ સમાપ્તિ,	
શ્રી બલદેવોત્સવ, માગશર સુદ-૧૫, રવિ	૧૯-૧૨-૨૧
શ્રી દાઉદજી (રાજીવજી) મહારાજનો ઉત્સવ(નાથદ્વારા), માગશર વદ-૧, સોમ	૨૦-૧૨-૨૧
શ્રીને ફળનો ભોગ ધરવો, દાન દેવું, સફલા એકાદશી,	
માગશર વદ-૧૧, ગુરૂ	૩૦-૧૨-૨૧
શ્યામ ઘટા, ગો. શ્રી રાકેશજી મહારાજશ્રીનાં કુમાર ચિ. ભૂપેશકુમારનો	
જ.દિ., માગશર વદ-૩૦, બુધ	૦૨-૦૧-૨૨
ચંદ્રદર્શન પોષ સુદ-૨, મંગળ	૦૪-૦૧-૨૨
પુત્રદા એકાદશી વ્રત, પોષ સુદ-૧૧, ગુરૂ	૧૩-૦૧-૨૨
પોષી પુનમ, માઘ સ્નાનનો પ્રારંભ, પોષ સુદ-૧૫, સોમ	૧૭-૦૧-૨૨
શ્રી દામોદરજી(નાથદ્વારા)-શ્રી વલ્લભલાલજી (મુંબઈ)નો	
પાટોત્સવ, પોષ વદ-૭, મંગળ	૨૫-૦૧-૨૨
શ્રી રણછોડલાલજી (કર્ણાવતી)નો ઉત્સવ,પોષવદ-૧૧,શુક્ર	૨૮-૦૧-૨૨
ષટ્તિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો, પોષ વદ-૧૧, શુક્ર	૨૮-૦૧-૨૨
અમાસ, પોષ વદ-૩૦, મંગળ	૦૧-૦૨-૨૨
ચંદ્રદર્શન શ્રી બાલમુકુન્દજી (લાડુ-બેટજી મંદિર-મુંબઈ)નો પાટોત્સવ,	
મહા સુદ-૧, બુધ	૦૨-૦૨-૨૨
શ્રી ગિરિધરલાલજી (મુંબઈ)નો અને શ્રી ગોકુલેશજી(મુંબઈ)નો	
પાટોત્સવ મહા સુદ-૯, ગુરૂ	૧૦-૦૨-૨૨
જયા એકાદશી વ્રત, મહા સુદ-૧૧, શનિ	૧૨-૦૨-૨૨
માઘી પૂનમ, હોળી દંડારોપણ, આજે ધમારનો પ્રારંભ,	
માઘસ્નાન સમાપ્ત,શ્રી ગિરિધરલાલજી (કાશી)નો ઉત્સવ,મહા સુદ-૧૫, બુધ	૧૬-૦૨-૨૨
શ્રી મદનમોહનજી (મુંબઈ)નો પાટોત્સવ, મહા વદ-૧, ગુરૂ	૧૭-૦૨-૨૨
શ્રી રણછોડરાયજી (ડાકોર)નો પાટોત્સવ, મહા વદ-૫, સોમ	૨૧-૦૨-૨૨
શ્રીનાથજી (નાથદ્વારા)નો ઉત્સવ, મહા વદ-૭, બુધ	૨૩-૦૨-૨૨
વિજયા એકાદશી વ્રત, મહા વદ-૧૧, રવિ	૨૭-૦૨-૨૨
ચંદ્રદર્શન, ફાગણ સુદ-૨, શુક્ર	૦૪-૦૩-૨૨
ગો.શ્રી રાકેશજી મ.નો જન્મદિન, શ્રી મથુરેશજી (કોટા)	
નો ઉત્સવ, ફાગણ સુદ-૭, બુધ	૦૯-૦૩-૨૨
હોળાષ્ટક પ્રારંભ, ફાગણ સુદ-૮, ગુરૂ	૧૦-૦૩-૨૨
બગીચા નોમ, શ્રી ટીકેટના શૃંગારનો પ્રારંભ, ફાગણ સુદ-૯, શુક્ર	૧૧-૦૩-૨૨
આમલકી એકાદશી વ્રત, ફાગણ સુદ-૧૧, સોમ	૧૪-૦૩-૨૨
બગીચા ત્રયોદશી, ફાગણ સુદ-૧૩, બુધ	૧૬-૦૩-૨૨
હોલીકા દહન, ફાગણ સુદ ૧૫, શુક્રવાર, સૂર્યોદય પહેલા,	૧૮-૦૩-૨૨
ધૂળેટી, ધુલિવંદન, ફાગણ સુદ-૧૫, શુક્ર	૧૮-૦૩-૨૨
પાપમોચની એકાદશી વ્રત, ફાગણ વદ-૧૧, સોમ	૨૮-૦૩-૨૨
શાલિવાહન શાકે ૧૯૪૪ પ્રારંભ, સંવત્સરોત્સવ,	
ચંદ્રદર્શન, ચૈત્ર સુદ-૧, શનિ	૦૨-૦૪-૨૨
ગણગૌરી ત્રીજ, શ્રી દેવકીનંદનાચાર્યજી (કામવન)નો ઉ., ચૈત્ર સુદ-૩, સોમ	૦૪-૦૪-૨૨
શ્રી રામનવમી વ્રત, શ્રી કૃષ્ણ-રૂકમિણી વિવાહ પ્રા.,	
(માધવપુર-ઘેડ)મેળો ચૈત્ર સુદ-૯, રવિ	૧૦-૦૪-૨૨
શ્રી મહાપ્રભુજીનાં ઉ. વધાઈનો પ્રા., ચૈત્ર સુદ-૧૧, મંગળ	૧૨-૦૪-૨૨
શ્રી કૃષ્ણ રૂકમણી વિવાહ સમા., કામદા એકાદશીવ્રત, ચૈત્ર સુદ-૧૨, બુધ	૧૩-૦૪-૨૨
વૈશાખ સ્નાન પ્રા., ચૈત્ર સુદ-૧૫, શનિ	૧૬-૦૪-૨૨
શ્રી વલ્લભાચાર્ય જયંતી, વરૂથિની એકાદશી, ચૈત્ર વદ-૧૧, મંગળ	૨૬-૦૪-૨૨
ચંદ્રદર્શન, વૈશાખ સુદ-૨, સોમ	૦૨-૦૫-૨૨
અક્ષય તૃતિયા (અખાત્રીજ), ચંદનયાત્રા, જલકુંભદાન,	
ત્રેતાયુગાદિ, વૈશાખ સુદ-૩, મંગળ	૦૩-૦૫-૨૨
મોહિની એકાદશી વ્રત, વૈશાખ સુદ-૧૧, ગુરૂ	૧૨-૦૫-૨૨
નૃસિંહ જયંતી, વૈશાખ સુદ-૧૪, રવિ	૧૫-૦૫-૨૨
વૈશાખ સ્નાન સમા., પૂર્ણિમા વ્રત, વૈશાખ સુદ-૧૫, સોમ	૧૬-૦૫-૨૨
અપરા એકાદશી વ્રત, વૈશાખ વદ-૧૧, ગુરૂ	૨૬-૦૫-૨૨
ગંગાદશહરારંભ જેઠ સુદ-૨, બુધ	૦૧-૦૬-૨૨
નિર્જળા (ભીમ) એકાદશી વ્રત, જેઠ સુદ-૧૧, શનિ	૧૧-૦૬-૨૨
જયેષ્ઠાભિષેક સ્નાન યાત્રા, જેઠ સુદ-૧૫, મંગળ	૧૪-૦૬-૨૨
યોગિની એકાદશી વ્રત, જેઠ વદ-૧૧, શુક્ર	૨૪-૦૬-૨૨
ચંદ્રદર્શન અષાઢ સુદ-૧, ગુરૂ	૩૦-૦૬-૨૨
ગોપાલલાલજી (કામવન)નો ઉત્સવ, અષાઢ સુદ-૨, શુક્ર	૦૧-૦૭-૨૨
શ્રી મથુરેશજી (મુંબઈ)નો ઉત્સવ, અષાઢ સુદ-૩, શનિ	૦૨-૦૭-૨૨
દેવશયની એકાદશી, ચાતુર્માસ નિયમ પ્રા., અષાઢ સુદ-૧૧, રવિ	૧૦-૦૭-૨૨
ગુરૂપૂર્ણિમા, અષાઢ સુદ-૧૫, બુધ	૧૩-૦૭-૨૨
જન્માષ્ટમી વધાઈનો પ્રારંભ, અષાઢ વદ-૮, ગુરૂ	૨૧-૦૭-૨૨
કામિકા એકાદશી વ્રત, અષાઢ વદ-૧૧, રવિ	૨૪-૦૭-૨૨
હરિયાળી અમાસ, અષાઢ વદ-૩૦, ગુરૂ	૨૮-૦૭-૨૨
શ્રી વલ્લભલાલજી (મું)નો ઉત્સવ, ચંદ્રદર્શન, શ્રાવણ સુદ-૨, શનિ	૩૦-૦૭-૨૨
ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા ત્રીજ, શ્રાવણ સુદ-૩, રવિ	૩૧-૦૭-૨૨
બગીચા નોમ, શ્રાવણ સુદ-૯, શનિ	૦૬-૦૮-૨૨
પવિત્રા એકાદશી, પવિત્રા શૃંગારમાં ધરાવવા,શ્રા.સુદ-૧૧, સોમ	૦૮-૦૮-૨૨
પવિત્રા બારસ, ગુરૂને પવિત્રા ધરાવવા,	
શ્રી ગોપીનાથજી (મુંબઈ)નો ઉત્સવ, શ્રાવણ સુદ-૧૨, મંગળ	૦૯-૦૮-૨૨
રક્ષાબંધન સવારે ૦૭-૦૬ પહેલા, પૂર્ણિમાં વ્રત, શ્રાવણ સુદ-૧૫, શુક્ર	૧૨-૦૮-૨૨
હિંડોળા વિજય, શ્રાવણ વદ-૨, શનિ	૧૩-૦૮-૨૨
કજલી ત્રીજ, શ્રાવણ વદ-૩, રવિ	૧૪-૦૮-૨૨
શ્રી ચીમનલાલજી (મુંબઈ)નો ઉત્સવ, શ્રાવણ વદ-૫, મંગળ	૧૬-૦૮-૨૨
રાંધણ છઠ્ઠ, શ્રાવણ વદ-૬, બુધ	૧૭-૦૮-૨૨
જન્માષ્ટમી, શ્રી કૃષ્ણ પ્રાદુર્ભાવ મહોત્સવ, શ્રાવણ વદ-૮, શુક્ર	૧૯-૦૮-૨૨
નંદ મહોત્સવ, શ્રી કૃષ્ણજીવનજી/ગિરધરજી,	
(મુંબઈ/મદ્રાસ)નો ઉત્સવ, શ્રાવણ વદ-૯, શનિ	૨૦-૦૮-૨૨
અજા એકાદશી વ્રત, શ્રાવણ વદ-૧૨, મંગળ	૨૩-૦૮-૨૨
કુશગ્રાહી અમાસ, શ્રા.વદ-૩૦, શનિ	૨૭-૦૮-૨૨
ચંદ્રદર્શન ભાદરવા સુદ-૧, રવિ	૨૮-૦૮-૨૨
કેવડા-હરિયાળી ત્રીજ, ભાદરવા સુદ-૩, મંગળ	૩૦-૦૮-૨૧
ગણેશ ચતુર્થી, ભાદરવા સુદ-૪, બુધ	૩૧-૦૮-૨૧
ઋષિ પાંચમ, ભાદરવા સુદ-૫, ગુરૂ	૦૧-૦૯-૨૨
રાધાષ્ટમી, ભાગવત સપ્તાહનો આરંભ, ભાદરવા સુદ-૮, રવિ	૦૪-૦૯-૨૨
પરિવર્તિની એકાદશી વ્રત,વામન દ્વાદશી, ભાદરવા સુદ-૧૨, બુધ	૦૭-૦૯-૨૨
શ્રી ગોકુલનાથજી (મુંબઈ) ઉત્સવ, ભાદરવા સુદ-૧૨, બુધ	૦૭-૦૯-૨૨
અનંત ચતુર્દશી, ભાદરવા સુદ-૧૪, શુક્ર	૦૯-૦૯-૨૨
ભાગવત સપ્તાહ સમાપ્ત, ભાદરવા સુદ-૧૫, શનિ	૧૦-૦૯-૨૨
અવિધવા નવમી, ભાદરવા વદ-૯, સોમ	૧૯-૦૯-૨૨
શ્રી નૃસિંહલાલજી (મુંબઈ)નો ઉત્સવ,	
ઇન્દિરા એકાદશી વ્રત,ભા.વદ-૧૧, બુધ	૨૧-૦૯-૨૨
સર્વપિત્રી અમાસ, સાંજીની સમાપ્તિ, ભાદરવા વદ-૩૦, રવિ	૨૫-૦૯-૨૨
ઘટસ્થાપન, નવરાત્રિ પ્રા., ઇષ્ટિ, અંકુરારોપણ, આસો સુદ-૧, સોમ	૨૬-૦૯-૨૨
સરસ્વતી પૂજન પ્રારંભ, આસો સુદ-૭, રવિ	૦૨-૧૦-૨૨
દશેરા, આસો સુદ-૦૯, મંગળ	૦૪-૧૦-૨૨
પાશાંકુશા એકાદશી વ્રત, આસો સુદ-૧૧, ગુરૂ	૦૬-૧૦-૨૨
શરદ પૂર્ણિમા, આસો સુદ-૧૫, રવિ	૦૯-૧૦-૨૨
શ્રી ઘનશ્યામજી (મુંબઈ)નો ઉત્સવ, આસો વદ-૩, બુધ	૧૨-૧૦-૨૨
વ્રજપંચમી, આસો વદ-૫, શુક્ર	૧૪-૧૦-૨૨
રમા એકાદશી, આસો વદ-૧૧, શુક્ર	૨૧-૧૦-૨૨
ગોવત્સ બારસ, આસો વદ-૧૧, શુક્ર	૨૧-૧૦-૨૨
ધનતેરસ, આસો વદ-૧૨, શનિ	૨૨-૧૦-૨૨
કાળી ચૌદશ, આસો વદ-૧૩, રવિ	૨૩-૧૦-૨૨
દિપાવલી, દિવાળી, લક્ષ્મી શારદા પૂજન, આસો વદ-૧૪, સોમ	૨૪-૧૦-૨૨
દર્શ અમાસ, ખંડગ્રાસ સૂર્ય ગ્રહણ, આસો વદ-૩૦, મંગળ	૨૫-૧૦-૨૨

શ્રી બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં વ્રત-તહેવારો સંવત-૨૦૭૮

વિક્રમ સંવત ૨૦૭૮ નૂતન વર્ષારંભ, કારતક સુદ-૧, શુક્ર	૦૫-૧૧-૨૧
યમદ્વિતિયા, ભાઈબીજ, કારતક સુદ-૨, શનિ	૦૬-૧૧-૨૧
લાભપાંચમ, 'અક્ષર ધામ' સ્મારક પ્રતિષ્ઠાદિન, ગાંધીનગર	
- ન્યુ દિલ્હી, કારતક સુદ-૫, મંગળ	૦૯-૧૧-૨૧
પ્રબોધિની એકાદશી, નિર્જળા ઉપવાસ, તુલસી વિવાહ પ્રારંભ,	
ભ. સ્વામિના દિક્ષાદિન, કારતક સુદ-૧૧/૧૨,સોમ	૧૫-૧૧-૨૧
દેવ દિવાળી, અક્ષર પૂર્ણિમા, બોચાસણમાં સમૈયો, ભક્તિમાતાનો	
જન્મદિવસ, તુલસીવિવાહ સમા., કારતક સુદ-૧૫, શુક્ર	૧૯-૧૧-૨૧
ઝાડેશ્વર (ભરૂચ) મંદિરનો પાટોત્સવ, કારતક વદ-૯, રવિ	૨૮-૧૧-૨૧
ઉત્પતિ એકાદશી, કારતક વદ-૧૧, મંગળ	૩૦-૧૧-૨૧
સુરેન્દ્રનગર મંદિરનો પાટોત્સવ, કારતક વદ-૧૨, બુધ	૦૧-૧૨-૨૧
ગાંધીનગર મંદિરનો પાટોત્સવ, માગશર સુદ-૩, સોમ	૦૬-૧૨-૨૧
રાજકોટ, આણંદ મંદિરનો પાટોત્સવ, માગશર સુદ-૭, શુક્ર	૧૦-૧૨-૨૧
પ.પૂ.પ્રમુખસ્વામિ મ.નો. જ.દિન, ચાણસદ, માગશર સુદ-૮,શનિ	૧૧-૧૨-૨૧
શ્રીમદ્ ભગવતગીતા જયંતિ, મોક્ષદા એકાદશી,	
લોસ એન્જલસ મંદિરનો પાટોત્સવ, માગશર સુદ-૧૧, મંગળ	૧૪-૧૨-૨૧
અક્ષર પૂર્ણિમા, માગશર સુદ-૧૫, રવિ	૧૯-૧૨-૨૧
શ્રી પ્રમુખસ્વામિ મહારાજ દિક્ષાદિન ગોંડલ, પોષ સુદ-૧, સોમ	૩૧-૧૨-૨૧
પુત્રદા એકાદશી, ઉપવાસ, પોષ સુદ-૧૧, ગુરૂ	૧૩-૦૧-૨૨
અક્ષર પૂર્ણિમા, અક્ષર બ્રહ્મગુણાતીતાનંદ સ્વામિ દિક્ષાદિન ડભાણ,	
પાથેય પર્વ, પોષ સુદ-૧૫, સોમ	૧૭-૦૧-૨૨
ષટ્તિલા એકાદશી, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની અંતર્ધ્યાન	
તિથિ-મુંબઈ, પોષ વદ-૧૧, શુક્ર	૨૮-૦૧-૨૨
બ્રહ્મ સ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો.પ્રા. દિન, અટલાદરા મંદિરમાં સમૈયો,	
મહેળાવ-નવસારી મંદિરનો પાટોત્સવ,	
શિક્ષાપત્રી જં., વસંત પંચમી,મહા સુદ-૫, શનિ	૦૫-૦૨-૨૨
સદ્ગોપાલાનંદ સ્વામિનો પ્રા. દિન, ટોડલા, મહા સુદ-૮, બુધ	૦૯-૦૨-૨૨
જયા એકાદશી, મહા સુદ-૧૧, શનિ	૧૨-૦૨-૨૨
અક્ષર પૂર્ણિમા, માઘી પૂનમ, મહા સુદ-૧૫, બુધ	૧૬-૦૨-૨૨
નડિયાદ મંદિરનો પાટોત્સવ, મહા વદ-૧૦, શનિ	૨૬-૦૨-૨૨
વિજયા એકાદશી, મહા વદ-૧૧, રવિ	૨૭-૦૨-૨૨
મહાશિવરાત્રિ, મહા વદ-૧૪, મંગળ	૦૧-૦૩-૨૨
આમલકી એકાદશી, (આમળા) ફાગણ સુદ-૧૧, સોમ	૧૪-૦૩-૨૨
હુતાશની, અક્ષર પૂર્ણિમા, ફાગણ સુદ-૧૫, ગુરૂ	૧૭-૦૩-૨૨
ધૂળેટી, સારંગપૂરમા સમૈયો, ફાગણ વદ-૧૫/૧, શુક્ર	૧૮-૦૩-૨૨
પાપમોચની એકાદશી, ફાગણ વદ-૧૧, સોમ	૨૮-૦૩-૨૨
ગુડી પડવો,નવ દિવસ સુધી કડવા લીમડાનો રસ	
ઠાકોરજીને ધરાવવો અને પીવો, શા. શકે ૧૯૪૪ પ્રા.,	
ચૈત્રી સંવત્સર શરૂ, ચૈત્ર સુદ-૧, શનિ	૦૨-૦૪-૨૨
શ્રી હરિ જયંતી, ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ છપૈયા,	
નિર્જળા ઉપવાસ, શ્રીરામનવમી, ચૈત્ર સુદ-૯, રવિ	૧૦-૦૪-૨૨
કામદા એકાદશી ચૈત્ર સુદ-૧૧, મંગળ	૧૨-૦૪-૨૨
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દિક્ષાદિન વડતાલ, ચૈત્ર સુદ-૧૩,ગુરૂ	૧૪-૦૪-૨૨
અક્ષર પૂર્ણિમા, યજ્ઞપુરૂષ સ્મૃતિ મંદિરનો પાટોત્સવ,	
હનુમાન જયંતી, સારંગપૂર મંદિર પાટોત્સવ, ચૈત્ર સુદ-૧૫, શનિ	૧૬-૦૪-૨૨
વરૂથીની એકાદશી, ચૈત્ર વદ-૧૧, મંગળ	૨૬-૦૪-૨૨
અખાત્રીજ, ઠાકોરજીને ચંદનનાં શણગાર વિલેપન શરૂ,	
વૈશાખ સુદ-૩, મંગળ	૦૩-૦૫-૨૨
સારંગપુર, ભાદરા, જુનાગઢ મંદિરનો પાટો., વૈશાખ સુદ-૬, શનિ	૦૭-૦૫-૨૨
અમદાવાદ મંદિરનો પાટોત્સવ, વૈશાખ સુદ-૭, રવિ	૦૮-૦૫-૨૨
ગોંડલ તથા ગઢડા મંદિરનો પાટો., વૈશાખ સુદ-૧૦, બુધ	૧૧-૦૫-૨૨
મોહિની એકાદશી, વૈશાખ સુદ-૧૧, ગુરૂ	૧૨-૦૫-૨૨
અક્ષર પૂર્ણિમા, વૈશાખ સુદ-૧૫, સોમ	૧૬-૦૫-૨૨
ભાવનગર મંદિરનો પાટોત્સવ, વૈશાખ વદ-૭, રવિ	૨૨-૦૫-૨૨
અપરા એકાદશી, વૈશાખ વદ-૧૧, ગુરૂ	૨૬-૦૫-૨૨
યોગીજી મહારાજ પ્રાગટ્ય દિન, વૈશાખ વદ-૧૨, શુક્ર	૨૭-૦૫-૨૨
શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્વધામગમન-ગઢપુર,	
જેઠ સુદ-૧૦, શુક્ર	૧૦-૦૬-૨૨
ભીમ એકાદશી, જેઠ સુદ-૧૧/૧૨, સોમ	૧૧-૦૬-૨૨
અક્ષર પૂર્ણિમા, જેઠ સુદ-૧૫, મંગળ	૧૪-૦૬-૨૨
યોગિની એકાદશી, જેઠ વદ-૧૧, શુક્ર	૨૪-૦૬-૨૨
રથયાત્રા, અષાઢી બીજ, અષાઢ સુદ-૨, શુક્ર	૦૧-૦૭-૨૨
અટલાદરા મંદિરનો પાટોત્સવ, અષાઢ સુદ-૩, શનિ	૦૨-૦૭-૨૨
દેવશયની એકાદશી, ચાતુર્માસ વ્રત પ્રા., અષાઢ સુદ-૧૧, રવિ	૧૦-૦૭-૨૨
ગુરૂપુર્ણિમા, વ્યાસ જ., બોચાસણમાં સમૈયો, અષાઢ સુદ-૧૫, બુધ	૧૩-૦૭-૨૨
હિંડોળા પ્રારંભ, અષાઢ વદ-૨, ગુરૂ	૧૪-૦૭-૨૨
કામિકા એકાદશી, અષાઢ વદ-૧૧, રવિ	૨૪-૦૭-૨૨
હ્યુસ્ટન (અમેરીકા) મંદિરનો પાટો., શ્રાવણ સુદ-૮, શુક્ર	૦૫-૦૮-૨૨
પવિત્રા એકાદશી, શ્રાવણ સુદ-૧૧, સોમ	૦૮-૦૮-૨૨
રક્ષાબંધન, બળેવ, શ્રાવણ સુદ-૧૪, ગુરૂ	૧૧-૦૮-૨૨
હિંડોળા સમાપ્ત, શ્રાવણ વદ-૨, શનિ	૧૩-૦૮-૨૨
નૈરોબી મંદિરનો પાટોત્સવ, શ્રાવણ વદ-૩, રવિ	૧૪-૦૮-૨૨
જન્માષ્ટમી, શ્રી કૃષ્ણ પ્રાગટ્ય, શ્રાવણ વદ-૮, શુક્ર	૧૯-૦૮-૨૨
લંડન મંદિરનો પાટોત્સવ, શ્રાવણ વદ-૧૦, રવિ	૨૧-૦૮-૨૨
અજા એકાદશી, શ્રાવણ વદ-૧૧, મંગળ	૨૩-૦૮-૨૨
સામવેદી શ્રાવણી, સામવેદી વિપ્રો અને સ્વામિ-સંતોએ જનોઈ	
બદલવી, ભાદરવા સુદ-૩, મંગળ	૩૦-૦૮-૨૨
ગણેશ ચતુર્થી, ભાદરવા સુદ-૪, બુધ	૩૧-૦૮-૨૨
જલજીલણી એકાદશી, ગણપતિ વિસર્જન, ઠાકોરજી ને જળવિહાર,	
સારંગપૂરમાં સમૈયો, વામન જયંતિ, ભાદરવા સુદ-૧૧, બુધ	૦૭-૦૯-૨૨
શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ, ભાદરવા વદ-૪, મંગળ	૧૩-૦૯-૨૨
ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્મૃતિપર્વ,	
ભાદરવા વદ-૧૦, મંગળ	૨૦-૦૯-૨૨
યોગીજી મહારાજ સ્મૃતિપર્વ, ઇન્દિરા એકાદશી,	
ભાદરવા વદ-૧૧, બુધ	૨૧-૦૯-૨૨
વિજયાદશમી, દશેરા, આસો સુદ-૧૦, બુધ	૦૫-૧૦-૨૨
પાશાંકુશા એકાદશી, આસો સુદ-૧૧, ગુરૂ	૦૬-૧૦-૨૨
અક્ષર બ્રહ્મગુણાતીતાનંદ સ્વામિ અંતરધ્યાનતીથિ ગોંડલ,	
આસો સુદ-૧૩,શુક્ર	૦૭-૧૦-૨૨
ગોંડલમાં સમૈયો, શરદ પૂર્ણિમા, આસો સુદ-૧૫, રવિ	૦૯-૧૦-૨૨
વાઘ બારસ, ગૌવત્સ દ્વાદશી, રમા એકાદશી, આસો વદ-૧૧, શુક્ર	૨૧-૧૦-૨૨
ધનતેરસ, આસો વદ-૧૨,શનિ	૨૨-૧૦-૨૨
કાળીચૌદશ,હનુમાન પૂજા, આસો વદ-૧૩, રવિ	૨૩-૧૦-૨૨
દિપાવલી, લક્ષ્મી-શારદા પૂજન (ગોંડલ અક્ષર ડેરીમાં પૂજન)	
આસો વદ-૧૪, સોમ	૨૪-૧૦-૨૨

વિવાહનાં મુહૂર્ત જોવાની સહેલી રીત

વિવાહનાં નક્ષત્ર હોય તેજ દિવસે વિવાહ થાય. નક્ષત્ર ન હોય તે દિવસે વિવાહ ન કરવા. વિવાહમાં નક્ષત્રનું વિશેષ મહત્વ છે.

નીચેના ૧૫ નક્ષત્રો હોય તે દિવસે જ આગ્રહ રાખવો.

અશ્વિની • રોહિણી • મૃગાશીર્ષ • મઘા • ઉ.ફા. • હસ્ત • ચિત્રા • સ્વાતિ
અનુરાધા • ઉ.ષાઢા • શ્રવણ • ઉ.ભાદ્ર • રેવતી • મૂળ • ધનિષ્ઠા

ઉપર આપેલા નક્ષત્રો સિવાયનાં નક્ષત્રોમાં વિવાહ કરાય નહીં.

- પુષ્ય નક્ષત્રનું બહું મહાત્મ્ય છે પરંતુ તેમા વિવાહ કરાય નહીં.
- વ્યતિપાત, વૈધૃતિ, મહાપાત હોય તે દિવસે વિવાહ ન થાય.
- કમુહૂર્તા, ગુરૂ, શુક્ર અસ્ત, હોળાષ્ટક, પાપગ્રહ થી યુક્ત નક્ષત્ર, કરિદિન, ચાર્તુમાસ, નિવારવામાં આવે છે.
- આટલું ધ્યાન રાખવાથી દિવસ ચોખ્ખો આવશે.
- ગુરૂ ચંદ્રમાં પહોંચે છે કે નહિ તેના કરતા નક્ષત્રનું ધ્યાન ખાસ રાખવું જોઈએ.
- ચંદ્ર ચોથો–આઠમો હોય તો તેની પૂજા કરીને લગ્ન થાય પણ વિવાહનું નક્ષત્ર ન હોય તો તે દિવસે પૂજા કરીને પણ લગ્ન થતાં નથી.
- બારમો ચંદ્ર શુભ છે ફક્ત ચોથો આઠમો ચંદ્ર હોય તો પૂજા કરાવવી.
- વદમાં ચોથો–આઠમો હોય તો પણ સારો ગણાય, તારા બળ જોવું.

વિવાહમાં સૂર્ય-ગુરૂ પૂજય-અપૂજય વિશે

ગ્રહો	સૂર્ય (વર માટે)	ગુરૂ (કન્યા માટે)	ચંદ્ર (વર-કન્યા)
શુભ સ્થાન	૩–૬–૧૦–૧૧	૨–૫–૭–૯–૧૧	૩–૬–૭–૧૦–૧૧–૧૨
પૂજય સ્થાન	૧–૨–૫–૭–૯	૧–૩–૬–૧૦	૧–૨–૫–૯
નેષ્ટ સ્થાન	૪–૮–૧૨	૪–૮–૧૨	૪–૮

નવવધૂ પ્રવેશ

લગ્ન નાં દિવસથી બેકી દિવસે તથા ૫,૭,૯ એકી દિવસે(બાકીના એકી દિવસો વર્જ્ય) નવવધુને પતિગૃહે પ્રથમ પ્રવેશ કરાવવો. લગ્નનાં દિવસે પણ પતિ ગૃહે લાવી શકાય. ગૃહ પ્રવેશ સ્થિર લગ્ન અને સ્થિર નવમાંશમાં રાત્રે કરાવવો ઉત્તમ છે. દિન શુદ્ધિ જોતાં અશ્વિની, રોહિણી, મૃગાશીર્ષ, મઘા, પુષ્ય, ઉ.ફા., ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉ.ષા., શ્રવણ, ધનિષ્ઠા, ઉ.ભા., રેવતી, નક્ષત્રો સારા છે. ૧,૪,૯,૧૪ તિથિ સિવાય સોમ, ગુરૂ, શુક્ર, શનિવારે પ્રવેશ કરાવવો. સામાન્ય રીતે કન્યાને બુધવારે વળાવતા નથી. અમુક પ્રદેશોમાં વળાવે છે. સૂર્ય સંક્રાતિ પૂ.કાળ, અયન–ગ્રહણ–કરિદિન, વૈધૃતિ, વ્યતિપાત, મહાપાતનો સમય ત્યાગવો.

વિવાહ બાબત

માગશરમાં, ધનારખમાં, ફાગણમાં, મીનારખમાં, લગ્ન કરવા શાસ્ત્રમાં બાદ નથી. વૈશાખ માસમાં મોટા પુત્ર-પુત્રી નાં લગ્ન કરવા શાત્રમાં બાદ નથી. વહેમ ન રાખવો. ઉંમરલાયક કન્યાએ ગુરૂ બળ જોવાની જરૂરત નથી. રજસ્વલ્લા કન્યાનાં ગુરૂ શુદ્ધિ નચિંતયેત. બીજા ગોચર ચંદ્ર ને સૂર્ય માટે પણ દુષ્ટોપિ ખેટો વિપરિત વેધાત શુભોભવતિ અનિષ્ટોપિવયે શુભઈહ ખચરૈ વેધિતો, ભુમાર્તડમાં છે. માટે ૪–૮–૧૨ માં સૂર્ય–ચંદ્ર માટે ઉપર પ્રમાણે ગોચર નો વેધ હોય તો પૂજા આવતી નથી. મેળાપક દોકડા કોઠા પ્રમાણે ૧૮ ગુણ દોકડા આવે તો સગપણ કરાય પણ નાડી ભિન્ન જોઈએ. એક નાડી બન્નેની હોય તો તે વર્જ્ય છે. નાડી દોષમાં દ્વિ–પર્વ, ચતુ:પર્વ, પંચ પર્વમાં નાડી દોષ રહેતો ન હોય તો દોષ નથી. નાડી દોષમાં નક્ષત્ર, ચરણ, રાશિ, રાશિપતિ, વિ. નો પણ વિચાર કરવો. (નાડી દોષ બ્રાહ્મણોને લાગે છે – શિઘ્રબોધ)

મંગળ દોષ:– વર–કન્યાની–જન્મ કુંડળીમાં ૧–૪–૭–૮–૧૨ મે જન્મ લગ્ન, ચંદ્ર તથા શુક્રથી મંગળ હોય તો મંગળ દોષ ગણાય. પરંતુ વરકન્યાની કુંડળીમાં ૧લા સ્થાનમાં મેષનો, ૪થા સ્થાનમાં વૃશ્ચિકનો, સાતમા સ્થાનમાં મકરનો કે મીનનો, આઠમા સ્થાનમાં કર્કનો તથા બારમાં સ્થાનમાં ધનનો, મંગળ હોય તો તેને દોષ નથી. જન્મકુંડળીમાં જે સ્થાને હોય તેના કરતા ચલિત કુંડળીમાં જે સ્થાને આવે તે ગણાય. જન્મકુંડળીમાં સાતમો મંગળ હોય પણ ચલિત છઠ્ઠે આવે તો મંગળવાળી કુંડલી ન ગણાય. ચોથે હોય, ત્રીજે, પાંચમે આવે તે ન ગણાય. ટૂંકમાં મંગળ ચલિતમાં કયાં છે તે જોવું. અન્ય મંગળ દોષ ભંગના નિયમે તપાસવા.

૧૨મો ચંદ્ર : વિવાહમાં વર–કન્યાને બારમો ચંદ્ર હોય તો શ્રેષ્ઠ ગણવો.

ખાતચક્ર ઉપરથી મુહુર્ત જોવાનો કોઠો

રાશિ	વિવાહમાં માણેક સ્તંભ રોપવા	ઘરનાં ખાતામાં	દેવાલયનાં ખાતામાં	વાવ, કુવા, જલાશયનાં ખાતામાં	ખાતનો આરંભ કયા ખૂણામાં કરવો
સૂર્યની રાશિ	વૃષભ–મિથુન–કર્ક	સિંહ–કન્યા–તુલા	મીન–મેષ–વૃષભ	મકર–કુંભ–મીન	અગ્નિ ખૂણામાં
સૂર્યની રાશિ	સિંહ–કન્યા–તુલા	વૃશ્ચિક–ધન–મકર	મિથુન–કર્ક–સિંહ	મેષ–વૃષભ–મિથુન	ઈશાન ખૂણામાં
સૂર્યની રાશિ	વૃશ્ચિક–ધન–મકર	કુંભ–મીન–મેષ	કન્યા–તુલા–વૃશ્ચિક	કર્ક–સિંહ–કન્યા	વાયવ્ય ખૂણામાં
સૂર્યની રાશિ	કુંભ–મીન–મેષ	વૃષભ–મિથુન–કર્ક	ધન–મકર–કુંભ	તુલા–વૃશ્ચિક–ધન	નૈઋત્ય ખૂણામાં

સમજ : ઉપર પ્રમાણે રાશિમાં સૂર્ય હોય ત્યારે તે ખૂણામાં મુહૂર્ત કરવું. ઘરનો પાયો ખોદાવવામાં પૃથ્વી બેઠી હોય તેવી લેવી. શુકલ પક્ષની એકમથી તિથિ ગણવી (એટલે વદ ની તિથિ લેવી હોય તો તે વદની તિથિ + ૧૫)તેમા વારનો અંક રવિવારથી ગણી ઉમેરવો. તેમા અશ્વિની થી દિન નક્ષત્ર સુધીનો અંક ગણી ઉમેરવો. તે ત્રણેનો સરવાળો કરવો તેને ચારે ભાગતા બે શેષ રહે તો પૃથ્વી બેઠેલી જાણવી. તેમાં વૃષચક્ર જોઈને મુહૂર્ત કરવું. સૂર્યનાં અંશ ૫–૭–૯–૧૦–૨૧–૨૪ હોય. સૂર્ય નક્ષત્રથી ૫–૭–૯–૧૨–૧૯–૨૬મું નક્ષત્ર હોય ત્યારે પૃથ્વી સૂતી હોય છે. ખોદવાનો પ્રારંભ ન કરવો. ખાતમુહૂર્ત તથા વાસ્તુ પ્રવેશ–કન્યા–ધન–મીન સંક્રાંતિએ ન કરવું.

કમુહૂર્તા વર્જય નથી

કમુહૂર્તામાં માંગલિક કાર્યો ગુજરાતમાં વર્જય છે. પરંતુ દક્ષિણ ભારતમાં કમુહૂર્તા લગ્નાદિ કાર્યોમાં વર્જય નથી.


સંધ્યા સમય ક્યારે ગણાય ?

જે–તે સ્થળે સૂર્ય અસ્ત થયા બાદ રાત્રિમાનનો પ્રથમ દસમો ભાગ સંધ્યા સમય. રાત્રિમાનનો સૂર્યોદય પહેલાનો છેલ્લો દસમો ભાગ પ્રાત સંધ્યા સમય ગણાય છે.

વાસ્તુ મુહૂર્ત વિચાર

''વાસ્ત્વર્ચન ભૂતબલિ ચ કારયેત્'' મુહૂર્ત ચંતામણિ ''વાસ્તુપૂજા મકૃત્વા ન વિશત્ નવમંદિર'' ''નૃસિંહસંહિતા'', ઈત્યાદિ વચનોનાં પ્રમાણથી નવા મકાનમાં કલશચક્ર હોય ત્યારે વાસ્તુપૂજા કરી ગૃહપ્રવેશ વાસ્તુ સાથે થાય છે. ''વિવાહાદિ કાર્યમાં, વ્રતબંધમાં, વૃષોત્સર્ગમાં વાસ્તુશાંતિમાં પૂર્ણાહુતિ ન કરવી'' તેથી અગ્નિચક્ર–આહુતિ ચક્ર ન જોવી પરંતુ કલશચક્ર જોવું. 'શાંતિસુધાકર' તથા 'શારદા તિલક' વિગેરે ગ્રંથોનાં 'હોમાશકતા બલિ દદ્યાત', તેવા વચન છે એટલે હોમહવન ન કરતાં હોય તેઓએ પણ વાસ્તુપૂજન પછી નવા ઘરમાં રહેવા જવું. નવા મકાનનું વાસ્તુ:''વ્યાર્કાત રિક્તાચાર દર્શ ચૈત્ર'' એટલે ૪–૯–૧૪ સિવાયની તિથિમાં રવિ–મંગળ સિવાયના વારમાં તથા ચૈત્ર વિનાનાં માસમાં દિનશુદ્ધિ જોઈ અવજોગ ન હોય કલશચક્ર હોય, ત્યારે વાસ્તુનું મુહૂર્ત લેવું. વાસ્તુપૂજન બલિદાન વિધિ અવશ્ય કરાવવી. ''નવચંડી કરો યા ન કરો'' કલશચક્ર:સૂર્ય નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણવું. ૫ નેષ્ટ, ૮ શ્રેષ્ઠ, ૮ નેષ્ટ અને ૬ શ્રેષ્ઠ વામાંક જોઈ ગૃહ પ્રવેશ કરવો. અગ્નિપંચકમાં ન કરવો. રાહુનું સન્મુખ ઘર તજવું.

અષ્ટકોણ દિશાચક્ર



કર્તરિદિન : શુભ કામમાં ન લેવાય. ગ્રહણ તથા ગ્રહણનો પડવો. વૈશાખ વદ ૩૦ ને જેઠ સુદ ૧. હોળી અને ધૂળેટીનો દિવસ, અયનદિન.

ફાંફડું : યાત્રામાં ને પ્રવેશમાં તજવું. તેને કુલિક ને કક્રચ યોગ કહે છે, તે તજવા.

જયમંગલ : યોગ રવિયોગ લેવા ''દોષસંઘ વિનાશક'' છે. ''વાર પ્રવૃત્તિ વદંતિ સૂર્યોદયાદ રાવણ રાજધાન્યા'' ચોઘડિયાં ને હોરા વાર બેસે ત્યારથી ગણવા.

ખાતચક્ર

પાયો ખોદવામાં વૃષ ચક્ર જોવું : ચિંતામણિ-મત. સૂર્ય નક્ષત્રથી ગણવું. ચંદ્ર નક્ષત્ર સુધી બધા ચક્રમાં આમ જોવું.

૭ ૧૧ ૧૦
ને. શ્રે. ને.

(અભિજીત સાથે)

માર્તંડ મત

૩ ૪ ૭ ૪ ૪ ૫
શ્રે. ને. શ્રે. ને. શ્રે. ને.

દ્વારચક્ર

સૂર્યનક્ષત્રથી ગણવું ચંદ્ર દિન નક્ષત્ર સુધી

૪ ૮ ૮ ૩ ૪
શ્રે. ને. શ્રે. ને. શ્રે.

મોભચક્ર

૩ ૫ ૮ ૮ ૩
ને. શ્રે. શ્રે. ને. શ્રે.

ચૂલ્હીચક્ર નવો ચૂલ્હો મૂકવાનું

૬ ૪ ૮ ૫ ૨ ૨
શ્રે. ને. શ્રે. ને. શ્રે. ને.

હલ ચક્ર સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણવું

૩ ૩ ૩ ૫ ૩ ૫ ૩ ૩
ને. શ્રે. ને. શ્રે. ને. શ્રે. ને. શ્રે.

કૂપચક્ર રોહિણી નક્ષત્રથી દિન સુધી ગણવું.

૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩
શ્રે. ને. મ. ને. શ્રે. મ. ને. શ્રે. મ.

પૃથ્વી સૂતી લેવી
બાંય પહેરવાનું ચૂડા ચક્ર

૮ ૭ ૯ ૩ ૧
ને. શ્રે. ને. શ્રે. ને.

મુહૂર્તો : નવા મકાનમાં દ્વારચક્ર જોઈ બારણું બેસાડવું. મોભચક્ર જોઈ આડસર ચડાવવું. હળચક્ર જોઈ નવી જમીનમાં હળ હાંકવું. કૂપચક્ર જોઈને જમીનમાં કૂવો ખોદાવવો. પરગામમાં લેવું છે કે કેમ તેને માટે ખડા ખાંટકું બીયાબારૂં જોવાનું નથી પણ કાકિણી જોવી જોઈએ. ગામ પાસે ૨-૫-૯ માગો તો સારૂં.

અગ્નિ ચક્ર

શુક્લ પક્ષની એકમથી તિથિ ગણવી. તેમાં વારનો આંક રવિવારથી ગણી ઉમેરવો. તેમાં એક ઉમેરવો કુલ સરવાળો આવે તેને ૪થી ભાગવા. શેષ ૦-૩ વધે તો અગ્નિનો વાસ પૃથ્વી ઉપર છે. તેમાં હોમ-હવન આદિ કરવાં.

જાતકર્માદિ સંસ્કારનાં હોમમાં, વિષ્ણુ સંબંધી હોમમાં, લક્ષ્મી સંબંધી હોમમાં, દૈનિક હોમમાં, નૈમિત્તિક હોમમાં, ગ્રહ હોમમાં, અગ્નિચક્ર દોષકારક નથી.

આહુતિ ચક્ર

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી નીચે પ્રમાણે ગણવું. શુભ ગ્રહનાં મુખમાં આહુતિ શુભ ક્રૂર ગ્રહનાં મુખમાં આહુતિ અશુભ.

સૂ. બુ. શુ. શ. ચં. મં. ગું. રા. કે.
૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩
ને. શ્રે. શ્રે. ને. શ્રે. ને. શ્રે. ને. ને.

દરેક કામ્ય કર્મ, વિધિ વિધાન કરવા હોય ત્યારે અગ્નિ ચક્ર આહુતિ ચક્ર ખાસ જોવું. પરંતુ નૈમિત્તિક કાર્યમાં ન જોવું. કેટલાક જોશીઓ વાસ્તુ કામમાં અગ્નિ આહુતિ ચક્રનો આગ્રહ રાખે છે તે શાસ્ત્રોક્ત નથી, ખોટું છે. તેમાં તો કલશ ચક્ર ખાસ જોવું જોઈએ. નીલોદ્ધાદ્ધા કામ્ય કર્મ કરતાં હો ત્યારે ગ્રહશાંતિ વગેરેમાં જોવું જોઈએ.

શુભાશુભ યોગ જોવાનું કોષ્ટક

	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
કંક્રચ તિથિ	૧૨	૧૧	૧૦	૯	૮	૭	૬
કુલીક યોગ ફાંફિડુ	૭	૬	૫	૪	૩	૨	૧
શ્રેષ્ઠ તિથિ	૦	૦	૩	૨	૫	૧	૪
	૦	૦	૮	૭	૧૦	૬	૯
	૦	૦	૧૩	૧૨	૧૫	૧૧	૧૪
નિષિદ્ધિતિથિ	૧	૨	૧	૩	૪	૨	૫
	૬	૭	૬	૮	૯	૭	૧૦
	૧૧	૧૨	૧૧	૧૩	૧૪	૧૨	૧૫
દગ્ધતિથિ	૧૨	૧૧	૫	૩	૬	૮	૯
વજ્રમુસલ	ભરણી	ચિત્રા	ઉ.ષાઢા	ધનિષ્ઠા	ઉ.ફા.	જયેષ્ઠા	રેવતી
યમઘંટ	મઘા	વિશાખા	આર્દ્રા	મૂળ	કૃત્તિકા	રોહિણી	હસ્ત
ઉત્પાત	વિશા.	પૂ.ષા.	ધનિષ્ઠા	રેવતી	રોહિણી	પુષ્ય	ઉ.ફા.
મૃત્યુ	અનુ.	ઉ.ષા.	શત.	અશ્વિ	મૃગ.	આશ્લે.	હસ્ત
કાળ	ભરણી	આર્દ્રા	મઘા	ચિત્રા	જયેષ્ઠા	અશ્વિ.	પૂ.ભા.
રાક્ષસ	શત.	અશ્વિ.	મૃગ.	આશ્લે	હસ્ત	અનુ.	ઉ.ષા.
અમૃતસિદ્ધિ	હસ્ત	મૃગ	અશ્વિ	અનુ.	પુષ્ય	રેવતી	રોહિ.
સિદ્ધિ	મૂળ	શ્રવણ	ઉ.ભાદ્ર	કૃત્તિકા	પુનર્વસુ	પૂ.ફા.	સ્વાતિ
જવાલામુખી	તિથિ	૧	૫	૮	૯	૧૦	
	નક્ષત્ર	મૂળ	ભરણી	કૃત્તિકા	રોહિણી	આશ્લેષા	
ત્યાજય	૫ રવિ	૬સોમ	૭મંગળ	૮બુધ	૯ગુરૂ	૧૦શુક્ર	૧૧શનિ
અમૃતસિદ્ધિ	હસ્ત	મૃગ	અશ્વિ	અનુ.	પુષ્ય	રેવતી	રોહિણી

અભિજીત નક્ષત્ર નિર્ણય

નક્ષત્ર માળામાં બાર રાશિઓમાં ૨૭+૧=૨૮ નક્ષત્રો રહેલા છે. સામાન્ય રીતે ૨૭ નક્ષત્રો ૧૨ રાશિમાં વહેંચાતા એક નક્ષત્ર ૧૩ અંશ, ૨૦ કલાનું બને છે. તેમાં અભિજીતનો વિચાર-ક્ષેત્ર નીચે મુજબ ગણાય છે. ઉ.ષા. નક્ષત્રનું છેલ્લુ ચરણ ૬ અંશ, ૪૦ કલાથી શ્રવણ નક્ષત્રનાં પહેલા ભાગમાં ૧૦ અંશ, ૫૩ કલા, ૨૦ વિકલા, સુધીનું ક્ષેત્રે એટલે કે ૨૫૩ કલા, ૨૦ વિકલાનાં ભાગને અભિજીત નક્ષત્ર કહેવાય છે.

ગ્રહપિડા નિવારણ : ''વૈદિકેષુ મંત્રેષુ સિદ્ધાદીન નૈવ શોધયેત''''યજુષાં શતરૂદ્રિય''ઘરમાંથી બીમારી મટતી ન હોય, દવા લાગુ પડતી ન હોય, કંકાસ રહ્યા કરતો હોય, સ્ત્રી-પુરૂષો આડા ચાલતા હોય, કુસંપ રહ્યા કરે, ધંધામાં જ્યાં કામ કરો ત્યાં સરખાઇ ન આવે ખોટ જ આવે, કામમાં અપજશ મળ્યા કરે, સ્નેહી સંબંધી આડા ચાલે, દુશ્મનો ઉભા થાય, આફત આવ્યા કરે એટલે જાણવું દશા સંજોગ નબળી ચાલે છે. ગ્રહદશા નબળી બેઠી છે. તેમાં દેવદોષ છે, પિતૃ નડતર છે, કર્યું કરાવ્યું છે, તેવા વહેમમાં ન પડવું, કર્મનું ફળ પાક્યું છે, તેથી શાંતિ રાખવી. વિચાર્યા વિના કામ ન કરવું. હલકા લોકોની સલાહ ન માનવી. સાહસ ન કરવું. લાલચમાં ન પડવું. ડાહ્યા-વ્યવહાર કુશળ માણસની સલાહ લેવી તે પહેલું કામ પછી ઇષ્ટ દેવની આસ્થા રાખવી. રૂદ્રપાઠ અભિષેક કરાવવા. ''રૂપરૂદ્ર'' યથાશક્તિ કરાવવા. શાંતિ રહેશે માર્ગ નીકળશે. નડતર દૂર થશે. ''શનિદોષો સોમોહન્યાત'' માટે સોમપ્રદોષ કરવો મીઠા વિનાનું મોળું સાંજે જમવું, ચા-દૂધ પીવા, ૭ કે ૨૧ કરવા.

ત્રૈપુષ્કર યોગ : તિથિ ૨-૭-૧૨, વાર રવિ-મંગળ-શનિ, નક્ષત્ર કૃત્તિકા-પુનર્વસુ-ઉફા-વિશાખા-ઉ.ષા.-પૂ.ફા. આમ તિથિ, વાર અને નક્ષત્ર એક જ દિવસે હોય તો ત્રૈપુષ્કર યોગ થાય. તેમા નાશ થયેલી વસ્તુ પાછી ન આવે અને ત્રૈપુષ્કર યોગમાં નવી વસ્તુ ત્રણ વખત ખરીદાય તો લાભ મળે.

જમીન-મકાન લેવા બાબત : જમીન મકાનમાં લેણું છે કે કેમ ? જમીન મકાન લેવા હોય ત્યાં જઇને ઉભા રહીએ, બેસીએ, થોડીવાર આપણા મનમાં પ્રસન્નતા આવે ઉમળકો આવે મન કોળે તે જમીન-મકાન લેવાય. તે જ રીતે છે શાસ્ત્રથી ''નમસસ્યુક્ષુષો યંત્ર સંતોષો જાય તો ભુવિ તત્રકાર્ય ગુહં સર્વે રીતિ ગર્ગાદિભાષિત'' જરા પણ ઉદ્વેગ જેવું જણાય તે ન લેવાં. નીચાણવાળા, ખાડાવાળા, ત્રિકોણ-પંચકોણ, જમીન મકાન ન લેવા. જમીનમાં ત્રાંસ હોય તે ફળિયામાં કાઢી નાખવા. રહેણાંક મકાન સીધા સમચતુરસ કરો, કંઇ દોષ નહિ. ગજપૃષ્ટ ને કૂર્મપૃષ્ટ જમીન લેવી. નાગપૃષ્ટ, દૈત્યપૃષ્ટ જમીન ન લેવી. થાંભલા, થાંભલી, ફળીયું, પગથીયાં, બારણાં વિગેરે એક લાઇનમાં ત્રેખડ ન મૂકવા. પંચકમાં ઘરનું છાજ ''ગૃહગોપન'' ઠોકવું-સ્લેબ ભરવો તે ન કરવું. થાંભલામાં કૂર્મચક્ર જોવું.

મુસાફરીનું મુહૂર્ત : (ચિંતામણી પિયુષ ધારા ૯-૧૦)''સન્મુખોર્થ લાભાય દક્ષિણે સુખસંપદાં.'' ચંદ્રનું ઘર સામું કે જમણી તરફ હોય તો તે દિશામાં જવાય. પરંતુ ચંદ્રનાં ઘરને વજન આપનારાઓ નક્ષત્રમાં વજન આપતા નથી, તે ખોટું છે. ત્યાજય નક્ષત્રમાં ગમે તેવું ચંદ્રનું ઘર હોય તો પણ યાત્રા ન કરાય. જે વારે જે દિશામાં નક્ષત્રમાં દિશાશૂળ હોય તે વારે ન જવાય, અશ્વિની, પુષ્ય, હસ્ત, અનુરાધા નક્ષત્રમાં દિનશુદ્ધિ જોઇ બધી દિશામાં જવાય. ''યાત્રા શુભા સર્વદિશાસુ'' સ્વજયજીવિતાર્થી ગચ્છેત શૂલ વિહાય ખાસ કરી દિશાશૂળ, ઘાતચંદ્ર, મૃત્યુ, યમઘંટાદિ યોગમાં મુસાફરી ન કરવી. બહુ જરૂર હોય તો ગોરખનાં આંક પ્રમાણે જોવું.

નવી દુકાનનું મુહૂર્ત : ૪-૯-૧૪-૩૦, તિથિઓને છોડીને બીજી તિથિઓમાં મંગળવાર સિવાયનાં વારમાં હસ્ત, ચિત્રા, પુષ્ય, રોહિણી, મૃગશીર્ષ, રેવતી, ઉ.ફા., અનુરાધા, અશ્વિની આ નક્ષત્રો હોય અને ઉત્તમ દિન શુદ્ધિ હોય કોઇ અવજોગ ન હોય પોતાની શુભ દશા ચાલતી હોય ત્યારે હાટ ચક્ર જોઇને નવી દુકાનનું મુહૂર્ત કરવું ઉત્તમ છે.

શુભ શુકન જોવા વિશે : એક કરતાં વધારે બ્રાહ્મણો, જયોતિષી, ગાય, દહી, દૂધ, ફળ, ફૂલ, મોતી, માણેક, રત્ન, વેશ્યા, હાથી, ઘોડો, છત્ર, ધુમાડા વગરનો દેવતા, માંસ, માછલા, દારૂ, ઢાલ, તલવાર, બંદુક, કટાર, કુમારીકા, હરણ, નોળીઓ, ચાસ, મોર, પાણીનું બેડું, બાળક તેડીને આવતી સ્ત્રી, સૌભાગ્યવંતી સ્ત્રી અને વાજીંત્ર એ બધા સારા શુકન છે અને ઉત્તમ ફળ આપે છે.

યજ્ઞ-યાગ-પ્રતિષ્ઠા-મુહૂર્ત : શાસ્ત્રવિધિ મૃત્સૃજય વર્તતે કામકારતઃ ન સ સિદ્ધિ માપ્નોતિ ન સુખ ન પરાંગતિ ગીતા-અ-૧૬ શાસ્ત્રમાં લખેલ પ્રમાણે વિધિ અનુસાર જ ઉપલા કાર્ય થાય. તેમાં ભૂમિ શોધન-પ્રાચી-સાધન-કુંડ-મંડળ-કંઠ-નાભિ વિગેરે માપસર કરવા જોઇએ, નહિતર ''ખાતે ધિકે ભવેત્રોગી હીને ઘેનું ધન ક્ષયીઃ વક્ર કુંડે સંતાપો'' તેવા શાસ્ત્ર વચન છે જેથી અવળુ ફળ મળે દોષ લાગે માટે વિદ્વાનની સલાહ લઇ કરવા. ચંડી હોમમાં દેવી મુખાહુતિ, લઘુ-મહારૂદ્ર હોમ રૂદ્ર મુખાહુતિ-વિષ્ણુયોગમાં વિષ્ણુ મુખાહુતિ જોવી જોઇએ ''આર્ત્વિજય'' ચંડીપાઠમાં જોઇએ પ્રતિષ્ઠા વિધિ બરાબર કરાવવી જોઇએ.

પશુઓ ખરીદી લાવવાનું મુહૂર્ત : ''ચોથ, નોમ, ચૌદશ, ચોપાયો, હાનિ કરે મંગળ ઘર આયો'' તેથી ૪-૯-૧૪ તિથિ અને મંગળવારે ગાય, બળદ, ભેંસ વગેરે પશુઓ લાવવા નહિ, બાંધવા નહિ.

બાંય-ચૂડો પહેરવાનું મુહૂર્ત : ૪-૯-૧૪ સિવાયની તિથિ અને શુભ નક્ષત્રોમાં બુધ-ગુરૂ-શુક્રવારે ચૂડાચક્ર જોઇએ. નવું વસ્ત્ર-ચૂડો પહેરવો, કપડાં પહેરે ત્રણ જ વાર બુધ-ગુરૂ-ને શુક્રવાર ''શંખંચ રક્તપટક ધારયેત''

તિથિ : ૪-૯-૧૨ રિક્તો તિથિ ગણાય ઘણાં શુભ કાર્યોમાં ન લેવાય વિવાહમાં લેવાય છે. ૬-૮-૧૨ પક્ષરંધ્ર તિથિ છે. પહેલી ૧૦ ઘડી ત્યજવી. વદી ૧૩-૧૪-૩૦ વર્જીત છે.

વાર : સૂર્યોદયથી બેસે. અંગ્રેજી તારીખ રાત્રે ૧૨ વાગે બદલે વાર ન બદલે.

સીમંત-અઘરણીનું મુહૂર્ત : ગર્ભાધાન રહયા પછી ૪-૬-૮માં માસમાં અથવા લોકાચાર કે કુળાચાર પ્રમાણે ૫-૭-૯માં માસમાં સીમંત-ખોળો ભરવાનું રાખવું રાખડી બાંધવી તથા ખોળો ભરવો. રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉ.ફાલ્ગુની, હસ્ત, મૂળ ઉ.ષાઢા, શ્રવણ, ઉ.ભા. અને રેવતી નક્ષત્રોમાં ૪-૯-૧૪-૧૫-૩૦ તિથીઓ ત્યાગવી. શુકલ પક્ષમાં મિથુન રાશિ સિવાય એકી લગ્ન અને નવામાશમાં ગુરૂ, સૂર્ય, ચંદ્ર બળવાન જોવા રવિ, મંગળ, ગુરૂવારે નક્ષત્ર-તિથી જોઇ મુહૂર્ત લેવું. રાહુ સામે આવતો હોય તે દિશામાં નહાવા જવું નહિં.

પારણું બાંધવાનું મુહૂર્ત : બાળકનો જન્મ થાય પછી પુત્ર હોય તો બારમાં દિવસે અને પુત્રી હોય તો તેરમાં દિવસે રોહિણી, અશ્વિની, હસ્ત, પુષ્ય, અભિજીત, મૃગશીર્ષ, રેવતી, અનુરાધા અને ચિત્રા આટલાં નક્ષત્રોમાં સારો વાર જોઇને ઘોડિયું બાંધવું.

બાળમોવાળા ઉતારવાનું મુહૂર્ત : ગુરૂ,શુક્રનો અસ્ત ન હોય. ૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩ તિથિઓમાં સોમ, બુધ, ગુરૂ, શુક્રવાર, અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય,. હસ્ત, ચિત્રા, સ્વાતી, જયેષ્ઠા, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા, રેવતી નક્ષત્રોમાં મહા, ફાગણ, વૈશાખ અને જેઠ માસમાં મુંડન કરાવવું. આ સંસ્કાર બાળકના પહેલા, બીજા, ત્રીજા કે પાંચમાં વર્ષે અથવા ઉપનયન સમયે કરવો.

બાળકને નિશાળે બેસાડવાનું મુહૂર્ત : પુનર્વસુ, આશ્લેષા, હસ્ત, ચિત્રા, અનુરાધા, જયેષ્ઠા, શ્રવણ અને રેવતી આટલાં નક્ષત્રોમાં શુભ તિથિએ રવિ-સોમ-બુધ-ગુરૂ-શુક્રવારે પાંચમાં તથા સાતમાં વર્ષે બાળકને નિશાળે બેસાડવાનું મુહૂર્ત સારૂં ગણાય.

